દયાળજીભાઇ સ્મારક ગ્રંથ

卐



જન્મ:-સંવત ૧૯૩૪ના કારતક સુદ ૧૧, તા. ૧૬-૧૧-૧૮૭૭
મૃત્યુ:-સંવત ૧૯૯૮ના પોષ વદ ૩, તા. ૫- ૧-૧૯૪૨

દયાળજીભાઈ સ્મારક ગ્રંથ સમિતિ, સૂરત.

દયાળજીભાઈ સ્મારક ગ્રંથ સમિતિ, સૂરતઃ—

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા,
હરિભાઈ પરાગજી દેસાઈ,
દિનકરરાય પરાગજી દેસાઈ,
બટુકભાઈ જીવણજી નાયક (મંત્રી),
કાળીદાસ લલ્લુભાઈ દેસાઈ (સંપાદક).

દયાળજીભાઈ સ્મારક ગ્રંથ

'સેવક' શબ્દ હમારે પોતાને માટે ઘણો પ્રિય છે. માણસ ઈશ્વરનું પ્રેરાયલું પ્રાણી છે, અને સૌથી સારામાં સારી વાત તે કરી શકતો હોય તો તે પ્રાણી માત્રની સેવા છે; આથી હમને સેવક રહેવાનું અતિ પ્રિય છે.

—સ્વ. દયાળજીભાઈ

વળી હમારા માનવા મુજબ સ્વરાજ્ય શબ્દ ઘેરેઘેર પ્રસરી ગયો છે અને જેમ અગાઉના ધાર્મિક કાળમાં એક રેંટિયો પણ સોહમ્ શબ્દનો પોકાર કરતો હતો તેમ હાલમાં દરેક વસ્તુ સ્વરાજ્યનો પોકાર કરી રહી છે; બલકે દરેક ક્ષણે પવનનો સુસવાટો સ્વરાજ્ય શબ્દનો જ ધ્વનિ કાનમાં રેડયા કરે છે.

—સ્વ. દયાળજીભાઈ

●

સંપાદક—કાળીદાસ લલ્લુભાઈ દેસાઈ


◆

૧૯૪૨

◆

કિંમત એક રૂપિયો


મુદ્રક
જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોર
"સૂરત સિટિ" પ્રિ. પ્રેસ, ચૌટાના પુલ પાસે–સૂરત.
પ્રકાશક
કાળીદાસ લલ્લુભાઈ દેસાઈ
મજુરા ભાગળ રોડ, નાનપરા, સૂરત




મહેસૂલી ખાતાની નોકરી વખતે



અડવા ફારમની નોકરી વખતે



સત્યાગ્રહના જુવાળ વખતે



જેલજાત્રાની પરંપરા વખતે

પ્રસ્તાવના

છેવટે ધાર્યું ધણીનું થાય છે. આ ગ્રંથની પ્રસ્તાવના લખવાનું મારે ભાગ આવતજ નહિ. જો કે દયાળજીભાઈ સાથે મારે ૧૯૨૨-૨૩થી ઠીક ઠીક ઓળખાણુ ચાલી આવે છે, જે ઓળખાણુ શરૂઆતમાં ગમે તે જળાશયમાંથી એમને ઉપયોગી લાગતી છિપોલીઓ માનવસેવાની સૌંદર્યમૂર્તિના શણુગારમાં યોજાશે, એ ધારણાથી પકડી આણવાની એમની ટેવને આભારી હતી, અને જ્યારે જ્યારે આવી વિવિધ છિપોલીઓ એ પકડતા ત્યારે એમનું ઉદાર હૃદય એમજ માની લેતું કે એમાંથી પાણીદાર મોતીઓ નીકળશે અને તે સર્વાંશે દેવીના શણુગાર થવાને પાત્ર બનશે, અને એજ એમની મોટા પુરુષોને સર્વસામાન્ય જણાતી ટેવ ઘણા મનુષ્યોને માટે કંઈક ગર્વમિશ્રિત ગૂંચવણુ પણુ ઊભી કરતી; કારણુ તે તે મનુષ્યો એમ માની લેતાં કે દયાળજીભાઈ જેવા સત્પુરુષે મોટા સમુદાયમાંથી એમને એકલાને પસંદ કર્યા છે, જ્યારે વસ્તુસ્થિતિ એવી હતી કે દયાળજીભાઈ સેવાની માગણી અનેકો પાસે કરતા. એ પ્રમાણે આશ્રમની જવાબદારી ઉપાડી લેવા માટે ઘણા જુદા જુદા વ્યવહારમાં સ્થિર થયેલા માણુસોને તેમજ કેટલાયે વિદ્યાર્થીઓને એમણે સૂચના કરી હતી. એ રીતની શરૂ થયેલી એમની સાથેની મારી ઓળખાણુ ૧૯૨૮-૨૯ પછી વધારે ગાઢ બનતાં એમને મન મૈત્રીભાવમાં, મારે મન પૂજ્યભાવમિશ્રિત આકર્ષણુમાં અને પ્રેમમાં પરિણુમી. ૧૯૨૪-૨૫થી આજ દિન સુધી એજ કારણે અનાવિલ વિદ્યાર્થી આશ્રમની વ્યવસ્થાપક સમિતિનો હું એક સભ્ય છું; જો કે એમની હયાતી દરમિયાન આશ્રમનો બધો બોજો એજ ઉપાડતા. સભાઓ મળતી, ચર્ચા થતી, ઠરાવો પસાર થતા, બધા સભ્યો પોતાને કૃતકૃત્ય માનતા, છતાં આશ્રમની ધુરાનો ભાર દયાળજીભાઈ જ વહન કરતા. ૧૯૨૯ની પ્રથમ અનાવિલ કેળવણી પરિષદ સાથે એમના આગ્રહથી હું જોડાયો, અને એવાજ એમના સદ્‌ભાવ અને આગ્રહને વશ થઈ ૧૯૪૦ની છઠ્ઠી અનાવિલ પરિષદ સાથે પણુ હું જોડાયો. અને એમના કારાગૃહવાસ દરમિયાન આશ્રમનું ભંડોળ ઉઘરાવવા વગેરેનું કેટલુંક કાર્ય મારે કરવું પડતું. એમના નિઃસ્વાર્થી, ટેકીલા, તેજસ્વી, પ્રેમાળ વ્યક્તિત્વથી પાણીની રેલમાં ઉદાસીન લાકડું તણાય એમ

હું તણાતો. બુદ્ધિથી મુશ્કેલ જણાતી વસ્તુઓ એમના સંસર્ગથી નીપજતી ઊર્મિઓને લીધે શક્ય જણાતી. કેટલીક સ્વપ્નવત્ અશક્ય જણાતી ત્યાં પણ એ રેલમાં ખેંચાવાથી કોઈક દૈવી મહાસાગરમાં મારા અંતરની ભાવનાઓ પણ તરબોળાઈ પુનિત થશે એ લાલચથી હું ખેંચાતો, એમને ના કહી શકતો નહિ. એમની સેવાની તમન્નાનો પ્રકાશ નિરાશાના અંધકારમાં કિરણો ફેલાવતો, માત્ર તર્કનો વ્યાપાર હૃદયની લાગણીથી હારી જતો, કોઈકવાર અંતરાત્મા નાચી ઊઠતો અને કંઈક કરી નાખવાનો નશો ચઢતો. પછી ૧૯૩૭માં હું આશ્રમવાળા ઘોડદોડને રસ્તેજ રહેવા આવ્યો, અને તેથી દયાળજીભાઈને લગભગ રોજ મળવાનો પ્રસંગ પ્રાપ્ત થતો. એમનું પડોશીપણું ભ્રાતૃપ્રેમને ભુલાવે એવું હતું. આશ્રમની કામગીરીમાં એમની સાથેના સંબંધને લઈને હું વધારે ગૂંથાવા લાગ્યો. આ બધાં કારણો છતાં આ ગ્રંથનું પ્રકાશન કાર્ય કે આ પ્રસ્તાવના લખવાનું મારે ભાગ આવતજ નહિ. એ કાર્યને માટે અનેક રીતે વધારે યોગ્ય પુરુષે એ કરવાનું હતું, અને તેમણે એ સ્વીકારેલું હતું.

દલુ–કલુની વિરલ જોડલીએ સુરત શહેર અને જિલ્લાની જનતાને મોરલીના નાદે નચાવેલી. આમ જનતાના બંને પ્રકૃતિએ નિર્મેલા નેતા હતા. દયાળજીભાઈ ઉમ્મરે મોટા, વધારે જોશીલા, વધારે વેગીલા અને તેથી જનતાએ એ જોડીને દયાળજીભાઈના નામને પ્રથમ મૂકી એકજ પવનવેગી જીવનમાં સાંધી લીધી. કલ્યાણજીભાઈની કલમ પણ અનુભવે કસાયેલી, અને એમનો દયાળજીભાઈ સાથેનો સંબંધ વધારે ગાઢ. જુવાનીની ભાવનાપ્રેરિત દોસ્તી એ ખરી દિલોજાન દોસ્તી; ઉમ્મર વધતાં સાધેલી દોસ્તી એટલી ગાઢ બની શકે નહિ. દયાળજી–કલ્યાણજીની દોસ્તી એ બે એકજ સાધ્ય માટે મંથન કરતા જુવાનિયાઓની દોસ્તી હતી, અને તેથી દયાળજીભાઈ મૃત્યુ પામતાં કલ્યાણજીભાઈજ એમના સ્મારક ગ્રંથના પ્રકાશનકાર્ય માટે એકજ યોગ્ય પુરુષ હતા. વળી એ એમનું આખું સળંગ જીવનચરિત પણ લખવાના હતા, જે આ ગ્રંથમાં સૌથી પ્રધાન વસ્તુ બની રહી હોત. મહાદેવભાઈ જતાં ગાંધીજીના જીવનની કંઈ કેટલી વિગતો, વિચાર મંથનો, નાની મોટી ખાસિયતો જગત હવે કદી જાણશે નહિ, તે પ્રમાણે દયાળજીભાઈ વિષેની ઘણીયે હકીકતો જે કલ્યાણજીભાઈ જાણે છે તે બીજું કોઈ જાણતું નથી. આ કારણોને લઈને કલ્યાણજીભાઈને અમારી નાની ટુકડીને મોખરે રાખી, મુંબઈમાંથી દયાળજીભાઈના પરમસ્નેહી શિષ્ય હરિભાઈ પરાગજીને હમારી સાથે જોડી, સુરતના યુવાન હોંશીલા વકીલ ભાઈ દિનકરરાય પરાગજીને ટુકડીમાં સામેલ કરી, આશ્રમમાં સૌથી વધારે વરસ રહી ગયેલા હમણાંજ બી. એ. થયેલા ભાઈ બટુકભાઈ જીવણજીને એ ટુકડીના મંત્રી બનાવી હમોએ એક વિજ્ઞપ્તિ બહાર પાડી અને તેને છપાવી સોએક જેટલાં ભાઈબહેનોને દેશભરમાં ટપાલદ્વારા મોકલાવી. માર્ચ મહિનાની અધવચ સુધીમાં લેખો મગાવ્યા હતા, પરંતુ બહુ થોડી સંખ્યામાં લેખો આવ્યા, જેથી અનેક ભાઈઓને વિજ્ઞપ્તિ પત્ર બીજીવાર મોકલ્યું. મે–જૂન માસ સુધીમાં જે જે લખાણો આવ્યાં હતાં તે બધાં કલ્યાણજીભાઈને

સુપરત કર્યા. આ ગ્રંથના લેખોનું વર્ગીકરણ તથા અનુક્રમ એમણેજ ગોઠવ્યાં હતાં. પરંતુ એ જ ગાળામાં એ મોટા વ્યવસાયમાં રોકાઈ ગયા. પાટીદાર અને અનાવિલ આશ્રમોની વચમાં આવેલી કેળવણીમંડળ વાળી જમીન વેચાઈ જવાની હતી, જે બંને આશ્રમોને જોઈતી હતી. એ ખટલામાં ધાર્યા કરતાં વધારે વખત નીકળી ગયો, અને એકંદરે સંતોષકારક નીવેડો આવી ગયો. એવામાં રાષ્ટ્રીય મહાસભાનાં ચક્રો વધારે ગતિમાન થવા લાગ્યાં. જુલાઈમાં સર્વ કોઈને લાગ્યું કે સરકાર અને મહાસભાનો મેળ બેસે એમ નથી, અને કોઈ ઝંઝાવાત નજીક આવતો જાય છે. ઑગસ્ટની નવમીએ દેશનેતાઓ ઝડપાયા અને જોતજોતામાં આખા દેશમાં વંટોળ ફરી વળ્યો. કલ્યાણજીભાઈ અંદર સપડાયા, જો કે દયાળજીભાઈના જીવન તથા કાર્યનો ઇતિહાસ એ વહેલા મોડા અવશ્ય લખશે એમ હું માનું છું. પરંતુ ગ્રંથનું કાર્ય હવે કોણ સમાલે એ પ્રશ્ન ઊભો થયો. બટુકભાઈએ પત્રવ્યવહાર કર્યો હતો, પણ ત્યાર પછી એમને મુંબઈ જવાનું થયું. એટલે છેવટે કામ આવ્યું મારી ઉપર. કાગળો ખરીદ્યા, બ્લૉકો તૈયાર કરાવ્યા, લેખો મુદ્રણ માટે મોકલ્યા, દયાળજીભાઈની 'અનાવિલ સેવક'ની ફાઈલોમાંથી માર્ગદર્શક થઈ પડે એવા ફકરાઓ ચૂંટી કાઢ્યા, પ્રુફો આવતા ગયા તેમ તપાસ્યા, અને એ કાર્યમાં ગૂંથાતાં ગૂંથાતાં મનને પારાવાર સંતોષ થયો. આ ગ્રંથનું પ્રકાશન કાર્ય સંજોગવશાત્ છેવટે મારે માથે આવી પડ્યું એથી હું પ્રભુનો પાડ માનવા લાગ્યો. પ્રુફો તપાસતાં ઘુંટીઘુંટીને એમના જીવનના ઇતિહાસનો હું અભ્યાસ કરતો થઈ ગયો. એ **વિભૂતિમય જીવનથી**, એ **સેવામય જીવનથી**, એ **કર્મવીરને અંજલિ** આપતાં આપતાં, એના **માર્ગદર્શન**થી મારા અંતરની ઊર્મિઓ જાણે ગંગાજીના સ્નાનથી પુનિત બની, અને તેથીજ ગ્રંથના ચાર વિભાગોને એજ નામો મેં આપી દીધાં. કદાચ ઘણાં ભાઈબહેનોને ગ્રંથ બહુ મોડો બહાર પડ્યો છે એમ લાગશે, જેને માટે એ કાર્ય સ્વીકૃત કરનાર હમો સૌ ક્ષમા માગીએ છીએ. મને તો એ ગ્રંથ હાલના સંજોગોમાં આટલો આટલો મોડો પણ બહાર પડ્યો તેનો સંતોષ થાય છે.

આ સ્થળે બધા લેખકોનો, સલાહકારોનો, મદદ કરનારનો, મુદ્રકનો આભાર માનું છું. દયાળજીભાઈનો પવિત્ર આત્મા દરેક વાંચકના હૃદયમાં મીઠો સુભગ તંતુનાદ જગવે એમ ઇચ્છું છું. અને તે પ્રેમ-શૌર્ય-અંકિત આત્માને પ્રણામ કરું છું.

આસો વદ ૭, ૧૯૯૮

કાળીદાસ લલ્લુભાઈ દેસાઈ

卐

ચિત્રોનો અનુક્રમ


અ નુ ક્ર મ ણિ કા

વિભાગ પહેલો—વિભૂતિમય જીવન

વિભાગ બીજો—સેવામય જીવન

વિભાગ ત્રીજો—કર્મવીરને અંજલિ

વિભાગ ચોથો—માર્ગદર્શન



ગાંધીજીનો દયાળજીભાઈનાં માતુશ્રી ઉપરનો પત્ર

વિભાગ પહેલો

વિભૂતિમય જીવન

ભેખધારી

(શ્રી. મહાદેવભાઈની અંજલિ)

હું દસેક વર્ષનો હતો ત્યારનો એ પ્રસંગ છે. મારા પિતાજી પાસે દીહેણુ ગામે ત્યારે દયાળજીભાઈ જ્ઞાતિના ફંડ માટે આવ્યા હતા ને એક પગાર માટે ઝોળી ધરી હતી. એમના ગયા પછી મેં મારા પિતાશ્રીને એમનો પરિચય પૂછ્યો. તેમણે મને કહ્યું કે આપણી જ્ઞાતિના એ ભેખધારી છે, ને તેમણે ચોક્કસ રકમ એકત્રિત કરવા સંકલ્પ કર્યો છે, ને એ સંકલ્પની સિદ્ધિ માટે તેઓ ગામેગામ ફરે છે. આમ કહી તેમણે દયાળજીભાઈનાં ગુણગાન ગાયાં. એ પ્રસંગ ઉપરથી મારા જીવનમાં સેવા–ભાવનાની પ્રથમ ચિનગારી પડી અને તે પછી બીજા સંજોગો ને તત્ત્વો મળતાં તેમાંથી એ ભાવનાનો અગ્નિ પ્રકટ થયો; એટલે સ્વ. દયાળજીભાઈનો તો હું જીવનભરનો ઋણી છું. સમાજની ને દેશની સેવા કરવાની એમની ઉત્કટ ભાવના હતી, અને જીવનના અંત સુધી એમણે સેવા કરી છે. આ છાત્રાલય એ સેવા–ભાવનાનું પરિણામ છે. શ્રી. દયાળજીભાઈ ધારત તો મોટા આગેવાન થઈ શકત. તેઓ આકર્ષક વક્તૃત્વ ધરાવતા હતા. અને તેમનામાં બીજા ગુણો પણ હતા પણ દયાળજીભાઈ હંમેશા પોતાની મર્યાદા સમજતા હતા. અને તેથી તેમણે પોતાનું ક્ષેત્ર નક્કી કરી લઈ તેમાં જ જીવન સમર્પણ કર્યું હતું. શ્રી. દયાળજીભાઈ ૨૭–૨૮ વર્ષની જુવાન વયે વિધુર થયા હતા. અનાવિલ કોમમાં તો એવો વિધુર બીજી પત્ની કર્યા વિના રહેજ જ શાનો? પણ વિધુર થયા પછી શ્રી. દયાળજીભાઈએ પરસ્રીને મા કે બ્હેન ગણવાની પ્રતિજ્ઞા લીધી અને તે પછી જીવનભર બ્રહ્મચર્ય પાળી એમણે પ્રતિજ્ઞા પાર ઉતારી.

અનાવિલ આશ્રમના ભાષણમાંથી] [શ્રી. મહાદેવભાઈ

સૂરતનો સિંહ

(સરદાર વલ્લભભાઇ પટેલ)

સૂરતથી ટેલિફોન મારફતે એક ઘણા દુઃખદાયક સમાચાર મળેલા છે ને તે સુરત જિલ્લાના જૂના સેવક શ્રી. દયાળજીભાઈના અવસાનના. બાપુનું મૌન નહિ હોત તો તેઓ જ આજે બોલવાના હતા. આ આશ્રમના કમ્પાઉન્ડની રજેરજ એમણે વાટી છે. આ આશ્રમના પાયા ખોદાયા ત્યારથી જ તેઓ તો જાહેર જીવનમાં પડેલા છે અને આશ્રમના પાયા નાખવામાં પણ તેમનો મોટો ફાળો છે. લગભગ '૨૦ સાલથી તે છેલ્લા માંદા પડ્યા ત્યાં સુધી તેઓ જાહેર જીવનમાં રહેલા હતા. એઓ સૂરતના સિંહ કહેવાતા ને એમનો અવાજ પણ એવો હતો કે તેમને સિંહ કહેવા ઘટે. તેમના અવાજનું કોઈ અનુકરણ કરી શક્યું નથી. અનાવિલ આશ્રમના તો તેઓ પ્રાણ હતા. પરમ દિવસે તો તેઓ અહીં આવ્યા હતા ને બાપુને મળી ગયા હતા. ત્યારે પૂછ્યું કે તબિયત કેમ છે? તો તેઓ તો કહે કે ખૂબ સરસ. પણ માનવીનું મૃત્યુ ક્યારે આવે તે કોણ કહી શકે? પણ દયાળજીભાઈ તો સેવા કરતાં કરતાં ચાલી ગયા. એવું મરણ પણ ઈચ્છવા જોગ છે. એમનાં વૃદ્ધ માતાને દુઃખ તો થાય, પણ દયાળજીભાઈ જે સુવાસ પાછળ મૂકી ગયા છે તે કંઈ અટકવાની નથી. તેમના માતુશ્રીના દુઃખમાં તેમને આશ્વાસન મળે ને ઈશ્વર સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના આપણે સૌ કરીએ.

બારડોલી આશ્રમના ભાષણમાંથી] [સરદાર વલ્લભભાઈ

માતૃભક્ત અને દેશભક્ત

(કાકા કાલેલકર – વર્ધા) ૬–૨–૪૨

સ્વર્ગસ્થ શ્રી દયાળજીભાઈ સાથેનો મારો પરિચય બહુ ઘનિષ્ટ ન હતો, પણ લાંબા કાળનો હતો। તેઓ કોચરબ આશ્રમમાં આવતા ત્યારથી એમનો પરિચય થયો હતો। હું પણ અવારનવાર અનાવિલ આશ્રમમાં જઈ એમને મળતો। સુરત જિલ્લાની દરેક પ્રવૃત્તિ સાથે, શ્રી કલ્યાણજીભાઈની પેઠે, એમનો પણ સંબંધ હતો। એમની માતૃભક્તિ અને દેશભક્તિ બન્ને કારણે એમના પ્રત્યે હું આકર્ષાયો હતો। એમનો વિશેષ પરિચય તો જેલમાં થયો। જેલમાં અમે અનેક વાર સાથે રહ્યા છીએ। ત્યાં અનેક વિષયો પર સાથે ચર્ચા કરી છે। ચર્ચામાં એમની દૃષ્ટિ વ્યાપક અને સર્વગામી છે એની ખાત્રી થતી।

જેલમાં પણ સરકારી અમલદારો અને બીજા કેદીઓ સાથે દયાળજીભાઈને સરસ બનતું।

એક વાર દયાળજીભાઈએ મારી પાસેથી મહાભારતનું મરાઠી ભાષાંતર વાંચવા લીધું અને સવારથી સાંજ સુધી એક પલાંઠી વાળી મહિનાઓ સુધી બેસી, આખું પૂરું કર્યું।

દયાળજીભાઈનો ત્યાગ, એકનિષ્ઠ સેવા, કેવળ અનાવિલ જ્ઞાતી જ નહિ પણ આખું ગૂજરાત કૃતજ્ઞતા સાથે સંભારશે।

સ્વ. દયાળજીભાઈ

(શ્રી. અમૃતલાલ ઠક્કર, દિલ્હી)

સુરત શહેરમાં પચીસેક વર્ષથી બે મિત્રો મારે થયેલા. તેમનાં નામો દલુ અને કલુ. આ નામો દયાળજીભાઈની માતાએ મને કહેલાં. દલુ એટલે, તેમના પોતાના દીકરા દયાળજી, અને કલુ એટલે ભાઈ કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા. હું જ્યારથી જાહેર જીંદગીમાં પડયો (એટલે સને ૧૯૧૫થી) ત્યારથી આ બન્ને ભાઈઓના સમાગમમાં આવ્યો હતો. તેમને રાજકીય ક્ષેત્રમાં, અને તે વખતના 'મૉડરેટ' (નરમ દળના) રાજકારણમાં હું તેમને ખેંચવા પ્રયત્ન કરતો. આ બેમાંથી દલુભાઈ તો હવે ગયા. તેની ખોટ પુરાવી મારે માટે તો મુશ્કેલ છે.

તેમના મરણ બાદ તેમની માતાને હું મળવા ગયો, ત્યારે એ ડોસીમાના દુ:ખનો પાર રહ્યો નથી, તે હું જોઈ શકયો. મા અને દીકરો એક બીજાના આશરે, સંસારમાં રહેતાં અને હમેશાં સાથે જ રહેતાં. દયાળજી જેલમાં જાય ત્યારે જ તેઓ જુદા પડતાં. તેમનો જ્યારે હું મેમાન થતો, ત્યારે ઘણા હેતથી માતાના બનાવેલાં દાળભાત રોટલી હું ખાતો.

દયાળજીભાઈએ નાની ઉમ્મરમાં જ સરકારી નોકરી છોડીને અનાવિલ આશ્રમમાં પિતા તરીકે–ખરી રીતે માતા તરીકે–મરતાં સુધી કામ કર્યું. સેંકડો છોકરાઓ તેમના હાથમાંથી પસાર થયા હશે. છેલ્લા પાંચ દસ વર્ષમાં તો તેમના વિદ્યાર્થીઓ તેમનાથી વિચારોમાં ખૂબ આગળ દોડતા અને આશ્રમમાં ભોજન વિગેરેમાં જ્ઞાતિનો પડદો તોડી નાંખવાનો આગ્રહ તેમને કરતા. પણ આશ્રમના બીજા વ્યવસ્થાપકોને સાથે લીધા વિના, દયાળજીભાઈ તેમ કરવા ના કહેતા, ત્યારે છોકરાઓનો રોષ વ્હોરી લેતા હતા; પણ તેમના સ્વતંત્ર વિચારોને રોકતા ન હતા. અનાવિલ બ્રાહ્મણ સિવાય અન્ય જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને તો આશ્રમમાં તેમણે સ્થાન આપ્યું હતું. આશરે પચીસ વર્ષ પહેલાં તેઓ એક પાટીદાર ભાઈ (શ્રી. કુંવરજીભાઈ)ને ત્યાં મારી સાથે બેસી પહેલીજવાર જમ્યા હતા, તે વાતનું સ્મરણ તેઓ મને ઘણી વખત કરાવતા હતા, અને મને કહેતા કે ભોજનમાં જ્ઞાતિનો પડદો તોડવાનું તમે મને શીખવ્યું છે.

રાજકીય બાબતોમાં તો તેઓ મારાથી ખૂબ આગળ વધી ગયા હતા. એટલે તે બાબતમાં મારે ને તેમને બહુ છેટું પડી ગયું હતું, છતાં સામાજિક વિષયોમાં, ખાસ કરીને કેળવણીની બાબતમાં બન્નેનો એક રાગ હોવાથી, અમારી મૈત્રીમાં જરાએ મોળાપણું આવ્યું ન હતું. છાત્રાલયો, ઉંચી કૉલેજની કેળવણી, વિ. બાબતોમાં, જ્યારે જ્યારે અમો મળતા ત્યારે નિરાંતે તેમની 'પૉર્ચ' ઉપરની અટારીમાં બેસીને અથવા સુતાં સુતાં વાતો કરતા હતા.

છેલ્લા છ સાત વર્ષથી તેમનું શરીર લથડ્યું હતું. ઘણો વખત શરીર સુધારવા મુંબાઈ કે બીજે ઠેકાણે તેમને રહેવું પડતું, છતાં અનાવિલ આશ્રમમાં પાછા આવે ત્યારે જ તેમને શાંતિ વળતી, અને વિદ્યાર્થીઓની વચ્ચે આનંદ અનુભવતા.

સુરતના જાહેર જીવનમાં તેમનું સ્થાન ૧૯૨૦થી '૩૦ સુધી તો અનેરૂં જ હતું. મોળા સુરતીઓને પાનો ચડાવવામાં તેમણે ઘણું કામ દસ પંદર વર્ષ સુધી આપ્યું હતું. તેમના ગરમ સ્વભાવને લીધે તેઓ કોઈનો ટુંકારો સહન કરી શકતા ન હતા, અને તેથી આત્મગૌરવ બહુ સારી રીતે સાચવી રહ્યા હતા. તેમના જેવા નિર્લોભી, ગરીબીમાં સંતોષ માનનારા અને જાહેર કાર્યમાં જ રચ્યા પચ્યા રહેનારા માણસો મળવા મુશ્કેલ છે.

દયાળજીભાઈના જીવનનું મૂલસૂત્ર

પૌરુષમૂર્તિ: નિયમ નિષ્ઠારૂપ નેતા: મહાન પ્રેમ: મહાન સેવા

(શ્રી ક્ષિતિમોહન સેન — શાંતિનિકેતન, વોલપુર–બંગાળ)

દયાળજીભાઈ દેસાઈની સાથે મારો પરિચય ૧૯૨૦ની સાલથી. ગુરુદેવ (રવીન્દ્રનાથ)ની સાથે ગુજરાત સાહિત્ય પરિષદના વાર્ષિક ઉત્સવમાં જ્યારે હું ગયેલો ત્યારે અમદાવાદમાં મેં તેમનું નામ સાંભળેલું. પણ તેમની સાથે પ્રત્યક્ષ પરિચય થયો ન હતો. જ્યારે ગુરુદેવે મને તેમનો આ અભિપ્રાય જણાવ્યો કે આ નિમિત્તે ગુજરાતના ઘણાખરા સજ્જનોનો પરિચય કરી લેવો જોઈએ ત્યારે મેં તો નક્કીજ કર્યું હતું કે ગુરુદેવ જાય કે ન જાય પણ હું પોતે તો વડોદરા, ભરૂચ, સુરત વગેરે સ્થાનોએ ઉતરી ઘણાની સાથે પરિચય સાધી લઈશ. કિન્તુ અમદાવાદનું કામ પુરૂ કરીને અમે સીધા ભાવનગર ચાલ્યા ગયા. ત્યાંથી પાછા ફરતાં જોયું કે વડોદરા અને સુરતથી ગુરુદેવને બોલાવતાં આગ્રહભર્યાં આમંત્રણ રહ્યાં છે. ભરૂચનું આમંત્રણ મળેલું, પણ ગુરુદેવ વડોદરા અને સુરતેજ ઉતર્યા. સુરતમાં અમે નાનપરામાં શેઠ નગીનચંદના બંગલામાં ઉતરેલા અને ગુરુદેવની સેવામાં ડૉ. મનન્ત રાયજી, ડૉ. કરસુખ વ્હોરા વગેરે સજ્જનો ઉપસ્થિત હતા. ઉપરાન્ત તેમના ઘરનાંજ સ્ત્રીકન્યાદિ સ્વજનો નગીનચંદના બંગલે જઈ ગુરુદેવનાં સંપૂર્ણ આતિથ્ય અને સેવા કરતાં. આ બધાં સાથે હતા દયાળજીભાઈ પણ. દૃઢ, બલિષ્ઠ, નિયમ કાયદા અર્થાત ડિસિપ્લીનમાં ખૂબ સુપ્રતિષ્ઠિત લાગ્યા. આમની સાથે પરિચય કરવાને મારૂં લક્ષ્ય ગયું અને તેથીજ નગીનચંદના બંગલેથી જ્યારે જ્યારે મને સમય મળતો ત્યારે ત્યારે અનાવિલ વિદ્યાર્થી આશ્રમે જઈ તેમની સાથે ઘનિષ્ઠ પરિચય કરવા યત્ન કરતો.

અનાવિલ વિદ્યાર્થી આશ્રમમાંથી મને કેટલાક ચિરજીવનના મિત્રો મળ્યા છે. તેમાંના એક રતનજી ખંડુભાઈ દેસાઈના પુત્ર ફીકુભાઈ અને તેમના મોટાભાઈ મણિભાઈ. તેમના પિતાની સાથે પણ મારો ઘનિષ્ઠ પરિચય થયેલો. બીજા એક જણની સાથે પરિચય થયેલો તેમનું નામ અંબેલાલ મણિભાઈ દેસાઈ. બીજો કંઈ લાભ ન ગણું તોય આ કેટલાક બંધુલાભથી મેં મારૂં ગુજરાતમાં આવ્યું સાર્થક માન્યું. આ અંબેલાલ ઘણું કરીને તે વખતે આશ્રમમાં અધ્યાપક હતા. ઉત્સાહ અને સત્યનિષ્ઠામાં તે આદર્શરૂપ છે. આવા માણસ સર્વત્ર નથી હોતા.

આ સર્વ વિષે હમણાં રહેવા દઉં. દયાળજીભાઈ વિષેજ મારા વક્તવ્યને અનુસરૂં. દયાળજીભાઈનાથી દયાળજીભાઈની માને વિચ્છિન્ન કરીને જોઈ ન શકાય. દયાળજીભાઈ હતા નિયમ નિષ્ઠારૂપ નેતા. અને તેમની મા હતી સ્નેહસેવામયી પરિપૂર્ણ જનનીમૂર્તિ. તે તે વખતેજ ખૂબ વૃદ્ધ હતાં છતાં આવા વિવિધ સ્થાનોએથી આવેલા શિશુગણની સેવામાં કદાપિ થાક કે કંટાળો ન હતાં લાવતાં. આ વાતના ઘણા વખત પછી પણ જ્યારે દયાળજીભાઈનાં માની ઉંમર ૮૦ વર્ષ ઉપર થઈ ગયેલી ત્યારે પણ તેમણે સેવાધર્મ બંધ નહતો કર્યો.

ગુરુદેવે સુરતનું કાર્ય પૂર્ણ કરી ત્યાંથી વિદાય લીધી. સાથે સાથે અમે પણ સુરતની વિદાય લીધી. પણ સુરતનું જે પ્રેમનું બંધન, તેનાથી વિદાય ન લઈ શકયા. સૌથી વધારે જો કોઈએ બાંધ્યા હોય તો દયાળજીભાઈ અને તેમની માતાએ. આ પછીથી જ્યારે જ્યારે હું સુરત

ગયો છું ત્યારે ત્યારે અનાવિલ વિદ્યાર્થી આશ્રમમાં તેમને ઘેરજ અતિથિ થયેલ છું. ૧૯૨૩ની સાલે જ્યારે હું સુરત ગયેલ ત્યારે મેં જોયું કે દયાળજીભાઈએ મહાત્માજીની અસહકારની લડતના પ્રબળ પ્રવાહમાં પોતાને વહાવી દીધા છે. કેટલી પ્રચન્ડ તેમની કર્મશક્તિ હતી તે તો જેમણે તેમને જોયા છે તેઓજ જાણે. ગુરુદેવના અતિથિ સત્કાર અને સેવામાં તેમનો જે ઉદ્યોગ અને શ્રમ ૧૯૨૦ની સાલમાં જોયો હતો તે ૧૯૨૩ની સાલની મહાત્માજીની અસહકારની લડતની સેવામાં જાણે સોગણો વૃદ્ધિ પામ્યો હોય તેમ લાગ્યું. ત્યારે જોયું કે તેમના સુયોગ્ય સહકર્મી સુરત પાટીદાર વિદ્યાર્થી આશ્રમના કલ્યાણજીભાઈ છે. દયાળજીભાઈનો પ્રેમ હતો મહાન, તેવીજ તેમની સેવા પણ હતી મહાન. તેમના પોતાના વ્યક્તિત્વમાં જે એક શક્તિશાળી પૌરુષની મૂર્તિ જોઈ હતી તે સર્વત્ર મળવી દુર્લભ છે. સાધારણ લોકોની પાસે કોઈ કોઈવાર તેમની આ તપસ્યા બીજાને માટે દુઃસહ લાગતી. પણ આ બધાને સ્નિગ્ધ કરી રાખતાં દયાળજીભાઇનાં સ્નેહમયી વૃદ્ધ માતા. તેથીજ આ માને છોડી પુત્રને અને પુત્રને છોડી માને સારી રીતે સમજવાં અસંભવ છે.

દયાળજીભાઈના જીવનનું મૂલસૂત્ર મેં આપ્યું. આ પછી ઘણીવાર તેમની સાથે મારો મેળાપ થયો છે પણ તેની નાની વિગતો લખી આ મૂલસૂત્રને આચ્છાદિત કરવા નથી માગતો. તેમનું યોગ્ય કર્મક્ષેત્ર હતું સુરતજ. જીવનના શેષકાળે દયાળજીભાઈનું શરીર વધારે પડતા શ્રમને અંગે અને મૂલ કઠોર કૃચ્છ્ર સાધનને લીધે ભાંગી પડ્યું હતું. છેવટે તેથી તેઓ સુરત છોડી મુંબઈ જઈ રહેવા લાગ્યા. મુંબઈમાં સાન્તાક્રુઝમાં મેં તેમને જોયા છે. પણ ત્યાં દયાળજીભાઈને જોઈ મને લાગ્યું કે જાણે તેઓ તેમના યથાર્થસ્થાનથી નિર્વાસિત થઈ આવ્યા છે. ગુરુદેવે તેમના શકુન્તલાની સમાલોચનામાં લખ્યું છે કે દુષ્યન્ત રાજસભામાં શકુન્તલાને ઓળખી ન શક્યો તેનું કારણ ત્યાં તેની બે સખી અનસૂયા અને પ્રિયંવદા ઉપરાંત બૅકગ્રાઉન્ડમાં તપોવન ન હતું. દયાળજીભાઈને પણ તેમના સહકર્મી અને સુરતની બૅકગ્રાઉન્ડમાંથી વિચ્યુત સાન્તાક્રુઝમાં જે રીતે જોયા તેથી મારા મનને બહુ લાગ્યું.

પછીથી ઘણીયે વાર વિચાર કરેલો કે ફરી એકવાર દયાળજીભાઇને લઇ સુરતના તેમના પ્રાચીન સ્થાનમાં થોડો કાળ ગાળી તેમના જીવનનો સવિશેષ પરિચય સાધીશ. જેણે ગંગાને ગંગોત્રી અને અલકાનન્દામાં જોઇ છે, હરિદ્વાર પ્રયાગ અને વારાણસીમાં જોઇ છે, તેને માટે એકવાર ગંગાસાગરે જઈ ગંગાની અંતિમ મૂર્તિ જોઇને પ્રણામ કરવું ઉચિત ગણાય. મેં દયાળજીભાઈનું અંતિમ મુહૂર્ત જોવા નથી ઇચ્છ્યું, પણ આ સન્યાસી (કારણ તેઓનું વિધુર થયા પછીનું સારુંય જીવન સન્યાસીને શોભે એવુંજ હતું), માયામુક્ત કઠોર તપસ્વી સમસ્ત જીવનની સાધનાના અવસાને પ્રખર ઉનાળાના દિવસનું અવસાન જેમ શાન્ત થાય છે તેમ ચોક્કસ એક શાન્તરસે પરિપૂર્ણ થયા હશે. મનમાં ધારેલું કે એકવાર તેમનો આ પરિચય લઇ દયાળજીભાઇનો શેષ પરિચય પૂર્ણ કરીશ. પણ મારૂં દુર્ભાગ્ય. અચાનક ખબર મળ્યા કે તેઓ હૃદયરોગથી ગઈ ૫મી જાન્યુઆરીએ આપણને છોડી પરલોક પ્રયાણ કરી ગયા છે. તેમનો પરિચય હવે શો આપું! સાગરસંગમે ગંગાતીરે ઉભા રહી જેમ શેષકર્તવ્ય એક પ્રણતિ ગણાય, આજ એક શ્રદ્ધા નમ્ર પ્રણતિથી આ કૃચ્છ્ર તપસ્વીની પાસેથી શેષ વિદાય લઉં. સમસ્ત જીવન તેમણે કર્તવ્યથી પોતાને પરિપૂર્ણ કરી રાખ્યા હતા. વિધાતા તેમને શેષ શાન્તિ અને અવસાન દાન કરો.

દયાળજીભાઈ

મૂર્તિમંત દેશભક્તિ, ત્યાગ, પ્રેમ અને સેવા

(શ્રી. ગણેશ વાસુદેવ માવલંકર-ભદ્ર, અમદાવાદ)

સને ૧૯૧૫માં મુંબાઈ લૉર્ડ સિંહાના પ્રમુખપદે મહાસભાની ખાસ બેઠક થઈ તે વેળાએ સ્વ. દયાળજીભાઈ ને મેં પ્રથમ જોયેલા. હું તાજો જ એલએલ.બી. થઈ વકીલ થયેલો હતો અને તે મહાસભાના કાર્ય માટે સ્વયંસેવક તરીકે મેં મારું નામ નોંધાવ્યું હતું. પૂજ્ય ઠક્કર બાપાને પ્રતિનિધિઓના રહેઠાણો ઉપર કરવાની વ્યવસ્થા અંગે ખાસ સ્વયંસેવકોની જરૂર હતી અને યુનિવર્સિટીની મારી બબ્બે ઉપાધિઓ (B. A. તથા LL. B.) જોઈ મને ઠીક કેળવાયેલો ગણી ઠક્કર બાપાએ સ્વયંસેવકોના કેપ્ટન સ્વ. મુનસીફ બારિસ્ટર પાસેથી મારી માગણી કરી લીધી હતી. પૂ. ઠક્કર બાપા પાસે ગિરગામમાં આવેલ ભારતસેવક સમાજના મકાનમાં ગયો હતો, ત્યારે સ્વ. દયાળજીભાઈ પણ ત્યાં આવેલા હતા. એ એમનાં પહેલાં દર્શન.

સુદૃઢ શરીર, તેજસ્વી અને સ્મિતયુક્ત મુખડાવાળા દયાળજીભાઈએ ધોતિયું અને શૉર્ટ કોટ પહેર્યાં હતાં; માથે પીળો રેશમી સાફો બાંધેલો હતો. આંખોની ચમક અને ચહેરાનો એકંદર દેખાવ, લાલા લજપતરાય જેવી સાફો બાંધવાની ઢબ, એ બધાથી કોઈ પણ જોનાર સમજી શકે કે આ પુરુષ નિશ્ચયી હોઈ એનામાં કાંઇક ઝનૂન પણ છે—પ્રથમથી જ મારા ઉપર એમની છાપ પડી—હું આકર્ષાયો—એ પ્રસંગે પરસ્પર ઓળખાણ થઈ. જેમાંથી સમય જતાં મિત્રાચારી બંધાઈ.

૧૯૧૬માં ગૂજરાત સભાનો હું મંત્રી ચૂંટાયો—૧૯૧૭માં ખેડા જિલ્લામાં પાકની તપાસ અંગે ચળવળ મહાત્માજીની સરદારી નીચે સભાએ પ્રથમ ઉપાડી—એમાંથી સત્યાગ્રહ ઊભો થયો—તે લડત સફળ થઇ અને સમગ્ર ગૂજરાતના જાહેરજીવનનાં ઝરણો એક આગેવાની નીચે એકત્ર થવા માંડ્યાં—આ સમયે સ્વ. દયાળજીભાઈ સાથે સુરત જિલ્લાના એક જાહેર કાર્યકર્તા તરીકે હું નિકટ પરિચયમાં આવ્યો.

ગૂજરાત રાજકીય પરિષદ્ ભરવાનું ૧૯૧૭થી શરૂ થયું. ગોધરા, નડિયાદ, ભરૂચ, અમદાવાદ વગેરે સ્થળે પરિષદ્‌ની બેઠકો થઈ. વેઠ નાબૂદ કરવાની ચળવળ થઈ. ૧૯૨૦ની નાગપુર કૉન્ગ્રેસ પછી મહાસભાના નવા બંધારણ મુજબની પહેલી ગૂજરાત પ્રાંતિક સમિતિ રચાઈ—આ દરેક પ્રવૃત્તિમાં સુરત જિલ્લાના એક ઉત્કૃષ્ટ કાર્યકર તરીકે શ્રી. દયાળજીભાઈ ઓતપ્રોત હતા. તે સમયે તો સુરત જિલ્લો એટલે સ્વ. દયાળજીભાઈ અને કલ્યાણજીભાઈ—અમારું સુરત જિલ્લાનું કાર્ય તેમની મારફત અને આગેવાની નીચે થાય. બીજા ભાઈ એનો સાથ ખરો, પણ મોખરે આ બે જણ.

૧૯૨૧માં ગૂજરાત પ્રાંતિક સમિતિની એક બેઠક ભરૂચમાં થઈ હતી. અત્યારે તે બેઠકની વિગતો યાદ નથી—પણ એક જ પ્રસંગ યાદ છે. અને તે સ્વ. દયાળજીભાઈએ પોતાનું જે કાંઈ હતું તે સર્વસ્વ દેશને કાજે અર્પણ કર્યું તે. દેશને માટે જ જીવન; તો વળી કોઈ અંગત અને ખાનગી મિલકતની ઉપાધિ શી ? પોતાની પાસે મિલકત થોડી હોય કે ઠીકઠીક હોય, અપરિગ્રહ વ્રત લેવું સહેલ નથી. દયાળજીભાઈએ પોતાના નિશ્ચયની સભામાં જાહેરાત કરી તે દૃશ્ય આજે પણ તાજું અને સ્ફૂર્તિદાયક છે.

૧૯૨૧નું વર્ષ હિંદમાં અપૂર્વ હતું. અસહકારનો સિદ્ધાંત અને માર્ગ તો થોડા મહિના પહેલાં જ–સપ્ટેમ્બર ૧૯૨૦માં–મહાસભાએ કલકત્તાની બેઠકમાં સ્વીકાર્યો હતો અને નાગપુરમાં ડિસેમ્બરમાં કાયમ કર્યો હતો. તેનું અમલી કાર્ય ૧૯૨૧માં સમગ્ર દેશે ઉપાડ્યું. જ્યાં ત્યાં નવચેતન, ઉત્સાહ પૂર જોસમાં જણાતાં હતાં. " સરફરોશીકી તમન્ના " તરી આવતી હતી—" એક વર્ષમાં સ્વરાજ્ય "ની હાકલ મહાત્માજીએ કરી હતી. મહાસભાની બેઠક ગૂજરાતમાં અમદાવાદમાં થવાની હતી. આવા રાષ્ટ્રોદ્ધાર પર્વકાળે ગૂજરાતના કાર્યકરો સ્વરાજ્યપ્રાપ્તિના કાજે રાતદિવસ રચ્યા પચ્યા રહ્યા એમાં શી નવાઈ? ટિળક-સ્વરાજ્ય ફાળો, ખાદીપ્રચાર, પરદેશી કાપડની હોળીઓ, સરકારી શાળા કૉલેજોનો બહિષ્કાર, રાષ્ટ્રિય શાળાઓની સ્થાપના વગેરે અનેકવિધ રચનાત્મક તેમજ પ્રચારાત્મક કાર્યક્રમોમાં સ્વ. દયાળજીભાઈએ બરાબર ઝંપલાવ્યું. ગૂજરાતમાં અમદાવાદ, સૂરત અને નડિયાદની મ્યુનિસિપાલિટીઓએ કેળવણીના ક્ષેત્રમાં અસહકાર કર્યો, તેમાં સૂરત મ્યુનિ.માં સ્વ. દયાળજીભાઈએ અગ્રેસર ભાગ ભજવ્યો હતો. તેઓ તે વેળાએ સૂરત મ્યુનિ.ના સભ્ય હતા; અને અસહકારી સભાસદોને, કેળવણી અંગે ખર્ચાયેલાં નાણાં માટે, અંગત જવાબદાર ગણી દાવાઓ કર્યા હતા, તેમાં દયાળજીભાઈ પણ એક પ્રતિવાદી હતા–અમદાવાદમાં પણ અમારા ઉપર મોટી રકમનો એવોજ દાવો હતો. આ દાવાને અંગે ઘણી વખતે અમને મળવાના પ્રસંગો આવતા. તેમની સાથે અનેક બાબતોની ચર્ચાઓ થતી અને તે ચર્ચાઓ અને વાણી ઉદ્બોધક લાગતી. આ દાવાનું પ્રકરણ લગભગ ૧૯૨૪-૨૫ સુધી ચાલ્યું.

૧૯૨૩ના માર્ચમાં મેં વકીલાત શરૂ કરી પ્રાંતિક સમિતિના મંત્રીપદનું રાજીનામું આપ્યું, તેથી પ્રત્યક્ષ કાર્યના સહભાગી તરીકે ભાઇ દયાળજીભાઈ સાથે રહેવાના પ્રસંગો ઓછા થયા. પણ જ્યારે જ્યારે એ અમદાવાદ આવે કે હું સૂરત જાઉં ત્યારે એક બીજાને મળ્યા વગર રહીએ જ નહિ એવો અમારો પરસ્પર મિત્રાચારીનો સંબંધ હતો. નિષ્કામ અને પ્રેમાળ મિત્ર તરીકે મેં એમને હંમેશાં જાણ્યા છે.

૧૯૩૦માં મહાત્માજીએ દાંડી કૂચ કરી સવિનય ભંગની લડત ઉપાડી. દયાળજીભાઈની તબિયત તે વેળાએ ઝંપલાવવા જેવી નહોતી, પણ તેમનાથી રહેવાયું નહિ. એમણે તો ઝંપલાવ્યું. ગૂજરાત પ્રાંતિક સમિતિએ નીમેલી રાણપુર ઇન્ક્વાયરી કમિટિના ચેરમેન તરીકે રાણપુર ખાતે પોલિસ વર્તનની તપાસ ચલાવવા જતાં હું પણ પકડાયો, અને તેથી સાબરમતી જેલમાં સ્વ. દયાળજીભાઈને મળવાના પ્રસંગો મળ્યા;-માંદા હતા; જેલની ઇસ્પિતાલમાં મળવાના પ્રસંગો મળ્યા–જેવા બહાર તેવાજ ત્યાં પણ આનંદી હસમુખા હતા. તેમને મળવા તેમનાં બા અમદાવાદ આવી શ્રીમતી અનસૂયા બહેનને ત્યાં ઊતરતાં ત્યારે તેમને હું મળવા જતો. એ વીર માતાનાં દર્શન પુણ્યપ્રદ છે એ ભાવનાથી હું તેમનાં દર્શન આદરપૂર્વક હંમેશ કરતો આવ્યો છું.

એ લડતની સમાપ્તિ ૧૯૩૧ના માર્ચમાં થઇ ત્યારબાદ ૧૯૩૫ સુધી સ્વ. દયાળજીભાઈને મળવાના પ્રસંગો ન મળ્યા. તેમની તબિયત ઠીક નહોતી. હું અમદાવાદમાં મ્યુનિ.ના કામમાં ભરાઈ પડ્યો હતો અને આશરે સોળ માસ રત્નાગિરિમાં સ્થાનબદ્ધ (internee) હતો. ત્યાંથી આવ્યા બાદ ધૂળિયા ખાતે એક જાહેર ટ્રસ્ટ અંગે ટ્રસ્ટી તરીકે મારે વર્ષમાં એકાદ વખત તો જવું પડે છે, ત્યારે જતાં કે આવતાં સૂરત જે બે કલાક મળે તે વખતમાં

સ્વ. દયાળજીભાઈને મળવું એ સુરત સ્ટેશન ન પડી રહેતાં, સુરત શહેરમાં જવા માટેનું આકર્ષણ હતું. અનાવિલ આશ્રમમાં તેમનો મુકામ-ત્યાં અમે મળીએ. લથડેલી તબિયતે પણ દેશના ચાલુ પ્રશ્નોના અભ્યાસમાં તેમજ વિચારમાં સારો રસ લેતા. અમે ખૂબ ચર્ચા કરતા. કેળવણી એ ચર્ચાનો ખાસ વિષય રહેતો. સારી કેળવણી વગર દેશનો ઉદ્ધાર નથી એ તો સૌ કબૂલ કરે-પણ કઈ કેળવણી સારી ગણાય એ ઉપર મતમતાંતરો ખૂબ છે.-પણ અમને તો જુદો જ સવાલ મૂંઝવતો; અને તે આદર્શ શિક્ષકોનો. એ ન હોય તો કેળવણીની કોઈ પણ યોજના વ્યર્થ જ જાય. આદર્શ શિક્ષક એટલે જેનું આચરણ આદર્શ એ, એમ અમો સમઝતા. અને આપણે એ દિશામાં શું કરી શકીએ એ પણ અમે વિચારતા-ચર્ચતા. એમને મળ્યા પછી કંઈક સ્ફૂર્તિ મેળવી લેતો.

તા. ૧૬-૧૨-૪૧ ના રોજ હું બારડોલી, ધૂળિયા ગયો ત્યારે જતાં કે આવતાં કે સુરતમાં બીજાં રોકાણો અંગે સ્વ. દયાળજીભાઈને ન મળી શક્યો. થોડા જ વખત પછી ફરી જવાનો વિચાર હતો તે પહેલાં તો તેમના દુઃખદ અવસાનના સમાચાર જાણ્યા-ભારે દુઃખ થયું.-પણ હવે શું ? સ્મરણ રૂપે તો તેઓ આપણી પાસે જ છે. એમનાં વૃદ્ધ માતુશ્રીને કયા શબ્દોમાં દિલાસો આપીએ ? ભારતભૂમિના ઉદ્ધારાર્થે પ્રયત્ન કરતો દરેક સુપુત્ર તમારો “દલુ જ” છે એમ તમે ન માનો ? શરીરો જુદાં પણ આત્મા એક જ છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાન્ કહે છે કે-“**यद् यद् विभूतिमत् सत्त्वं......मम तेजोऽशसंभवम्**-જે જે વિભૂતિમય સત્ત્વ છે તે મારા તેજનો અંશ છે, એમ સમજ.” અને તેથી જ “બા, જ્યાં જ્યાં દેશભક્તિ, ત્યાગ, પ્રેમ, અને સેવા છે ત્યાં ત્યાં તમારો દલુ જ છે એમ જાણશો.” કારણ, દયાળજીભાઈ એટલે મૂર્તિમંત દેશભક્તિ, ત્યાગ, પ્રેમ અને સેવા.

◆

એકસંપીનો ઉપાસક

(સર અલિમહમદખાન દહેલવી)

I understand that friends and admirers of the late lamented Dayaljibhai wish to bring out his biography and ask me to give them my impressions of the man I knew in him. I consider it a privilege to do so.

Of the many people one meets in life, only a few—and very few indeed—rise above the ordinary and count in the first rank of men. In Dayaljibhai I found one such exceptional personality. As a neighbour next door in the Anavil Ashram, I knew him, I should say, intimately, for the last 15 years. We differed politically; but socially, no two souls could be attracted more closely towards



દયાળજીભાઈનાં માતુશ્રી, ૧૯૪૨

each other than we two were. His outlook on life was never restrained by narrow prejudices. He always wished for Hindu-Muslim Unity, whenever he talked on the subject. His parental attachment to the students who lived next door, in the Ashram, which he supervised, will never be forgotten by the boys who came under his influence. Indian interests can ill afford to lose a character of his turn of mind. Truly it is said by the poet that the grief one feels on the loss of an esteemed friend like him cannot be put in words. I wish his relations and friends, whom he has left behind, fortitude to bear the loss.

દયાળજીની સિંહગર્જના

(શ્રી. ઈન્દુલાલ યાજ્ઞિક, પ્રાર્થના સમાજ, અમદાવાદ)

"સુરતના સિંહ" ભાઈ દયાળજી સાથે સન ૧૯૧૬-૭ થી તે તેમના અંત સુધી મારે ખરા દિલની દોસ્તી રહી હતી. તેથી આજે તેમની ભવ્ય મૂર્તિ અદ્દસ્ય થઈ છે એ માનવું મારે માટે મુશ્કેલ બને છે.

સન ૧૯૧૬ ના વરસ દરમ્યાન મેં પહેલી ગુજરાત કેળવણી પરિષદ અમદાવાદ ખાતે બોલાવી હતી. તેના પ્રચાર માટે હું સુરત ગયો ત્યારથી જ મને ભાઈ કલ્યાણજીનું તેમજ ભાઈ દયાળજીનુ ઓળખાણ થયેલું. સન ૧૯૧૭ ની હોમરૂલની ચળવળમાં તેઓ સાચા સાથીદાર થયા ત્યારથી અમે પાકા દોસ્ત થયા. પછીથી ખેડા સત્યાગ્રહની, રૉલેટ કાયદાની ને અસહકારની લડતમાં તેઓ સાથે જ હતા. ગુજરાત રાજકીય પરિષદની પહેલી છ બેઠકોમાં અમને તેમનો પૂરો સાથ મળેલો. કોઈ ઠરાવ પર જોરદાર ભાષણ કરવાની જરૂર હોય ત્યારે હું તેમને જ ઉભા થવાની વિનંતિ કરતો; ને તેમની સિંહગર્જના થતી ત્યારે આખા મંડળમાં ઓર સનસનાટી ફેલાતી.

સને ૧૯૨૭ માં મને એક વરસની ટીપ વાગી ત્યારે દયાળજી સાબરમતી જેલમાં આગળથી પહોંચી ગયા હતા. થોડાજ દિવસમાં અમને બન્નેને "ખાસ" વર્ગમાં મુકવામા આવ્યા ને પછી ત્રણ-ચાર અઠવાડિયાં અમે સાથે ગાળ્યાં. તે દરમ્યાન તેમણે મારા તરફ જે મીઠાશ બતાવી છે તે હું કદિ ભૂલીશ નહિ. રસોઈનો સામાન બધો મને બહારથી મળતો ને તે પકાવી તૈયાર તો તેઓજ કરતા. ગરમ ને ઉદ્દામ પ્રકૃતિના એ નરવીરનું કુણું દિલ પારખવાની અનુપમ તક મને ત્યાં સાંપડી.

સન ૧૯૧૭ માં મેં હિન્દ સેવક સમાજ છોડી ત્યારે ગુજરાત માટે તેવી જ સંસ્થા સ્થાપવાનાં સ્વપ્નાં મેં અને દયાળજીભાઈએ સેવેલાં. ડા. સુમંત, શ્રી. છોટુભાઈ પુરાણી, ભાઈ

કલ્યાણજી વગેરે સાથે અમે મળીને કાયમની સંસ્થા જમાવવાની યોજનાઓ ઘડેલી. પણ પછીથી અમે ઘણાખરા ગાંધીજીની નવી લડતોમાં ઝુકાવતા ગયા ને એ યોજનાઓ ખોરંભે પડી.

સન ૧૯૩૫માં હું વિલાયતથી પાછો આવ્યો ત્યારે વ્યાયામના કોઈક સંમેલનમાં હાજરી આપવાને પહેલાંની માફક અનાવિલ બોર્ડિંગમાં ઉતરેલો. તે વખતે સગા ભાઈને ભૂલાવે એવા હેતથી અમે ભેટેલા. તે પછી પણ એક બે વાર ગયેલો ત્યારે તેઓ લગભગ પથારીવશ હતા છતાં તેઓ અગાધ માયા રાખતા. આવા જીવનભરના જૂના સંબંધ ને જૂના મિત્રો દુનિયામાં વિરલ જ હોય છે.

સાધુચરિત દયાળજીભાઈ

(ડૉ. કરસુખ વી. હોરા)

એક વખત નરકેસરીના ઉપનામથી જાણીતા થયેલા, ડક્કા ઓવારાની અને તિલક મેદાનની જંગી સભાઓમાં સિંહની ગર્જનાથી ગાજતા શ્રી. દયાળજીભાઈના હૃદય બંધ પડી જવાથી થયેલા શોકજનક અવસાનથી સુરત શહેરે એક સહૃદયી સાધુ, પ્રગતિશીલ સંસ્કારી સમાજસેવક, નિડર અને નિઃસ્વાર્થ રાષ્ટ્રપ્રેમી પ્રજાસેવક, મિત્રો અને સંબંધીઓએ નિખાલસ સાચાબોલો પણ સંયમી સહચારી અને વિદ્યાર્થીઓએ એક સાચો સલાહકાર ગુમાવ્યો છે. સાધારણ સ્થિતિમાંથી સાધારણ કેળવણી લીધેલ સ્વ. દયાળજીભાઈએ સરકારી નોકરીથી જીવનકાર્ય શરૂ કરી, શહેર અને જિલ્લાની વિધવિધ દિશાઓમાં કરેલી સેવાની સર્વાંશે નોંધ આલેખવી અશક્ય છે.

ધર્મ–પ્રેમ

ખેતીવાડીના ફારમમાં નોકરી કરતા ભગવા વસ્ત્રધારી સાધુ જેવા લાગતા દયાળજીભાઈ જોડે પ્રથમ પ્રસંગ પડ્યાને લેખકને ૩૬–૩૭ વર્ષ થયાં હશે. આર્ય સમાજે જગાવેલ કરેલા રાષ્ટ્રીય સંસ્કારે, સ્વામી રામતીર્થ અને વિવેકાનંદજીના સાહિત્યે પ્રકટાવેલી ધાર્મિક ભાવનાએ અને થિયૉસૉફીકલ સોસાયટીના સાહિત્ય વાંચને પ્રેરેલ આંતરરાષ્ટ્રીય વિશાળ દૃષ્ટિબિંદુએ, લોકમાન્ય તિલકના ઉદ્દામ રાષ્ટ્ર આંદોલને પ્રજ્વલિત થયેલ દેશાભિમાને અને મહાન તપસ્વી ગાંધીજીના ત્યાગ અને તપશ્ચર્યાના સંસ્કારોથી રંગાયલા દયાળજીભાઈ આપણા શહેરના તમામ લોકનાયકો અને સેવકોથી નિરાળા પડતા. બહુમાનવૃત્તિ ઉત્પન્ન કરે એવા એ નાયક હતા. એમનો ચહેરો શાંત, સૌમ્ય સાધુ જેવો હતો. જીવનકાર્યના દરેક ક્ષેત્રમાં દયાળજીભાઈની ધાર્મિકતા–આધ્યાત્મિકતા તરવરી આવતી હતી. એમની રગેરગમાં ધર્મપરાયણતા હતી.

સમાજ–પ્રેમ

સનાતન ધર્મના વિશિષ્ઠ પ્રેરક વર્ણાશ્રમ ધર્મના પાલનથી ધર્મપરાયણતા દાખવી પુરાણા આર્યસંસ્કાર ને પુરાણી પ્રથાને વળગી ન રહેતાં નવીન યુગમાં ઉતરવાના મનોરથો સેવી તેની

સિદ્ધિ માટે અનાવિલ આશ્રમથી શરુઆત કરી. સમાજની પ્રગતિને અવરોધી રહેલ સામાજિક રૂઢિઓ અને બંધનો પોતે તોડી પોતાના સંસર્ગમાં આવનાર સ્નેહી સંબંધી પાસે તોડાવી, કોમમાં અને સમાજમાં નવીન સુધારો દાખવનાર અને તેને માટે અનેક અડચણો સહન કરનાર વીરનર દયાળજીભાઈની અનાવિલ કોમની સેવાનું યોગ્ય વર્ણન મારા કરતાં એમના જ્ઞાતિજનોમાંથી કોઈ વ્યક્તિ વધારે સચોટ રીતે કરી શકશે.

રાષ્ટ્ર-પ્રેમ

ધાર્મિકતાના ઊંડા વ્હેણમાંથી વ્હેતા સ્વતંત્રતા અને દેશાભિમાનના ઝરણાંમાંથી તરબોળાયલા દયાળજીભાઈએ સરકારી નોકરીને તિલાંજલિ આપી રાષ્ટ્ર-સેવકનો ઝંડો હાથ ગ્રહી, બની ત્યાં સુધી સક્રિય સેવા કરીને, કામ ન થયું ત્યારથી બીજાને દૃષ્ટાંત રૂપ બનીને આજીવનપર્યંત કાર્ય કર્યું. ૧૯૦૫-૬ની સ્વદેશી અને બંગભંગના આંદોલન વખતે, સુરતની ઐતિહાસિક કોંગ્રેસ વખતે લોકમાન્ય તિલકને પંથે રહીને નેશનાલીસ્ટ એસોસીએશનના અગ્રગણ્ય કાર્યકર તરીકે, હોમરૂલની ચળવળ વખતે હોમરૂલની સુરતમાં શાખા ખોલવામાં ત્રણ વ્યક્તિ તૈયાર થતી ન હતી તે વખતે લેખક સાથે પોતાનું નામ નોંધાવી હોમરૂલનો મંત્ર ગામડે ગામડે ફૂંકવામાં શ્રી કલ્યાણજીભાઈ સાથે રહી જે અથાગ જહેમત ઉઠાવી હતી તેની માહિતી આ જમાનાના ઘણા થોડાને હશે. પૂ. ગાંધીજીના રાજકીય ક્ષેત્રમાંના પ્રવેશ પછી એમના સ્વભાવને અનુકુળ આવે એવા નાયકના અસહકારના મંડાણથી અદના સેવક તરીકે એ વર્ષો સુધી આમજનતાના સદાસંપર્કમાં રહ્યા ને નાદુરસ્ત તબિયતે એમને નિઃશસ્ત્ર બનાવ્યા ત્યાં સુધી એમણે કાર્ય કર્યું.

ગાંધીજીના અનુયાયી

રાષ્ટ્રીય કેળવણી મંડળના એક કાર્યકર તરીકે, શહેર સુધરાઈના સભ્ય તરીકે અને શહેરી તરીકે એમની અન્ય પ્રવૃત્તિઓમાં એમની સેવાઓ ત્યાગમૂર્તિ ગાંધીજીના અનુયાયીને છાજે એવા પ્રકારની હતી. જીવલેણ નીકળેલ હૃદયની બિમારીના ભોગ થઈ પડવાથી છેલ્લા આઠ દશ વર્ષથી એઓ જાહેર જીવનમાંથી નિવૃત્ત થઈ આશ્રમમાં સંત-સાધુ જેવું જીવન ગાળી રહ્યા હતા.

અંગત જીવન

યુવાન વયે પરિણીત જીવન ખંડિત થવા છતાં એમનું જીવન સદા સર્વદા સંયમી, સુશીલ અને સદાચારી હતું. સિંહ જેવા ગર્જતા દયાળજીભાઈનું હૃદય આર્દ્ર (soft) હતું અને જીવન વહેવારમાં man of compromise, બાંધછોડ કરી ઝઘડા પતાવવાની વૃત્તિવાળા હતા. સામાને ખોટું ન લાગે છતાં સિદ્ધાંત છોડ્યા વગર કાર્ય સરતું હોય તો તેમ કરવા ગમે તેટલે નીચે ઉતરવા તેઓ સદા તૈયાર રહેતા.

અંતિમ પર્યટન

સદાયે મિતાહારી, વ્યાયામને દૈનિક જીવનનો કાર્યક્રમ ગણી નિયમિત વ્યાયામ કરતા અને જીવનના છેવટના ભાગમાં હાથમાં મોટો દંડો લઈ અઠવા લાઇન્સ અથવા આશ્રમ આગળના રસ્તા પર શાંત રીતે, સ્વસ્થ ચિત્તે અને ધીમે પગલે ચાલતા જેમણે એમને નિહાળ્યા છે તેમને એમના

પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થયા વિના નહિ રહ્યો હોય. ક્વચિત્ ક્વચિત્, પોતાના સંબંધી અને મિત્રોને મળવા બલના નાના એક્કામાં બેસી ફરતા જણાતા હતા. થોડા દિવસ પર લેખકને આવી રીતે મળવા આવ્યા હતા તે વખતે ભાગ્યે જ ખ્યાલ હતો કે શહેરનું આ તેમનું છેવટનું પર્યટન હતું.

વિદ્યાર્થીઓના માર્ગદર્શક

અનાવિલ આશ્રમને સ્થાપી, પાળીપોષી પ્રફુલ્લ બનાવી તેમાં રહેતા અનેકાનેક વિદ્યાર્થીઓના એઓ માર્ગદર્શક સલાહકાર અને સાચા મિત્ર હતા અને એ આશ્રમમાં ભણેલા કેટલાએ વિદ્યાર્થીઓનો જીવન પલટો કરાવનાર, જીવનપંથ ઉજાળનાર દયાળજીભાઈ તરફ પૂજ્યભાવે જોતા અને ગુણાનુગાન કરતા લેખકે જાણ્યા છે.

મૃત્યુ મરી ગયું

સાચી ધર્મપરાયણતાથી નિડર બની મૃત્યુ માટે હંમેશા તૈયાર રહેતા અને એમના અતિ વૃદ્ધ માતુશ્રી માટેની ચિંતા સિવાય એમને કોઈ પણ જાતનો ભય મૃત્યુનો કે દુઃખનો-લેખકે ભાળ્યો નથી. દેહત્યાગની અંતિમ ઘડી વખતે અણધાર્યો મને ડૉ. દસ્તુર અને ડૉ. ગાંધી સાથે આવેલો જોઈ એમણે જે આનંદ પ્રદર્શિત કર્યો તેની છાપ સદાયે મારા હૃદયમાં કોતરાયેલી રહેશે. ધીરવીર નરને છાજે એવો એમનો દેહત્યાગ હતો. સદા શાંત, સૌમ્ય, સદાચારી, સાધુચરિત, નિર્મોહ, નિર્માન નરવીર દયાળજીભાઈના અમર આત્માને કોટી કોટી વંદન.

ચિરસ્મરણીય દયાળજીભાઈ

(નર્મદાશંકર પંડયા-સેવાનંદ)

ઘણા વખતથી અનુભવ મને એમ કહેતો આવ્યો છે કે આ સંસારમાં મારા જેટલા મિત્રો હજી હયાત છે તે કરતાં અહીંથી ચાલ્યા જનારા મિત્રોની સંખ્યા વધતી છે. દયાળજી-ભાઈના જવાથી તેવા એક મિત્રની સંખ્યામાં વધુ ઉમેરો થયો. ઈ. સ. ૧૯૪૨ની સાલ બેસતાં જ તેના પહેલાં જ અઠવાડિયામાં હું બે મિત્રો ગુમાવી બેઠો. એક દયાળજીભાઈ અને બીજા સ્વામી અખંડાનંદ.

પાછલાં વર્ષો ઉપર નજર નાખતાં સ્મરણ થાય છે કે સને ૧૯૧૧ની સાલમાં મેં દયાળજીભાઈને સૌથી પહેલીવાર દીઠેલા. મારા એક મિત્ર જે પૂનાની ખેતીવાડી કૉલેજમાં પ્રોફેસર હતા તે અઠવા ફાર્મ જોવા ગયા ત્યારે હું પણ તેમની સાથે હતો. તે વખતે અઠવા ફાર્મના સ્ટાફની સાથે શીખંડ પૂરીનું ભોજન કરતાં મારી નજીકમાં બેઠેલી સ્વામી વિવેકાનંદના જેવીજ એક વ્યક્તિના ઉપર મારી નજર ગઈ. દયાળજીભાઈની મુખાકૃતિ સ્વા. વિવેકાનંદની સાથે એટલી બધી મળતી આવતી કે આવો ભાસ મને એકલાને નહિ પણ બીજા કેટલાકને પણ થતો હતો.

મારી નાની છોકરીએ જ્યારે તેમને સૌથી પહેલીવાર દીઠા ત્યારે તેણે પણ તેમને વિવેકાનંદ તરીકે જ ઓળખ્યા હતા. પાછળથી જ્યારે ખરી વાત તેના જાણવામાં આવી ત્યારે પણ તેણે "વિવેકાનંદ કાકા" કહીને બોલાવવાનું ચાલુ રાખ્યું હતું.

સરકારી નોકરીનું રાજીનામું આપીને દયાળજીભાઈએ અનાવિલ વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરી ત્યારથી મારો અને તેમનો પરિચય વધતો ગયો અને તે પછી રૉલેટ કાયદાની વિરુદ્ધના સત્યાગ્રહમાં અમે બેઉ એક બીજાના રાત દિવસના સાથી તરીકે રહેતા થયા. તે વખતે દયાળજીભાઈ માથે લાંબા વાળ અને દાઢી રાખતા. જ્યારે દેશભક્તિના આવેશમાં આવી જઈને પોતાની સાદી ધગધગતી વાણીનો પ્રવાહ રેડતા ત્યારે તેમની સામે જોવાની કોઈની હિમ્મત ન ચાલે એવું રુદ્ર સ્વરૂપ તેમનું થઈ જતું. આજે તો લાઉડસ્પીકરની મદદ વડે નાનકડી છોકરી પણ પોતાનું ભાષણ સભાને સંભળાવી શકે પરંતુ આજથી ત્રેવીશ વર્ષની વાત ઉપર તિલક મેદાનમાં વીસથી પચીસ હજાર મનુષ્યોની વિરાટ સભાને કાને પોતાનો અવાજ પહોંચાડી શકે એવા તો દયાળજીભાઈ જ.

એમની શિસ્ત પણ આકરી હતી. સભાને છેક છેડે પણ કોઈ ઉભો રહ્યો હોય તેને જમીન ઉપર બેસાડે ત્યારે જ છોડે. લોકો પણ તેમની આમન્યા પાળતા. એક દિવસ એવું થયું કે તિલક મેદાનમાં અડધી રાતે સભા પૂરી થઈ. સભામાં બ્હેનોની સંખ્યા સારી હતી. આટલી બધી બ્હેનો અને પુરુષો એક સાથે સાંકડી ગલીમાં થઈને પસાર થતી વખતે અથડાઅથડી ન થાય તે સારૂ દયાળજીભાઈએ સભાને સૂચના કરી કે બ્હેનો અડધે રસ્તે પહોંચે નહિ ત્યાં સુધી કોઈ પુરુષ સભામાંથી ઉઠે નહિ. આખી જ સભા લગભગ દસ મિનિટ સુધી માટીના પુતળાની પેઠે બેસી રહી, પણ કોઈની મગદૂર નહિ કે જગ્યા ઉપરથી ઉઠીને ઉભો થવાનો વિચાર કરે.

સને ૧૯૨૧ની સાલમાં દયાળજીભાઈએ ધોતિયાને બદલે ખાદીનો બહુ જ ટૂંકો જાંઘીઓ પહેરવા માંડ્યો. તે પહેરીને પોતે બધે ફરતા અને અમદાવાદ સુધી જઈ આવતા. એ જાંઘીઆને તેમના નામ ઉપરથી "દયાળિયું" એવું નામ મળેલું.

સને ૧૯૨૯-૩૦માં હું પોતે લગભગ તેમની સાથે જ અનાવિલ વિદ્યાર્થીઆશ્રમમાં રહ્યો હતો, તે વખતે ઘણીવાર મારા આગળ દયાળજીભાઈ દેશની દુર્દશાનું અને કેળવાએલ યુવાનોની સ્વાર્થપરાયણતાનું કથન કરતા અને તે વખતે તેમના મોઢા ઉપર તીવ્ર આંતર વ્યથાની તગતગતી રેખાઓ મેં દીઠેલી તે મને આજે પણ યાદ આવે છે.

એ જ અરસામાં એમને ગાંઠીઆ વાયુની અને લોહીના દબાણની પીડાઓ લાગુ પડી. સૂરતનો સિંહ દિવસે દિવસે નિર્બળ થતો ગયો.

સને ૧૯૩૧ પછી અમે એકબીજાને મળી શક્યા નથી. હું દૂર દેશવિદેશમાં ભ્રમણ કરતો થઈ ગયો અને દસ વરસે પાછો આવું છું તે જ દિવસે દયાળજીભાઈ અનંતમાર્ગના પ્રવાસી થઈ ગયા.

અસહયોગી દયાળજીભાઈ

કેટલાંક સંસ્મરણો

(શ્રી. દિનકરરાય જાદવરાય વૈષ્ણવ-સૂરત)

ઈ. સ. ૧૯૨૦માં ગાંધીજી અને મૌલાના મહમ્મદઅલી તથા શૌકતઅલીની સહીથી અસહકારનું જાહેરનામું બહાર પડેલું, બાદ ઑગસ્ટની પહેલી તારીખે એટલે જે દિવસથી અસહકાર શરૂ કરવાનું અગાઉથી જાહેર થએલું તેજ દિવસે યોગાનુયોગ લોકમાન્યનો સ્વર્ગવાસ થયો, તેથી તિલક મહારાજને શોકાંજલિ અર્પણ કરવા માટે મળેલી મુંબઈની ચોપાટીની વિરાટ સભામાં મહાત્માજીએ વચન કાઢયું કે લોકમાન્યની ભસ્મમાંથી અસહયોગનો જન્મ થયો હોય એવું જણાય છે.

આ રીતે ખરૂં જોતાં ગાંધીજીએ એ વસ્તુ દેશ આગળ ધરી, અસહકાર અને અસહયોગ. જેમણે માત્ર રાજકીય કે કોમી કે સ્વાર્થ દૃષ્ટિથી અસહકાર અપનાવેલો તેમનો તે વહેલામોડો તૂટી પડ્યો અને જેમના અસહકારની અંદર ઊંડી અને ખરી ધર્મભાવના હતી તેમને મન તે અસહકાર નહિં પરંતુ અસહયોગ થઈ પડ્યો અને તેમનો અસહયોગ એક યા બીજા સ્વરૂપે કાયમ રહ્યો.

દયાળજીભાઈને નાની ઉમ્મરથી દેશસેવા અને જ્ઞાતિસેવા કરવાની ધગશ તો હતીજ; એ હુતાશનીમાં એમણે પોતાની સરકારી નોકરીનું નાળીયેર અગાઉથી જ હોમી દીધેલું, પરંતુ પહેલેથી જ તેઓશ્રી કંઈ ચુસ્ત અહિંસાવાદી નહોતા. ઈ. સ. ૧૯૨૦માં તો તેઓ ઠીકઠીક દાઢી પણ રાખતા અને પ્રથમ મુલાકાતે મને કંઈક એવો ખ્યાલ આવેલો કે આ પુરુષ દૃઢ મનોબળવાળો અને ત્યાગી છતાં કંઈક જડ, તોછડો, તથા ઝનુની પણ ખરો.

પરંતુ ગાંધીજીના આશીર્વાદથી અસહકારનું કામ સુરત અને સુરત જિલ્લામાં દલુકલુ ઍન્ડ કંપનીએ જેમ જેમ આગળ ધપાવ્યું તેમ તેમ દયાળજીભાઈની દાઢી ગઈ, ધોતિયાંને બદલે તંગીઓ આવ્યો અને એમની જડતા, તોછડાઈ તથા ઝનુન ઓગળતાં ગયાં. શુદ્ધ, સંયમી, શાંત અને ખરા વીર સેવક તરીકે તેઓ 'સુરતી સિંહ'નું બિરુદ કમાયા.

૧૯૨૦ થી '૨૬ સુધીની એમની અથાક જહેમત જેણે જોઈ હોય તેજ માત્ર જાણે. તાપીને તીરે ત્રીસથી ચાળીસ હજારની મેદનીને હાલનાં લાઉડસ્પીકરનો જરાએ સગવડ વગર ઠેઠ છેલ્લી હાર સુધી પોતાનો મેઘગર્જના સમો બુલંદ અવાજ અને તેવાજ બુલંદ શબ્દો સંભળાવતા દયાળજી જેણે દીઠા હોય તેજ માત્ર જાણે; પોતે ઉત્સાહની મૂર્તિસમા સુકલકડીમાં પણ ઉત્સાહ પૂરતા અને જિલ્લાને ગામેગામ ટેલ અને હાકલ કરતા દયાળજીના સંગમાં રહી કામ કરવું એ પણ એક લહાણુ હતી.

એ બધું તો ઠીક પણ કૉલેજનો દરવાજો નહિં જોનાર દયાળજીભાઈ વળી કેળવણીના કામમાં તે શું સમજે? બહુ બહુ તો દાન ભેળાં કરે અને રાષ્ટ્રીય કેળવણીમંડળના એ રીતે પ્રાણુસમા થઈ રહે પરંતુ એ પોતે કેળવણી થોડાજ આપી શકે અથવા કેળવણી કેમ આપવી એ થોડાજ સમજી શકે? આવો અભિમાની પ્રશ્ન તો મને અનેકવાર થયાજ કરતો.

વળી એક દિવસ કામ પ્રસંગે તેઓ મારે ઘેર આવેલા, આજથી આશરે વીસ વર્ષ પહેલાં. જે આરામખુરશી પર તેઓ બેઠેલા તેની નીચે ઘુંટણુ ઘસતો ઘસતો એક બાળક ભરાઈ બેઠો અને બહાર નીકળવા ફાંફાં મારવા લાગ્યો. રખેને એ રડી પડે અને અમારા કામમાં ખલેલ થાય એ વિચારે હું બાળકને બહાર કાઢવા ઉઠયો. ત્યારે દયાળજીભાઈ કહે કે રહેવા દો; એ બાળક આપોઆપ નીકળી આવશે અને કોઈ જાતની રડારોડ વગર બન્યું પણ એમજ. ત્યારે અચાનક મને થયું કે દયાળજીભાઈ કેળવણીના કામમાં સમજે છે ખરા, એટલુંજ નહિં પરંતુ હું જે નથી કરી શકતો તે કરી શકે છે પણ ખરા, એટલે કે પોતે ધૈર્ય રાખી શિષ્યને સ્વતંત્ર રહેવા દે છે ખરા.

ત્યારબાદ તો દયાળજીભાઈ પર શરીરની યાતનાઓનાં વીતક વીત્યાં, એ સર્વ દરમિયાન એમનું આત્મનિરીક્ષણ વધ્યું હશે. આશરે એક વર્ષ અગાઉ કેવળ સ્નેહવશાત્ મને મળવા તેઓ એક દિવસ મારે ઘેર આવી ચડ્યા ત્યારે પ્રથમ તો હું એમને ઓળખી શક્યો નહિં. પહાડી શરીર સુકાઈ ગયું હતું અને જુવાનજોધ જેવી કાય હતી તે વૃદ્ધ અને જરા વાંકી બની આજે પરોણાને ટેકે ઊભી હતી. "વૈષ્ણવજી, ઓળખાણ પડે છે?" એ પ્રેમાળ શબ્દોથી ઓળખાણ તો શું પણ મારું મસ્તક પણ એમના હાથમાં પડી ગયું!

છેવટ મરણ અગાઉ ચાર પાંચ દિવસ પહેલાંજ પધારેલા ત્યારે પોતે એક સ્વતંત્ર શાળા ચલાવવાનો નિર્ધાર કરી આવેલા અને એ સંબંધમાં ગાંધીજીને મળવા જનાર હતા એમ મને વાત કરતા હતા. આત્મનિરીક્ષણ કરી કરીને કેવા સુંદર નિર્ણય પર આવેલા અને ભગ્નકાય છતાં કેવા અભગ્ન કાર્યતત્પર હતા! શરીરના ઓજસ્ તો ઓસરી ગયાં હતાં. પરંતુ આત્માનાં ઓજસ્ વધારે ખીલ્યાં હતાં. એ જીર્ણ શરીર એ ઓજસ્ ઝીલવા અસમર્થ નીવડ્યું એમાં નવાઈ નથી અને એમનાં માતુશ્રી પર 'દુઃખનો દરિયો' ફરી વળ્યો છે. અનાવિલ આશ્રમ આજે સૂનો લાગે છે અને સૂરત સિંહ વગરનું બન્યું છે એ સાવ સાચું, છતાં દયાળજીભાઈ જીતી ગયા અને માત્ર નામ નહિ પણ પોતે કરેલું કામ પણ રાખી ગયા એ એમનું મહાભાગ્ય. 'કીર્તિ કેરાં કોટડાં પાડયાં નવ પડંત.'

દયાળજીભાઈ

સેવાવૃત્તિની તીવ્રતા : કામની તમન્ના

(શ્રી. મોરારજી દેસાઈ)

સ્વ. દયાળજીભાઈ સાથે ૧૯૩૦ પ્હેલાં મારો ખાસ પરિચય થયો ન્હોતો. પણ ૧૯૩૦માં હું એમના ગાઢ પરિચયમાં આવ્યો અને ત્યારથી મારો અને એમનો સંબંધ મતભેદો હોવા છતાં છેવટ સુધી ઘણો જ મીઠો રહેલો. ૧૯૩૦માં મેં જાહેરજીવનમાં પ્રવેશ કર્યો તે વખતે હું એમને પ્હેલાં મળેલો અને તે વખતે એમણે મને આગ્રહ કરેલો કે મારે અનાવિલ આશ્રમમાં જ રહેવું. એમની ઇચ્છા તે વખતે અને ત્યારપછી અનાવિલ આશ્રમનો ભાર મારા પર નાખવાની હતી. અને એમની ઇચ્છાને અનુકુળ થઈ આશ્રમની વ્યવસ્થામાં એક બે વરસ મેં ઠીક રસ લીધો હતો, પણ અનુભવે મેં જોયું કે મારા વિચારો પ્રમાણે જો આશ્રમની વ્યવસ્થા કરૂં તો આશ્રમને ટેકો આપનારા ઘણા માણસો તેમાં સહમત નહિ થાય. એટલે ત્યારથી આશ્રમના કામમાં રસ લેતો હું બંધ થયો, પરંતુ તેથી અમારો સંબંધ ઓછો ન્હોતો થયો અને દયાળજીભાઈ અનાવિલ આશ્રમના વિકાસ માટે જે મનોરથો સેવતા હતા તે વિષે મારી સાથે હમેશ એ ચર્ચા કરતા હતા. એ ઉપરથી હું જોઈ શકેલો કે દયાળજીભાઈના કેળવણીના વિચારો મૌલિક હતા. પરંતુ જ્ઞાતિને એમાં રસ ન હોવાથી એ વિચારોને અમલમાં મૂકવા એ સફળ ન થઈ શક્યા.

કોઈપણ એક જ જ્ઞાતિના વિદ્યાર્થીઓ એક સાથે રહીને ભણે એમાં નથી જ્ઞાતિનો વિકાસ થતો અને નથી વિદ્યાર્થીનો સાચો વિકાસ થતો. આ વિષે દયાળજીભાઈ મારી સાથે સંમત થયા અને એમણે અનાવિલ આશ્રમમાં બીજી કોમોના વિદ્યાર્થીઓને પણ દાખલ કર્યા. દયાળજીભાઈ એ રીતે નવા વિચારો લેવા અને તેનો અમલ કરવા તૈયાર રહેતા એ એમનું એક ખાસ લક્ષણ હતું.

જે જમાનામાં બધી સ્વાર્થની પ્રવૃત્તિ છોડી દઈને જાહેર જીવનમાં પડવાની ધગશ ભાગ્યેજ જોવામાં આવતી તે કાળમાં દયાળજીભાઈએ ૩૦ વરસની વયે જાહેર જીવનનો ભેખ લીધો હતો એ એમનાં આત્મબળ અને સેવાભાવ સ્પષ્ટ કરે છે અને યુવાનો માટે એમનું એ પગલું અનુકરણીય થઈ પડે છે. પૂ. ગાંધીજીએ જ્યારે તિલક સ્વરાજ્ય ફંડ માટે હાકલ કરી ત્યારે એ કાર્યને વેગ આપવા જે થોડા માણસોએ પોતાનું સર્વસ્વ આપી દીધું એમાંના એ એક હતા. કોઈપણ નીતિ અખત્યાર કરવાનું બીજાને કહેવા પહેલાં પોતાના જીવનમાં પોતે એ નીતિ અખત્યાર કરવી જોઈએ એ પૂ. ગાંધીજીનાં જીવન સૂત્રનો અમલ કરવાનો પ્રમાણિક પ્રયત્ન એમણે હમેશ કર્યો હતો અને તેથી જ એમનાં ઊંચાં ચારિત્ર્ય માટે ગુજરાતમાં બધાને માન હતું. શરીરે અશક્ત થયા ત્યારે શરીરની મર્યાદા ઓળખીને રાજકીય ક્ષેત્રમાંથી એમણે સંન્યાસ લીધો પણ એમની સેવાની ધગશ ઓછી થઈ ન્હોતી અને માંદા માંદા પણ એમણે મરતાં સુધી જ્ઞાતિસેવાના નાનાં અને મર્યાદિત ક્ષેત્રમાં પોતાની બધી શક્તિનો ઉપયોગ કર્યો અને એ રીતે મરણપર્યંત જનસેવા કરતા જ રહ્યા હતા. એમની આ સેવાવૃત્તિની તીવ્રતા અને કામ કરવાની તમન્ના ભારે આદર ને અનુકરણને પાત્ર છે અને મને તો ખાત્રી છે કે સુરત જિલ્લાના યુવાનો દયાળજીભાઈના સમૃદ્ધ જીવનમાંથી હમેશ પ્રેરણા મેળવશે અને સેવાના ક્ષેત્રને વિશાળ અને સમૃદ્ધ બનાવશે.



બારડોલીદિન ઉજવણી, ૫-૮-૧૯૨૮, મંચ ઉપર સરદાર અને દયાળજીભાઈ



ભાટપુર ગામે દારૂનિષેધની સભા, ૧૯૨૮ – ૨૯, મંચ ઉપર દયાળજીભાઈ

ફકીર આગેવાન

(ડૉકટર ચંપકલાલ ધીઆ)

શ્રી. દયાળજીભાઈએ પોતાનું જીવન એક અદના માણસ તરીકે શરૂ કર્યું, અને સરકારી નોકરીનું રાજીનામું આપી દેશ અને સમાજ માટે આજીવન ભેખ લીધો. જ્યારે મહાત્મા ગાંધીજીએ ટિળક સ્વરાજ્ય ફાળા માટે ૧૯૨૧માં ટહેલ કરી, ત્યારે એમણે પોતાનું સર્વસ્વ એ ફાળામાં અર્પણ કર્યું, અને સાધુજીવન સ્વીકાર્યું. એમણે કૉંગ્રેસની સેવા તનતોડ કરી છે; ઘણા યુવકોને માર્ગદર્શન કરાવ્યું છે. તેઓ મિત્રો અને સાથીઓના સાચા સલાહકાર હતા. એમનું સાધુમય, નિર્મળ અને પવિત્ર જીવન ઘણાંને આદર્શરૂપ હતું. છેલ્લાં નવ વર્ષથી હૃદયના રોગથી પીડાતાં છતાં અનાવિલ આશ્રમનું કામ તો અવિરતપણે કર્યા જ કરતા. સમાજ સુધારણા, દેશસેવા, કેળવણી અને અનેક જાહેર ક્ષેત્રોમાં તેઓએ નિઃસ્વાર્થપણે અને નિરભિમાનપણે સેવા આપી છે. એમને સત્તાનો લોભ નહોતો, તેમજ ઇર્ષ્યા કે દ્વેષ એમને સ્પર્શી શકતાં નહિ. મતભેદો છતાં જાહેર જીવનમાં તથા ખાનગીમાં પણ બધા સાથે સદ્વર્તન તથા સદ્ભાવથી વર્તતા. એમનો ડક્કા ઓવારા પરની સભાઓમાં સિંહસમો અવાજ હજી પણ કાનમાં ગુંજારવ કરે છે. એમના ભાષણો અને વિચારમાં હમેશાં વાસ્તવિકતાનો સૂર રહેતો. એમની રાષ્ટ્રીય શાળાઓ માટેની ભિક્ષા ઝોળી તથા શિક્ષકો અને બાળકો માટેની લાગણી ઘણાં જૂના સ્મરણો તાજાં કરે છે. એમનું પ્રેમાળ હૃદય ગરીબોની હાય સાંભળીને દ્રવિત થતું. વિચાર ભેદ હોવા છતાં પણ મોટા નેતાઓ સાથે વિનયથી અને નીડરપણે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા. કેટલાક લોકો ધનપ્રાપ્તિથી કે સરકારને સાથ આપીને મોટા થાય છે અથવા કહેવડાવે છે. જ્યારે દયાળજીભાઈ એક ફકીર તરીકે જીવન ગાળીને અને સરકાર સાથે અસહકાર કરીને, એક સામાન્ય કોટીના માણસમાંથી પોતાની દૃઢતા, આવડત, ધગશ, અને ખંતથી લોકોના આગેવાન બન્યા. એમના અવસાનથી સૂરતે, અને ગુજરાતે એક સાચો સેવક ગુમાવ્યો છે.

સહનશીલ દયાળજીભાઈ

(શ્રી. પરાગજી ખંડુભાઈ દેશાઈ)

"When Death will come and knock at the door what will you offer to him?"

સ્વ. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે પોતાના પ્રસિદ્ધ "ગીતાંજલિ" નામના કાવ્યપુસ્તકમાં મૃત્યુને સંબોધીને એક સુંદર કાવ્ય લખેલું છે. એ કાવ્યની શરૂઆત કરતાં ગુરુદેવ પૂછે છે: 'મૃત્યુ આવીને જ્યારે તમારો દરવાજો ખખડાવશે ત્યારે તમે તેને શું અર્પશો?'

સ્વર્ગસ્થ દયાળજીભાઈ પાસે મૃત્યુએ આવીને જ્યારે તેમનાં હૃદયનાં દ્વાર ઠોકીને પોતાની સાથે આવવા આમંત્રણ આપ્યું હશે ત્યારે તેમણે તેને શું આપ્યું હશે? પોતાની જીવનનૌકા જે અમૂલ્ય દેશસેવા અને જ્ઞાતિસેવાથી દયાળજીભાઈ ભરપૂર કરી શક્યા હતા તે મૃત્યુને ચરણે તેઓ ધરી શક્યા છે એ કેટલા આનંદની વાત છે!

સ્વર્ગસ્થ દયાળજીભાઈ સાથે મને પ્રથમ પરિચય ૧૯૧૬ની સાલમાં થયો. હું દક્ષિણ આફ્રિકાથી એ સાલમાં તાજો જ આવ્યો હતો અને આવીને તરત મિસિસ એની બેસાંટની હોમરૂલની ચળવળમાં જોડાયો હતો. તે જ સમયથી શ્રી. દયાળજીભાઈના સીધા સંપર્કમાં હું આવ્યો અને રાજદ્વારી ક્ષેત્રમાં અમે સાથે કામ કરતા થઈ ગયા. સન ૧૯૧૭થી ૧૯૨૭ની સાલ સુધી સુરત જિલ્લામાં અને ગુજરાતમાં અમે સાથે રખડ્યા છીએ. છેલ્લાં દશબાર વર્ષથી એમની તબિયત લથડી ગઈ હતી અને રાજ્યદ્વારી ક્ષેત્રમાંથી નિવૃત્ત થવાની એમને ફરજ પડી છતાં અનાવિલ આશ્રમનું કાર્ય એમણે જીવનની અંત ઘડી સુધી સંભાળ્યું. શ્રી. દયાળજીભાઈની સૌથી મહાન. દેશ અને જ્ઞાતિ-સેવા તો હું એ જ લેખું છું કે એમના ધર્મપત્ની ગુજરી ગયાં અને તેઓ ભર યુવાવસ્થામાં હતા છતાં તેમણે ફરી પાછાં લગ્ન કર્યાં નહિ. એમનો એ ત્યાગ મહાન હતો અને એ મહાન ત્યાગને લીધે જ તેઓ પોતાની અપૂર્વ સેવા દેશને ચરણે ધરી શક્યા.

પૂજ્ય મહાત્માજીના પ્રમુખપણાં હેઠળ ભરૂચમાં ગુજરાત રાજકીય પરિષદ મળી હતી. મહાસભાએ એક કરોડ સભ્યો નોંધવાનું, એક કરોડ રૂપિયા તિલક સ્વરાજ્ય ફાળો ઉઘરાવવાનું અને એક કરોડ રેંટિયા ફરતા કરવાનો મહાન કાર્યક્રમ દેશ સમક્ષ રજુ કર્યો હતો. ગુજરાતને ફાળે આવતું કાર્ય આપેલી મુદતમાં પૂર્ણ કરી દેશને દાખલો બેસાડવો જોઇએ એવો મહાત્માજીનો આગ્રહ તો હોય જ. તિલક સ્વરાજ ફાળામાં ગુજરાતે આપવાનો ફાળો ત્યારે જ જલદી પુરો થઇ શકે કે જ્યારે ગુજરાતના મુખ્ય કાર્યકર્તાઓ પોતાની પાસે જે હોય તે સર્વ તિલક ફાળાને અર્પણ કરી દે અને પછી લોકો પાસે ફાળો ઉઘરાવવા જાય, એવું મહાત્માજીએ સૂચવ્યું. ભાઇ દયાળજીભાઇ તરત જ સંમત થયા અને પોતાની પાસે જે કંઇ હતું તે તિલક સ્વરાજ ફાળાને અર્પણ કર્યું. ભરૂચવાળા ડૉ. ચંદુલાલ, શ્રી. કલ્યાણજીભાઇ અને હું પણ તેમની સાથે એમાં સામેલ થયા. સુરત જિલ્લાના સ્વરાજ ફાળાને હિસ્સો થોડી જ મુદતમાં ભરપાઇ થઇ ગયો.

મહાત્માજીએ એક વર્ષમાં સ્વરાજની વાત વહેતી મુકી હતી અને તેને પરિણામે કાર્યકર્તાઓમાં અદમ્ય ઉત્સાહ આવ્યો હતો. ભાઇ દયાળજી સાથે રાત દિવસ અમને સર્વને એક જ ધૂન લાગી રહી હતી અને એ ધૂન તે દેશની આઝાદીની. સ્વરાજની લડતમાં અનેક પ્રકારનાં કષ્ટ સહન કરવાની તૈયારી તો હોવી જ જોઇએ. સરકારની સામે જ્યાં બહારવટું ખેલવાનો ધંધો માંડી બેઠા હોય ત્યાં તેઓ કેવા પ્રકારની ચર્ચામાં ઉતરતા હશે એ બધું હું અત્રે ઉતારી શકતો નથી. પરંતુ અમે રાત દિવસ ઉત્સાહ ભરેલી ચર્ચા કરતા અને કાર્યમાં મંડી રહેતા મહાન અમેરિકન સત્યાગ્રહી થૉરોએ પોતાના 'ડયુટિ ઓફ સિવિલ ડિસઓબીડિયન્સ' નામના પ્રસિદ્ધ પુસ્તકમાં લખ્યું છે કે એક અન્યાયી સરકારના રાજ્યમાં માણસે મિલકત ધરાવવી એ ગુનો છે. સરકાર સાથે જેઓ બહારવટું ખેલી શક્યા છે તેઓ આ વાતમાં કેટલી બધી સત્યતા છે એ સમજી શકે છે. ભાઈ દયાળજી સાથે એ વિષે અમે ખૂબ ચર્ચા કરતા અને મિલકત તો શું પરંતુ દેશની આઝાદી ખાતર જાન પણ કુરબાન કરવો પડે તો તે તૈયારી પણ રાખવી જ જોઈએ શ્રી. દયાળજીભાઇ જ્યાંસુધી રાજ્યદ્વારી ક્ષેત્રમાં રહ્યા ત્યાં સુધી સુરત જિલ્લા સમિતિનું પ્રમુખસ્થાન કાયમનું એમણે જ ભોગવ્યું હતું તે વખતે જિલ્લા સમિતિના કાર્યકર્તાઓમાં પરસ્પર સુંદર મેળ રહેતો. કોઈને એકબીજા પ્રત્યે ન દ્વેષ, ન અદેખાઈ, કે ન કોઇને સત્તાની ભૂખ. પોતપોતાનાં કાર્યમાં જ એકતાન રહેવું એ સૌની વૃત્તિ રહેતી અને પરસ્પર સુંદર પ્રેમ રહેતો. આવી સ્થિતિ રહેતી તેનું મુખ્ય કારણ તો દયાળજી-

ભાઈ જ હતા સુરત જિલ્લાના તે સમયના કાર્યકર્તાઓ વચ્ચેના આવા સુમધુર મેળની મહાત્માજીએ પણ સુંદર પ્રશંસા કરી હતી અને અન્ય પ્રાંતના કાર્યકર્તાને એ ધડો લેવાનું તેઓ જણાવતા. ૧૯૨૧ની બારડોલીની લડત વખતે મારું નિવાસસ્થાન બારડોલીમાં હતું. ભાઈ દયાળજી તે વખતે વારંવાર તાલુકામાં અમારી સાથે ફરતા અને લોકોમાં ઉત્સાહ રેડતા. તે સમયે સુરતમાં જેમણે ડક્કા ઓવારાની જાહેર સભાઓ જેમાં પચાસ-સાઠ હજારથી ઓછા માણસો ભાગ્યે જ થતા તેવી સભાઓ જોઈ હશે તેમને ખ્યાલ હશે કે એવી વિરાટ સભાઓમાં એક પણ માણસ ઉભો રહ્યો હોય તો સભાનું કાર્ય શરૂ કરવાની જ તેઓ ના પાડી દેતા. સુરત શહેરની જનતા પણ એ શિસ્ત પાળવાને ટેવાઈ ગઈ હતી. એવી વિરાટ સભાઓનાં દશ્યો તે સમયે ખરેખર અદ્‌ભુત લાગતાં. એક વખતે એવી એક વિરાટ સભામાં પૂજ્ય પંડિત મદનમોહન માલવિયાજી પધાર્યા હતા. તેઓ સભા પૂરી થયે તરત રાતની ટ્રેનમાં પાછા ચાલ્યા જવાના હતા. તેમના પુત્ર ગોવિંદ માલવિયા તેમની સાથે જ હતા પરંતુ તેઓ સ્ટેશને જ રોકાયા હતા. સભામાં આવવાની તેમની અનિચ્છા હતી. પંડિતજીએ જ્યારે સભાનું અદ્‌ભુત દશ્ય જોયું ત્યારે તેમણે મને કહ્યું કે સ્ટેશન ઉપર જઈને ગોવિંદને લઈ આવો—તેણે આ મહાન સભાનું દશ્ય જોવું જોઈએ. ભાઈ દયાળજીભાઈને સુરતના સિંહનું બિરુદ મળ્યું હતું તે ખરેખર સત્ય જ હતું. એવી વિરાટ સભાઓમાં તેઓ પૂર બહારમાં ખીલતા ત્યારે તેઓ "સિંહ" જેવા જ લાગતા.

સુરત જિલ્લા સમિતિના તેઓ પ્રમુખ હતા ત્યારે તેમના હાથ નીચે હું એકવાર સમિતિનો મંત્રી હતો. એક જ ક્ષેત્રમાં સાથે કામ કરતા હોઈએ ત્યારે કોઈવાર મતભેદ પણ ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. એવી મતભિન્નતાનો એક દુઃખદ પ્રસંગ ભાઈ દયાળજીભાઈ સાથે મારે ઉપસ્થિત થયો હતો. મહાત્માજીને જ્યારે છ વર્ષની કારાવાસની સજા થઈ ત્યારે દેશનેતાઓએ મહાત્માજીની ગેરહાજરીમાં ધારાસભાઓનો બહિષ્કાર ઉઠાવી લેવાનો નિર્ણય કર્યો અને સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલ તથા સ્વર્ગસ્થ દેશબંધુ દાસની સરદારી હેઠળ સ્વરાજ પાર્ટીની સ્થાપના થઈ. એ વેળા સમસ્ત દેશમાં નાફેરવાદી અને ફેરવાદી એમ કાર્યકર્તાઓમાં પક્ષ પડી ગયા. નાફેરવાદીઓ મહાત્માજીના કાર્યક્રમમાં માનનારા હતા. ફેરવાદીઓ ધારાસભામાં જવાની ઇચ્છાવાળાઓ હતા. ભાઈ દયાળજીભાઈ સ્વ. વિઠ્ઠલભાઈની લાગવગ નીચે આવ્યા અને ફેરવાદી વિચારના બન્યા, પરંતુ તેઓ પોતે ધારાસભામાં જવા માગતા ન હતા. હું ચુસ્ત નાફેરવાદી હતો અને દયાળજીભાઈ ફેરવાદી હતા. તેઓ પ્રમુખ હતા અને હું મંત્રી હતો. એટલે અમે અથડામણમાં આવવા લાગ્યા. ગરમાગરમ ચર્ચા પણ થતી અને જાણે અમે બંને છૂટા પડીશું કે કેમ એવો પ્રશ્ન સામે આવી રહેતો. પરંતુ ભાઈ દયાળજીનામાં સહિષ્ણુતા પણ તેટલી જ હતી. બીજાના મતને પણ માન આપવું જોઈએ એ તેઓ સ્વીકારી લેતા એટલે અમારો ઝગડો પતી જતો. ઑફિસમાં ગરમાગરમ ચર્ચા થતી ત્યારે તો જાણે એમ જ થતું કે એક બાજાનો સુંદર સંબંધ છે તે તૂટી જ જશે કે શું? પરંતુ ઑફિસેથી અમે સાથે આશ્રમમાં જતા ત્યારે તેઓ કહેતા કે "ભાઈ, આપણે બંને ઝઘડો કરીએ એ કેમ પાલવે! એક તો આપણે બંને અનાવિલો રહ્યા. લોકો કહેશે, બે અનાવલા એકઠા થયા એટલે લડ્યા. આ વિચારે પણ આપણે ઝઘડવાનું છોડી દેવું જોઈએ." અમે બંને જ્યારે પોતપોતાના સિદ્ધાંતમાં મક્કમ જ છીએ એમ અમને લાગ્યું ત્યારે એકબીજાને સહી લેવાની ઉદારતા અમે કેળવી લીધી. અમારી વચ્ચેનો મીઠો અને પ્રેમમય સુંદર સંબંધ મતભેદ હોવા છતાં પણ કદી બગડ્યો નથી.

અમે છેલ્લા દોઢેક માસ પહેલાં મળેલા ત્યારે વર્ધાયોજના પ્રમાણેની પ્રાથમિક શાળા આશ્રમમાં શરૂ કરવાનો ઇરાદો તેમણે બતાવેલો અને તે માટે મુંબઈ ફંડ કરવું છે ત્યારે તમને મુંબઈ મળીશ એમ જણાવ્યું હતું. "આદર્યાં અધવચ્ચ રહે હરિ કરે તે થાય" તે પ્રમાણે બન્યું છે. હું ઘણા પ્રસંગો વર્ણવી શકું એમ છું પરંતુ જગ્યાના અભાવે વિશેષ નથી લખતો. ભાઈ દયાળજીભાઈની સેવા એટલી ભવ્ય છે કે જ્ઞાતિમાં બીજા દયાળજીભાઈ મળવા જ મુશ્કેલ છે. તેઓ પોતાનાં જીવનને ધન્ય બનાવી ગયા છે. તેમનું મૃત્યુ પણ એટલું જ ભવ્ય હતું. ડૉક્ટરોની હાજરીમાં પોતાની છાતીમાં શું દુઃખ થાય છે તેનું વર્ણન કરતાં કરતાં જ તેઓ મૃત્યુને આધીન થયા. પૂજ્ય બા (એમના માતુશ્રી)ને હું સુરત મળવા ગયો અને દયાળજીભાઈનો અંતકાળ કેવી રીતે આવ્યો તે તેમણે વર્ણવ્યું ત્યારે મને આશ્ચર્ય થયું. દયાળજીભાઈના દેહાવસાનથી પૂજ્ય બાને લાગે એ સ્વાભાવિક છે. પ્રભુ પૂજ્ય બાને એ વિયોગ સહન કરવાની શક્તિ આપો અને ભાઈ દયાળજીના આત્માને પરમાત્મા શાંતિ આપો એવી પ્રાર્થના સાથે વિરમું છું.

મિટ્ટીમાંથી માણસ બનાવનાર

(શ્રી. ચીમનલાલ છબીલદાસ ચીનાઈ, સુરત)

ભાઈશ્રી દયાળજી સાથેનો મારો સંબંધ સને ૧૯૨૦ના સાલથી હતો. હું સને ૧૯૨૦ સુધી એક મૉડરેટ હતો. મહાત્મા ગાંધીજીની ચળવળ શરૂ થઈ હતી. અસહકારના આંદોલનો પૂર બહારમાં વિદ્યુત વેગે ચાલતાં હતાં. એમણે અને ભાઈ કલ્યાણજીએ મારામાં પ્રેરણા પ્રગટાવી; અને મને એ હિલચાલમાં દાખલ કર્યો. એમના સૌમ્ય સ્વભાવ અને નિખાલસતા વડે એમની સાથે એક લઘુબંધુનો સંબંધ બાંધ્યો. એ સંબંધ એમના અવસાન સુધી રહ્યો. પૂજ્ય બાએ તો મારી માતાની ગરજ સારી છે. અસહકાર વખતે પોતાની સર્વ માલમિલકત દેશને ચરણે ધરી એમના એ ત્યાગે મારામાં અતિશય માન ઉત્પન્ન કર્યું. દેશને કાજે પોતાના સર્વસ્વનું અર્પણ કરનાર એક અમારો સાથી છે, એ જાણી મને ઘણો જ હર્ષ થતો. સને ૧૯૨૨ની સાલમાં એમને એક વર્ષની સજા થઈ. જેલમાં જ એમની તબિયત લથડી તે છતાં છૂટયા પછી પોતાનું કામ જારી રાખ્યું. 'સુરતના સિંહ'ની સાદાઈ અને કામ કરવાની તત્પરતા ભલા ભલા યુવાનોને બાજુએ બેસાડે તેવી હતી. સુરત જિલ્લા સમિતિના પ્રમુખ હોવા છતાં વાવટો લઈને સરઘસમાં સૌથી આગળ મોખરે ચાલવામાં એમણે નાનમ માન્યું નહોતું. મ્યુનિસિપલની 'કરની લડત વખતે મહોલ્લે મહોલ્લે થાળી વગાડીને પ્રચાર કરતા હતા અને બીજા કાર્યકરોમાં ઉત્સાહ રેડતા હતા. ખિલાફતની ચળવળમાં એમણે અગત્યનો ફાળો આપ્યો હતો. હિંદુ મુસ્લીમ એકતાના એક સ્થંભ હતા. એમનામાં બંને કોમોને સંપૂર્ણ વિશ્વાસ હતો. ઘણા માણસો કૉંગ્રેસમાં જોડાય અને ઘણા કાર્યકર્તાઓ મળે એ એમનું ધ્યેય હતું. ઘણા માણસોને એમણે કૉંગ્રેસમાં દાખલ કર્યા હતા. એક વખતના હિંદુ મહાસમિતિના સેક્રેટરીને પણ સુરત જિલ્લા સમિતિના ઉપપ્રમુખ બનાવ્યા હતા એ ઉપપ્રમુખ શ્રી. કનૈયાલાલ દેસાઈને પછી સુરત જિલ્લા સમિતિના પ્રમુખના વરદ સ્થાને મૂકીને પોતાની નાદુરસ્ત તબિયતને કારણે નિવૃત્તિ લીધી. ડો. ધીઆના સરકારી નોકરીમાંના રાજીનામા પછી તેમને

પણ આ હિલચાલમાં દાખલ કરનાર પણ તેઓ જ હતા. મિટ્ટીમાંથી માણુસ બનાવનાર એજ દયાળજીભાઈ હતા. એમની સાદાઈ, સચ્ચાઈ, નિખાલસતા અને ત્યાગે સર્વનો પ્રેમ જીત્યો હતો. પોતે એક કૉંગ્રેસમેન હોવા છતાં બધા જ પક્ષોના માણુસોને મળતા રહેતા અને તેમના દિલ જીતી લીધાં હતાં. એવા એક સહકાર્ય કર્તાની ખોટ તો અવશ્ય રહેવાની જ. પ્રભુ અમારામાં એટલું બળ આપો એજ ઇચ્છું.

મુક્તાત્મા દયાળજીભાઈ

(શ્રી. ભીમભાઈ નારણજી નાયક, મોલધરા, નવસારી)

પૂર્વજ જેના જે વળી આજે, જન્મથકી ગુજરાતી વધા,
કોઈ રીતની, તો પણ ને વળી આર્ય ધર્મને રાખી રહ્યા,
તેની તેની છે ગુજરાત,
જય જય ગરવી ગુજરાત.

ગુજરાતમાં અને ગુજરાતી ભાષામાં સ્વદેશ પ્રેમની જ્યોત જગાવનાર વીર નર્મદના સ્મારક સમા, સૂરત રાયટ કેસના ભોગ બનેલા (૧૮૯૨) ગુજરાતીના આધતંત્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, ગુલાબદાસ બાઇદાસ વકીલ અને વીર નર્મદની મંડળીમાં નર્મદાશંકર જીવનપર્યંત ગરીબ જ રહ્યા. અને આજેય નર્મદાશંકરનુ સ્થૂળ સ્મારક રચવામાં બે લક્ષાધિપતિ મિત્રો છતાં સૂરત અને ગુજરાત અભાગિયું રહ્યું.* મને ભય છે કે દયાળજીભાઇના સ્મારક માટે એવુંજ બને. ભલે ગમે તેમ બનો પણ નર્મદાશંકર—

તું ભણુવ ભણુવ નિજ સંતતિ સૌને પ્રેમ ભક્તિની રીત

ગાઈ ગવડાવીને દેશપ્રેમના કાવ્યો ગુજરાતીમાં દાખલ કરી પોતે જ પોતાનું ચિરંજીવ સ્મારક રચી ગયા, તેમ કવિના ઉપદેશને ઝીલવા, પ્રેમભક્તિ જગાવવા પૂજ્ય દયાળજીભાઇ અનાવિલ વિદ્યાર્થી આશ્રમ નામની લાખો રૂપિઆની કિંમત આંકી શકાય તેવી સંસ્થા મૂકી ગયા છે. અને એમણે પોતે જ રચેલું પોતાનું સ્મારક, વીર નર્મદનાં પ્રેમ ભક્તિનાં ગાન ગાતું ગાતું અનંતકાળ નભે તો ભલે બીજા કોઈ દયાળજીભાઇના સ્મારકની ભાંજગડમાં ન પડે!

જ્યારે હું નિશાળમાંય બેઠો ન હતો ત્યારે મોટા ભાઇના નામ પર એક છાપેલો કાગળ આવ્યો હતો. તે સૂરત સગરામપરામાં આશ્રમ ખોલવા સંબંધી હતો અને ત્યારે રૂપિયો એક ગાડીના પૈડાં જેવડો મોટો હતો છતાં ભરેલો, અને ખર્ચ કરી મોટા ભાઇ સૂરત ગયેલાની યાદ છે. આ કાગળ મેં વારંવાર વાંચ્યાનું પણ મને સ્મરણુ છે અને પૂ. દયાળજીભાઇ સાથેના પરિચયનું આ બીજ છે.

દયાળજીભાઇ વડોદરા રાજના નાગરિક હોઈ નવસારી મહાલના વેસ્મા ગામના વતની હતા. પણ સરદાર વલ્લભભાઇના વડોદરાના પ્રવેશથી સૌને શરમાવે તેવો પ્રસંગ બેએક વર્ષ

* નર્મદ સ્મારક સમિતિએ કવિ નર્મદનું કાંસાનું બાવલું સૂરત, રાણીના બાગમાં મૂકાવેલું છે.

ઉપર જ ઉપસ્થિત થઇ ગયો હતો, તેમ સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખપદ નીચે વડોદરામાં પ્રજામંડળની બેઠક મળી ગયા પછી થોડા માસે મગનલાલ ચતુરભાઈ પટેલના પ્રમુખપણા નીચે ખેડુત પરિષદ વડોદરામાં જ મળી અને તેમાં મગનભાઇની બારિસ્ટરની સનંદ પાછળથી ખુંચવી લેવાઇ પણુ દયાળજીભાઇને તો પકડ વૉરંટને લીધે યા એવાંજ કારણે ચાલુ બેઠકે જ વડોદરામાંથી ભાગી છૂટવું પડ્યું. ત્યારથી જ વડોદરા રાજનાં નાગરિક કહેવાનો મોહ છોડી વડોદરાના નાગરિકત્વને છેલ્લા પ્રણામ કર્યા અને કાયમને માટે વેસ્મા છોડી સુરત ગયા.

વીર નર્મદાશંકરને એક વેળાની રોટીના પણુ સાંસા પડ્યા ત્યારે આંખમાં આંસુ સાથે કલમ હાથમાં પકડી પ્રતિજ્ઞા લઇ આજીવન ગરીબાઇ સ્વીકારી તેમ ભરૂચ રાજકીય પરિષદમાં પોતાની સર્વસ્વ મિલકત દેશને સમર્પણુ કરી ત્યારે એક રહી તે દયાળજીભાઇની અંગત મિલકત બા. દયાળજીભાઇનાં સ્વર્ગારોહણુથી બાના આ કલ્પાંતમાં ભળવાનું આ કલમમાં બળ નથી.

આ મહાત્યાગ પછી દયાળજીભાઇનું નામ ભારતભરમાં જાણીતું થઇ ગયું. હોમરૂલ વખતથી જ દલુ કલુ અને ડાયુ-દયાળજીભાઇ, કલ્યાણુજી વિઠ્ઠલભાઇ મહેતા અને વકીલ ડાહ્યાભાઈ દેસાઈ-ની ત્રિપુટીએ સ્વદેશ સેવાને માટે જાત ઝીંકી પ્રજાને જગાડવામાં ભારે ભોગ આપ્યો.

ડાહ્યાભાઈના સ્વર્ગવાસ પછી ડૉ. મોહનનાથ દીક્ષિત ત્રિપુટી પૂર્ણ કરવા ભળ્યા. આમ દયાળજીભાઇ સુરત શહેર અને ગામડાંના પ્રેરક ધ્રુવબિંદુ તરીકે રહ્યા અને પત્રકારોએ અને લોકોએ એમને 'સુરતના સિંહ' કહ્યા.

પત્રકાર તરીકે સરકારે પણુ એમની કદર કરી હતી. ૧૯૨૦માં હું નવસારી મહાલના કાછીઆવાડી ગામેથી શિક્ષક મટી પત્રકારિત્વમાં જોડાયો. 'અનાવિલ સેવક' એક રૂપિયા લવાજમમાં અનાવિલોના ઘરેઘર ભટકતું. અને એ લવાજમ ઉઘરાવવાને બહાને અનાવિલ કોમનાં લગભગ બધાં ગામડાંમાં હું પણુ ભટકયો. પ્રકાશનની મુદ્દત દરમ્યાન પત્ર તૈયાર કરી, રવાના કરી પત્રકાર મટી હું ભૈયાજી બની જતો. આમ 'સમાજ શિક્ષક' માટેની પૂર્વ તૈયારી મેં દયાળજીભાઈ પાસેથી કરી લીધી અને 'સમાજ શિક્ષક' શરૂ કર્યું. તેવામાં સરકારે 'સેવક'ની રૂપિયા બે હજારની જામીનગીરી માગી. હું ભૂલતો ન હોઉં તો કલ્યાણજીભાઈ મહેતાએ ઉંદર **મામાને** નામક કાવ્ય લખ્યું હતું :—

ખણીને ખોતરી ખાધું કર્યું આ ઘર બધું પોલું,
હવે કંઈ રહેમ લાવીને સીધાવો તો ઘણું સારૂં.

આ કાવ્ય જામીનગીરી માટે કારણુભૂત હતું. બારડોલી સત્યાગ્રહથી (૧૯૨૮) દેશમાં ફરી પ્રાણુ ફૂંકાયા. આ દરમ્યાન હું ચિ. ખંડુભાઇના સ્વર્ગવાસથી દદડતે આંસુએ ઘડિયાળી બની ગયો હતો. જેને પેચિયું પકડતાં પણુ ન આવડે તે આખી અનાવિલ કોમમાં એકજ અનાવિલ ઘડિયાળી ખંડુભાઇ નારણુજી દેસાઇ, લીમડાચોક, સુરતની દુકાન ચલાવવા કાંઇક શક્તિ કેળવી શકું, ત્યાં તો સાંજે દુકાન બંધ કરતી વખતે દયાળજીભાઈ આવીને બેઠા અને બારડોલી તાલુકાને લગતા ગાયકવાડી પ્રદેશ માટે ઉપયોગી વ્યક્તિને પહેલી ગાડીમાં મોકલવાની સરદારની ચિઠ્ઠી

બતાવી. મારી મુશ્કેલી બતાવી મેં ના પાડી કે ભાઇ એક દિવસ માટે પણ આ દુકાન છોડું તો "નહિ ત્રણમાં, નહિ તેરમાં, અને નહિ છપ્પનનાં મેળમાં" જેવી સ્થિતિ બને. વારંવાર ધંધા બદલવાથી દેશ કે પેટની સેવા નહિ થાય. પણ દયાળજીભાઈ ક્યાં છોડે એવા હતા. બીજે દિવસે પાછા આવીને બેઠા અને ત્રીજે દિવસે તો મને બારડોલી મોકલ્યો; એટલે દુકાન ગઇ, સત્યાગ્રહ પણ પૂરો થયો ને 'અનાવિલ સેવક' ચાલુ થતાં તેમાં હું પાછો જોડાયો. પછી સર્વવ્યાપી સત્યાગ્રહ થયો ત્યારે નડિયાદનું 'યુગાન્તર' મુદ્રણમાં ઝડપાયું એટલે 'સમાજ શિક્ષક' બંધ થયું. 'અનાવિલ સેવક' પણ બંધ થયું. આ દરમિયાન સુરતના ડક્કા ઓવારે લાખો માણસોની હાજરીવાળી સભા થતી અને આજે ૫-૫૦ની સભામાં પણ ધ્વનિવર્ધક યંત્રની જરૂર પડે છે તેમ ત્યારે નહોતું અને આવડી મોટી જન-મેદનીને દયાળજીભાઈનો અવાજ પહોંચી વળતો. ગમે તેવાં ધાંધલ વખતે પણ દયાળજીભાઇ ઉભા થઇ શાંત થવાની વિનંતી કરે કે પડી સોય પણ સંભળાતી. સુરતની જનતાનો સુરતના સિંહ ઉપર આવો અવર્ણનીય પ્રેમ હતો. આ દૃષ્યો આજે પણ મારી આંખ આગળ ફીલમની જેમ તરવરે છે.

મહાત્મા ગાંધીજીએ અમદાવાદથી દાંડી કૂચ શરૂ કરી. દેશ ખળભળી ઊઠયો. દયાળજીભાઈની ઇચ્છા અનાવિલ વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાર્થીઓ તથા આશ્રમમાં ચાલતી હાઈસ્કૂલને રાજકારણથી પર રાખવાની હતી, પણ આશ્રમના બધા કાર્યકરો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો તનમનાટ કલ્પ્યો જાય તેમ ન હતો.

આ દરમ્યાન ઘુંટણનો સંધિવા લાગુ પડયો હતો. એક અનાવિલ વૈદરાજ એમની દવા કરવા આવેલા. તેમનો વૈદક પરિભાષા ઉપરનો વિચિત્ર કાબૂ મારે માટે, વૈદક માટે આકર્ષક નીવડયો. 'અનાવિલ સેવક' બંધ પડયું, અને અનાવિલ આશ્રમ અને શાળાનો પણ સરકારે કબજો લઈ લીધો એટલે હું પણ નવસારી આવી રહી વૈદ બની બેઠો. ૧૯૩૦ પછી દયાળજીભાઇના દર્શન કરી શક્યો ન હતો, પણ તા. ૯-૧૨-૪૧ના રોજ તે જ ચિરપરિચિત હસ્તાક્ષરનો આશ્રમના મંત્રી તરીકેનો પત્ર મળ્યો હતો તેમાં પણ મારી પ્રવૃત્તિઓના ખબરો પૂછ્યા હતા.

એ ભવ્ય ગોરું મુખ અને પડછંદ શરીર આજે નાશ પામ્યું. પણ એમનો આત્મા અનાવિલ અને પાટીદાર વિદ્યાર્થી આશ્રમમાંથી ભણી નીકળેલા સેંકડો વિદ્યાર્થીને પ્રચંડ દેશભક્ત બનાવી ભારતની મુક્તિનાં કાર્યમાં અગ્રણી રાખશે.

એ મુક્તાત્માને મુક્તિ આપવાની પ્રાર્થના શી? છતાં દયાળજીભાઇ તરીકે તો તેઓ આ સંસાર સાગરમાં જ હતા તેથી હે દીનબંધુ દયાળ! દયાળના આત્માને શાંતિ અર્પો.

તૃતીય નેત્ર

(શ્રી. શાંતિલાલ મ. મહેતા)

ભગવાન શંકરના ત્રીજા નેત્રની અદ્‌ભુત કલ્પના કવિને કઈ પ્રેરણામયી ભાવનાથી થઈ હશે ? એ કલ્પનાનો કવિ અજ્ઞાત છે; પરંતુ એ કલ્પનાની પાછળ જે ભાવના-રહસ્યે કામ કર્યું હશે તેને વિષે એક સુસંગત તર્ક કરી શકાય. શંભુએ તૃતીય દૃષ્ટિથી કામદેવને બાળ્યો. એ જ એનો રૂપકમાં ઉપયોગ. એટલે સાદા અર્થમાં એ તૃતીય નેત્રની દૃષ્ટિ એટલે સદસદ્‌વિવેકદૃષ્ટિ. એનાથી અસત્‌ને બાળી નાખી નાશ પણ કરી શકાય.


દરેક માણસમાં અન્ય જનમાં સારું અને નરસું જોવાની દૃષ્ટિ હોય છે. સાધારણ નબળો માણસ પરાયા દોષને વધારે મહત્વ આપી ગુણો તરફ આંખ આડા કાન કરવા પ્રયત્ન કરે છે. પણ તેજ સાચો ગુણીજન કહેવાય જે બીજાના ગુણ જ જુએ અને દોષ તરફ દુર્લક્ષ આપે. અને આમ જેનામાં કેવળ સદ્‌વસ્તુદર્શનની દૃષ્ટિ જ પ્રયત્નાન્તે પણ ખીલી હોય તેનું તૃતીય ચક્ષુ ખુલ્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ ગણાય ખરી ? બલ્કે નહિ જ. શંકરનું તૃતીય નેત્ર એટલે આવું જ સદ્‌વસ્તુદર્શનનું નેત્ર.

આવાં તૃતીય ચક્ષુ પ્રાપ્ત કરેલાં માણસો આપણને ઘણાં થોડાં જ મળે છે; અને એ થોડાં જનો પૈકી સ્વ. દયાળજીભાઈ એક હતા. એમના જીવનના છેલ્લા થોડાક કાળના સહવાસી જીવન દરમ્યાન એમની આ દૃષ્ટિ જોવા મળી. એમની આ દૃષ્ટિમાંથી જ એમનામાં સર્વસમભાવનો ગુણ અને સર્વજન સમાધાનની વૃત્તિ વિકસેલાં હતાં એમ સ્પષ્ટ જોઈ શકાય છે.

એમના આ ઉત્તમ ગુણદર્શી ગુણનું અનુકરણ કરી, એમની દેશ, પ્રાંત અને જ્ઞાતિની સેવાનું સ્મરણ કરી, એમની જનસમાજમાં કાર્ય કરવાની શક્તિઓ ધ્યાનમાં લઈ, સૌ યુવાનો સ્વર્ગસ્થના જેટલી કે તેથી વધુ, એક યા બીજા ક્ષેત્રમાં, મૂક જાહેર સેવા કરવાની શક્તિની પ્રભુ પાસે સપ્રયત્ન પ્રાર્થના કરી સફળ થાય તો પૂ. સ્વર્ગસ્થનું જીવન, જીવન પછી પણ, પ્રેરણાદાયી થયું ગણાય. અને આવું એમનું પ્રેરણાદાયી જીવનોત્તર જીવન એ જ એમનું સાચું સ્મારક ગણાય.



દયાળજીભાઈનાં માતુશ્રી, ૧૯૧૯ – ૨૦માં



મહાસભાના સૂરતના કાર્યકરો
ડાબી બાજુથી ચોથા દયાળજીભાઈ

દયાળજીભાઈ–એક સંસ્થાસમાન વ્યક્તિ

(શ્રી. નાનુભાઈ વસનજી દેસાઈ, બી. એ., જી. ડી. એ., આર. એ.)

Lives of great men all remind us,
We can make our lives sublime,
And departing leave behind us
Foot-prints on the sands of Time.

દયાળજીભાઈ આજે આપણી વચ્ચે નથી–એ નશ્વર જગત્ છોડી ગયા, છતાં કાળની પગથી ઉપર પોતાની અમર પગલીઓ છોડતા ગયા છે. આત્મા અમર છે. એ દૃષ્ટિએ કોઈ મરતું નથી, પણ આત્માની અમરતા એ કેવળ તાત્ત્વિક જ્ઞાનનો વિષય છે, એ અમરતા અનુભવી શકાતી નથી. વિરલ નરોનાં જીવન એથી નિરાળાં હોય છે. એમની કૃતિઓમાં–કાર્યોમાં આપણે એમને જીવંત જોઈએ છીએ. આજે સૂરત શહેર અને જિલ્લાના જાહેર જીવનના વિશાળ પટ પર દયાળજીભાઈ એમના અનુગામીઓના માર્ગદર્શન માટે જે અમર પગલીઓ પાડી ગયા છે, એ જ્યાં સુધી આપણે જોઈ શકતા હઈએ ત્યાં સુધી કોણ કહેશે કે દયાળજીભાઈ આપણી વચ્ચે આજે પણ જીવતા નથી ! આપણે એને મૃત માનીએ–એમના મૃત્યુ ઉપર વિલાપ કરીએ એમાં આપણી પામરતા છે. કર્તવ્યશીલ પુરુષને તો દેહ કામ આપે ત્યાં સુધી તેની પાસે કામ લઈ એ નિરુપયોગી બનતાં એ કાંચળી ફગાવી પોતાના કાર્યની સતતતા માટે નવો દેહ ધરવાનો હોય. એ નિરાળી વસ્તુ છે, પરંતુ એથી એની કર્તવ્યશીલતા અટકતી નથી–ખૂટતી નથી. દયાળજીભાઈ એવા કર્તવ્યશીલ પુરુષ હતા એ સર્વસ્વીકૃત વાત છે. એમના કાર્યને જેણે પિછાણ્યું છે, એમના જીવનપ્રવાહના વ્હેણનું જેમણે નિકટ નિરીક્ષણ કર્યું છે એ એમની એકધારી કર્તવ્યપરાયણતાને ઓળખે છે. એવાઓને મન દયાળજીભાઈ હજી જીવંત છે અને રહેશે.

દયાળજીભાઈનો જ્યારે જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે ત્યારે મારી નજર સમક્ષ સાદા પોશાકમાં ટૂંકાં ધોતિયાં અને પહેરણમાં સજ્જ થયેલો એક માનવી નહિ પરંતુ એક ભવ્ય વિરાટ સંસ્થા ઉભી થાય છે. "He was more an institution than an individual" એ દૃષ્ટિએ જ મેં એમને સદા નિહાળ્યા હતા. મારા વિદ્યાર્થી જીવન સમયથી જ દયાળજીભાઈનું નામ મારા કાનો પર પડવા માંડેલું–છતાં એ વેળા એ સમર્થ જીવનની ભવ્યતાની ઝાંખી પણ ન્હોતી થઈ. જીવનનો એ કુતૂહલ કાળ હતો એટલે ક્યારેક એમને સૂરતની વિરાટ સભાઓ સમક્ષ ગર્જતા સાંભળ્યા પણ હતા; એ સભાઓમાં કુતૂહલ વૃત્તિથી અન્ય યુવાનોની માફક હું પણ ગયો હઈશ. એમના વક્તવ્યને અન્યોની માફક મેં પણ વધાવ્યું હશે. એ વાક્પ્રવાહ વડે બીજાઓની માફક હું પણ મુગ્ધ થયો હઈશ અને વક્તૃત્વના ભણકાર એક બે દિવસો સુધી કાનમાં સંઘર્યા પણ હશે, પણ તે સઘળું સામાન્ય જીવનચર્યામાં, અભ્યાસમાં–બે દિવસ પછી ભૂલી જવા. સામાજિક કાર્ય કે રાષ્ટ્રસેવા માટે જીવન સમર્પણનો મહામંત્ર અમે એ વેળા પિછાણ્યો ન્હોતો, કયાં તો પિછાણવા જેટલી માનસિક ભૂમિ પરિપક્વ ન્હોતી બની, છતાં દયાળજીભાઈના કાર્યની માહિતી મેળવવાની જિજ્ઞાસા, કુતૂહલતા સદાયે રહેતી. એ કુતૂહલતા અમારા ભાવી પરિચયની ભૂમિકા બની.

દયાળજીભાઈના જાહેર જીવનનો ખ્યાલ કરતા આપણે છેલ્લા ચાર દાયકા પર દૃષ્ટિ નાંખવી રહે. લગભગ અડધી સદીનું એ ઉપયોગી જીવન-કોમસેવા, સમાજસેવા અને રાષ્ટ્રસેવામાં ખર્ચાયલી એ પ્રતિપળોનો વિરાટ સરવાળો-એ કોઈપણ માનવીને માટે અતિ ગૌરવવંતો બને. દયાળજીભાઈએ એવું ઉપયોગી જીવન ગાળ્યું, છતાં એ ઉપયોગી જીવનનું ભાન આપણા મગજ પર ઠસાવવા ક્યારેય એમણે પ્રયાસ કર્યો જાણ્યો નથી, એ એમના સ્વભાવની વિશેષતા હતી. ઘણા સેવાના રંગથી રંગાયલા મનુષ્યો પોતે કંઈ કરે છે એ ભાન લઈને જ ફરે છે અને એનું ભાન અન્યોને કરાવવા પ્રયત્નશીલ હોય છે. દયાળજીભાઈ એથી વિરક્ત હતા; એટલા પૂરતી એમની સેવા નિષ્કામ બની અને શોભી.

૧૯૦૫-'૬નો બંગભંગનો યુગ ભારતના ઇતિહાસમાં અનોખો બન્યો. રાષ્ટ્રીય જાગૃતિની એ પ્રથમ પગલીઓ હતી. એ જાગૃતિએ દયાળજીભાઈના હૃદયને ઘેર્યું—એ હતો જમાનો (Easy-chair politicians) ફુરસદની વેળા રાષ્ટ્રસેવા કરનારાનો. સુરેન્દ્રનાથ, ફિરોજશાહ, કે બિપિનપાલ અને અરવિંદે દેશના સુષુપ્ત આત્માને ઢંઢોળ્યો-હચમચાવ્યો. અને એમની સેવાના આપણે આજે ઓછાં મૂલ્ય આંકી નથી શકતા. છતાં કેવળ અરજીઓ કે વિરોધદર્શન કાર્યસાધક ન બને એ તો આપણને તિલક-ગાંધીએ શીખવ્યું. પણ દયાળજીભાઈના જીવને એમાંથી જુદોજ મંત્ર ઝીલ્યો. સારૂં જીવન-જીવનની પળેપળ સમર્પણ કર્યા વિના કાંઈ કાર્ય સફળ ન બને, એ એમણે ગ્રહણ કરી લીધું—આ મંત્ર ગ્રહણ કરી એમણે પોતાની સરકારી નોકરીને તિલાંજલિ આપી આજીવન રાષ્ટ્રસેવાના સ્વાંગ સ્વીકાર્યા. એ જ અરસામાં એમણે "અનાવિલ બોર્ડિંગ હાઉસ"ની સ્થાપના કરી. સરકારી કચેરીના કાગળોના ઢગ હેઠળ ડૂબેલા દયાળજીભાઈમાં કેળવણીકારના અંકુરો પણ હશે એ કોને ખબર ? દયાળજીભાઈ ગાંધીયુગની કૃતિ ન કહેવાય. ગાંધીજીએ સેવાના મૂલ્યાંકન તો બહુ મોડાં ફેરવ્યાં. દયાળજીભાઈનામાં એ સ્વયંસ્ફુરિત હતાં. છાત્રગૃહ વિના વિદ્યાર્થીઓને પડતી હાડમારીઓથી એમનું હૃદય દ્રવ્યું. અને એમણે માન્યું કે સૂરત જેવા શહેરમાં એક સારૂં છાત્રાલય હોય તો તે દ્વારા તરુણ વિદ્યાર્થીઓનાં જીવનમાં રાષ્ટ્રીય ભાવના ઉતારી એમના ચારિત્ર ઘડતરમાં અમૂલ્ય સહાય આપી શકાય-એમને રાષ્ટ્રસેવકો-ઉપયોગી નાગરિકો-બનાવવામાં સફળતા મળે. એમની કેળવણીની ભાવનામાં સ્ત્રીકેળવણીનો પણ સમાવેશ થતો. સ્ત્રીકેળવણીના એ પ્રખર હિમાયતી હતા. રાષ્ટ્રીય ઉન્નતિ માટે સ્ત્રીઓની અનેકદેશીય પ્રગતિ આવશ્યક હતી, એવી દૃઢ માન્યતાના કારણે એમણે જીવનભર પોતાની કોમની સ્ત્રીઓને ઉંચી કેળવણી આપવા આગ્રહ સેવ્યો હતો અને જ્યારે પણ એ કોઈ કન્યા કે તરુણીને શિક્ષણ લેતી જોતા ત્યારે તેમાં ખૂબ રસ દાખવતા અને આનંદ પામતા. અનાવિલ બોર્ડિંગ એ કોમી સંસ્થા ભલે હોય. એમણે પોતાના સેવાજીવનની શરૂઆત કોમસેવાથી કરી એ કંઈ દોષ ન્હોતો. એ બોર્ડિંગને માટે એમણે ભેખ ધર્યો કહીએ તો ચાલે અને મૃત્યુ પર્યંત એમણે બોર્ડિંગ પ્રત્યેની એ મમતા જીવનમાં સંઘરી હતી બોર્ડિંગને માટે જ્યારે ઉઘરાણું કરવા એ ફરતા ત્યારે મેં એમને પ્રથમ પિછાણ્યા. મારા જીવન પર એ ભેખની ઊંડી અસર થઈ અને આજે પણ એ અસર એટલી જ સચોટ રહી છે. અનાવિલ બોર્ડિંગની સ્થાપના પાછળ પ્રાચીન આશ્રમજીવનની ભાવના તરવરતી જોવામાં આવે છે. આપણી પ્રાચીન સંસ્કૃતિના એ પ્રખર પ્રશંસક હતા. આશ્રમના યુવકોને એ સ્વાશ્રયના પાઠો શીખવતા. સ્વાશ્રય અને સાદાઈ માટે હંમેશાં આગ્રહી રહેતા. તેમાંએ શિસ્તપાલન એ તો એમનો

સ્વભાવ બની રહ્યો હતો. શિસ્તનો અભાવ એ આપણા રાષ્ટ્રીય જીવનનું નબળું અંગ પરાપૂર્વથી ચાલ્યું આવે છે, એ એમણે જોઈ લીધું હતું. ગાંધીજી પ્રથમથી જ શિસ્તપાલન માટે આગ્રહ રાખતા આવ્યા છે; દયાળજીભાઈએ એ આગ્રહ એમના સેવાજીવનના પ્રારંભકાળથી જ સેવવા માંડ્યો હતો અને એમનો એ આગ્રહ અનાવિલ આશ્રમના જીવનમાં પ્રતિબિંબિત થતો, અને તરી આવતો દેખાતો. હું અનાવિલ જ્ઞાતિના એવા કેટલાક સફળ કારકીર્દિવાળા યુવાનોને જાણું છું કે જે દયાળજીભાઇની પ્રેરણા, સહાય અને ઉત્તેજન વિના આગળ વિદ્યાભ્યાસ કરી શક્યા નહોત.

દયાળજીભાઈ પ્રથમથી સંગીન ચારિત્ર્ય અને પ્રભાવશીલ વ્યક્તિત્વ ધરાવતા. એ સાધુચરિત હતા એમ કહેવામાં અતિશયોક્તિ નથી. સાધુતા કેળવવા એમનો પ્રયાસ સતત હતો. એમના જીવન ઉપર સ્વામી વિવેકાનંદની વિચારશ્રેણીની ભારે અસર પડી હતી. એમની પ્રવૃત્તિઓ તેમની શક્તિઓની પેઠે એટલીજ ઉચ્ચ, સંગીન અને અનેકદેશીય બની. એ એટલીજ નિઃસ્વાર્થ અને હિતમયી પણ નીવડી. એમનામાં સંપૂર્ણતા જોવાનો કોઈ પ્રયાસ ન કરે. એક આંગ્લ લેખકે એક સ્થળે એ સંબંધમાં કહેલું સાંભરે છે કે – "He who wants to see something that never was before and never shall be in future." દયાળજીભાઈની સંપૂર્ણતા આપણે એજ ગજદંડ વડે માપીએ તો બસ છે. એમણે ભગવાં તો ધારણ કર્યાં ન્હોતાં, છતાં જીવન પ્રત્યે એટલી વિરક્તતા કેળવી હતી કે એને કોઈ નવા યુગના સંન્યાસી કહે તો તેમાં ખોટું નથી. એમનો સંન્યાસ "consisted in renouncing the worldly interest for a man's self and devoting his life to the good of the society in the largest sense"–સમાજ કલ્યાણમાં એમણે પોતાનું આત્મીય જીવન સમેટી લીધું હતું એજ સાચો સંન્યાસ. સાદાઈ અને સરળતા એમના જીવનનાં મુખ્ય અંગો બની રહ્યાં; એટલે એમણે જીવનની ટાપટીપની ક્યારેય દરકાર કરી નથી. એમના સબંધમાં એમ નીડરપણે કહી શકાય કે "Even his failings leaned on virtue's side." '**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**' એ ભગવદ્‌વાક્યમાં માનનાર એ સાધુએ ફળની સિદ્ધિનો વિચાર કર્યા વિના પોતાની વિરલ વ્યવસ્થાશક્તિ વડે અનેકદેશીય પ્રવૃત્તિઓમાં ઝંપલાવવા માંડ્યું. અનાવિલ બોર્ડિંગ હો, કે પછી મહાસભાનું કાર્ય હો, બારડોલીનો (૧૯૨૧) નો સત્યાગ્રહ હો કે અનાવિલ પરિષદ હો-દયાળજીભાઈ સર્વમાં અનોખી એકાગ્રતાથી ઝંપલાવતા અને એક વીર પુરુષની માફક ઘૂમતા. એમનું સ્પષ્ટવક્તાપણું પણ વીરને છાજે એવું હતું. સ્પષ્ટ તરી આવતી એમની સહૃદયતાને કારણે એ સ્પષ્ટવક્તાપણું કોઈને કડવું લાગતું નહિ. વીરપૂજાનો પરમ આચાર્ય કાર્લાઇલ એક સ્થળે કહે છે કે "I should say sincerity, a deep, great, genuine sincerity–is the first characteristic of all men in any way heroic." અને દયાળજીભાઇમાં વીરની એ સહૃદયતા ભારોભાર ભરી હતી. વિશુદ્ધ હૃદય એ સર્વ સદ્‌ગુણોનો ખરો આધાર છે અને એ પાયા ઉપર જ અવિનાશી મહત્તા કે ચિરંજીવ કીર્તિના મંદિર બંધાઈ શકે. એ રીતે તપાસતાં એમનું ચારિત્ર્ય અતિ ઉચ્ચ, પવિત્ર અને પરાર્થે સ્વાર્પણશીલ હતું.

રાષ્ટ્રસેવાના વિશાળ ક્ષેત્રમાં પડવા છતાં પોતાની જ્ઞાતિની સેવા એમના જીવનમાં ક્યારેય ગૌણ બની નથી. અનાવિલ બોર્ડિંગદ્વારા એમણે અનાવિલ કોમની ભારે સેવા કરી છે, એટલું જ

નહિ પણ એ કોમમાં સમાજ સુધારાના પ્રચાર માટે એમના દિલમાં એટલી જ ધગશ રહેતી. અનાવિલ પરિષદની પ્રવૃત્તિઓમાં એમણે સદાયે ઉંડો રસ લીધો હતો. એ મેં ડૉ. કુંવરજી નાયકના પ્રમુખપણા હેઠળ નવસારીમાં મળેલી પરિષદના અધિવેશન વેળા જોયું. અનાવિલ કોમમાં દેશાઈ ભાઠેલાના ચાલતા ભેદના એ સખ્ત વિરોધી અને ડૉ. કુંવરજી નાયકને અધ્યક્ષ સ્થાને લાવવામાં અથાગ મહેનત કરવાનો હેતુ પણ એ જન્મભેદ નષ્ટ કરવાનો. એ પરિષદના આત્મા દયાળજીભાઈ હતા એમ કહી શકાય. અત્યારે જે અશક્ય જણાય છે તે કાળે કરીને સહેલાઈથી થઈ શકશે એમ શ્રદ્ધા રાખી પોતાના મનથી ડગવું નહિ, તેમ બીજાઓ પાસે બલાત્કારથી પોતાનો મત કબૂલ કરાવવો નહિ એમ દયાળજીભાઈ માનતા. એમને લાગતું કે જ્ઞાતિના સર્વ બન્ધનોની વિરુદ્ધ બોલવા જેવું લાગે તો પણ તે બન્ધનોમાં રહીને સુધારા કરવાનો ઘણો અવકાશ છે. આજ વિચારોથી દોરાઈને તેઓ સદા કોમની સેવામાં ખડે પગે તૈયાર રહેતા. એમનામાં કર્તવ્ય જાણવાની ઇચ્છા, કર્તવ્ય સમજવાની શક્તિ અને કર્તવ્ય પાળવાની દૃઢતા હતાં. આખું જીવન એ દૃઢતાથી અંકિત બન્યું હતું.

શારીરિક રોગ કેવળ એના ભોગ બનેલાનેજ પીડાકારી હોય છે. સામાજિક રોગ આખી સમાજને ભયજનક નીવડે છે. અનાવિલ સમાજને લાગુ પડેલા અનેક રોગોમાંનો એક રોગ વાંકડાની પ્રથાનો છે. ખાસ કરીને જે વર્ગમાંથી એ નાબૂદ થવો જોઈએ એવા શિક્ષિત વર્ગમાં એ વધુ પ્રમાણમાં ફેલાયેલો છે. દયાળજીભાઈ વાંકડાની પ્રથાના સખ્ત વિરોધી. એમણે એ નાબૂદ કરવા અથાગ મહેનત કરી હતી. વાંકડાની પ્રથાના કારણે કન્યાના પિતાને જે ત્રાસ ખમવો પડે છે–જે યાતનાઓમાંથી પસાર થવું પડે છે–એની કલ્પના માત્ર ત્રાસ ઉપજાવે છે. આર્થિક દૃષ્ટિએ એણે સમાજનો વિધ્વંસ કર્યો છે. વાંકડો ન આપવાની સ્થિતિવાળાં માતપિતા ઇચ્છા અનિચ્છાએ કાંતો સારો વર ખોળવા શક્તિ ઉપરાંત ખેંચાઈને તારાજ થાય છે, અગર છોકરાની લાયકાત નાલાયકાત સામે આંખ આડા કાન કરી ગમે તેવાને ગળે છોકરી વળગાડવા પ્રેરાય છે. પરિણામ દુઃખદ હોય છે. દયાળજીભાઈ આ બાબતમાં શિક્ષિત વર્ગ તરફથી બહુ નિરાશા પામ્યા હતા. કેળવણી એ વધારે વાંકડો લેવાનું સાધન ન હોવું જોઈએ એમ હંમેશાં એ કહેતા. એમની તો દૃઢ માન્યતા હતી કે રોટલો ખાનારે રોટલી કે રોટલી ખાનારે પુરી ખાવાની મહત્વાકાંક્ષા કદિ સેવવી જ ન જોઈએ. દયાળજીભાઈના આત્માને અંજલિ તરીકે જ અનાવિલ યુવાનો એ રોગમાંથી મુક્ત થવા પ્રતિજ્ઞા કરી લે તો એમની મહેનતની કૃતકૃતાર્થતા.

એમની રાષ્ટ્રસેવા પણ એટલી જ ઉજ્જવળ છે. દેશસેવાનો મંત્ર તો એમણે ઘણાઓ પહેલાં ઝીલ્યો હતો. સુરતની સર્વ રાષ્ટ્રીય પ્રવૃત્તિના એ પ્રાણ હતા અને આજે સુરત શહેર અને જિલ્લામાં જે જાગૃતિ જોવામાં આવે છે તેના બી વાવનાર દયાળજીભાઈ. તે વેળા ન્હોતા કનૈયાલાલ, કે ન્હોતા ધીઆ. દયાળજીભાઈ અને કલ્યાણજીની જોડ જિલ્લાભરમાં ઘૂમતી અને મહાસભાનો સંદેશ પ્રજાને ઝીલાવતી. એ વેળા ધ્વનિગ્રાહક યંત્રો નહોતાં. દયાળજીભાઈને એ યંત્રની જરૂર પણ ન હતી. એ પોતે જ loud speaker હતા. ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ ની મેદનીને પોતાના પ્રચંડ નાદ વડે ઘેરી રાખતા દયાળજીભાઈ વાસ્તવિક રીતે સુરતના સિંહ કહેવાયા. ૧૯૨૨માં જ્યારે બારડોલીમાં સત્યાગ્રહ કરવાના આંદોલનો શરૂ થયાં ત્યારે તાલુકાને તૈયાર કરવા એ તાલુકાના

ગામેગામ ઘૂમ્યા. એ સત્યાગ્રહને સફળતા મળવા ન્હોતી નિર્માઈ એટલે ચૌરી ચૌરાના બનાવોના કારણે ગાંધીજીએ એ મોકૂફ રાખ્યો. કદાચ હિંદનો ઇતિહાસ આજે એ સત્યાગ્રહ સફળ થયો હોત તો જુદી જ શાહીથી લખાત. બ્રિટિશ સામ્રાજ્યને હચમચાવે એવા ૧૯૩૦ના સત્યાગ્રહ વિગ્રહ વેળા લોહીના દબાણથી પીડાતા હોવા છતાં દયાળજીભાઈએ એક તરુણને છાજે એવી ધીરતાથી જેલજીવનની બરદાસ્ત કરી. એમના અંતિમ વર્ષોમાં હૃદયની બિમારીથી પીડાતાં સક્રિય રાજકીય જીવનમાંથી કંઈક અંશે નિવૃત્ત થયા હતા છતાં એમના આત્માની જ્યોત તો અંતઘડી સુધી એટલીજ ઝળહળતી ભાળી છે. મેં અનુભવે જોયું છે કે ઘણા મોટા કહેવાતા માણસોમાં કાંઈક દંભ, કાંઈક આડંબર, કાંઈક અહંતા વિગેરે દૃષ્ટિગોચર થાય છે. એમનામાં આ દોષો કદી પ્રવેશ પામ્યા ન્હોતા, એ મેં સાનંદાશ્ચર્ય સર્વદા નિહાળ્યું છે.

જાહેર જીવન દરેક રીતે વિશુદ્ધ હોવું જોઈએ એ એમની બીજી માન્યતા. પ્રત્યેક જાહેર કાર્યકર અણિશુદ્ધ પ્રમાણિક હોવોજ જોઈએ. જાહેરનાણાંની વ્યવસ્થા એમના હાથમાં હોય છે. એ પાઇએ પાઇ સદ્‌માર્ગે વપરાવાં જોઇએ એટલુંજ નહિ પરંતુ એનો હિસાબ ચોખ્ખો રખાવો જોઇએ એ સિદ્ધાંતનુ પાલન એમણે હંમેશાં કર્યું છે. દયાળજીભાઇને હસ્તે થતી જાહેર ફંડોની વ્યવસ્થા હંમેશાં above board મનાતી. આશ્રમની વ્યવસ્થામાં એ ઓછામાં ઓછો ખર્ચ કરતા અને પાઈએ પાઈનો હિસાબ રાખતા. એ આશ્રમના હિસાબોના ઑડિટ દરમ્યાન મેં જોયું હતું. આશ્રમના હિસાબ ઑડિટને અંગે મારો અને એમનો પરિચય ખૂબ વધ્યો હતો અને એ પરિચય દરમ્યાન એમના આવા અનેક ગુણોને નિહાળવાનો મને પ્રસંગ મળ્યો હતો.

એમનો બીજો એક મહાન ગુણ સહિષ્ણુતા (tolerance) હતો. થોડાંક વર્ષ પર અનાવિલ સમાજનું કાર્યાલય વધારે કાર્યસાધક બને એ હેતુથી મુંબઇથી સુરત-અને અનાવિલોની વસ્તીવાળા જિલ્લાના જુદા જુદા સ્થળોએ લઇ જવાની દરખાસ્ત દયાળજીભાઇ લાવ્યા હતા. પરંતુ આ પ્રસ્તાવ સામે ઘણાનો વિરોધ હતો. એમણે એ જોઈ લીધું કે પોતે જે કાર્યસાધકતા સાધવા ઇચ્છતા હતા તે સિદ્ધિને બદલે નુકસાન થવાનો સંભવ વધારે હતો એટલે એમણે તરતજ નમતું આપ્યું અને પોતાનો આગ્રહ પડતો મૂકયો. આમાં એમની ઉદારતાજ નહિ પરંતુ સહિષ્ણુતા જોવામાં આવે છે; છતાં એમના દિલમાં કયાંયે દ્વેષ કે ડંખ ન્હોતો. પોતાના વિરોધપક્ષીઓ પ્રતિ પણ સાદર-માનની દૃષ્ટિએ જોવાની એમણે ટેવ કેળવી હતી. એટલે એમને સઘળાનો સહકાર સહેલાઇથી મળી રહેતો.

એકજ એમનો જીવનમંત્ર-ફરજ. પ્રજા આખી વધારે સુખી, વધારે બલવતી, તથા પોતાના કાર્યોમાં વધારે કુશળ થાય એમ કરવું "આ મારી ફરજ છે" એવા વિચારથી પ્રેરાઇ એમણે જીવનભર કામ કર્યું છે. નિઃસ્વાર્થ તથા ધર્મબુદ્ધિથી પ્રેરિત દેશપ્રીતિ-રાષ્ટ્રીય પ્રશ્નો ઉપર વિચાર ચલાવવો અને રાષ્ટ્રીય જીવનનું નિરીક્ષણ કરી તેને ઉચ્ચતર બનાવવું એ એમનું ધર્મભાવથી ગ્રહણ કરેલું જીવનવ્રત.

"તપ વિના નથી આત્મધ્યાનમાં પ્રાપ્તિ કે નથી કર્મથી વિશુદ્ધિ."

એમનું શુદ્ધ કર્તવ્યપરાયણ અને તપોમય જીવન સ્વાર્પણથી વધુ તપોમય બન્યું. "જીવન એ સેવા છે, જીવન એ સ્વાર્પણ છે. Life is service, life is sacrifice"–એ એમણે

માન્યું અને જીવનમાં ઉતારી જાણ્યું. એમનો પરિચય એમના દેહમાં ન હોય-એમના પોશાકમાં ન હોય! એ તો રહ્યો હતો એમના વિરાટ સ્વાર્પણમાં! કાર્લાઇલ સબંધમાં કોઈકે કહ્યું હતું કે "But who that knew Carlyle would care what clothes he chose to wear?"

દયાળજીભાઈને ઓળખનાર એમના દેહ, એમની રહેણીકરણી, એમના પોશાકને જોતો નહતો-એતો એ દેહમાં રહેલા મહાન આત્માના દર્શન વડે એમને પિછાણતો. એવા નરને વળી સ્મારક શા? એમનું સ્મારક એ એમનું નિષ્કામ જીવનકાર્ય.

"No monument is needed for one who has made an eternal memorial for himself in the hearts of all to whom duty is the dearest of possessions."

આજે આપણે એ મૃત "મહાન" ને એટલુંજ કહીએ કે "**जयति तेऽधिकं जन्मना जगत्।**"*

સૂરતના સાચા નેતા

(શ્રી. ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈ - સૂરત)

સૂરત શહેર ને જિલ્લાને સાચી રીતે રાજકારણમાં રસ લેતા કરનાર અને ગાંધીજીએ માંડેલી આઝાદીની લડતમાં પ્રજાને દોરનાર બે મુખ્ય વ્યક્તિઓ, તેમાંના એક સ્વ. દયાળજીભાઈ અને બીજા શ્રી. કલ્યાણજીભાઈ. બે દસકા સુધી અખંડ રીતે સેવા કરનાર આ દલુ-કલુની સુપ્રસિદ્ધ જોડલી તૂટી છે અને શ્રી. દયાળજીભાઈ આજે આપણી સાથે નથી. રાજકારણના ક્ષેત્રમાં સ્વ. દયાળજીભાઈનો ફાળો ઘણો મોટો અને યશસ્વી છે. ટિળક મહારાજના તેઓ ભક્ત હતા અને બંગભંગના જમાનાથી તેઓ રાજકારણમાં પડ્યા હતા. સૂરતની ઐતિહાસિક કૉંગ્રેસમાં સેવક તરીકે તેઓ સામેલ હતા; તે પછી ગાંધીજી રાજદ્વારી તખ્તા પર આવતાં તેઓ ગાંધીજીને પંથે પડ્યા. સૌથી પ્રથમ સત્યાગ્રહની હાકલ ગાંધીજીએ પાડી ત્યારે સૂરત શહેરમાંથી આંગળીને વેઢે ગણાય એટલા નીકળ્યા તેમાં સ્વ. દયાળજીભાઈ મોખરે હતા. એ કાળના એમના સાથીઓમાં સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણજી, શ્રી. કલ્યાણજી વિ. મહેતા, શ્રી. રતિલાલ લલ્લુભાઈ દેસાઈ અને શ્રી. નર્મદાશંકર બાળાશંકર પંડ્યા (હાલ સ્વામી સેવાનંદજી) હતા. એ વખતથી દયાળજીભાઈએ જે ઝંડો ઉઠાવ્યો તે તબિયતે લાચાર કર્યા ત્યાં સુધી તેમણે ઊડતો રાખ્યો અને અનેક વખત જેલોની યાતના સહન કરી. તેઓ મોટરમાં મહાલનારા કે ગાદી તકીએ પડી રહી હુકમ કરનારા આગેવાન ન હતા, પણ સાચા અર્થમાં આમવર્ગના નેતા હતા. તેમની વાણી ને વર્તનમાં સમાનતા હતી અને ખરેખર તેમણે દેશને માટે ભેખ લીધો હતો એમ કહી શકાય.

* "હે, મહાત્મન્, ત્હારા જન્મથી આ જગતે ખરેખર અધિક જય કર્યો છે.

અસહકારના એ શરૂઆતના દિવસો યાદ કરૂં છું. આજે જે સ્વરાજ આશ્રમ છે, તે ત્યારે ન હતું. આજનું સ્વરાજ આશ્રમ પણ સ્વ. દયાળજીભાઈના હાથે ને દેખરેખ નીચે બંધાયું હતું અને તેમાં તેમણે પોતાનાં વૃદ્ધ માતુશ્રીની જીવનભરની મૂડી પણ રોકી દીધી હતી. તે વખતે એ સ્વરાજ આશ્રમને સ્થળે એક ઝુંપડી તૈયાર કરવામાં આવી હતી. એમાં આ નવા આંદોલનમાં પડેલાઓનો અડ્ડો જામ્યો હતો. એક વૃદ્ધ સજ્જન જેમને અમે 'તોપ બહેરા' ને નામે સંબોધતા (સદંતર બહેરા હતા તેથી) તેઓ તે જમાનામાં મહાસભાનું તમામ હિસાબી કામ કરતા. બીજા હતા વૃદ્ધજન શ્રી. કલ્યાણજીભાઈના સ્વ. પિતાશ્રી વિઠ્ઠલભાઇ. તેઓ અમને સ્વાદિષ્ટ રસોઇ કરી આપવામાં સહાય કરતા ને અમારી દેખભાળ રાખતા. આ ઉપરાંત હાલ મુંબઈમાં વકીલાત કરતા શ્રી. નાનુભાઇ ખંડુભાઇ દેસાઈ અને બીજાઓ પણ હતા. બધાનાં નામ આજે યાદ રહ્યાં નથી. આ ટોળી ને દયાળજીભાઈની સરદારી નીચે અનાવિલ આશ્રમના વિદ્યાર્થીઓ, તેમજ શ્રી. કલ્યાણજીભાઈની સરદારી નીચે પાટીદાર આશ્રમના વિદ્યાર્થીઓએ બધા મળીને એક જબ્બર જૂથ જામ્યું હતું. તે કાળના પાટીદાર આશ્રમના ગૃહપતિ શ્રી. ભાઈલાલભાઈ પટેલ, શ્રી. કુંવરજીભાઈ, શ્રી. મંગળભાઈ, અનાવિલ આશ્રમના ગૃહપતિ શ્રી. હરિભાઈ દેશાઈ, સીનોરમાં હાલમાં વકીલાત કરતા શ્રી. હિંમતલાલ ભોગીલાલ શાહ, એ બધા આમાં સામેલ હતા. એ વખતે શહેરમાંથી ડૉ. ધીઆ, શ્રી. છોટુભાઇ મારફતિયા, શ્રી. એડ્રુસ 'કાલા બાવા' અને શ્રી. નરમાવાળા મુખ્ય હતા. શ્રી. ચીમનલાલ છબીલદાસ ચિનાઈ પણ એ કાળના જૂના જોગી. પાછળથી શ્રી. દયાળજીભાઇના પ્રેર્યા ડૉ. દીક્ષિત ને ડૉ. મહેતા આવ્યા પણ બન્ને મ્યુનિ. ક્ષેત્રમાં ને ધારાસભા ક્ષેત્રમાં વધારે રસિયા હોઇ આ અવધૂત જમાતમાં સાચી રીતે ભળી ન શક્યા.

આઝાદીની નવી ખુમારી લઈને અસહકારનું આંદોલન આવ્યું હતું. એ આંદોલનને ગતિમાન ને વંટોળ સમું બનાવનાર આ શહેર ને જિલ્લામાં હતુ કતુ એ વાત નિર્વિવાદ છે. મળસ્કે શંખોનો ઘોષ થતો, થાળીઓ ધણુધણુી ઊઠતી, વંદેમાતરમના જયધ્વનિઓથી શેરીઓ ગાજી ઊઠતી. 'સ્વરાજ સ્વારી આવે છે' એ ગીતની ચમક સર્વત્ર ફેલાઈ જતી. દયાળજીભાઈ એમાં પાછળ કે ઘેર નહીં પણ મોખરે ને શંખ ફૂંકવામાં કે થાળી ઠોકવામાં પણ પહેલા. અડધું પાટલુન ને બાંડિયા જેવી કફની ને ઘણી વધારે પડતી ઉંચી દીવાલની ટોપી એ એમનો ત્યારનો પોશાક. કલાકો સુધી શહેરમાં ઘૂમી વળે. પગે ચાલતા જ–ગાડી કે મોટરમાં નહીં–વચમાં સાઇકલ વાપરતા એવું સ્મરણ છે. ત્યારે કૉંગ્રેસ કચેરી હતી આજે જ્યાં લીમડાચોકમાં "સ્વદેશી વસ્તુ ભંડાર"ની દુકાન છે, એના માળ પર. એમાં એમની નિયમિત હાજરી ખરીજ; 'ગૂજરાત રાજકીય મંડળ' જેમાં ઇંદુલાલ યાજ્ઞિક અગ્રપદે હતા, તે એનાં પહેલાં આજ સ્થળે ચાલતું ને અત્રે સ્થાનિક કાર્યકર તરીકે એક ખેડાના ભાઈ (શ્રી. દેવશંકર) હતા. એમાંજ હું અને ભાઈ હિંમતલાલ શાહ કામ કરતા. આ કચેરીની નીચે શ્રી. ડાહ્યાભાઈ, શ્રી. દયાળજીભાઈ, શ્રી. કુંવરજીભાઈ, શ્રી. રતિલાલ લલ્લુભાઈ દેસાઈ, અને શ્રી. નર્મદાશંકર વગેરેની પંચ્યા એકત્ર માલિકીનો ભંડાર ચાલતો હતો અને અસહકારના આરંભ કાળના અરસામાં એજ ભંડાર સ્વદેશી–પ્રેમીઓ માટે એક માત્ર સ્થાન હતું.

દયાળજીભાઈએ જે કાળમાં રાજકારણમાં સક્રિય પ્રવેશ કર્યો તે કાળે સૂરત શહેરમાં રાજકીય ક્ષેત્રમાં શી સ્થિતિ હતી, કોણ વ્યક્તિઓ હતી, કેવું વાતાવરણ હતું, એ રજૂ કરવું મેં યોગ્ય ધાર્યું છે. કેમકે એથી દયાળજીભાઈના જીવન અને કાર્યને સમજવાનું વધુ સરળ થઈ પડે એમ મને લાગે છે હવે એમના જીવનના બીજા પાસાઓ વિષે થોડીક વિગતો રજુ કરવા ધારૂં છું.

સ્વ. દયાળજીભાઈનું સૌથી શ્રેષ્ટ એવું જીવનકાર્ય કાંઈ હોય તો તેમણે પોતાની અનાવિલ કોમની કરેલી અપ્રતીમ સેવા. એ સેવાનાં સ્મારક રૂપ અનાવિલ આશ્રમ આજે ખડો છે. આશ્રમની આજની સ્થિતિને સમૃદ્ધિના મોટા ભાગનો યશ એમને જ ફાળે જવો જોઈએ. આરામની નોકરી છોડીને પહેલાં તો એમણે જ્ઞાતિ માટે ભેખ લીધો હતો અને પરિષદ, પત્રિકા ને આશ્રમની ત્રિવિધ પ્રવૃત્તિ ચલાવીને એમણે સુતેલી જ્ઞાતિમાં નવા પ્રાણનો સંચાર કર્યો હતો. પરિષદને પત્રિકાની પ્રવૃત્તિ એમની ધારણા પ્રમાણે ફળી નથી અને જે ઉન્નત આદર્શ એમણે આશ્રમ માટે કલ્પ્યો હતો તે સિદ્ધ નથી થઈ શકયો એમ છતાં એના દુન્યવી લાભ તો ઘણા થયા છેજ અને વર્ષોથી એમની જ્ઞાતિની અખંડ સેવા પછી અઘોર નિદ્રામાં પડેલી જ્ઞાતિમાં નવો ચમકારો તો આવ્યો જ છે. આશ્રમ માટે એમણે ગામ પરગામ રખડી ઝોળી ફેરવી છે ને દૂર દેશમાં જઈને પણ મંથન કર્યું છે. એમનાજ પ્રયાસે મોટાં ફંડો, સમૃદ્ધ મકાનો અને વિશાળ જમીન પ્રાપ્ત થયેલ છે; અને એમની એ અભૂતપૂર્વ સેવાની અનાવિલ કોમે તેમના જીવનકાળ દરમિયાન ખાસ કદર તો નથી કરી પણ હવે તેમના મૃત્યુ પછી પણ યોગ્ય કદર કરશે તો તેમાં જ્ઞાતિની જ શોભા ગણાશે. એવી યોગ્ય કદર માટે સુરત ને મુંબઈમાં પ્રયાસો શરૂ થઈ ગયા છે એ આનંદની વાત છે અને એ માટે કાર્યકરોને ધન્યવાદ ઘટે છે.

આ સાથે જ એમની કાર્યભૂમિ સુરતે એમને માટે કંઈ નથી કર્યું, ને કંઈ કરવાની ધારણા પણ નથી રખાતી એ માટે ખરેખર મને ખેદ થાય છે. સુરત શહેરની તેમની આવી અખંડ સેવા સાવ ભૂલાઈ જાય તો સુરત નગુણું જ ગણાય એમ મને લાગે છે. એમનું એક પુતળું જાહેર સ્થળે મૂકાય, કોઈ રાજમાર્ગને એમનું નામ અપાય અથવા એમનું નામ જોડીને બીજું કોઈ સુયોગ્ય સ્મારક રચાય એ ખાસ જરૂરી છે ને હજી મોડા મોડા પણ સુરતવાસીઓ આ કાર્ય હાથમાં લે એવી મારી તો ખાસ ભલામણ છે.

ત્યાગ માટે તત્પરતા, સાદાઈ, નિર્મળ ચારિત્ર્ય, અને ધ્યેય માટે અંત સુધી ઝઝૂમવાની લગની એ દયાળજીભાઈના સફળ જીવનની મુખ્ય ચાવીઓ હતી. અનેક આગેવાનો વિષે અનેક અફવાઓ ઉડે છે-સાચી કે ખોટી-પણ દયાળજીભાઈના શુદ્ધ ચારિત્ર્ય વિષે ક્યાંય કોઈએ શંકા કરી નથી; એજ રીતે કાંચનથી પણ તેઓ મોહ્યા નથી, ને રાજકારણમાં તેમજ જ્ઞાતિ સેવાના ક્ષેત્રમાં જાત માટે પૈસા મેળવવા એમણે કદિ પ્રયાસ કર્યો નથી કે પૈસાનો દુર્વ્યય કર્યો નથી. પોતાની ઓછામાં ઓછી જરૂરિયાતો રાખી, તેમણે જીવન વિતાવ્યું છે અને આ બન્ને બાબતોમાં તેમણે ઘણો ઊંચો આદર્શ જનતા સમક્ષ મૂકયો છે.

કપડાં બદલાય એટલી સહેલાઈથી પત્નીઓ બદલવામાં મોટે ભાગે માનનારી ને સ્ત્રીઓ વિષે ઘણા જ નીચા ખ્યાલો ધરાવનારી અનાવિલ કોમમાં, જુવાન જોધ જેવા દયાળજીભાઈ વિધુર થાય ને ફરી લગ્ન ન કરતાં જીવનભર બ્રહ્મચર્ય પાલન કરી, સમગ્ર જીવન કોમ ને દેશને ચરણે ધરી દે એ કંઈ નાની સુની વાત નથી. સાબૂત હૃદય, મજબૂત ઇચ્છાશક્તિ અને ઉન્નત આદર્શ માટેની ખના વિના આમ બનવું શક્ય નથી.

સ્વ. દયાળજીભાઈનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો નોંધવા જેવાં છે. એમના જમાનાની ડક્કા ઓવારાની પ્રચંડ મેદનીઓ તો આજે સ્વપ્નાંજ જોવાનાં છે. હજારોની મેદનીને ભેદી આરપાર નીકળી જતો એમનો ઘોર ગંભીર અવાજ તો હજુ કાનોમાં ગુંજે છે. એમનો માતૃપ્રેમ તો

પ્રત્યક્ષ જોયો છે અને માતા પુત્રની એ વિરલ જોડી પણ એમના જીવનના ઇતિહાસનું એક પાનું રોકી શકે એમ છે. એમનો ધર્મનિષ્ઠ જીવન ગાળવા તરફ ઝોક હતો અને સ્વામી વિવેકાનંદ ને રામતીર્થના તેઓ ભક્ત હતા એમ કહીએ તો ચાલે. ઉત્તર કાળમાં આશ્રમના પાછલા ભાગમાં નિવૃત્ત થયેલાઓનો એક આશ્રમ ખોલવો અને ત્યાં જીવન ભક્તિમાર્ગમાં પૂર્ણ કરવું એવો એમનો મનોરથ હતો. વાતવાતમાં તેઓ દૃષ્ટાંતો ને કથાઓ ટાંકતા. આંખો મીચીને તેમને વાત કરવાની ટેવ હતી અને 'નિદાન' શબ્દ તેઓ વારંવાર વાપરતા; તેઓ નાફેરવાદી ન હતા, પણ સમય આવ્યે કે જરૂર જણાયે તેઓ ફેરવાદી થઈ શકતા. સ્વરાજ પક્ષને તેમનો સાથ આ બાબતની સાક્ષી આપે છે. હિંદુ-મુસ્લીમ એકતામાં તેઓ ખરી રીતે માનતા અને તેનો દાખલો તો તાજેતરમાં જ જોવા મળ્યો હતો. એક દિવસ આશ્રમની પાછળ બંધાયલા નવા મકાનોમાં અને સમગ્ર આશ્રમમાં સંખ્યાબંધ મુસ્લીમ પુરુષો, સ્ત્રીઓ ને બાળકો ફરતાં જોયાં. અમને કુતૂહલ થયું. તપાસ કરતાં જણાયું કે સર અલીમહમદખાન દહેલવીને ત્યાં લગ્ન પ્રસંગ હતો, એ અંગે આવેલા મહેમાનોને એમણે આશ્રમમાં ઉતારો આપ્યો હતો. સર અલીમહમદ સાથે એમને ગાઢ સંબંધ હતો અને તે આશ્રમ સરકારી ઝપાટામાં આવ્યો, તે પ્રસંગે ખાસ વધ્યો હતો એ ખરૂં, પણ રૂઢિચુસ્ત કારોબારીના અમલમાં આશ્રમના મકાનોમાં મુસલમાનોનો નિવાસ થાય એ વાત અચંબો પમાડે એવી તો ખરી જ. ને એમાંજ હિંદુ મુસ્લીમ બિરાદરીમાં દયાળજીભાઈની કેવી શ્રદ્ધા હતી તેનાં દર્શન થાય છે. મ્યુનિ.નું તંત્ર આ કાળમાં સુંદર રીતે ચલાવવા માટે મહાસભા પક્ષે વિરોધ પક્ષના એટલે લીગ પક્ષના નેતા મી. અબ્દુલકાદર શેખને પ્રમુખસ્થાને બેસાડવા એવું તેમનું સૂચન પણ ઉપલી વાતનું સમર્થન કરે છે. દયાળજીભાઈમાં એક દોષ પણ હતો ને તે પોતાના માનેલા માટે આવી લાગણી રાખવાનો. એવી લાગણી અઘટિત નથી પણ એનો કોઈ વાર અતિરેક થતો અને પોતાના માનેલાના અવગુણો તેમને મન કદિ વસતા નહીં. એક ખાસ ગુણ તો નાના સાથે નાના ને મોટા સાથે મોટા થઈ રહેવાનો હતો અને આજ કારણે તેમનું જાહેર જીવન સફળ થયું એમ કહીએ તો ચાલે. કોઈ પણ શુભ કાર્યમાં તેમનો સાથ રહેતો. ઘણાને ખબર નહિ હોય કે આજે સાર્વજનિક હાઈસ્કૂલ જ્યાં ઉભી છે, એ જગ્યા ને એમના પરનું જૂનું મકાન ખરીદવામાં શ્રી. દયાળજીભાઈ એજ અગ્ર ભાગ લીધો હતો, અને મૂળ દસ્તાવેજ શ્રી. દયાળજીભાઈ અને સોસાયટીના આદ્યસ્થાપક સ્વ. ચૂનીલાલ શાહના ભેગા નામે થયો હતો. આશ્રમો માટે, કેળવણી મંડળ માટે ને આશ્રમની આસપાસ આવી વસેલા મિત્રો માટે જમીન મેળવી આપવા ને બીજી સગવડ કરી આપવા તેઓ હંમેશ પ્રયત્નશીલ રહેતા અને નબળી તબિયતે પણ એ બધે આંટો મારી ખબરદારીથી દેખભાળ રાખતા. સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ સાથેની મૈત્રીની સાક્ષીરૂપ એ માથે સુધી પહોંચતી કાળીચટ્ટ સીસમની લાકડી, એ કાનટોપી, એ ગરમ કાળી કફની અને સફેદ ટૂંકું ધોતિયું-છેલ્લા કાળનાં એમનાં દર્શન આવાં હતાં. કેળવણી મંડળની જમીનમાં કોઈ શિક્ષણની સંસ્થા કરવાના કોડ મનમાં જ સમાયા ને એમને જવું પડ્યું છે એ હકીકત પણ નોંધવા જેવી છે. પણ હવે બસ—.

એક નર

(પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી)

ગામને પાદર મહાદેવનું દહેરું હોય ને ત્યાં કોક વાર તપસી રહે; લોક વાર તહેવારે દહેરે જાય અને તપસીનાં પણ દર્શન કરતા આવે. સૂરતમાં આ જમાનામાં એક વીર, સેવાધર્મનો તપસ્વી, થઈ ગયો. તેના મુખ ઉપર સંન્યાસીનું તેજ હતું. સેવા સિવાય તેને કશો રાગ નહતો અને ગૃહસ્થાશ્રમ તો તેણે વર્ષોથી ત્યજ્યો હતો. તે શહેરને છેડે બ્રાહ્મણોના આશ્રમમાં રહેતો અને પ્રાન્તપ્રાન્તના પથિકો ત્યાં આવતા, પ્રેરણા લેતાદેતા અને સમસ્ત ભારતના સંસ્કૃતિનો પટ અખંડ, સુઘટ્ટ અને ભાતીગળ થતો જતો હતો.

સૂરતના અર્વાચીન ઇતિહાસમાં વીર દયાળજીનું નામ અચલ રહેશે. સમાજસેવા, દેશસેવા કે સાહિત્યસેવા માટે સૂરતે બીજે પ્રેરણા લેવા જવું પડે તેમ નથી. ભાષણો, લેખો, સર્જનાત્મક સાહિત્યકૃતિઓ, શિક્ષણસંસ્થાઓ દ્વારા પરોક્ષ સેવા કરનારા દુર્ગારામ મહેતાજી, કવિ નર્મદ, વિવેચક નવલરામ, નવલકથાકાર નંદશંકર, વિજ્ઞાનશાસ્ત્રી ગજ્જર, વૈયાકરણી કમળાશંકર અને સાર્વજનિક કેળવણી મંડળના સ્થાપક ચૂનીલાલ શાહ વગેરે સૂરતે આપ્યા છે, તો પ્રત્યક્ષ સેવા કરનાર અરદેશર કોટવાળ, સુધારક નર્મદ, અને ત્યાગી દયાળજી જેવા સપૂતો પણ આપ્યા છે. લૂંટારાઓ સામે હથિયાર લઈ ધસનાર કોટવાળ, રૂઢિગ્રસ્ત ધર્માચાર્યો સામે શાસ્ત્રો લઈ ચર્ચાયુદ્ધ ખેલનાર નર્મદ અને સ્વાતંત્ર્યતાના અહિંસક યુદ્ધમાં "કોટ જેવી કાયાને ખંડેર જેવી" કરનાર ભડવીર દયાળજીનાં નામ ઊંઘતા સૂરતને ગમે ત્યારે જગાડવા સમર્થ છે.

દયાળજીભાઈના જીવનથી એક વાત દીવા જેવી દેખાય છે કે ઊંચા પ્રકારની દેશસેવા માટે કે સમાજસેવા માટે પ્રજ્ઞા કે પાંડિત્યની જરૂર નથી. મુખ્ય જરૂર છે ભાવનાની, નિશ્ચિત સ્પષ્ટ આદર્શની. સેવાધર્મીને પોતાના આદર્શમાં સંપૂર્ણ શ્રદ્ધા જોઈએ; શ્રદ્ધા ઉપરાંત કાર્ય કરવા માટે તેની બલિષ્ઠ ઇચ્છાશક્તિ જોઈએ; ભાવનામાં શ્રદ્ધા ઓછી ના થાય, ઇચ્છાશક્તિ ગમે તે સંયોગોમાં નિર્બળ ના થાય, અને પ્રયત્ન સતત, અપ્રતિહત રહે, તો સેવાધર્મીને સફળતા મળે. નીતિના દૃષ્ટિબિન્દુથી સેવાપ્રેમીનો સૌથી મોટો ગુણ હોય છે **અભય.** ભાવનાશ્રદ્ધા, પ્રયત્નસાતત્ય અને અભયથી દયાળજીભાઈ જે કરી શક્યા છે તે કુળ, ધન, વિદ્યા કે બુદ્ધિની સંપત્તિથી બીજા કરી શક્યા નથી.

આપણા વર્તમાન સમાજનો મોટામાં મોટો દોષ કાયરતા છે. અંગ્રેજી રાજ્યમાં આપણી વિદ્યા અને બુદ્ધિની સંપત્તિ ઓછી થઈ નથી, પણ રાજ્યની નીતિને પરિણામે તેના ઉપર દરેક બાબતમાં આધાર રાખતા થઈ આપણે કાયરતા કેળવી પામર બન્યા છીએ. ગરીબાઈ ને વ્યસનથી જનસાધારણ જે દશા ભોગવે છે તે કૃત્રિમ સ્વસ્થતાથી ભદ્રસમાજ પણ વસ્તુતાએ ભોગવે છે. આ વર્તમાન દશા જોતાં, સમાજના હૃદયમાં જે નર પોતાનાં કામોથી, પોતાના ચારિત્ર્યથી અભય પ્રેરે તે આજના હિંદનો મોટો સેવક ગણાય. દયાળજીભાઈએ પોતાના જીવન સમર્પણથી સમાજના હૃદયનું એ વિષ કાઢવા એક માણસથી બને તેટલો પ્રયત્ન કર્યો છે.

જીવનસમર્પણ માટે દયાળજીભાઈએ બે વેદિઓ સ્વાભાવિક રીતે પસંદ કરી: સમાજસેવા જેણે ઉદ્ધાર પદ્ધતિની જ્ઞાતિસેવાનું રૂપ લીધું, અને રાજકારણ. જનસેવકને પાડોશી ધર્મની ભાવનામાંથી

સેવાનો માર્ગ જડે છે. અનાવિલોની વધતી જતી આર્થિક પડતી, તેમના કેટલાક એ પડતીને પોષતા કુરિવાજો, અને બધી જ્ઞાતિઓમાં છે એવી સંકુચિતતા તેમને બહુ જ ખૂંચી. રીઢા તો સુધરશે નહીં, પણ નવી પેઢીને સુસંસ્કાર અને કામની નવી દૃષ્ટિ અપાશે તો વખત જતાં જ્ઞાતિ સમસ્ત સુધરશે, એ હેતુથી તેમણે ૧૯૦૬માં અનાવિલ આશ્રમ સ્થાપ્યો. તે સંસ્થામાં નાનામોટા ફેરફારો કર્યા, શાળા સ્થાપી ઉથાપી, કન્યાલયનો પ્રયોગ કરી જોયો, વર્ષા યોજના સ્વીકારી; એ બધામાં ઓછીવધતી સફળતા તેમને મળી હશે, પણ તેમની સેવાનો ઉત્સાહ ઓસર્યો નહીં. વિદ્યાર્થીઓને આશ્રય દઈ, તેમને શિક્ષણ, તાલીમ યા સંસ્કાર આપી જ્ઞાતિનો ઉદ્ધાર કરવાનું તેમનું ધ્યેય આમરણ ચળ્યું નહીં. તેમનો વિદ્યાર્થી એટલે જ્ઞાતિનું સંકુચિત અંગ નહીં; પણ દેશના વિશાળ જીવન સાથે પોતાના વ્યક્તિગત જીવનનું અનુસંધાન કરતો શિષ્ય. આ ખ્યાતિને લીધે આ વિદ્યાર્થીઓને સહન પણ ઓછું નથી કરવું પડ્યું.

આ સેવામાર્ગમાં દયાળજીભાઈને પહેલપ્રથમ સથવારો દેનાર તેમનાં માતુશ્રી, પછી તેમનાં ધર્મપત્ની. આદર્શ સેવક ઓછી સહાયથી કામ પડતું મૂકતો નથી; સંકટને ગાંઠતો નથી. જુવાન અને પ્રેમી દયાળજીમાં નિષ્ઠા ના હોત તો ધર્મપત્નીની શરૂઆતની નારાજીને તેમણે નમતું આપ્યું હોત. પણ નમતું પત્નીએ આપ્યું. દયાળજીભાઈએ સેવામાં દૂંધીભાવ ન આવવા દીધો. પત્ની ગુજરી ગઈ તો અનેક સંતોની જેમ તેમણે એક પ્રકારનો સંન્યાસ સ્વીકારી લીધો. બીજો સંસાર ના માંડી, તેમણે સેવાપરાયણતાનું પરાક્રમ દાખવ્યું.

સમર્પણીની બીજી વેદિ હતી રાજકારણ. રાષ્ટ્રસેવાનાં કષ્ટ નોખા પ્રકારનાં છે. જ્ઞાતિસેવામાં ઘરઘરના ઉંબરા ટીચવા પડે, અપમાન ને નિરાશા ગળવાં પડે, અને વહાલાંમાં પણ વેર થાય. રાજકારણી વ્રતીને આપણા દેશમાં અનેક શારીરિક યાતનાની તૈયારી રાખવી પડે છે. તેને પચરંગી જનમંડળને દોરવાનું હોય છે. વહાલામાં તેને વેર ના થાય, પણ જનમંડળ તેનું પોચાપણું કે પીછેહઠ સાંખી શકતું નથી. દયાળજી જનસાધારણના નેતા તરીકે તરી પાર ઊતર્યા. હજારોની મેદની તેમના બોલ ઝીલતી; તો અચળ વફાદારીથી તેમણે કારાવાસ પણ સેવ્યા. ૧૯૩૨ માં હૃદયરોગથી પીડાતા તેથી કારાવાસ તેમણે નોતર્યો નહતો, છતાં તેમને સરકારે પકડ્યા. માંદા દયાળજીએ બચાવ ના કર્યો અને જેલ સ્વીકારી લીધી. ૧૯૩૨ની એ કસોટીમાં તેમણે પોતાનું ધીટ નેતૃત્વ અને સુભટની વફાદારી પૂરાં દાખવ્યાં. છત્રીસ વર્ષની લોકસેવા કરી સેવાનો ગહન ધર્મ જીવી સમજાવી દયાળજીભાઈએ છેલ્લી વિદાય લીધી......

રણે ચઢે તે શૂર, બીજા તાળી પાડતા;
મોતીનાં એ મૂલ, મીણ જરામાં ઓગળે.
સૂરત માત સુજાત, વિલાસ તુજ મોંઘા પડ્યા;
નવલી પાડે ભાત, સંભારી ભડવીરને.
થેલી થોથાં મેલ; ભાથે પંથ ખુટે નહીં;
છોકરવાદી ખેલ.–પંથ કપાશે પાયથી.
દયાળજીની રાખ, રક્ષા નહિ, વજ્જર ભર્યાં;
ફૂલપાડે દે હાક,–જો, જો, તાપી ઝબકિયાં !

◆

સેવાવ્રતધારી

(પ્રો. વિજયરાય ક. વૈદ્ય, 'માનસી'કાર)

સમય વિભાગની રેખાને સગવડને ખાતર હેતુપૂર્વક જ કૈંક સ્થૂલ દોરીને કહીએ તો અર્વાચીન ગુજરાતમાં સમાજ સેવાના ચાર યુગ પ્રવર્ત્યા લાગે છે: ઇસવી ઓગણીસમા શતકના ઉત્તરાર્ધને બે સરખે ભાગે વહેંચતાં નર્મદ, કરસનદાસ વગેરેનો જાગૃતિ યુગ ને ગોવર્ધનરામ, રમણભાઈ વગેરેનો સાક્ષરયુગ; પછી ગણાય વીસમા શતકની પહેલી વીસી તે જ્ઞાન પ્રચારનો યુગ, જેમાં ઘડાયા ને પ્રવૃત્તિમાન થવા લાગ્યા અમૃતલાલ પઢિયાર, મોતીભાઇ અમીન ને અખંડાનન્દજી સરખા માનનીય સમાજસેવી જ્ઞાનના પ્રચારવીરો, જેમણે આગલા બે યુગમાં સામાન્ય કે ઉચ્ચતર વિચાર પરિવર્તન દ્વારા થવા માંડેલા પ્રજાકીય ઘડતરને પોતપોતાની રીતે બે ડગલાં વધુ ભરાવ્યાં; અને છેલ્લો તે જાતસેવાનો વીસ-બાવીસ વર્ષથી ચાલતો આ કર્મલક્ષી યુગ જેના મહામના પ્રણેતાની પ્રેરણા ઝીલીને, આગલા ત્રણે જમાનાના ઉત્તમાંશો હવે પ્રજામાં ઠીક ઠીક પચ્યા હોવાથી, થોડા પણ સુસમર્થ સાર્વજનિક કાર્યકરોએ સર્વસામાન્ય જેવા રાજ્યપ્રકરણથી માંડીને ગ્રામસેવા કે જ્ઞાતિસેવાની પ્રવૃત્તિ સુધીનાં ક્ષેત્રોમાં-આ બંને પણ પ્રજાઘડતરનાં મહત્ત્વનાં અંગ તેથી-અડગવ્રતધારીઓના ચારિત્રબળ ને એકાગ્રતાથી, સ્વ. દયાળજીભાઇની જેમ, પ્રથમ પંક્તિની સેવા ને સ્વાર્પણ ગુજરાતને ચરણે ધર્યાં.

જે હિંદુ સમાજ માટે નવલરામે પંચાવન વર્ષ પર કહેલું " કમાવું, કુટુંબને પોષવું, અને બે પૈસા મળે તો ખરચી નાતજાતમાં સારા કહેવડાવવું એ જ આ કાળમાં સાધારણ હિંદુઓ પોતાનું કર્તવ્ય સમજે છે "—તે સમાજમાંથી કોઈ પણ જીવનક્ષેત્રનો એકલક્ષી સેવાવ્રતધારી-એવું વ્રત ચઢતી કે જામેલી જુવાન વયે જ લેનાર-પાકે, આ જડવાદી જમાનામાં પાકે, એ તો એ પથ્થરાળ જડવાદને પરાસ્ત કરીને જાણે આકાશમાંથી ઊતરતો ચૈતન્યવન્ત ચમત્કાર જ ગણાય. ગુજરાતના એ સમાજમાં તો ઉપલા અવતરણમાં સૂચવેલી દુનિયાદારી એટલી વ્યાપક છે, એ જ લેખકે જેને ઉચ્ચ લાગણીઓની વિરલતા કહી છે તે પણ એવી આગળ પડી આવે તેવી છે, કે હજીયે સંખ્યાબંધ અનિષ્ટોને પોષ્યા કરતી એક જ્ઞાતિમાં દયાળજીભાઈ કે મહાદેવભાઈ જેવું નરરત્ન ઉત્પન્ન થાય એ ઘટનાને પણ ચમત્કાર કહ્યા વિના ચાલે નહિ. એમની જેમ દેશસેવાના સમર્પણી તરીકે જીવનને ઘડનાર અને તેને જોગવી જાણનાર, એને અનેકધા સાથ કરનાર પુરુષમાં પોતાના કુટુંબની સ્વપરાયણ જીવનદૃષ્ટિ બદલવાથી માંડીને આસપાસનાં ઘણાં મનુષ્યોના વિરોધને ધીમેધીમે ને કુનેહથી પણ મક્કમપણે દૂર કે ઓછો કરવાની જે શક્તિઓ હોવી જોઈએ તે આ સમર્થ દેશસેવક ને જ્ઞાતિસેવકમાં-એ સેવાઓ દ્વારા પણ ઊંચી કોટિની સ્મરણીય માનવસેવા કરનારમાં-ભરપૂર ભરી હતી, એમ તેમના તપોમય જીવનના ઘણા પ્રસંગો સાક્ષી પૂરે છે.

એવા એક અણુતપસ્વીનું વ્યક્તિત્વ, ચારિત્ર, સમગ્ર જીવન, આવતી અનેક પેઢીઓના ગુજરાતીઓને પ્રેરક ને માર્ગદર્શક થાય એવું આ પતિત ને પરાધીન દેશનો કયો હિતચિંતક નિરન્તર નહિ ચિન્તવે ?

◆

પુણ્યશ્લોક દયાળજીભાઈ

(પ્રો. કાળીદાસ લલ્લુભાઈ દેસાઈ)

તેજસ્વી ગોળ મુખમુદ્રા, સંન્યાસીને છાજે એવી આકૃતિ, ઊંચું કપાળ, દયા ઊર્મિ આગ્રહ વગેરે ભાવોનું પ્રતિબિંબ પાડતાં મ્હોં અને દાઢી, એક સરખા દાંતોની હારમાળા અને સામાન્ય રીતે જોનારને હલનચલનમાં નીતરતું જણાતું ગાંભીર્ય–આ વસ્તુઓ દયાળજીભાઈના શારીરિક ગુણોમાં મુખ્ય જણાઈ આવતી. પહેરવેશમાં ખાદીનું ધોતિયું, કફની તથા ટોપી. એમના આશ્રમના નિવાસ સ્થાનમાં કફનીની જગ્યાએ ખાદીનાં બટનવાળી બંડી કોઈ દિવસ એમને વાંકી કેડે બેઠેલા જોયા નથી. મળવા આવનારને એકદમ ઝડપથી ઊભા થઈ સામા લેવા જતા. ઘણુંખરૂં એમના નાના ટેબલની સામે લાકડાની સખત હાથા વગરની ખુરસી ઉપરજ બેસતા. પોતાની ખપપૂરતી ચીજો એમને વ્યવસ્થિત સ્થળેજ ગોઠવાયેલી રહેતી. રાતી ફાઉન્ટનપેન નાના પાણીના ગ્લાસમાં રાખતા. સામે ભીંતે ગુજરાતી કેલેન્ડર તથા ખીસાનું ઘડિયાળ, ટેબલ ઉપર આશ્રમના આગલા રિપોર્ટો, બંધારણની કેટલીક નકલ તથા થોડાં પાકીટ અને કોરા કાગળ હંમેશ રહેતાં. કોઇકવાર મળવા જનાર કહેતું કે બાસ્ટીલ ઉપર તકીયા નજીક બેસો તો ના પાડતા. કોઈક વાર વિચારનિમગ્ન જણાતા, ગમગીન કદી નહિ. રસ્તે ચાલતા તો પોતાની લાંબી લાકડી જેટલાજ સીધા ચાલતા. લાકડી એમને સ્વ. વિઠ્ઠલભાઈ પટેલે ભેટ આપી હતી. એમણે નીચે રબરની ખોલી મુકાવી હતી. ચંપલ એકજ જાતનાં સળંગ એક પટીવાળાં પહેરતા. કોઈ ઓળખીતું દૂર નીકળી જતું હોય તો મોટે સાદે તેમને બોલાવતા. એમનો ફરવાનો નિયમ એવો કડક હતો કે એમના મૃત્યુ પછી ઘણા દિવસ સુધી એમજ લાગતું કે એમના વખતે એ પાછા રસ્તા ઉપર દેખાશે. આવી ક્ષુલ્લક જણાતી બાહ્ય વસ્તુઓ ઉપરથી એમનાં એકધારાં, સાદાં, નિયમબદ્ધ જીવનનું ભાન સૌ કોઈને થશે.

દયાળજીભાઈના નિકટના સંબંધમાં આવનાર એક વયોવૃદ્ધ સદ્‌ગૃહસ્થ કહે છે કે એમના જેવો સેવાભાવી અને નિઃસ્વાર્થી પુરુષ અનાવિલ કોમમાં અગાઉ પાક્યો હોય એવું એમની જાણમાં નથી. એમના મરણથી એમની જ્ઞાતિના તથા સુરત જિલ્લાના જાહેર જીવનમાં એક અખાત જેવી ખાલી જગ્યા પડી છે એ પૂરવી અશક્ય લાગે છે. પૃથ્વીના બાહ્યરૂપમાં કાળને બળે કે કોઈક ઉલ્કાપાતથી સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ બને છે. દેશના જાહેર જીવનમાં પણ એમ બને છે. દયાળજીભાઈના સંસર્ગમાં આવનાર અને એના કાર્યને આંકનારને લાગશે કે એમના જવાથી એક પહાડ જેવી વ્યક્તિ અદૃશ્ય થઈ છે અને જિલ્લાના જાહેર જીવનમાં જાણે ઊંડી કોતર પડી છે. અનાવિલ વિદ્યાર્થી આશ્રમને એમણે એકલે હાથે ઉછેર્યો, જ્ઞાતિના સામાજિક જીવનમાં ભારે આંદોલન આણ્યું. સત્યાગ્રહની ચળવળને મોટો વેગ આપ્યો. એમની આશા અનંત જણાતી, ઉત્સાહ અદમ્ય લાગતો. અનેક સભાઓ એમણે ગૂંજાવેલી, જિલ્લાનાં બધાં ગામડાંઓ એ ખૂંદી વળેલા. એમના બુલંદ અવાજનો રણકાર હજી કાનોમાં ગુંજે છે. બુદ્ધિથી નહિ પણ હૃદયથી એ ચિંતન કરી લેતા, વધારે તર્કથી નહિ પરંતુ ઊર્મિથી એ નિશ્ચયો બાંધતા, બાંધ્યા પછી તેને અડગપણે વળગી રહેતા. નિઃસ્વાર્થી અને સંયમી મનુષ્યના નિર્ણયોને અમુક પ્રકારનું ગૌરવ આપોઆપ પ્રાપ્ત થાય છે. તર્કવાળા,

વાક્પટુતાવાળા, ચતુરાઈવાળા માણસો એ નિર્ણયોને નમે છે. દયાળજીભાઈના એવા સરળ મુદ્દાસર નિર્ણયો ઘણીવાર સાર્વભૌમ પદને પ્રાપ્ત કરતા. એમની લાગણી તર્કને, અંતરાયોને ભેદી સોંસરી મુદ્દાને તરત પકડી લેતી. આથી ઘણીવાર એમની હાજરીથી સભાઓનો ભાર હળવો થતો. હાજર રહેલાઓને કૃતકૃત્યતાનું ભાન થતું અને ઘેર જઈ તેઓ ઊંઘતા; દયાળજીભાઈ જાગૃત રહેતા.

જીવનની અનેક મૂળભૂત વસ્તુઓ આપણે ભૂલી જઈએ છીએ. મહાન પુરુષની મહત્તાનું કારણ એની એકાગ્રતા અને તન્મયતા. એ કારણ નથી સંપત્તિ કે કેળવણી કે આડંબર કે ઊંચું સ્થાન. પ્રકૃતિથીજ, કુદરતી સંસ્કાર વડે જ, આપો આપ જ એક માણસ એકાદ આશયને પકડી તેને મરણાંત વળગી રહે છે; બીજો દોલતનું પ્રદર્શન કરે કે માત્ર જ્ઞાનસામગ્રીને જીહ્વાગ્રે કરે કે વાક્છટાથી સભાઓને મુગ્ધ કરે, છતાં તેનામાં મહત્તાનું એક ચિહ્ન દેખાય નહિ. આથી દયાળજીભાઈનું જીવન વલોવી તેમાંથી શીખનારાઓ માટે હિતોપદેશની તારવણી કરવાનું કાર્ય મને બહુ હિતાવહ લાગતું નથી.

માસિક બાર પંદર રૂપિયાની નોકરી, પહેલાં સરકારી મહેસુલખાતામાં, પાછળથી સરકારી અડવા ફારમની પચ્ચીસ ત્રીસના પગારની નોકરી; આથી સંપત્તિને દયાળજીભાઈને પહેલેથી જ પૂજકપૂજ્ય સંબંધ ન હતો. ફારમની નોકરીએ હતા ત્યારથી જ અનાવિલ આશ્રમની શરૂઆત એમણે કરેલી. સેવાભાવી આત્માને સેવાનું ક્ષેત્ર મળ્યું; નોકરીને એમણે તિલાંજલિ આપી. એમણે અને એમનાં માતુશ્રીએ જીવન એવું સાદું, ધનની અપેક્ષા રહિત કરી નાખ્યું હતું કે સેવાધર્મ સ્વીકાર્યા પછી નોકરીનો જે ભોગ એમણે આપ્યો તે ભોગને એણે નજીવો ગણ્યો અને તેને પોતાના વિચારમાં પણ એણે સ્થાન આપ્યું નથી. આશ્રમના વિદ્યાર્થીઓનાં વાસણ લુગડાંનું બધું કામ એમનાં માતુશ્રી તથા એમનાં પત્ની કરતાં. દયાળજીભાઈનાં યુવાન પત્નીને પ્રથમ આનાથી આઘાત થયેલો, એટલે તમામ કામ મા દીકરાએ કરવા માંડેલું. પછીથી પત્ની સમજી ગયાં. દયાળજીભાઈના જીવનનો રાહ એમણે જોઈ લીધો, તેમની અસામાન્યતા એ પરખી ગયાં. દયાળજીભાઈને બે પુત્રો થયેલા. બાલ્યાવસ્થામાંજ બંને મૃત્યુ પામેલા. પત્ની પણ ગયાં. દયાળજીભાઈએ તેથી પારાવાર કલ્પાંત કરેલું, અને એમની ઉગ્ર લાગણીને અનુરૂપ પોતે મરવા સુધી તૈયાર થયેલા. માજીએ સમજાવી શાંત કરેલા. અને ત્યાર પછી ત્રીસ પાંત્રીસ વરસ સુધી અનત્ય માતૃપ્રેમ અને પુત્રપ્રેમ દાખવતું બંનેનું જીવન એ બંનેને જાણનારને દૃષ્ટાંતરૂપ લાગતું. એ જીવન દોરીના બે વળમાંનો એક તૂટયો છે, બીજો પાંગળો બન્યો છે. એકદમ સાદું અને ધનરહિત જીવન જીવનાર દયાળજીભાઈ ધનિકોને શરમિંદા બનાવી શકતા. નાનપરાની સાર્વજનિક હાઈસ્કૂલના મકાન તથા જમીનનો સોદો દયાળજીભાઈએ પ્રથમ કરેલો; સાર્વજનિક સોસાયટીને તેની જરૂર પડતાં તેનું વેચાણ સોસાયટીને કરાવેલું. પાટીદાર આશ્રમવાળી મિલકત પહેલાં દયાળજીભાઈએ ભાડે રાખેલી, તેમાં ત્રણ વરસ અનાવિલ આશ્રમ ચલાવેલો. ત્યાર પછી હાલની અનાવિલ આશ્રમવાળી મિલકત એમણે ખરીદેલી. સ્વરાજ આશ્રમવાળી જમીન એમણે ખરીદાવેલી. રાષ્ટ્રીય કેળવણી મંડળવાળી જમીન બાર વરસ ઉપર દયાળજીભાઈ ખરીદવા તૈયાર થયેલા. પોતાની પાંચેક હજારની તમામ મિલકત તિલક સ્વરાજ્ય ફાળામાં દયાળજીભાઈએ ગાંધીજીને ચરણે ધરેલી અને મારી પાસે વધારે કશું નથી, નહિતો તે પણ આપી દેત એમ

ભરેલે હૈયે જ્યારે એમણે ગાંધીજીને કહ્યું ત્યારે બંને જણા ગદ્દગદિત થયેલા. અનેક ધનિકો ધનનું ઉપાર્જન કરી દેશીરાજાઓ જેમ પોતાની રાજ્યની મિલકત જાળવી રાખે છે તેમ પોતાના ધનને વળગીને જ બેસી રહે છે. દયાળજીભાઈના ઉદાર દયાળુ આત્માને તેથી અઘાત થતો. ઘણા લક્ષ્મીનંદનો લક્ષ્મીને આલિંગન કરી બેસી રહે છે. ધનની કમાણી મનુષ્યને વમળમાં નાખે છે અને જો એ બીજાને માટે કશું કરતો નથી તો એના આત્માનું તેજ હણાતાં, એની ઉદાર ઊર્મિઓ દબાતાં દબાતાં એ ખરૂં જોતાં એવો તેજહીન, ગરીબ, પામર લાગે છે કે છેવટે એ દયાને પાત્ર બને છે. જે આપે છે એણે જ ખરૂં મેળવ્યું છે; જે મેળવીને જ બેસી રહે છે એણે બધું ગુમાવ્યું છે.

દયાળજીભાઈને કેળવણીકાર કહેવામાં કશી અતિશયોક્તિ નથી. પોતે માત્ર અંગ્રેજી સ્કૂલ ફાઈનલ પાસ થયેલા. અભ્યાસ છોડયા પછી વેસ્મા ગામે એમણે થોડો વખત અંગ્રેજી નિશાળ પણ ચલાવેલી. આ દેશમાં સરકાર ખિતાબો બક્ષે છે, પ્રજા પણ બક્ષે છે, પત્રકારો પણ નવાજિશ કરે છે. ઘણાયે કહેવાતા સાક્ષરો સાક્ષર હોતા જ નથી. ઘણાયે કહેવાતા કેળવણીકારોએ એક સ્થળેથી દાળ આણી, બીજેથી ભાત આણી, માત્ર ખીચડી જ રાંધી હોય છે અને સમુચ્ચયોમાંથી પોતાનો વળી એક નવો સમુચ્ચય કર્યો હોય છે. દયાળજીભાઈએ અનાવિલ વિદ્યાર્થી આશ્રમ જેવી સંસ્થા સ્થાપી, આશ્રમમાં પાંચ વરસ અંગ્રેજી શાળા ચલાવી, કન્યાશ્રમ ચલાવ્યો, આશ્રમના વિદ્યાર્થીઓને પોતાને કઠણ લાગતા વિષયોમાં ખાસ શીખવવાનો પ્રબંધ કરેલો અને તે ઘણા વરસ સુધી ચાલુ રાખેલો, જ્ઞાતિની કેળવણી પરિષદ બોલાવેલી, આશ્રમમાં શારીરિક શિક્ષણની જોગવાઈ કરેલી, નૈતિક શિક્ષણ પોતેજ સવાર સાંજની પ્રાર્થના સમયે આપતા, વર્ધા યોજનાને વધાવી લઈ તેનો અખતરો આશ્રમમાં કરવા વિચાર રાખતા, તદ્દન નિરાધાર વિદ્યાર્થીઓ માટે ગમે તેમ કરી મદદ મેળવી આપતા; એ દયાળજીભાઈને કેળવણીકાર કેમ ન કહેવા! વળી જ્ઞાનની એમને ખરી ભૂખ હતી. રામાયણ, મહાભારત તથા ભગવદ્દગીતાનું પઠન કરતા. રામતીર્થ અને વિવેકાનંદને વારંવાર ઉથલાવતા. આર્યસમાજની છાયા નીચે આરામ લેતા. સામાન્ય સાહિત્યને છેડતાજ નહિ. મુખ્યત્વે ધર્મનાં, નીતિનાં અને આધુનિક રાષ્ટ્રીય આંદોલનનાં પુસ્તકોનો અભ્યાસ કરતા. ઉપાડેલાં કાર્ય માટે એટલી બધી ધગશ ધરાવતા કે ૧૯૨૪ની ત્રીજી અનાવિલ પરિષદ પછી અને જ્ઞાતિબંધારણનો ખરડો નક્કી થયા પછી એમને એક સ્વતંત્ર પત્રની આવશ્યકતા જણાતાં એમણે 'અનાવિલ સેવક' પાછું ચાલુ કર્યું અને એકંદરે આઠેક વરસ એકલે હાથે તેને નભાવ્યું. એમનું લખાણ સાદું, જુસ્સાથી ભરેલું, દાખલા દલીલ અને જૂની તળપદી કહેવતોથી સજ્જ થયેલું હોવાથી સામાન્ય વાંચનારને બોધપ્રદ અને હકીકતપૂર્ણ લાગતું.

૧૯૦૬માં દયાળજીભાઈએ અનાવિલ વિદ્યાર્થી આશ્રમની શરૂઆત કરી. આશ્રમે અનેક દશીવીશી જોઈ છે. ભોંય ઉપર પડતા આશ્રમને અધરવેંત દયાળજીભાઈ એકલે હાથે પકડી લેતા અને બચાવતા. શરૂઆત પછી તરતજ આશ્રમની કમિટી ઉપર સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણજી વકીલ, સ્વ. કલ્યાણજી હરિભાઈ વકીલ, રા. કસનજી વકીલ તથા રા. પોપટભાઈ વકીલ વગેરે ગૃહસ્થો આવ્યા અને આશ્રમ કંઈક પગભર થવા લાગ્યો. પરંતુ ત્રણેક વરસમાં વિદ્યાર્થીઓની સંખ્યા એકદમ ખૂટી જવાથી તથા નાણાંની તંગીને લીધે કમિટીએ આશ્રમ બંધ કરવા વિચાર કર્યો. દયાળજીભાઈએ એ સામે વિરોધ કર્યો અને આશ્રમનો ભાર પાછો એમણે એકલાએ ઉપાડી

લીધો. ધીમે ધીમે જ્ઞાતિને ભાન થવા લાગ્યું કે એક નિઃસ્વાર્થી સેવકે પોતાની છાવણી સમાજની ભીતરમાં જમાવી છે. નાણાં માટે દયાળજીભાઈ હંમેશ રખડતા. વિદ્યાર્થીના વાલીઓને અને આખી જ્ઞાતિને આશ્રમની આવશ્યકતા સમજાવા લાગી. બરછટ, ઉચ્છૃંખલ વિદ્યાર્થીઓ પણ સારી સંખ્યામાં આશ્રમની રેફ્રમેંટરીનો લાભ લેવા લાગ્યા. તેઓ દયાળજીભાઈથી અંજાતા, ગભરાતા અને કેટલીક વાર એમની પાંચે આંગળીઓની મહોર પોતાને ગાલ કે બરડે દિવસો સુધી લઈને ફરતા. ૧૯૧૩માં આશ્રમને સ્વ. મોરારજી રાયજીની મિલકતમાંથી ઈષ્ટાપત્તિ થઈ અને પાટીદાર આશ્રમવાળા મકાનમાં તે ભાડે રાખી આશ્રમ ત્યાં ખસેડાયો. ૧૯૧૮માં હાલની મિલકત ખરીદાયા પછી ત્યાં આવ્યો. બ્રહ્મદેશ, મુંબઈ વગેરે સ્થળે દયાળજીભાઈ ભંડોળ માટે ફર્યા અને હાલના ત્રણ નવા બ્લૉકો, બર્મા ભવન, મુંબઈ ભવન, સામાન્ય ભવન તથા શિક્ષકો માટે બે નાના બંગલાઓ અને રા. ખંડુભાઈ નરોતમભાઈની પેઢી તથા કુટુંબ તરફથી મળેલાં નાણાંમાંથી તૈયાર થયેલું સ્વ. ભીમભાઈ ગોવિંદજી સ્મારક વ્યાયામ મંદિર વગેરે બંધાવ્યાં. રા. ભુલાભાઈ એડવોકેટ તરફથી કેટલાંક વરસ સુધી દવાદારૂ તથા માંદા વિદ્યાર્થીઓની માવજત માટે દર વરસે એક હજાર રૂપિયા મળતા રહેતા. એ પહેલાં હોમરૂલની ચળવળમાં ૧૯૧૬-૧૭માં દયાળજીભાઈએ ઝંપલાવેલું હતું. એમની જ્ઞાતિ સેવાના ઇતિહાસનો પહેલો વિભાગ આશ્રમ હાલના મકાનમાં આવ્યો તે અરસામાં પૂર્ણ થાય છે.

પછી આવ્યો રાષ્ટ્રીય જુવાળ. ઘોર નિદ્રામાંથી આખો દેશ જાગૃત થવા લાગ્યો. જાગૃત થઈ પાસું ફેરવતાં નવી ઉષાનાં કિરણો ચોતરફ ફેલાતાં આ દેશે જોયાં. એ અરુણોદયથી દયાળજીભાઈનું આખું હૃદય આચ્છાદિત થઈ ગયું. આ જૂનો આર્યાવર્ત કોઈ અમર સિદ્ધિને પામશે એવી સૌને પ્રતીતિ થઈ. દેશને અનુરૂપ, એના ધર્મ અને ઇતિહાસને અનુરૂપ, એની ભાવનાને અનુરૂપ સેનાની મળ્યો. પરદેશી કાપડની હોળીઓ ઠેરઠેર સળગી. હૃદયોમાં આઝાદીની તમન્ના સળગી દયાળજીભાઈએ તરત ઝંપલાવ્યું. સત્યાગ્રહમાં જોડાતાં જેલયાત્રાએ ગયા. ૧૯૨૦ પછીનાં બાર વરસમાં એક જાતનો ચક્રનેમિક્રમ એમના જીવનમાં દાખલ થયો. રાત દિવસ એકજ વાત; રેંટિયો, સ્વદેશી, આઝાદી; ગામેગામ પરિક્રમણ, સભાઓ, ભાષણો; છેવટે જેલના દરવાજા પાછળની કારમી નિવૃત્તિ, શારીરિક અસ્વસ્થતા અને દુઃખ. કોટ જેવી એમની કાયા ખંડેર બની ગઈ. ૧૯૩૧-૩૨થી એમને હૃદ્રોગ લાગુ પડયો.

એજ ગાળામાં જ્ઞાતિના સામાજિક ઉદ્ધારનું કાર્ય એમણે ખૂબ જોસમાં ઉપાડ્યું. પહેલી અનાવિલ પરિષદ ૧૯૧૧માં ભરાયેલી. સ્વ. રા. બ. ખંડુભાઈ ઈજનેર, શ્રી. ભુલાભાઈ, સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણજી વકીલ વગેરેના ઉત્સાહથી કાર્યની શરૂઆત સારી થયેલી. ૧૯૨૪ની ત્રીજી પરિષદ ડૉ. કુંવરજી ગોસાંઈભાઈ નાયકને પ્રમુખપદે નવસારીમાં મળી. ત્યાં બે પક્ષો પડ્યા. એ ઝેર અને પક્ષાપક્ષી પાછળથી ઓસરી ગયેલાં. ૧૯૨૭માં અમલસાડમાં પાંચમી પરિષદ મળી તેને પ્રમુખસ્થાને દયાળજીભાઈ હતા. એ ગાળામાં જ્ઞાતિબંધારણ માટે એમણે પારાવાર મહેનત કરી. છતાં હંમેશની અરાજકતા જ્ઞાતિમાં હજી પ્રવર્તે છે. ખરી જ્ઞાતિ! મનુષ્ય રામને નમે છે, રાવણને પણ નમે છે; યુધિષ્ઠિરથી આકર્ષણ પામે છે, દુર્યોધનથી પણ ચકિત બને છે. જ્ઞાતિમાં કેટલાંક સારાં લક્ષણો છે, તેથી ઘણાં વધારે નબળાં લક્ષણો છે. ખરાબ રિવાજો એટલી હદ સુધી જ્ઞાતિમાં

ઘર કરી બેઠા છે કે હજારો સ્ત્રીપુરુષોનું સમગ્ર જીવન એ રિવાજોથી નીપજતી લેણી દેણી અને ચર્ચામાં વ્યતીત થાય છે. એક કોયડાનું માથું ભાંગતાં તેમાંથી નવાં દશ માથાં જન્મે છે. નરક વાસનાં તમામ વર્ણનો આ જીવનને લાગુ પડે છે. ઘેરે ઘેર કન્યા પરણાવવાની હોય છે છતાં કન્યા લેતાં અનાવિલ વિચિત્ર નશામાં ચકચૂર બને છે. આ જ્ઞાતિથી વધારે કરુણ અને હાસ્યાસ્પદ વેવાઇ વેવાઇનો સંબંધ બીજે સ્થળે ભાગ્યેજ હોઈ શકે. મૂર્ખને જ્ઞાની કહેવો પડે, ઘાતકીને દયાળુ કહેવો પડે, તોછડાને વિનયી કહેવો પડે, લોભીને ઉદાર કહેવો પડે. શબ્દકોષના શબ્દોનાં ગળાં વિરુદ્ધ અર્થમાં વાપરી આ જ્ઞાતિ મરડી નાખે છે. પરણી આવેલી વહુ ઉપર સાસરામાં ગુજરતો જુલ્મ તથા વિધવાનું આખું જીવન શબ્દોમાં આલેખી શકાય એમ લાગતું નથી. જે જ્વાલાથી એ બળે છે તેની વરાળથી લોખંડ પીગળવું જોઈએ. ઘર ભાંગ્યાં છે, માગી માગીને લેનાર ગરીબ બન્યા છે, વ્યસની બન્યા છે; આપનાર પણ ભિખારી બન્યા છે; છતાં હંમેશની અરાજકતા જ્ઞાતિમાં હજી પ્રવર્તે છે. એમાં દયાળજીભાઈ હાર્યા. રાજકારણમાં પોતાનું સર્વસ્વ આપી એ જીત્યા; સત્યાગ્રહમાં સામી છાતીએ રહી જેલમાં ગયા એટલે એ જીત્યાજ ગણાય, કારણ તે સમગ્ર લડાઇ એક અથવા બીજા રૂપમાં હજી ચાલે છે. છતાં આ જ્ઞાતિના હૃદયમાં કોઈ દૈવી દયાર્દ્ર સુર હજી અથડાયો નથી, એથી એમને પણ ઘણીવાર લાગતું કે એ હાર્યા. જો કે તેથી અદમ્ય વાળી નિષ્ક્રિય બેસી રહેવાનું એમની પ્રકૃતિને પાલવે એમ ન હતું. એમની જ્ઞાતિ સેવાના ઇતિહાસનો બીજો વિભાગ અમલસાડ પરિષદના અરસામાં પૂર્ણ થાય છે.

૧૯૨૯માં અથાગ મહેનત કરી દયાળજીભાઈએ અનાવિલ જ્ઞાતિની કેળવણી પરિષદ બોલાવેલી. શ્રી. ભુલાભાઈ પ્રમુખસ્થાને આવવાના હતા. પાછળથી અનિવાર્ય કારણોને લઇને એ આવી શક્યા ન હતા. જ્ઞાતિને માટે કન્યા આશ્રમની આવશ્યકતા સૌને દેખાઇ; અને અનાવિલ વિદ્યાર્થી આશ્રમના પાછળના ભાગમાં આવેલા શિક્ષકોના એક બંગલામાં એ આશ્રમની શરૂઆત થઈ. કોઇએ દયાળજીભાઇ સમક્ષ શંકા ઉઠાવેલી કે વિદ્યાર્થી અને વિદ્યાર્થીની આશ્રમો એકજ સ્થળે ન હોવા જોઈએ. જવાબમાં એમણે કહેલું કે હું બેઠો છું, જરૂર પડશે તો એ બંને આશ્રમોના વચમાં સુરતના જૂના કોટ જેવી એક દીવાલ ચણાવી દઇશ. કેળવણી પરિષદના સભ્યો એકઠા કરવાનું કાર્ય મુંબઈમાં તેમજ સુરત જિલ્લામાં એમણે જાતે કરેલું અને બીજાઓ પાસે કરાવેલું. ઉદાસીનવૃત્તિ એમને ગમતી જ નહિ. પાંચમી અનાવિલ પરિષદ પછી જ્ઞાતિ આત્મોન્નતિનું કાર્ય વીસરતી જાય છે એ એમનાથી સહન નહિ થવાથી સુરત મુકામે ૧૯૪૦માં શ્રી. મહાદેવભાઇના પ્રમુખપદે એમણે છઠ્ઠી પરિષદ મેળવી. એ આખા આંદોલનના આત્મા દયાળજીભાઈ હતા. શ્રી. મહાદેવભાઇનો પ્રમુખપદના સ્વીકારનો તાર આવેલો ત્યારે એ હર્ષઘેલા થઈ ગયેલા. આખી પરિષદની ચળવળની પાછળ દયાળજીભાઇની એકજ દલીલ હતી કે જ્ઞાતિના સહૃદય માણસોએ વારંવાર મળવું જોઈએ, ચર્ચા કરવી જોઈએ. એમાંથી કોઈ પણ પ્રગતિની દિશા જડશે. કોઈ પણ જગ્યાએ એ જતા અથવા આશ્રમમાં કોઈ પણ મળવા આવતું તો એક આનો ફી ભરાવી પરિષદના નવા સભ્યો નોંધવાનું કાર્ય એ ભૂલતા નહિ. ૧૯૪૦-૪૧માં સાતમી પરિષદ બોલાવવા એમણે પ્રયત્ન આદર્યો, પરંતુ પ્રતિકૂળ વાતાવરણમાં એ પ્રયત્ન સફળ થયો નહિ. એમની જ્ઞાતિસેવાના ઇતિહાસનો ત્રીજો અને છેલ્લો વિભાગ આ અરસામાં પૂરો થાય છે.

રાષ્ટ્રીય કેળવણી મંડળવાળી જમીન જે અનાવિલ આશ્રમ અને પાટીદાર આશ્રમની વચમાં આવેલી છે તેને પહેલાં મેળવવામાં, પછી તેના એક ટ્રસ્ટી તરીકેની જવાબદારી ઓઢવામાં અને છેવટે એમના મૃત્યુ પહેલાં એ જમીન કોઈ જાહેર કાર્ય માટે હંમેશને માટે જળવાઈ રહે એ હેતુ સાધવા માટે એમણે ઘણી જહેમત ઉઠાવેલી. એ માટે તા. ૨-૧-૪૨ને દિવસે એ બારડોલી જઈ મહાત્માજી તથા સરદાર વલ્લભભાઈને મળેલા; પરંતુ એમની ધારણા પાર પડે એમ એમને લાગેલું નહિ. એ ઉપર એમને એક ઔદ્યોગિક શિક્ષણની સંસ્થા સ્થાપવાનો મનોરથ હતો. એ માટે પણ એ ઘણાયે કેળવણીકારોને મળ્યા હતા.

દયાળજીભાઈ જેટલા ઉદ્દામ જણાતા તેટલા જ ખામોશવાળા પણ હતા. પોતાને માટે તબિયત સ્વસ્થ હતી ત્યાં સુધી મહાસભાનો આખો કાર્યક્રમ, જેમાં કાનૂનભંગ આવી જાય છે, તે એમણે સ્વીકાર્યો હતો; પરંતુ સંસ્થા માટે મહાસભાનો રચનાત્મક કાર્યક્રમ પૂરતો છે એમ એ માનતા. ૧૯૩૨માં છેલ્લી વખતે એમને જેલયાત્રા જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે એમણે કોઈ કાયદાનો ભંગ નહોતો કર્યો; પરંતુ એમને પકડી ગયા પછી મહાસભાના નિયમ મુજબ એમણે કોઈપણ જાતનો પોતાનો બચાવ પણ નહોતો કર્યો. એ વખતે જેલમાં એમને બધો વખત દાક્તરી દેખરેખ નીચે જ રહેવું પડ્યું હતું. હૃદયરોગનો દુખાવો વારંવાર થઈ આવતો અને લોહીનું દબાણ અતિશય વધી જતું. છેવટે એજ હૃદયરોગ જીવલેણ નીવડ્યો.

દયાળજીભાઈના આશ્રમમાં દેશના ધુરંધર કાર્યકર્તાઓ આવીને રહેતા. કેટલીક વખત દેશના પ્રવાસે નીકળતાં તેઓ સુરતમાં એકાદ દિવસ આમ રહી જતા, અને કેટલીક વખત ઉનાળામાં થોડો સમય કોઈ કોઈ ગાળી જતા. બંગાળથી, જોડયા પ્રાંતોથી, પંજાબથી, મધ્ય પ્રાંતોમાંથી, દક્ષિણથી આવી રીતે મોંઘા મહેમાનો ઊતરી પડતા અને આશ્રમમાં ઘણીવાર ઉત્સુક લોકોની ઠઠ જામતી. દયાળજીભાઈ એઓ પાસેથી વિવિધ પ્રેરણાઓ મેળવતા અને બીજાઓને તેનું પાન કરાવતા.

દયાળજીભાઈનું વ્યક્તિત્વ વિરલ હતું. સ્વાર્થરહિત, ઈર્ષ્યારહિત, ભાવનાશીલ, સ્વમાની, આશાવાદી, શ્રદ્ધાશીલ, પ્રેમશૌર્યથી અંકિત એવું એ વ્યક્તિત્વ સામા મનુષ્યના મનમાં સદ્ભાવને પ્રેરતું એકંદરે જોતાં જણાશે કે જેઓ જોતજોતામાં સ્વરાજ મેળવી શકાશે એવી આશાને સેવતા તેઓએ સત્યાગ્રહની લડતમાં તુરત ઝંપલાવ્યું. ગણત્રીબાજો, ભયગ્રસ્તો, નિરાશાવાદીઓ સત્યાગ્રહથી વેગળા રહ્યા છે. સત્યાગ્રહીની આશાનાં તમે જરાસંધ માફક બે ફાડચાં કરી નાખો તો પણ પાછાં એ જોડાઈ જવાનાં. એની આશા અમર રહેવાની. દયાળજીભાઈ એવી આશા સેવતા એટલું જ નહિ, બીજાઓને પણ દૂર ક્ષિતિજમાં કોઈ મેઘધનુષની ઝાંખી કરાવતા અને ભાવનાના રંગથી તેમને રંગતા. મૃતપ્રાય હાડમાં પ્રાણ ફૂંકતા. પ્રભુ અને પુરુષાર્થમાં એ માનતા. ધર્મમાં આસ્થા રાખતા; અર્થને તરછોડતા; કામને બત્રીસ વરસની યુવાન વયે એમણે ભસ્મ કર્યો; એવા પુણ્યશ્લોક મનુષ્યને મોક્ષ પણ સુલભ હોવો જોઈએ.

આખી જ્ઞાતિને દયાળજીભાઈ ઓળખતા. કોઈ કુટુંબ એવું ન હોય કે જે એમના માનસિક જ્ઞાતિકોષમાં ન આવી ગયું હોય. આશ્રમના બધા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, તેમના બીજા

સંબંધીઓ તમામ સાથે એ પરિચય સાધતા. વિદ્યાર્થીઓ સુખદુઃખની વાતો એમને કરતા. તેઓની તમામ ખાસિયતોથી એ વાકેફગાર રહેતા. વિદ્યાર્થીઓ સાથે સામ, દામ, ભેદ, દંડની રીતો પૈકી ઘણીવાર સામની, કોઈકવાર દંડની રીતો એ અજમાવતા; દામ એમની પાસે હતો જ નહિ; ભેદને એ વર્જ્ય ગણતા. વિદ્યાર્થીઓ સમક્ષ પોતાનું હૃદય પણ ઠાલવતા. એમના અવાજમાં જ સ્ત્રી કરતાં પુરુષની ભાવના વિશેષ હોવાથી એમનાથી વિદ્યાર્થીઓ અંજાતા, છતાં તેઓ એટલું પણ જાણતા કે તેમને માટે જરૂર પડે જીવ આપવા પણ તૈયાર થાય એવા તે હતા.

અસ્વસ્થ શરીરે પણ દિવસમાં એક વાર આશ્રમમાં બધે ફરી વળતા. વિદ્યાર્થીઓ શું કરે છે, ભાંગફોડ શી થઈ છે, રસોડામાં શાકભાજી આજે શું છે, ફલાણો નોકર આજે કેમ દેખાતો નથી, ગાય વાછરડાંને પાણી પવાયું છે કે નહિ, ગૌશાળા, લાઈબ્રેરી, શિક્ષકગૃહો વગેરે બધી દૈનિક કામગીરી એ જોઈ લેતા. નવી જરૂરિયાતો નક્કી કરી તે મેળવવાના પ્રયત્ન શરૂ કરી દેતા. આશ્રમની અગત્યની કાર્યવાહી મેનેજીંગ કમિટી સમક્ષ જતી. એ સઘળી કાર્યવાહી પરત્વે વિચાર મંથન કરી કઈ દિશા તરફ જવું યોગ્ય છે તેનું રેખાચિત્ર પણ એ દોરી રાખતા.

દયાળજીભાઈ જે જે ક્ષેત્રમાં, વર્ગમાં, સમૂહમાં પડયા ત્યાંનું વાતાવરણ ચોખ્ખું, નિર્લેપી, નિર્લોભી બનાવવામાં એમનો ફાળો મોટો હતો. સમાજ સુધારણામાં, કેળવણી, રાજકારણ, સુધરાઈ જ્યાં જ્યાં એમણે પ્રવૃત્તિ આદરી ત્યાં દ્વેષભાવ, નજીવા કજીયા, સ્વાર્થલોલુપતા વગેરેથી એ દૂર રહેતા; અને જ્યાં જ્યાં એમની હાજરી હતી ત્યાં ત્યાં પ્રજાનો વિશ્વાસ પણ બેસતો. જાહેર કાર્યમાં જરૂર પડતાં પોતાની માતુશ્રીનો પૈસો પણ એ હોમી દેતા. એમનું શરીર ભાંગ્યું અને છેલ્લાં દશ વર્ષ એમણે વાનપ્રસ્થ જેમ ગાળ્યાં. એક વાનપ્રસ્થીઓનો આશ્રમ પણ સ્થાપવા એમણે વિચાર કરેલો; છતાં સંસારની ગલીકુંચી છોડી એમના એ રાજમાર્ગે એમની સાથે જવા કોઈ તૈયાર ન હતું.

છેવટે સેનાનીઓના સેનાનીએ એમને તેડું મોકલ્યું. ૧૯૪૨ના જાન્યુઆરીની ચોથી તારીખ આવી. રાતે આઠ સાડાઆઠ સુધી એમણે રેડીઓ સાંભળ્યો. એકાએક હૃદયમાં દુખાવો શરૂ થયો. અનેક વાર એમ થતું, એટલે આ હુમલો પણ એવોજ છે એમ એમણે શરૂઆતમાં માની લીધું. માજી પાસે, વિદ્યાર્થીઓ પાસે, સ્નેહીઓ પાસે એવે વખતે છાતીએ હાથ ફેરવાવતા. કેટલીક અજમાવેલી દવાઓ તૈયાર રાખતા. એ બધા ઉપચારો થયા. રાતના બાર વાગ્યા પણ દુશ્મન જરા હઠયો નહિ. દાક્તર આવ્યા. ઇન્જેકશન લેવા એમણે ના પાડી. હૃદયરોગમાં બીજા ઉપાયો પણ જણાતા નથી. બીજા એક સ્નેહી ભાઈને બોલાવ્યા. તે ઉપરથી એટલું ચોક્કસ છે કે આ વખતનો રોગનો ધસારો મોટો છે એવું એમને ત્યારે લાગ્યું. એ રોગમાં સુવાય નહિ, આડું પડાય નહિ, માત્ર બેસી રહેવું પડે. પાછળ મોટા બે ત્રણ તકિયા એમને અંઢેલવા માટે મૂકી રાખ્યા હતા, પણ એ બેઠા હતા માળનું ભોંયતળિયું જે પાટિયાનું છે તેના ઉપરજ. દુઃખની જગ્યાએ શેક અને રાઈની પોટીસ અવારનવાર ચાલતાં. છાતી અને બરડાની ચામડી બળીને લાલચોળ થઈ ગઈ હતી, પરંતુ એમણે વધુ અને વધુ શેકની માગણી કર્યા કીધી. કમને અફીણનું ઇન્જેકશન પણ લીધું. છાતીએ હાથ ફેરવનારને કહેતા, 'હરિહર' બોલતા જાઓ તો અસર સારી થશે અને દુઃખ ઘટશે. પછીથી ઇન્જેકશનનું ઘેન લાગવા માંડ્યું. પૂછયાનો તરત જવાબ મળતો. ઊલટી એક પછી એક થયા કરતી. મધરાત પછી એક, બે, ત્રણ, ચાર, પાંચ કલાકો કેવી રીતે પસાર

થઈ ગયા એ સમજાતું પણ નથી. ડાક્તરે કહેલુંજ કે આ હુમલો ભારી છે. પાટિયા ઉપરથ સોમવાર તા. ૫ની સવારે નવ વાગે એમને ખસેડી પથારી ઉપર બેસાડ્યા. ખપપૂરતી વાતચીત કર્યાજ કરતા. દુઃખ નહિ જેવું ઓછું લાગ્યું, પણ ઘેન તેવું ને તેવુંજ રહ્યું. બપોરે ત્રણ વાગે ત્રણ ડાક્તરો સમક્ષ રોગનો ઇતિહાસ કહેવો એમણે શરૂ કર્યો. એ વખતે ઘેન નહિ જેવુંજ હતું ૧૯૩૦ના અરસામાં રોગની શરૂઆત થઈ ત્યાંથી એમણે વર્ણન શરૂ કર્યું, અને ૧૯૩૬ સુધ આવ્યા. ત્રણ ઉપર દશ મિનિટ આશરે થઇ હશે અને વાત કરતાં કરતાંજ બેઠેલા હતા તે ઢળ પડ્યા, મોંએ થોડું ફીણ આવ્યું, અને એનો જીવનદીપ છેલ્લા ઝબકારાની ત્વરાથી હોલવાયો માજીએ કલ્પાંત કર્યું, વિદ્યાર્થીઓ વિહ્વળ બન્યા, સ્નેહીઓ સ્તબ્ધ થયા અને ગદ્‌ગદિત બન્યા. આશ્રમનો આત્મા ગયો.

વિદ્યાર્થીઓની લાગણી મૌનપણે અંતિમ ભાવો દાખવતી કંઇક પ્રવૃત્તિમાં પરિણમી. પોતાન 'ભાઈ'ના, બધાના 'ભાઈ'ના જીવતા જેવા દેખાતા મૃત દેહને સ્નાન કરાવ્યું, બહારના ખંડમ સુવડાવ્યા. 'ભાઈ'એ અને માજીએ કાંતેલા સુતરના હારો પહેરાવ્યા. એમની છેલ્લી શય્યાને ફૂલોથી ઢાંકી દીધી. માજીને માટે ઉપયોગમાં લેવાશે એ હેતુથી પુત્રે જે સુખડનું લાકડું એકઠું કરેલું તે આ જીવનભર યુવાન ઊર્મિઓ સાથે ખેલતા પુત્ર માટે સ્મશાને લેવાયું. બીજા સ્નેહીઓ આવ્યા, જ્ઞાતિજનો આવ્યા, મહાસભાના કાર્યકરો આવ્યા. સ્મશાનયાત્રા આશ્રમમાંથી કોટેકોટ સગરામપરે જઈ ત્યાંથી કોટસફીલ, સ્ટેશન રોડ થઈ અશ્વિનીકુમાર તરફ વળી. વિદ્યાર્થીઓએ ભજન ગવડાવ્યાં, બીજાઓએ તે ઝીલ્યાં. દયાનો નિધિ દયાળજીભાઈ માટે પોતાનું મંગલ મંદિ ખોલતો હતો; એ આત્માના સ્વાગત માટે કાંઈક તૈયારી કરતો હતો. સૂરતને લાગ્યું કે એને સિંહ સૂતો; માનવસમૂહને એ ખોટ સાલતી હતી; તો પણ ત્રિભુવનસ્વામીના વિશાળ હૃદયમ આ પુણ્યાત્માના આગમનથી કંઈક આનંદની લહરી છવાઈ રહી. એ વીરલા આત્માને આપણ કોટિ કોટિ વંદન હો.



અનાવિલ વિદ્યાર્થી આશ્રમ

મધ્યસ્થ જૂનું મકાન. (ઝાડ પાછળ રસોડું અને ભોજનગૃહ), મુંબઈ ભવન અને બરમા ભવન

વિભાગ બીજો

સેવામય જીવન

સ્વ. દયાળજીભાઈને

(નાનુભાઈ છોટુભાઈ દેસાઈ, બી. એ., પરૂજણ)

"જો માનવી માનવ થાય તો ઘણું."—સુન્દરમ્

(મિશ્ર)

શક્તિ નહિ બુદ્ધ, ઈશુની, ગાંધીની મળી તમોને અહીં મુજ જ્ઞાતિમાં
હૈયાં વિહોણાં, નિજદર્દરોતલ; મનુષ્ય ટોળું અહીંયાં ધપન્ત
વેરાનમાં વ્હોરી પીડા સ્વમેળે બળ્યા કરે અન્તરમાં સ્વદર્દે;
ગણી કટુતા અહીં વાસ્તવોમાં ઝૂકી શકે ના ડરપોક જીવને,
વળી ધપન્તા કહીં તે ન જાણે હેતુ વિના ફોગટ તીર મારે
હમે અહીં ક્લાન્ત દ્વિગુણ થાકે ખોટા ચગી દમ્ભતણા તુરંગો
ધપી રહ્યા તિમિરમાં ઊંડાણે, પળે પળે મૂર્ચ્છન પ્રાણવેદના
દોડયા કરે ગાડરિયો પ્રવાહ; જૂઠી પ્રીતિ, રૂઢિ; સમાજ ક્રૂર;
આજે ફુટયું તે ઊઘડે નહિ ત્યાં તેને નશીએ કરમાવવાનું
દુઃખો તણા વાદળમાંહી જેમ દામિની આવીને વિલીન થાય,
ઉષા ઝબૂકે ઝબૂકે નહિ ત્યાં ભાનુતણાં ભર્ગ ગળી જ જાય.
ને સ્વાર્થથી કો પડતાં દુઃખીને લગાવતા કેસ પ્રપંચી ક્રૂર,
કશુંય ના આંહી મરી મૂકી જતા.
મારા સમાજે મનુવેદનામાં દ્વેષે, મજાકે, દ્રઢ અંધ આગ્રહે
સહી સદાયે અપમાનઘાઓ ગુલામશાં જીવન જીવી છે રહ્યાં
ચૂસાય છે આત્મનું હીર નિત્ય મારી સદા મૃત્યુપછાડ નાગના
સમી, ય તેરે મૂઢ છાતી ફૂલવી.
                                        મારા સમાજે જનના થરે હજી
ના જાગૃતિ, નિત્ય સમાજ વેદના, પોલા રિવાજો, રૂઢિ ક્રૂર દંશી
સદા ભરે આસુરી બાચકાંઓ.
જીવે મરીને નહિ, ના મરી જીવે; હતાશ નૈને નહિ ધ્યેય ભાળતાં.
કો સ્થાપતા ધર્મ અધર્મ તિમિરે
શક્તિ નરે સાંપડી કૃષ્ણવીરની બની જઇ સારથિ પાંડુપુત્રના
બચાવવાને અહીં ધર્મયુદ્ધ આજીર્ણની સૌરજ ધૂળ ભેળવા
જરૂર જ્યાં ક્રાંતિ કરી શક્યા ન ત્યાં, કિન્તુ હતું જે ઉર સ્નેહ સીંચ્યું
પાથેય તે તો નહિ એકનું હતું. જીવ્યા હતા તેય ન એક માટે;

ભલે રચ્યા ના અહીં મંત્રજીવને ગાતું કરે જે જગજીભ મૃત્યુથી
તમારી કીર્તિ પણ શોક ના જરી તમે બજાવી અહીં ફર્જ નિજની;
મનુષ્યની, કે ગૃહના દીવા બની થોડોક તો ખંડ ઝગાવી મૂક્યો
સમાજમાં જ્યાં બહુ હોલવે સ્વને,

તમે ઉરે એક જ ભેખધારી
પ્રભુ દીધા સ્નેહની પ્યાસ જાગી ને ઉરમાં કો પરમાણુ પ્રેમે
સદાય સીંચ્યા કરતો અમીના કુસુમશા કોમળ બિન્દુ નિર્મળ.
પ્રભુતણા શ્રહેર વિષે હવે ગયા પી પી સદા ધ્યેય તણી જ પ્રેરણા
છીપાવતા તર્સ સદાય કાર્યથી જેને નહિ જીવન થાક લાગ્યો
જીવાય શેં આ કટુ વાસ્તવોમાં એવું વધા ના, કટુતા મટાડવા
ઉત્સાહથી સાધી રહ્યા વિકાસને.

એ નિર્મોહી અનંતમાં વિહરતા આત્મા તમોને નમું!
કર્તવ્યે ભૂલી ભાન દમ્ભ જગના દ્વેષો કટુ સંકુલ.
જે પુષ્પ ખીલી પમરાટ દે છે ખીલ્યું તહીં સુધી, હવે વિલાતાં
અનંતમાં સુરભિ એ ભરે છે તેના અહીં રૂદન હોય શાનાં!
ખીલીને પૂર્ણ આયુષ્યે આજે એ કરમાય છે
પુણ્ય એ આયુષ્યની યાત્રે પુણ્યવારિ ભરી ઉરે
સેવાનું, શિશુની તૃષા છીપાવા પર્બ આશ્રમે
માંડી નિત્ય પાયાં'તાં વારિ સત્ય લીધો પથ.
ને મૃત્યુ તે તો અહીં સર્વને શીરે બજાવતું કાળતણાં નગારાં
મૃત્યુ અહીં ધન્ય જ તેહનું જે પામે ન મૃત્યુ અહીં આત્મથી રહી
મરેલ, મૃત્યુ પહેલાં જ જીવને, મરેલ આત્મા લઈ દુઃખ ગાઈને
રહી નિઃસત્ત્વી નિરુપાય, રોતલઃ
સેવાનો ભેખ ધારીને, પોષ્યો પુણ્ય પરાગ જ
માયાને, દમ્ભ ત્યાગીને જીવ્યા ઉન્નત જીવન.
સંસારમાંહી રહીને વિરક્ત સંસારના દૂષણ ધોઈ દેવા
જેને ઊઠી આરજૂ પ્રેરણાઓ સમર્પવાને નિજમાં ભર્યું જે
તેવા પ્રભુના શિશુને નમું નમું. જે જગ્તગુરુ બનીને દુઃખોને
સહી સહી જગ્ત દુઃખો ધૂપે સદા થોડાકનાં કે વધુનાં તહીંના
છે ભેદ; છે ભેદ જ પુણ્ય ફર્જઃ ને પાપ અકર્તવ્ય તણોય દમ્ભનો,
વિરાટમાં વિહરતા પ્રવીર
કર્તવ્યથી મેળવ્યું બ્રહ્મજગ્ત
નમું તમોને હજુયે નમું નમું,
કે, વીર જાગે મુજ જ્ઞાતિમાં ઘણા તમો સરીખા સુખ શાંતિ સ્થાપવા.

(મેથ્યુ આરનોલ્ડના કાવ્યોથી સૂચિત)

'ભાઈ'

(શ્રી. લલિતા દેસાઈ)

ડિસેમ્બર માસના આખરી દિવસોમાં મારે બહારગામ રહેવાનું થયેલું. આત્માને જાણે કોઈ ભાવી બનાવની આગાહી થતી હોય તેમ તે વખતે મનમાં એમજ ઊઠયા કરે, સુરત જાઉં, ક્યારે જાઉં, વહેલામાં વહેલી તકે આશ્રમમાં જઈ પૂ. ભાઈને મળું. આખું દૃશ્ય ખડું થાય. પ્રશાંત મુખમુદ્રાવાળા, ઓજસમૂર્તિ, દૃઢતા, અડગતા દંડરૂપે રહેલી હોય તેવા દંડધારી, ત્યાગની, સાચા ત્યાગની કફની ધરનાર ભાઈ ધીમે પગલે આશ્રમના ચોગાનમાં ફરતા જોવામાં આવતા હોય એવું મનનું લક્ષ્ય બની ગયું; એવામાંજ પત્રદ્વારા ખબર પડી કે પૂ. ભાઈ પરમગતિને પામ્યા. મૃત્યુથી અમર બનેલા એ યોગીને માટે બે અશ્રુબિંદુ ટપકી પડ્યાં.

પૂ. ભાઈ અને મારા સ્વ. પિતાજી સમોવડીઆ. પિછાણવાળા વધારે તો નહિ, પણ "આશ્રમવાળા દયાળજીભાઈ" એ રીતે હું પણ પિછાણતી. પણ એમના સંસર્ગનો લાભ મળેલો નહિ. મારા પૂ. પિતાશ્રીના સંબંધી તરીકે તો એમને હું કાકા કહું તો ચાલે. પણ મને મૂળથી ભાઈબેન વચ્ચે રહેલા દિવ્યસંબંધ પર વિશેષ વ્હાલ, આદર, એટલે આશ્રમવાસીઓની માફક હું 'ભાઈ'જ કહેતી.

પહેલાં એક બે વાર ભાઈને મળવાનો પ્રસંગ આવેલો પણ આજથી ત્રણેક વર્ષ પહેલાં મારે એમને મળવામાં એક બનાવ કારણભૂત બન્યો અને તેજ પ્રસંગથી મારે એ ભાવના ભરેલા 'ભાઈ'ના સંસર્ગમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. મારે મારાં એક સંબંધીને માટે એક સમાચાર પત્ર બે ચાર માસ આગળનાની જરૂર પડી. હવે એ જૂના પેપરને એટલી કાળજીથી સંગ્રહનાર કોણ મળી આવે? મને આંતરિક પ્રેરણા થઈ અને હું ભાઈ પાસે ગઈ. ત્યાંથી મને એ પત્ર મળ્યું. એ પત્રની જરૂરિયાત વિષે જાણવા માગતાં મેં એ વ્યક્તિની શિક્ષણવિષયક જરૂરિયાતનો ખુલાસો કર્યો. ત્યારથી એમણે ન્યાત, જાત, સ્ત્રી કે પુરુષના ભેદ વિના તેનામાં એટલો બધો રસ લીધો અને આર્થિક મદદ આપવાની હદ સુધી પણ ગયા. મને એમની એ માનવતા, એ દયાર્દ્રતાએ ગરકાવ કરી નાખી અને છેવટ સુધી પણ એ બાબતમાં રસ લેતા જ રહ્યા.

એમની સેવાનું લક્ષ્ય સર્વતોમુખી અને વિશાળ હતું. માત્ર સેવાના મોટાં કાર્યને વિચારનાર જ નહિ પણ નાની અને નજીવી છતાં પણ ભયંકર અસર પાડનાર વસ્તુ પર પણ એ ખ્યાલ રાખવા, નિવારવા ચૂક્યા ન હતા. તેનો આ એક દાખલો ટાંકવો જરૂરી છે. સગરામપુરાથી અઠવા ગેટ સુધી જવાના રસ્તા પર કોટ આવેલો છે. ખાસ કરીને વિદ્યાર્થીવર્ગ-બીજાઓ પણ હશે-આપણા વિકૃત થયેલા, અધોગતિની પરાકાષ્ટાએ પહોંચેલા માનસનું પ્રદર્શન કરાવનારા બિભત્સ શબ્દોથી આખો કોટ રંગી મૂકતા. ઘણાએ આ જોયું હશે, વાંચી નાખ્યું હશે, ચીડાયા હશે, પણ એ સિવાય એક પગલું આગળ મૂકવાની તસ્દી કોઈએ લેવાનો વિચાર સરખો કર્યો નહિ હોય. પૂ. ભાઈએ ચૂનાની ડોલ સાથે ફરી આખા લાંબા કોટ પરથી એ શબ્દો ભૂસાવી નાખ્યા.

એમના પરિચય પછીની આ વાતો તો છે પણ પ્રથમ પરિચયે જે પ્રભાવ મારા પર પડેલો, એમને માટે જે માનની લાગણી ઉદ્ભવેલી તે ક્ષણજીવી ન રહેતાં ઉત્તરોત્તર વધતી જ ગઈ એનું કારણ તે માત્ર એમના આચારની પારદર્શકતા. અને આ રીતે અમારો ટુંકો સંબંધ વધારે ગાઢ બનતો ગયો.

એક રાષ્ટ્રસેવક, સમાજસેવક અને લોકસેવક તરીકે એમની સેવાની અનોખી ભાત પડી છે. સેવા માટે એમણે તન, મન, ધન સર્વસ્વ અર્પણ કર્યું અને છેવટ સુધી એ કાર્યમાં અવિરત શ્રમ લઈ મંડ્યા જ રહ્યા. એમના શાંતિભર્યા મનોરાજ્યમાં કંઈને કંઈ નવી યોજનાઓ ઘડાતી જ રહેતી. જ્યારે મળીએ ત્યારે કંઈ નવું ને નવું જ જાણવાનું મળતું. એમને પોતાના કાર્યમાં એટલી બધી શ્રદ્ધા, આશા રહેતી કે જેનો છેડો જ નહિ નિરાશા એ શબ્દને તો ભાઈની પ્રવૃત્તિમાંથી કાયમ હદપારી જ મળેલી, એટલું જ નહિ પણ એમનો ઉત્સાહ એક યુવાનને શરમાવે એવો. એનો વેગ એટલો બળવત્તર કે જે કોઈ પણ નિદ્રિત મનને જાગૃત બનાવી સક્રિય બનાવી દે. કોઈવાર આપણે મોઢેથી નિરાશાભર્યાં શબ્દો સાંભળે તો કહેતા, આપણે એક કાર્યમાં માનનાર ચાર કે તેમાંથી મટીને એક વ્યક્તિ રહીશું ત્યાં સુધી કાર્યની સફળતા જ છે. એમને જ્ઞાતિજનોનો એક બીજાનો સંપર્ક સધાય તેના બહુ જ કોડ હતા, તે માટે વર્ષમાં એકવાર બધાને આશ્રમમાં આવવા નોતરતા, પણ એ સેવાના ભેખધારીની ઘટતી બૂજ અનાવિલ કોમે નહિ કરી; જો કે એમની સેવા, એમની યોજના તો અમર જ રહેવાની છે, એટલી જ ઉપયોગી નીવડવાની છે.

રજાનો દિવસ હોય ત્યારે જેમ કોઈ દેવમંદિર જવાને ભક્તજન આતુર હોય તેમ 'ભાઈ'ના સત્સંગમાં જવાની સહજ ઇચ્છા થતી, પણ ભાઈ એટલા બધા નિયમશીલ, સ્પષ્ટવક્તા કે સોંપેલું કામ ન થયું હોય તો જવાની હિમ્મત જ થતી નહિ. બીક રહેતી કે શો જવાબ દઈશ. અને જ્યારે જતી ત્યારે એ વાત હું એમને કહી દેતી. ભાઈ હસી કહેતા કેમ, મળવા આવવું એ પણ એક કામ જ છે ને! એમના પ્રભાવથી અમુક કામ નિયમિત સમયમાં કરવાનો ગુણ કેળવવાનો લાભ પણ મળતો.

નાનું બાળક માતા પ્રત્યે અનન્ય પ્રેમ રાખે એ તો સ્વાભાવિક છે પણ ઉમ્મરે પહોંચેલા ભાઈ એમના વૃદ્ધ માતા જોડે બોલતા ત્યારે જાણે એક નાના બાળકનો પ્રેમ નીતરતો દેખાતો અને વિચારોમાં યુવાન એ ચારિત્ર્યશીલ પુત્રના નવા અને જમાનો વટાવી ગયેલાં વૃદ્ધમાતાના સાદા વિચારોનું સંમિશ્રણ જરા પણ વિસંવાદ વિનાનું કે જોતાં કોઈને પણ તાજુબી થાય વિના રહે નહિ.

આજે ભાઈ ચાલ્યા ગયા છે. પણ એમની પાસેથી મળેલું બળ તો જીવનના સંધ્યા આરે પણ ઉપયોગમાં આવવાનું છે. એ મહાન તપસ્વી નરવીરનો સંપર્ક સાધવાનું સદ્ભાગ્ય પાંપણને પલકારે ચાલ્યું ગયું. સમાજમાંથી વિલીન થયેલ વિરલ વિભૂતિને મારાં કોટિ વંદન હજો.



ચાળીસ હજારમાં પહેલા

(શ્રી. મણિભાઈ અંબેલાલ દેસાઈ)

સ્વર્ગવાસી ભાઈશ્રી દયાળજીના સંબંધમાં મારાં સંસ્મરણો લખી મોકલવાની માગણી શ્રીયુત કાલીદાસભાઈ તથા અન્ય સ્નેહીઓ તરફથી થયાથી મારે તે સંસ્મરણો લખી મોકલવાનો ધર્મ પ્રાપ્ત થાય છે.

એમના પિતા અને મારા વિદ્યમાન પિતા, પરસ્પર મામા ફોઈના પુત્રો થાય. એટલે હમારી બંનેની વચ્ચે સગપણનો સંબંધ હતો; પણ તે ઉપરાંત પરસ્પરના આકર્ષણથી અમારો સંબંધ વધુ ગાઢ બન્યો હતો. એજ સંબંધથી આકર્ષાઈ ને ભાઈ દલુભાઇની ખાસ ઇચ્છાથી સને ૧૯૨૮ના ઑગસ્ટથી તે ૧૯૩૦ના ઑગસ્ટના આરંભ સુધી આશ્રમવાસી વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથા ધોરણથી તે પ્રિવિયસ આર્ટસ તેમજ ઇન્ટર આર્ટસના સંસ્કૃત વિષયમાં મેં સ્વેચ્છાથી મદદ કરી હતી; અને ફરીથી પણ સને ૧૯૪૦ના જાનેવારીથી લગભગ બે માસ સુધી એજ પ્રકારનું કામ મેં આશ્રમમાં કર્યું હતું.

પિતાના અકાળ સ્વર્ગવાસ પછી સાંસારિક નિકૃષ્ટ દશામાં પણ એમણે કષ્ટો સહન કરીને મેટ્રિક સુધી વિદ્યાનું સંપાદન કર્યું હતું. અને પોતે અલ્પ સમયના વિદ્યાભ્યાસ પછી અને તે પહેલાં પણ આર્થિક પરિસ્થિતિની યોગ્ય સિદ્ધિ માટે સ્વર્ગસ્થ કલેકટર શ્રીયુત કાબરાજીની સાથે કોંકણ પ્રાન્તના જિલ્લામાં ટયુશન આપવા સારૂ એમને થોડોક સમય ગાળવો પડયો હતો. એવા કસોટીના સમયમાં પણ એમણે પોતાની પ્રતિભા, પોતાના સંસર્ગમાં આવનાર પ્રત્યેક મહાન વા સામાન્ય વ્યક્તિ પર અદ્‌ભુત રીતે પાડી હતી.

પોતે પ્રથમ (જન્મભૂમિ) વેસ્મા ગામમાં આંગ્લ – ગુજરાતી શાળામાં અધ્યાપનકાર્ય કર્યું હતું. ત્યાર પછી રેલ્વેખાતામાં એમણે કારકુન તરીકે સરકારી નોકરી સ્વીકારી હતી. અને છેવટે સુરતમાં ખેતીવાડી ખાતાની નોકરીમાં ભાઈ દલુભાઈ સ્થિરતા પામ્યા હતા. અને પોતાની પત્નીના સ્વર્ગવાસ પછી તે ખાતામાંથી પણ રાજીનામું આપી દીધું હતું. આ સમય દરમ્યાનમાં સુરતમાં નોકરી લીધા પછી, એમને પોતાના વિદ્યાભ્યાસમાં જે જે દુઃખો જાતે સહન કરવાં પડ્યાં હતાં તેવાં દુઃખો બીજા જ્ઞાતિના વિદ્યાર્થીઓને જેમ બને તેમ ઓછાં સહન કરવાં પડે એ જ માત્ર હેતુથી પ્રેરાઈ ને એમણે પોતાનું સર્વસ્વ ગરીબ વિદ્યાર્થીઓને આશ્રય આપવામાં જ માત્ર સમર્પ્યું હતું.

વિદ્યાભ્યાસમાં ગરીબ માબાપના બાળકોને સર્વ રીતે બની શકતો આશ્રય આપવો, એ એક પ્રકારે એમના જીવનની પ્રથમ ધ્યેય સિદ્ધિ હતી. અને એ ધ્યેય સિદ્ધિ કેવી રીતે પાર પડી એ વાત તો માત્ર અનાવિલ જ્ઞાતિને માટે જ નહીં, પરંતુ બીજી સમૃદ્ધિમાન્ જ્ઞાતિને માટે પણ સ્પર્ધાપ્રેરક દૃષ્ટાંતરૂપ વાત બની છે, એ સત્ય સર્વ વિદિત છે. આજ કારણસર વિદ્યાદાનનો માર્ગ એમની અન્ય કાર્યસિદ્ધિઓમાં અગ્રસ્થાન ભોગવે છે.

ભાઈ દલુભાઈ ને વિદ્યાર્થી વર્ગ પ્રત્યે અસામાન્ય પ્રેમ હતો અને તે પ્રેમ એટલો તો શુદ્ધ ભાવ પ્રેરિત હતો કે ભાઈ દલુભાઈ તો શું પણ એમના પૂજ્ય ગંગા સ્વરૂપ માજી પણ ગમે તેવા સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓને ગમે તેવી માંદગીમાં પણ સર્વ પ્રકારની શારીરિક તેમજ આર્થિક સેવા આપવામાં જરા પણ ન્યૂનતા રાખતાં નહીં. અક્ષરસઃ પોતાનાં સંતાનના જ જેવું વર્તન

તેમના તરફ રાખતાં હતાં. પોતાના આશ્રિત વિદ્યાર્થીઓ ઉપર એમનો, પ્રેમની સાથે તીવ્ર અંકુશ પણ હતો. સરળ અને સાદાં જીવનમાં પ્રતિભામય વિચાર શક્તિ વિકસાવવી, એ એમના જીવનનો અપ્રતિહત નિયમ હતો. જે જે સંયમ અને શિષ્ટતા પોતે પોતાના જીવનમાં એમણે વણી લીધી હતી, તેવાં ઉચ્ચ જીવનની અપેક્ષા, પોતાના વિદ્યાર્થીઓ પાસેથી પણ એ ભાઈ રાખતા હતા. છતાં પણ બાલસ્વભાવના સર્વ પ્રકારો, પોતાના પ્રત્યે કેવી રીતે આકર્ષાતા રહે, એ કળા એમનામાં જાણે પ્રકૃતિસિદ્ધજ બની રહી હતી. તેમ જ બાલસ્વભાવ પ્રેરિત શુભ વા અશુભ શંકાઓથી ગ્રસ્ત થયેલા વિદ્યાર્થીઓના મનનું શી રીતે સમાધાન કરવું, એ યુક્તિ પણ એમને હસ્તગત જ થઈ રહી હતી.

રાજકારણ પણ એમને માટે વિદ્યાદાનના વિષયથી પણ કંઈક વિશેષપણે (આવેશરૂપ) Passion રૂપ થઈ રહ્યું હતું. એ સંબંધમાં માત્ર એટલું જ કહેવું પર્યાપ્ત છે કે ૧૯૦૭ની સૂરતની કૉંગ્રેસ સમયે તેમજ ત્યાર પછીના સર્વ સમયને માટે સૂરત જિલ્લામાં રાજકારણની પ્રાણ પ્રતિષ્ઠા કરનાર સ્વ૦ ભાઈ દલુભાઈ પ્રથમ પંક્તિએ આવે છે. અને એમનામાં સિંહના જેવી ગર્જના કરવાની શક્તિ પણ હતી. અને એવા આવેશમય સમયમાં બાળકોના અને યુવાન વર્ગના તો એઓ સરદાર જ બનતા હતા. અને હરહંમેશ તેઓ એમના આદેશને અનુસરતા હતા. તેમજ પ્રસંગવશાત્ ઘણી વખત તો નિર્ભય સ્વભાવના વિચારશીલ વૃદ્ધો પણ ભાઈ દલુભાઈના ધ્યેયને અનુસરતા હતા. રાજકારણ સંબંધના વિચારોને લીધે એમણે જેલજાત્રા પણ અનુભવી હતી.

યોગ સાધના તેમજ અધ્યાત્મ વિષયમાં પણ એમનું મન સર્વકાળ ચિન્તનમય બની રહેતું. સને ૧૯૦૫ અને તેની પૂર્વેના સમયમાં સૂરતમાં સ્વામી નિર્વિકલ્પદેવ આવ્યા હતા. એમના સમાગમનો લાભ લેનાર વૃદ્ધો પૈકી સ્વર્ગવાસી શ્રીયુત દેસાઈ મોટાભાઈ તથા સ્વર્ગવાસી રાવ બહાદુર ખંડુભાઈ ગુલાબભાઈ વગેરે પ્રસિદ્ધ ગૃહસ્થોના ગાઢ પરિચયમાં સ્વર્ગવાસી ભાઈ દલુભાઈ વખતોવખત આવતા હતા.

વિદ્યાદાનનો માર્ગ તો સ્વ. ભાઈ દલુભાઈ માટે માત્ર સાધનમાર્ગ તરીકેજ રહ્યો હતો; કારણ કે એમની માન્યતા એવી હતી કે જેમ જેમ વિદ્યાના અને વિશેષ શુભ વિદ્યાના સંસ્કારો દૃઢ થતા જશે, તેમ તેમ અનાવિલ પ્રજાના સામાજિક સંસ્કારો પણ ઉદ્બોધન પામીને વધુને વધુ શુદ્ધ થતા જશે. એટલે વિદ્યાદાનરૂપી સાધન સિદ્ધિથી સામાજિક સુધારણારૂપી સાધ્યસિદ્ધિ સ્વાભાવિક રીતે ક્રમશઃ વધુ શુદ્ધ થતી જશે. પણ આ સાધ્ય સિદ્ધિ તો મારા અલ્પ અનુભવ પ્રમાણે અનાવિલ પ્રજા માટે હજુ ઘણી દૂર રહી છે. છતાં એ દિશામાં ભાઈ દલુભાઈએ કરેલા ગાઢ પ્રયાસો છેક વ્યર્થ તો ગયાજ નથી. **नहि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति।** કેમકે એમના દૃષ્ટાંતરૂપી ધ્રુવ બિન્દુને અનુસરનાર પ્રતિભા અને પ્રભાવવાળા જ્ઞાતિબંધુઓ યુવાન વર્ગમાંથી મળી આવે છે. જ્ઞાતિ સમુદાય મોટો છે એટલે એમના સહવાસથી વંચિત રહેલો મોટો વર્ગ એ દિશામાં શૂન્યમનસ્ક રહીને આ સુધારણાના માર્ગે ઉપેક્ષાવૃત્તિ સેવતો રહે, તો તે માત્ર જ્ઞાતિ સમષ્ટિનું દુર્દૈવજ સમજવું. ભાઈ દલુભાઈએ તો જ્ઞાતિ સુધારણા અર્થે અનેક વખતે જ્ઞાતિ પરિષદો પણ ભરી હતી. સાર્વત્રિક અને સર્વ પ્રકારનો અભ્યુદય કરવાને માટેનો એમનો ઉત્સાહ અને તીવ્ર પ્રયાસો તો એમની શરીરયાત્રાના અંત સુધી અદમ્ય રહ્યા હતા.

પરમાત્માના વિભૂતિમય ગુણો પૈકી અદમ્ય ઉત્સાહ તો એમનામાં પરાકાષ્ઠાએ પહોંચેલો હતો. પુરુષશિક્ષણની માફક સ્ત્રી–શિક્ષણનો વિષય પણ એમની પ્રવૃત્તિનો મુખ્ય વિષય હતો, અને એ દિશામાં પણ એમણે પોતાની કર્તવ્યશીલતા સિદ્ધ કરી હતી અને એજ રીતે બાલશિક્ષણના પ્રયોગમાં પ્રાથમિક અંગ્રેજી ધોરણો ૧, ૨, ૩, ૪ તથા ૫ના વર્ગો પણ અનાવિલ આશ્રમના મકાનમાં ૧૯૨૭–૨૮ના અરસામાં ચાલુ હતા. તેવીજ રીતે રાષ્ટ્રીય શિક્ષણમાં પણ એમના મન અને ક્રિયા સુસંગત રીતે સને ૧૯૨૦–૨૧માં કેન્દ્રિત થયાં હતાં.

કોઈપણ પ્રસિદ્ધ વ્યક્તિ પછી તે પુરાતન વૃત્તિની હોય કે સુધારક વૃત્તિની હોય, તોપણ તે દરેક વ્યક્તિના સમાગમનો લાભ ભાઈ દલુભાઈને પોતાના આશ્રમમાં મળતો; અને એવી દરેક વ્યક્તિ ઉપર ભાઈ દલુભાઈ પોતાનો પ્રભાવ પાડી શકતા હતા. કોઈક ઉગ્ર સ્વભાવની વ્યક્તિ એમના મુખ ઉપર કે એમની પાછળ, એમનો તિરસ્કાર કરે તો તે તિરસ્કાર સહન કરવાના સાધનરૂપી, એમના–ગાંભીર્ય, શાન્તિ અને નિર્વૈર–સહિષ્ણુતારૂપી દિવ્ય ગુણો એમનામાં સ્વભાવ સિદ્ધ રહ્યા હતા. તે નીચે પ્રમાણે:—

मन्निन्दया यदि जनः परितोषमेति ।
नन्वप्रयत्नजनितोऽयमनुग्रहोमे ॥
श्रेयोऽर्थिनो हि पुरुषाः परतुष्टिहेतोः ।
दुःखार्जितान्यपि धनानि परित्यजन्ति ॥

ભાઈ દલુભાઈ માત્ર સ્કુલ ફાઈનલ પરીક્ષામાં પાસ થયા હતા છતાં પણ એમની બુદ્ધિ ભલેને તીવ્ર નહી હોય, તોપણ સ્વભાવતઃ ગંભીર અને વિશાળ હતી. અને એવા પ્રકારની બુદ્ધિના સાધનથીજ માત્ર, આધુનિક શિક્ષણમાં પારંગત પુરુષો સાથે પણ દરેક વિષયમાં પોતાના વિચારોની સમીચીનતા દર્શાવવા સારૂ વિચારવિનિમય કરી શકતા હતા.

મારી અલ્પ માન્યતા પ્રમાણે એમની અનેકવિધ પ્રવૃત્તિઓને જેલયાત્રાએ કુંઠિત કરી નાખી હતી; એટલુંજ નહીં પણ એમની જીવનયાત્રાને પણ ક્ષીણ કરી નાખી હતી. મારૂં એવું પણ ધારવું છે કે માત્ર શિક્ષણ અને રાજકારણ, આ બેજ વિષયોએ એમનું ધ્યાન કેન્દ્રિત કર્યું હોત તો એમની જીવનયાત્રા કંઈક અંશે દીર્ઘ થવા પામી હોત.

ભાઈ દલુભાઈ, મારા અલ્પ અભિપ્રાય પ્રમાણે, એક નિર્ભય, સ્વતંત્ર, સંયમી, સદાચારી, ભવ્ય સાધુ પુરુષ તરીકે, આપણી ચાળીસ હજારની વસ્તીમાં પ્રથમ પંક્તિએ બેસે છે. મારી દૃષ્ટિએ તો એમના શુભ સંસ્કારો, એમના ક્ષણભંગુર ભૌતિક દેહના અભાવમાં પણ એમના ખરા સ્મારકરૂપી વિદ્યાર્થીઆશ્રમમાં પ્રતિબિમ્બિત થઈ રહ્યા છે, અને તે પણ અદ્વિતીયપણે.

એમણે મહામહેનતે પ્રતિષ્ઠિત કરેલું આશ્રમનું કાર્ય, આપણી ચાળીસ હજારની જ્ઞાતિમાંથી એમના ધ્યેય પ્રમાણે ઉપાડી લેનાર કોઈ સેવાભાવી પુરુષ નહીં નીકળે? એવા ઘણા પુરુષો તો આ જ્ઞાતિમાં છેજ. માત્ર આ સ્ફુરણા ઉદ્‌ભવવી જોઇએ અને તે અંતઃકરણની સ્ફુરણાને મૂર્તિમંત કરવાની પ્રભુ તે વિરલ વ્યક્તિને પ્રેરણા કરો એવી આશા હું તો સેવું છું. શ્રી દીન પ્રતિપાલ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને અખંડ શાન્તિ અર્પો એવી મારી પ્રાર્થના છે.

થોડાંક સંસ્મરણો

(શ્રી. હરિભાઈ)

ત્રીસ કે પાંત્રીસ વર્ષની એકધારી જ્ઞાતિની અને દેશની નિઃસ્વાર્થી સેવા કરી અનાવિલ બાળકો અને યુવકો માટે દયાળજીભાઈ ઉચ્ચ ચારિત્રનો, ત્યાગનો અને દેશભક્તિનો જ્વલંત વારસો મૂકી ગયા છે.

* * *

ગાંધીયુગ પહેલાંની આ વાત. ૧૯૧૨–૧૩માં દયાળજીભાઈએ છોકરાઓને કફની પહેરાવી. ખટાઉ મકનજીની મીલનું સોઘું અને જાડું પીળું કપડું. તેની પહેરણના આકારની કફની કરાવી આશ્રમના વિદ્યાર્થીઓનો યુનીફૉર્મ બનાવ્યો. પોશાકના આ પરિવર્તનથી આપણી જ્ઞાતિમાં ખૂબ ચર્ચા અને ટીકા ઉપસ્થિત થઈ. "દયાળજી છોકરાઓને બાવા બનાવવા માગે છે" – જ્ઞાતિજનોનો દયાળજીભાઈ ઉપર આ આક્ષેપ હતો. કેળવણી ખાતાંએ આ પોશાક સામે વાંધો ઉઠાવ્યો, અને મને યાદ છે કે જ્યારે અમે સરકારી શાળામાં આ કફની પહેરી જતા ત્યારે શિક્ષકો અમને વર્ગની બહાર ઉભા રાખતા. જ્ઞાતિજનોનો અને કેળવણીખાતાનો વિરોધ ધીમે ધીમે શમી ગયો. આજ કફની ગાંધીયુગના દેશપ્રેમની પ્રતીક સમી ગણાવા લાગી. અફસોસની વાત માત્ર એટલી જ રહી કે જ્ઞાતિજનોનો ભય ખોટો ઠર્યો અને પીળી કફની પહેર્યા છતાં આશ્રમમાંથી એક પણ "બાવો" નહિ પાકયો.

કકડતી ઠંડીમાં પણ સવારે ૫॥ વાગે ઊઠી, ઠંડા પાણીએ સ્નાન કરી, પ્રાર્થનામાં હાજર થવાનો આશ્રમમાં એક નિયમ હતો. આ નિયમનું પ્રતિપાદન દયાળજીભાઈ પોતે ચીવટાઈથી કરતા. જે નિયમ પોતે નહિ પાળી શકે તે નિયમ વિદ્યાર્થીઓ પાસે પળાવવાનો આગ્રહ દયાળજીભાઈએ કદી કર્યો નથી. આશ્રમમાં ચા તથા બીડી નહિં પીવાય, સુગંધીદાર તેલ નાખી પટિયાં નહિં પડાય, મોજ શોખ નહિં થાય. સર્વ કામ નિયમિત રીતે આટોપી દેવું જોઈએ. વિદ્યાર્થીઓને જમવાના વાસણ જાતે માંજવાં પડતાં, કપડાં હાથે ધોવાનો નિયમ હતો. અમને બધાને આમાંનો કોઈ પણ નિયમ ચાની બંધીના જેટલો કડક લાગ્યો નથી. કેટલાયે વર્ષથી ચા પીવા ટેવાયલા અમે ચા મેળવવા દરેક ઉપાય શોધતા અને નવી નવી તરકીબો યોજતા. ચીમનીવાળી ઘાસલેટની બત્તીઓનો સ્ટવ તરીકે ઉપયોગ કરી ચા પીનારા વિદ્યાર્થીઓના દાખલા મોજુદ છે. આશ્રમ સ્થપાયા પછી પહેલાંનાં ત્રણ ચાર વર્ષમાં દયાળજીભાઈને ઘણા "બાંગડ" વિદ્યાર્થીઓ મળ્યા હતા એવી આખ્યાયિકા છે. એવા પણ વિદ્યાર્થીઓ હતા જે રાતે બારીએ ધોતિયાં બાંધી નીચે ઉતરી નાટક જોઈ પાછા એજ ધોતિયાંના ટેકાથી મકાનમાં દાખલ થઈ પોતાના બિછાનામાં ઘોરતા હોય. એમના જુવાનીના સમયમાં દયાળજીભાઈ પણ બધા કિસ્સાઓને પહોંચી વળવા સમર્થ હતા. એઓ જ્યારે અઠવા ફાર્મમાં રહીને આશ્રમમાં ગૃહપતિ તરીકે કામ કરતા ત્યારે એમની "ઓચિંતી મુલાકાત"થી તોફાની તત્વ હંમેશાં ચેતેલું રહેતું. પહેલાં ચાર પાંચ વર્ષ બાદ કરતાં ત્યાર પછીના સમયમાં શાંત, સંસ્કારી અને મહેનતુ વિદ્યાર્થીઓની ભરતી થવા લાગી. જેમ જેમ વિદ્યાર્થીઓ એમના ગાઢ સંસર્ગમાં આવતા ગયા તેમ દયાળજીભાઇને માટે એમનો પ્રેમ અને પૂજ્યભાવ

વધતો ગયો. બહારથી કડક લાગતા ભાઈના ઊંડાણમાં પ્રેમ અને સહાનુભૂતિનો નિર્મળ ઝરો નિત્ય વહેતો હતો અને એ પ્રેમ અને સહાનુભૂતિ જેમ વખત ગયો તેમ વધારે ને વધારે વિકાસ પામવા લાગ્યાં. થોડા વર્ષ પછી તો આશ્રમવાસીઓ એકજ કુટુંબના સભ્યો તરીકે વસવા લાગ્યા; અને ઉગ્ર શાસનમાં પણ દયાળજીભાઈનું વિદ્યાર્થીઓ માટેનું વાત્સલ્ય નિત્ય તરી આવતું હતું.

* * *

જુન માસમાં આશ્રમનો વાર્ષિક ઉત્સવ અનેરા આનંદથી ઉજવવામાં આવતો. તે પ્રસંગે સવારથી સાંજ સુધીનો સમય અમે આશ્રમવાસીઓ હોડીમાં સ્હેલ કરી જાત જાતની રમત રમી પસાર કરતા. ચાંદનીમાં અમે મોડે સુધી રામભાઈ, ઘેલો, અને "મણિભાઈ"ની સરદારી નીચે આટાપાટાની રમત રમતા. દયાળજીભાઈ પાસે ઉભા રહી અમને પ્રોત્સાહન આપતા. હજી પણ જ્યારે જ્યારે સુશોભિત ચાંદનીની રાતો આવે છે ત્યારે ત્યારે એ બાળપણના દિવસો સાંભરે છે અને સાથે સાથે દયાળજીભાઈનું અમારા બાળકો તરફનું પ્રેમાળ વર્તનનું ચિત્ર આંખ આગળ ખડું થાય છે.

* * *

સેવા તરફ એમને સ્વાભાવિક પ્રેમ હતો. આશ્રમમાં માંદગીના પ્રસંગો અવારનવાર ઉપસ્થિત થતા તે વખતે દયાળજીભાઈ ખંત અને કાળજીથી બાળકોની સેવા ચાકરી કરતા. મને એક બે પ્રસંગ યાદ છે. એક વખત ભાઈએ રાતદિવસ બેસીને ઝેરી તાપથી સપડાયેલા બાળક દરદીની ઘણા દિવસ ચાકરી કરી હતી. અમારા આશ્રમનો એક જૂનો નોકર ફકીર કોલેરામાં સપડાઈ ગયો હતો. રાત દિવસ તેની પાસે બેસી જે જહેમતથી ભાઈએ એની બરદાસ કરી તેનો તાદશ ચિતાર હજી પણ મને સાંભરે છે. સેવાભાવ એમણે નાનપણથી કેળવ્યો હતો અને એનો સારો સરખો હિસ્સો એમને એમનાં માબાપ તરફથી વારસામાં મળ્યો હતો.

* * *

જ્ઞાતિમાં ચોક્કસ બંધારણ ઘડાય અને તેની રૂએ કુધારાઓ જડમૂળથી નાશ થઈ સુધારાઓ દાખલ થાય એ અર્થે સ્વ. દયાળજીભાઈએ પુષ્કળ પરિશ્રમ લીધો હતો. શરૂઆતમાં આશ્રમના વિદ્યાર્થીઓ સાથે ગામે ગામ ફરી ચાલુ કુધારાઓ તરફ લોકોનું ધ્યાન ખેંચવામાં આવતું. ત્યાર પછી "અનાવિલ સેવક" અને અનાવિલ પરિષદ મારફતે એમણે ખૂબ પ્રચાર કાર્ય કર્યું. ઘણી વખત એમને નિરાશા પ્રાપ્ત થતી. પરંતુ છેવટ સુધી એમણે આશા છોડી નહોતી અને પ્રયાસ ચાલુ રાખ્યા હતા.

* * *

આપણી જ્ઞાતિનું કોઈક જ ગામ એવું હશે જે ગામના વિદ્યાર્થીઓએ અનાવિલ આશ્રમનો લાભ નહીં લીધો હોય. હરેક લાયક વિદ્યાર્થીને ભાઈ પાસેથી જરૂરી મદદ મળી રહેતી. એમના પ્રયાસ અને પ્રોત્સાહનથી કેટલાએ વિદ્યાર્થીઓ ઊંચ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યા છે. જરૂરી કામ માટે પૈસા આભમાંથી પણ મળી રહે છે એ એમનું આર્થિક સૂત્ર હતું અને સારા કામ માટે એમને પૈસાની કદીએ તાણ પડી નથી.

* * *

ગરીબ નિરાધાર બાળકોને દયાળજીભાઈનાં છત્ર નીચે આશ્રય મળતો અને વિદ્યાભ્યાસ માટે છેવટ સુધી સાધન મળતાં. પરંતુ મુખ્ય બાબત તો એ હતી કે એવા બાળકોને કોઈ પણ

દિવસ એમ નહી લાગતું કે એ "ગરીબ" છે અને એની ગરીબાઇને લીધે સંસ્થા તરફથી મદદ મળે છે. લોકોની ઉદારતા ઉપર ચાલતી સંસ્થાનો મોટો દોષ એ હોય છે કે એ સંસ્થાનો લાભ લેનાર વ્યક્તિને દરેક પળે ઠસાવવામાં આવે છે કે એ જાહેરની મહેરબાની પર જીવે છે. આવી વલણુથી વિદ્યાર્થીનું વ્યક્તિત્વ હણાય છે.

* * *

અનાવિલ વિ. આશ્રમને ઊંચી કક્ષાની સંસ્થા બનાવવા દયાળજીભાઇએ એમનાં જાહેર-જીવનનાં પહેલાં દશેક વર્ષ સતત પ્રયાસ કર્યો. આશ્રમને માટે વખત મળે ભિક્ષાની ઝોળી લઈ નીકળી પડતા. ગૃહપતિ તરીકે આશ્રમના દરેક વિદ્યાર્થી તરફ સૂક્ષ્મ અવલોકન કરી એની નાનામાં નાની ખોડ શોધી સુધારવા પ્રયાસ કરતા. આશ્રમના જીવન દરમ્યાન કોઈ વિદ્યાર્થીને ચા, બીડી વિ. કુટેવો ન પડે તે બદલ પુરેપુરૂં ધ્યાન આપતા. "આશ્રમને જો નગરશેઠની વીશી બનાવવી હોય તો એમાં મારે મારૂં જીવન ખતમ નથી કરવું."– એ પ્રકારની ચર્ચા ઘણી વખત દયાળજીભાઈ ને આશ્રમના બીજા કાર્યકર્તાઓ જોડે થયાનું મને યાદ છે.

૧૯૧૪ થી ૧૯૨૦ સુધીનાં વર્ષો મારા મન પ્રમાણે આશ્રમનો સારામાં સારો સમય હતો. દયાળજીભાઈ પોતાનો બધો જ સમય આશ્રમની પાછળ ગાળતા હતા. વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં હતા અને ભાવનાશાળી હતા. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતને મદદ કરવા, બિહારનાં દુકાળ ફંડમાં ભેટ ધરવા કે રેલ સંકટમાં ફાળો ભરવા અમે કેટલીયે વખત અમારે ભાગે આવતું દુધ અગર શનિ કે રવિવારે અપાતો શીરો સ્વેચ્છાથી ત્યાગ કરતા અને બચતની રકમ ફાળામાં મોકલતા. સાંજની પ્રાર્થના વખતે દયાળજીભાઈ અમારી આગળ સ્વામી રામતીર્થ કે સ્વામી વિવેકાનંદના જીવનચરિત્રોમાંથી જાણવા જેગ પ્રસંગો કહી બતાવતા. હબસી સુધારક બુકર ટી. વૉશિંગ્ટનનું જીવન દયાળજીભાઈનું પ્રિય પુસ્તક હતું. હાથમાં લીધેલું કામ ચીવટાઇથી પાર ઉતારવાનો ગુણ અમારા બાળકોનાં મન પર ઠસાવવા દયાળજીભાઈ બુકર ટી. વૉશિંગ્ટનના જીવનમાંથી એક પ્રસંગ અમારી આગળ ઘણી વખત કહી બતાવતા. વૉશિંગ્ટન નાનો બાળક હતો ત્યારે ઘરથી કાંઈક કારણસર ન્હાસી છૂટયો અને પાસેના મોટા શહેરમાં આજીવિકા મેળવવા પ્રયાસ કરવા લાગ્યો. છેવટે એક શ્રીમંત બાઈએ એને એક અંધારૂં જૂનું ઘર સાફ કરવા રોકયો. તે સાંજે જ્યારે કામ પૂરૂં થયું ત્યારે વૉશિંગ્ટનના કામની પરીક્ષા કરવા બાઈએ એનો કીમતી રેશમી રૂમાલ કાઢી ખૂણાની બારીના કાચ પર ઘસ્યો. બાઈ ને સંતોષ થયો કે વૉશિંગ્ટને સોંપેલું કામ સંભાળ અને જહેમતથી પૂરૂં કર્યું હતું.

* * *

દયાળજીભાઈ જે કાંઈ જ્ઞાતિની અને દેશની સેવા કરવા શક્તિમાન થયા તે તેમનાં સંસ્કારી અને ઉદાર દિલનાં માને આભારી છે. દરેક કાર્યમાં માએ પુત્રને સાથ આપ્યો. મહાત્મા ગાંધીજીને ચરણે દયાળજીભાઈએ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું ત્યારે પુત્રને આશીર્વાદ આપ્યા. દયાળજીભાઈને કાંઈ જ સંતાન ન હતાં તેનું દુઃખ આ પ્રેમાળ માને લાગ્યું નથી કારણ કે એમણે આશ્રમનાં બધાં બાળકોને પોતાનાં બાળક જેવાંજ માની લીધાં હતાં. જો કોઈએ એમનું જીવન બારીકાઈથી અવલોકયું હશે તે કહેશે કે આવો માતૃપ્રેમ અને પુત્રપ્રેમ જગતમાં દુર્લભ હોય છે.

× × ×

દયાળજીભાઈએ સાચું જીવન જીવી જાણ્યું. એમની આજુબાજુ એમણે ઉચ્ચ સેવાભાવી વાતાવરણ જમાવ્યું ચારિત્રમય, નિઃસ્વાર્થી જીવન જીવ્યા. દેશને યથાશક્તિ સેવા અર્પી; અને દેશ માટે કારાવાસ ભોગવ્યો. જ્ઞાતિજનોની સારીનરસી ટીકા સહન કરી પાંત્રીસ વર્ષ સુધી નિઃસ્વાર્થી સેવા કરી. સંત તુળસીદાસે ગાયું છે તેમ :—

તુલસી જગમેં આઈયાઁ
જગત હંસે તુમ રોય;
ઐસા કરની કર ચલો
તુમ હંસમુખ જગ રોય.

હસતા મુખે દયાળજીભાઈ જગત છોડી ગયા અને એમની પાછળ એમના ગુણ અને સેવાના અનેક ઉપાસકોને રોતા મૂકી ગયા. અમારા વંદન હોજો એ મહાનુભાવ યોગીને અને તપસ્વીને.

સેવાપ્રેમી સ્વ. દયાળજીભાઈ

(શ્રી. અંબેલાલ અમૃતરાવ દેસાઈ, ઓરપાડ)

સ્વ. દયાળજીના પરિચયમાં ગયા પચાશ વર્ષથી વખતોવખત હું આવ્યો છું તેથી તેના સંસ્મરણો લખી મોકલવા કેટલાક મિત્રોની મને સૂચના થવાથી (તે ન થઈ હોત તો પણ) હું લખી મોકલવા ઉત્સુક હતોજ પણ મારી ધર્મપત્નીની લાંબી માંદગીથી તથા છેવટ અવસાનને લીધે તથા મારી તબિયત નરમ હોવાથી, પ્રસ્તુત લેખ લખવા સમય બચાવી શકતો નહોતો; પણ એક બે દિવસ રાત્રે થોડો ઉજાગરો કરીને પણ તે લખી કાઢવાનો સંકલ્પ કરવાથી આ લેખ લખી મોકલ્યો છે. મારી સાથેના તેમના સંબંધની બાબતો વિનાનો એક સ્વતંત્ર લેખ (તેમના ચારિત્ર અને કાર્ય વિષે) લખવાનો વિચાર હતો, પણ તે ભવિષ્યને માટે રાખી હાલ તુરત તેમનું સંસ્મરણ મારે લખવાનું હોવાથી મારી પોતાની બાબત યા વખતે સાથે સાથે મારી સારી બાજુ આડકતરી રીતે જણાઈ આવે તો તે આત્મશ્લાઘા તરીકે ન ગણવા વાચકવૃંદને વિનંતિ છે.

હમો બંને સુરત સગરામપરામાં એકજ શેરીમાં (અંગ્રેજી શાળાના છેલ્લા વરસમાં અભ્યાસ કરતા હતા ત્યારે) રહેતા હોવાથી વારંવાર હમારો ભેટો થઈ વિચારોની આપલે થતી. ખાસ કરીને હમારા આદર્શ નૈસર્ગિક ગુરુ સ્વ. મંચેરશાહ કેકોબાદના આદર્શ ચારિત્ર અને વિચારોની છાપ અભ્યાસ કરતાં કરતાં હમારા પર પડી જતી હતી અને એકજ બીબાંમાં હમારા વિચારો ઘડાતા જતા હતા ત્યારે એક દિવસ સ્વ. દલુભાઈએ મને કહ્યું કે આપણે બંનેની વિદ્યાર્થી અવસ્થા છતાં જુદા જુદા બહારના વિષયો સંબંધે આપણે મગજમારી કરતા થયા છઈએ તો આપણે બીજાને પણ તેમાં પરોવવા વિચાર આપલે કરવાની (કલબ) મંડળી સ્થાપીએ અને તારા જ મંત્રીપણા નીચે અને તારાજ ઘરે દર અઠવાડિયે (જુદા જુદા વિદ્વાનોને પ્રમુખ બનાવી) રસ લેતા વિદ્યાર્થીઓની સભા મેળવીએ. મેં તેની સૂચનાનો ઘણી સારી રીતે ઘણા મહિના સુધી અમલ કર્યો. ખરેખર એજ વખતથી સ્વ. દલુભાઈની નિઃસ્વાર્થ સેવાના મૂળ નંખાયાં. એજ

વખતથી હું જ્ઞાતિ પત્રમાં લેખ લખતો થયો અને સ્વ. દલુભાઈ જ્ઞાતિના વિદ્યાર્થીઓને સુરતમાં ભણવાની સગવડ કરવાની કોઈ યોજના વિચારવા લાગ્યા. હું કૉલેજમાં ગયો અને એ નોકરીએ લાગ્યા. છતાં હમો વરસમાં ત્રણ ચાર વખત તો મળતા જ અને એમના વિદ્યાર્થી આશ્રમ કહાડવાના વિચાર સંબંધે મેં એસૂરો એવો અભિપ્રાય આપ્યો કે ઠોઠ યા સાધારણ બુદ્ધિવાળાને એકઠા કરી ભણાવી પેટિયું કહાડતા કરવા એ કરતાં હાલ તો 'સરસ્વતીચંદ્ર'ના કલ્યાણગ્રામ જેવી યોજના કરવાની વધારે જરૂર છે; તેમ ન કરી શકીએ તો પહેલા યા બીજા વર્ગમાં આવી શકે એવા જ વિદ્યાર્થીઓનું આશ્રમ કહાડી તેમને ભણવાની સવડ કરી આપવા ઉપરાંત તેમનું ચારિત્ર આદર્શ બને અને જ્ઞાતિ યા દેશ સેવા કરવા તેઓ પ્રેરાય તો જ કાંઈ મહત્વનું કામ આપણે કરેલું કહેવાય. ત્યારે તેમણે મને કહ્યું કે તમારો વિચાર ખરેખર મરુભૂમિમાં મહેનતરૂપી ઉત્તમ બીજ નાખી વેડફી નાખવાનો નથી એ સ્તુત્ય છે પણ એ વિચાર એક વખત વિદ્યાર્થી આશ્રમ કહાડ્યા પછી અમલમાં મૂકીશું. પછી હમોએ યોજનાનું બંધારણ ઘડી કહાડ્યું અને હમો પાંચ સાત મિત્રોએજ પ્રથમ જીંદગી સુધીના સભ્યનું લવાજમ આપી વિદ્યાર્થી આશ્રમની યોજનાની શરૂઆત કરી. એ પછી તો અનાવિલ વિદ્યાર્થી આશ્રમને કાયમને માટે પગભર કરવામાં સતત મહેનત લઈ સ્વ. દલુભાઈએ આકાશપાતાળ જાણે એક કર્યું. જેનું પરિણામ આપણે આજે જોઈએ છીએ. વખતો વખત હું સ્વ. દલુભાઈને ટોકતો રહેતો કે ઉત્તમ ચારિત્રશાળી અને પોતાની જીવિકાના નિર્વાહ ઉપરાંત પરમાર્થે કાંઈ કાર્ય કરવાનો વખત બચાવી શકે એવા તો ઉત્તમ બુદ્ધિવાળા વિદ્યાર્થીઓમાંથીજ ઉપજાવી શકાય ત્યારે એમણે મને ટકોર કરેલી કે તું તો ચાહે તે કરી શકે એવો છતાં નોકરીએ લાગી સ્વાર્થમાંજ મંડયો રહ્યો છે અને બીજા પણ (જેઓ કાંઈ પણ દેશ માટે કરી બતાવે એવી શક્તિવાળા હોય તે) ઘણા ખરા સ્વાર્થમાંજ મચ્યા રહે છે એટલે મારેજ નોકરી છોડી જ્ઞાતિ અને દેશ માટે સંન્યાસ લઈ જે થાય તે કરવું છે. એવામાં "ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજીશું શ્રીગોપાળ" જેવું તેમને થયું. એમની પત્ની સ્વર્ગે સિધાવી. તે વખતે એમની યુવાન વય છતાં એમના વિચારો જાણનારો હું તો ફરી પરણવા સૂચના નજ કરૂં પણ એમની પૂજ્ય માતુશ્રી પણ એને એમ સૂચના કરતાં ડરતી. એમણે ખરેખર નોકરી પણ છોડી દીધી અને વિદ્યાર્થી આશ્રમમાં જવાનો વિચાર કર્યો ત્રીશેક વર્ષ પર સંસારસુધારા પરિષદ અમદાવાદમાં શ્રી. પરાંજપે રેંગલરના પ્રમુખપણા નીચે ભરાયલી ત્યારે હું ત્યાં ગયેલો તે વખતથી ગાંધીજીએ અમદાવાદમાં પહેલો આશ્રમ (હરિજનને પણ દાખલ કરી) કાંતવા વણવાનો ખોલેલો ત્યારે મને તે આશ્રમમાં સ્વ. દયાળજીભાઈ પોતાની સાથે લઈ ગયેલા અને શ્રી. ગાંધીજીની પ્રાતઃપ્રાર્થનામાં જોડાવાનો તથા સીંગદાણા, ખજુર વગેરેનો પ્રાસાદ તથા મીઠા વગરનું અન્ન ખાવાનો મને યોગ પ્રાપ્ત થયેલો એજ વખતે શ્રી. ગાંધીજીએ (તેમની સાથે રાત્રે વાતોમાં જોડાતાં) હમને જણાવેલું કે આજે શ્રી. પરાંજપેએ પોતાના પ્રમુખના ભાષણમાં વિધવા વિવાહ વગેરે કેટલાક સાંસારિક સુધારા વિષે ઘણું યદ્વાતદ્વા કહ્યું છે તેમાં કેટલું યોગ્ય અને કેટલું અયોગ્ય છે તે મારે સમાધિ ચઢાવી મોડી રાત્રે યા મળસ્કે વિચારી જોવું છે. વધારામાં તેમણે કહ્યું કે આવા આવા વિચારોનો વિવેક હવે વારંવાર મારે કરવો પડે છે, અને તેને અંગે લખાણ કામ વધી પડ્યું છે તેથી એક સુશિક્ષિત મંત્રીની મારે હવે જરૂર પડશેજ. સ્વ. દયાળજીભાઈએ મને ત્યારે કહેલું કે હુંજ એ જગ્યા માટે ઉમેદવારી કરૂં તો? મેં કહ્યું કે સાહિત્ય સેવાની અને અંગ્રેજી ઝપાટાબંધ લખવાની પરીક્ષા (અભ્યાસ કરી) આપી આવ પછી ઉમેદવારી કર;

હજુ તું શુદ્ધ ભાષા (અનાવલી ભાષા રહિત) બોલી શકતો નથી અને ગાંધીજીને ફસાવવાનું કરે છે (હમારો પરસ્પરનો બોલવાનો વ્યવહાર હમો ઘરડા થયા છતાં તુંતાંનો જ રહેલો હતો). ઈશ્વરી સંકેત પ્રમાણે એક વખત રા. મહાદેવભાઈ તથા સ્વ. દલુભાઈ વડોદરે મારા મુકામે પચીશેક વર્ષ ઉપર પધારેલા ત્યારે સ્વ. દયાળજીભાઈએ મને કહેલું કે હું તો તારા કહેવા પ્રમાણે ભાષામાં જાડો પણ રા. મહાદેવભાઈ સાહિત્યપ્રેમી અને વળી બી.એ., એલ એલ. બી. છે, એટલે તે ગાંધીજીના મંત્રીપણા માટે ઉમેદવારી કરે તો શું ખોટું? મેં કહ્યું કે એમણે મેળવેલી ઉપરની લાયકાત ગાંધીજીના માત્ર સેક્રેટરી થવામાંજ પૂરી થવાની હોય તો એમનો એલ એલ. બી. સુધીનો અભ્યાસ એળે ગયો એમ હું સમજું, પણ દેશ કાર્ય કરવાને માટે જરૂરી અભ્યાસ કરવા હાલ તુરત તેમને સેક્રેટરી થવું હોય તો ભલે, પણ હું માનું છું કે તે પણ તેમનામાં તેવા પૂર્વ સંસ્કાર હશે તોજ ફળદાયી થશે. પણ હાલ તો એમણે મને એવું પૂછ્યું કે તમારા રાજ્યની રૂ. ૪૦૦–૫૦૦ના માસિક પગાર જેવી સારા દાક્તરની નોકરી છોડી રા. સુમંતભાઈ બટુકરામ હાલ પણ 'સરવંટ એફ ઇન્ડિયા' સંસ્થામાં જોડાયા એવી તેમની મનોદશા કેવી રીતે થઈ હશે? જીણવટથી આ બાબત તપાસી જોશો તો જણાશે કે પ્રત્યેક પુરુષ ગમે તે નાના યા મોટા પગારની નોકરી કરતા હોય તો પણ તે પોતાની પ્રજાને સારી રીતે ભણાવી ગણાવી ઠેકાણે પાડવા સિવાય તથા પોતાની અને પોતાની સહચરીની વૃદ્ધાવસ્થા સુધીની સવડ કરવા ઉપરાંત વધુ કાંઈજ કરી શકતો નથી. અલબત્ત તેમાં એક વધુ અપેક્ષા એ હોય છે કે માન યા પ્રતિષ્ઠાના જિજ્ઞાસુ હરકોઈ થોડે ઘણે અંશે હોય છે. માન ન મળતું હોય તો ધનને ઘણા નજીવી ચીજ ગણે છે. 'સરવંટ ઑફ ઇન્ડિયા સોસાયટી'માં સ્વયંસેવક થવાથી પોતાની તથા પોતાની ધર્મપત્ની અને છોકરા છોકરીની ઉપર જણાવેલી સવડ થઈ શકે છેજ. ત્યારે દયાળજીભાઈ તરત બોલ્યા કે ત્યારે હું આજેજ તેવો સંકલ્પ કરૂં. મેં કહ્યું કે ઘેરે માતુશ્રીને પૂછી નિર્ણય કરજે, નહીં તો વળી તે ફરી મને કહેશે કે મેં આવો બનવાની તેમની સંમતિ વગર તને સલાહ આપી. પછી તો શ્રી. દયાળજીભાઈએ સને ૧૯૨૦ના ગાંધીજીના રાજકીય સત્યાગ્રહમાં ઝંપલાવ્યું અને શ્રી. મહાદેવભાઈ તેમના મંત્રી પણ થયા. સ્વ. દયાળજીભાઈનો અવાજ બુલંદ હતો એટલે લોકોનાં મોટાં વૃંદ એકઠાં થયાં હોય ત્યારે તેમને શાંત રાખવામાં યા કાંઈક રોમના સીઝર વિષે ઍન્ટનીએ સભાજનોને વ્યંગ્યાર્થ શબ્દો વાપરી ઉશ્કેર્યા તેમ કરવામાં કેટલીક વખત એમનો ખપ પડતો. સુરતમાં ૧૯૧૧માં પ્રથમ જ્ઞાતિ પરિષદ ભરવામાં સ્વ. દલુભાઈ અને સ્વ. ડાહ્યાભાઈ વકીલ વગેરેનો મુખ્ય ભાગ હતો તે વખતે સ્વ. રા. બા. ખંડુભાઈ ઇજનેરે અને રા. ડાહ્યાભાઈ વકીલે મને સાંસારિક વિભાગના મંત્રી તરીકે નીમેલો અને એ પરિષદનો હેવાલ તથા તેનો ઉપોદ્ઘાત લખવાનું કામ મને સોંપેલું ત્યારે સ્વ. દયાળજીભાઈએ એવો અભિપ્રાય આપેલો કે વાંકડો લઈને બધો યા તેનો અંશ છોકરા છોકરીને નામે મુકાવવો એ તો વાણિયાશાઈ ઠરાવ થયો કહેવાય. બીલકુલજ વાંકડો ન લેવો એવોજ ઠરાવ કરવો જોઈએ. મેં કહ્યું કે મોળા મોળાપણુ જે જે ઠરાવો થયા તેનો પણ અમલ કરી બતાવે એવા અનાવલા બચ્ચા નથી; આર્થિક સંકડામણનો પણ વિચાર આવે એ સાહજિક છે. તમો વાંકડો ન લેનારાની જુવાનિયા ટોળી ઉભી કરી તેની પાસે સપથ લેવડાવો તે એટલે સુધી કે તે માટે માબાપ વિરૂદ્ધ પડે તો તેમને પણ કોરણે મૂકવા. ઠરાવો કરતાં પદાર્થપાઠની અસર ઘણી થશે પણ તેવા દાખલા છૂટા છવાયા થાય તો તેની કાંઈજ અસર ન થાય. મતલબ કે કડવું ઓસડ ખાંડથી યા બીજા એવાજ પદાર્થથી ઢાંકી પાઈએ તોજ તે પીનારા મળે.

એ જ વખતથી અનાવિલ જ્ઞાતિમાં પરિષદો ભરી સંસાર સુધારા કરાવવા સ્વ. દયાળજીભાઈએ વ્યવસાયો કરવા માંડ્યા. એ જ અરસામાં હમો બંનેએ 'અનાવિલ સમાજ'ના બંધારણ તથા નિયમ ઉપનિયમોમાં સુધારા કરાવવાનું ધાંધલ મચાવ્યું, તે એટલે સુધી કે 'અ-સમાજ'ને તે માટે હમારી સૂચના અને તકરારો સાંભળવા, સ્વ. રા. બા. ખંડુભાઈ અને વસનજી ઇજિનેરો તથા 'સદ્ધર્મ સમાજ'ના તે વખતના પ્રમુખની સમિતિ નીમવાની ફરજ પડી. અને તે સમિતિની (હમો બંનેએ અનેક રીતે વાદવિવાદ કરી) ખાત્રી કરી આપી કે હમો 'અ-સમાજ'ને તોડવા માગતા નથી પણ તેની વૃદ્ધિ કરવા ખાતર જ આ ફેરફારો સૂચવીએ છીએ. સ્વ. રા. બા. ખંડુભાઈ તો એમજ ટકોર કરતા કે આ બંને જુવાનિયા વારેઘડીએ હમો વૃદ્ધોને પણ ત્રાસ આપે છે. પણ એમની પ્રવૃત્તિ સંહારક નથી પણ સંવર્ધક છે એટલું તો કબૂલ કરવું પડે છે. સ્વ. દયાળજીભાઈએ એક વખતે મને કહેલું કે સંસ્થા ચલાવવામાં પૈસાની યા તેની વૃદ્ધિ અર્થે પોતાના વખતની આહુતિ ન આપનારા પણ ટીકા કરવામાં તૈયાર હોય છે, ત્યારે મેં કહ્યું કે ખરી રીતે તો જે તે સંસ્થામાં જેટલા ઓધ્ધેદારો હોય તેમાંથી એક બેજણ કારભાર ચલાવે છે. આપણે પણ બીજા ભાર વહે તે જાણે આપણેજ વહેતા હોઈએ તેમ માની આપણો જ કક્કો ખરો કરવા સામાની તકલીફ અને રૂઢ થયેલી માન્યતાનો વિચાર કર્યા વિના જ તેના રાહમાં સુધારા વધારા કરવાની સૂચનાઓ કરી પથરા નાંખીએ છીએ! ત્યારે સ્વ. દલુભાઈએ જવાબ આપ્યો કે આપણે તો ઝીણવટથી બધી રીતે જે તે સંસ્થાનો અભ્યાસ કરી પછી નિઃસ્વાર્થ વૃત્તિથી જ નવા નવા વિચારો પ્રદર્શિત કરીએ છીએ પણ સંસ્થાના જૂના ઓધ્ધેદારો તો નવા વિચારોને પેસવા દેતા નથી અને ઝાઝો શ્રમ લેતા નથી અને ચાલ્યું આવે તેમ રગશિયું ગાડુંજ હાંક્યા કરે છે. દાખલા તરીકે 'અનાવિલ સમાજ'. મેં કહ્યું કે 'અનાવિલ વિદ્યાર્થી આશ્રમ'ના હવે તમે પણ જૂના ઓધ્ધેદારો છો તો તેનું રગશિયું ગાડું ન થઈ જાય એવી કાળજી રાખશો, ત્યારે તે કહેતા કે હું પ્રવૃત્તિ અને નવીનતા ખાતર આગળ ચાલવા કરૂં ત્યારે મારા સહકાર્યકરો તથા શિષ્યો પણ મને પાછા ખેંચી નિરુત્સાહી બનાવે છે. મેં કહ્યું એવા જ સંજોગોમાં સંસ્થાફેર યા વાનપ્રસ્થ યા સંન્યાસ આશ્રમમાં ઉત્સાહી કાર્યકરને લીન થવું પડે છે! સન ૧૯૨૬માં સુરતમાં સંસાર સુધારા પરિષદ એમણે મેળવી ત્યારે હું ત્યાં હાજર હતો અને બેત્રણ ઠરાવો પર મેં સુધારાની સૂચના (ઢાલની બે બાજુ બતાવવા) આપી ત્યારે એમણે ટકોર કરી કે તું તો ટીકાકાર છે એટલે તને બોલવા દઈશું તો એક કલાકે પણ કરવાના યા કરેલા ઠરાવોની તારી બંને ઢાલ પૂરી ન થશે અને હમારે તો ઠરાવેલા કાર્યક્રમ પ્રમાણે નાટક ભજવવાનો છે, માટે છેલ્લે તને બોલવા દઈશું ત્યારે જેટલું કહેવું હોય તેટલું કહેજે. મેં કહ્યું સુધારા આવેલા હોય તેને સમજાવવા જે તે ઠરાવ કરતાં પહેલાંજ તક ન આપતાં છેલ્લે તે આપવી એ સભા ચલાવવાનો કઈ જાતનો કાયદો? ટૂંકમાં આ દાખલો ટાંકી કહેવાનું એ કે સ્વ. દલુભાઈના વિચારોથી કેટલેક અંશે વિરુદ્ધ પડનારા કેટલાક હતા; સભાને નિર્વિઘ્ને પાર ઉતારવામાં કેટલુંક જહાલપણું પણ ચલાવવું અનિવાર્ય થઈ પડે છે તેટલા જ કારણથી એમના વિચારોથી વિરૂદ્ધ પડનારા એમને કંઇક અંશે જહાલ કહેતા; પણ વસ્તુતઃ તેમ નહોતું. કહેવાનું તાત્પર્ય એ કે મહેનત, રસ અને ઉમંગ લઈ કોઇ કાર્ય કરતું હોય તો તેને અખંડિત પાર ઉતારવાની હોંશ હોય જ એટલે જરા કડકાઈથી તે કામ પાર ઉતારે એ સ્વાભાવિક છે. રા. પોપટભાઈ વકીલે રા. દયાળજીભાઈનો સ્વભાવ મૂળ તામસી હતો એમ તેમની યાદગીરી રાખવાના ઉપાયો સંબંધી ઠરાવો કરનારી સભામાં કહ્યું

છે, જો કે તેને ઉત્તરોત્તર તેમણે વશ કર્યો હતો. આ લેખકના તેમની સાથના લાંબા પરિચયમાં એવું કાંઈ જણાયું નહોતું. બલ્કે બીજાના વિરોધને શાંતિથી સાંભળી તેના પર મનન કરી યોગ્ય રીતે ફેરફાર કરવા તેઓ ખાનગીમાં તત્પર રહેતા. ઘણા આરંભે શૂરા હોય છે યા પ્રકાશમાં આવવાની ઈચ્છાથી પરમાર્થે થોડો સમય કામ કરી કંટાળી જાય છે અને ચીવટપણે લાંબો સમય, આશાનિરાશા માનઅપમાનની પરવા કર્યા વગર નિષ્કામ મહેનત કરી શકતા નથી, પણ સ્વ. દયાળજીભાઈ એથી પર હતા. ખરા સ્વયંસેવકનું એજ મુખ્ય લક્ષણ છે. એમણે અનાવિલ વિદ્યાર્થી આશ્રમને ચિરંજીવ કર્યો અને તેને જીંદગીના છેવટના દિવસ સુધી પોતાની સાથે વળગેલો રાખ્યો ને સુભાગ્યે ત્યાંજ એમનું અવસાન થયું. પરમાર્થ અને સેવાધર્મ કરવા એમણે વૈરાગ્ય (ભેખ) લીધો. ગુરુ યા વકીલના વિચારોને ખોટા લાગે તોપણ હાજીહા કરે એવા એ નહોતા કેમકે તેમનામાં નવા નવા વિચારો વિચારવાની યા અનુભવે અનુભવે તેમને કસોટી જોવાની શક્તિ હતી. છતાં રાજદ્વારી વગેરે બાબતોમાં ઘણો વખત કામ કરેલું હોય એવા નિષ્ણાતોની મંડળીમાં ઓધ્ધેદાર થવાની અપેક્ષા રાખતા નહીં પણ તેના હુકમ ઉઠાવવામાં અને ચીંધી આપ્યા પ્રમાણે તેની અભિવૃદ્ધિ કરવામાં સિપાઈ થવામાંજ માન સમજતા. ઘણીખરી સંસ્થાઓમાં હુકમ બજાવનારા અને પોતાના વિચારો પાકા થયા ન હોય તો પણ તેને પ્રદર્શિત કરી તેને વળગી રહેનારા ઘણા હોય છે પણ લશ્કરના સિપાઈની માફક ઉપરીના હુકમનો અમલ કરનારા યા કરાવનારા બહુ થોડા હોય છે, બલ્કે તેમાં ઘણા માનહાની સમજે છે, એથી સંસ્થામાં વિતંડાવાદ સિવાય ઝાઝું હોતું નથી. આ ઘણીખરી સંસ્થાની ખામી દલુભાઈ સારી રીતે સમજતા હતા. અનેકવાર તેમણે જ્ઞાતિ પરિષદો ભરવામાં અથાગ પરિશ્રમ લીધો. હું તેમને કહેતો કે આપણને પાકો અનુભવ થયો છે કે એની કાંઈજ અસર જ્ઞાતિજનો ઉપર થતી નથી. ત્યારે તેમણે કહેલું કે જ્ઞાતિની પહેલીજ પરિષદનો ઉપોદ્ઘાત તેંજ લખેલો તેમાં પરિષદ ભરવાના ફાયદા તથા બીજી કેટલીક બાબતો પાંડિત્ય બતાવી એવી રીતે ગુંથી હતી કે સ્વ. ડાહ્યાભાઈ વકીલે તને ખાસ તે માટે અભિનંદન આપેલું તેજ આજે પરિષદ ભરી તેમાંથી સુધારાની આશા બાંધવી એ મૃગજળ કહે છે! મેં કહ્યું કે પહેલાં તો પરિષદમાં પ્રમુખ ઉપપ્રમુખ વગેરેની ખુરસી શોભાવવા ઘણા ઊંચાં મ્હોડાં કરતા જણાતા અને સુરતમાં જઈ આપણું કામ કરીશું, પરિષદમાં ગુરુમાન ખાઈશું અને પરિષદનો તમાશો જોઈશું એવી આશાથી પણ ગામેગામના જ્ઞાતિજનો ઊલટતા પણ હવે તો જુવાનિયા મંડળ સિવાય બીજા જૂજ પરિષદમાં આવે છે ત્યારે તેમણે કહેલું કે એવા ઉત્સાહ વગરના, સારા યા નવા વિચારો સાંભળવાની ઈચ્છા પણ ન રાખનારા ભાડુતી યા સ્વાર્થી યા માનના અભિલાષીને ભેગા કરવાની પણ શું જરૂર છે? મતલબ કે નિરાશામાં અને ફળની આશા વિના પણ ઉમંગથી પરિષદ ભરી પોતાની જીંદગીના છેલ્લા વરસ સુધી કમમાં કમ જુવાનિયાઓને વિચાર કરતા કરવાની તેમને હોંસ હતી.

સારરૂપે સ્વ. દયાળજીભાઈના જીવનની મહત્તા નીચે પ્રમાણે ગણાવી શકાય:—

૧. વિદ્યાર્થી અવસ્થામાંથીજ નવીન વિચારો કરવાની અને નિરીક્ષણ કરી ચર્ચા કરવાની તેમની હોંસ (બુદ્ધિ ઉપરાંત ચારિત્ર યા કાંઈક નવીન કરી બતાવવાની શક્તિનો અંશ પણ જન્મથીજ હોય છે એમ કેટલાક માને છે તે પણ ખરૂં હોવું જોઈએ.)

૨. પુત્રની અભિલાષા યા પોતાની સગવડ સાચવનારી યા સંભાળ લેનારી ધર્મપત્નીની ઇચ્છા તો ૯૯ ટકા મરદોને હોય છે, છતાં તેનો વૈરાગ્ય સ્વ. દયાળજીભાઇને થયો એ વિરલ છે, અને તે એમનું જબરૂં મનોબળ તેમજ પરમાર્થે જીંદગી ગાળવાની દૃઢ અભિલાષા સિદ્ધ કરે છે. ઉપાર્જનનું સાધન (નોકરી) પણ છોડી અને સાંભળવા પ્રમાણે એમને ખાનગી મિલકતનો પણ વૈરાગ્ય થયો એટલી હદ સુધી ધનને લાત મારી એ કાંઈ પૂર્વ સંસ્કાર વિના બનવું કઠણ છે.

૩. અવસાન કાળ સુધી અનેક સ્વાર્થો તરછોડી અનેક ઝઘડા વિતાવી જે સંસ્થાને માટે ભેખ લીધો તેનીજ સેવા (નિરાશાના પ્રસંગો વટાવી) કર્યા કીધી એવું અડગ ધૈર્ય અને મનોબળ, નિષ્કામ સેવાનું તેમણે પણ લીધા વિના ન બની શકયું હોય.

૪. સાધુ સંન્યાસીના શિષ્ય થવામાં યા તેને ત્યાં જઈ વાદવિવાદો કરવાનો યા બોધ લેવાનો પણ તેમને નાનપણથી શોખ હતો પણ સ્વતંત્ર બુદ્ધિપૂર્વક વિચાર કરવાની ટેવવાળા સ્વ. દયાળજીભાઈ અંધશ્રદ્ધા રાખી કોઈ ગુરુના વડા ચેલા બની શક્યા નહીં કેમકે તેમને માટે આદર્શ જ્ઞાતિ યા દેશસેવક થવાનો યોગ ઇશ્વિરે નિર્માણ કર્યો હશે.

૫. પોતાની પૂજ્ય, ૯૦ વરસની વયે પહોંચેલી માતાની તમામ સેવા એકલે હાથે કરવાનો યોગ તેમને સાંપડ્યો અને તેમ કરવામાં તે અકળાયા નહીં યા ધૈર્ય ખોયું નહીં એ સંસ્કારી પૂજ્ય માતૃભાવના સિવાય બની શકેજ નહીં. પરમેશ્વરની ઇચ્છા પણ ખરેજ વિચિત્ર લાગે છે, તે એકે એમના પહેલાં એમની ઘણી વૃદ્ધ અને અપંગ માતાને પોતાના ધામમાં બોલાવી લીધી નહીં !

૬. પોતે હૃદય રોગથી છેવટના ઘણા વર્ષોથી પીડાતા હતા પણ ધર્મપત્નીના અભાવે તેમની સુશ્રુષા કરનાર ઘણા ઇતર કુટુંબીજન તથા કુટુંબવત્ ગણાતા શિષ્યો હોવાથી તેમને જરા પણ ઉચાટ થયો નહોતો.

૭. મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ વખતે પણ સિપાઈ તરીકે મોખરે રહેતા અને જેલવાસ પણ કરી આવ્યા હતા.

૮. પોતાના વિદ્યાર્થી આશ્રમવાસીઓ અને ઇતર ટીકા કરનારા તરફથી માત્ર વીશીનીજ ગરજ સારે એટલે દરજ્જે આશ્રમને ઉતારી ન પાડવા માટે તેમણે વિદ્યાર્થીઓ પાસે રખાવેલી ભાવના તથા શિસ્તને લીધે અનેક ટીકાઓ અને કડવા વેણો તેમણે સહન કરેલાં છતાં સીધી યા આડકતરી રીતે વિદ્યાર્થીઓ પાસે અમુક નિયમો પળાવતા અને કેટલાક સારા વિચારો તેમના મનમાં ઠસાવતા. તેથી લાડકવાયા યા શોખીન થઈ ગયેલા અને પેટિયું કહાડવાજ ભણવા આવનારા વિદ્યાર્થીઓને ઘણી અકળામણ થતી

પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને ઉચ્ચતર સ્થાને બેસાડે એવી પ્રાર્થના કરી આ લેખ બંધ કરૂં છું.

સ્વ૦ ભાઈ દયાળજી

(શ્રી. મગનલાલ રતનજી વિદ્યાર્થી)

ભાઈ દયાળજી એટલે સેવા, ત્યાગ અને ધીરજ. નગુણી ગણાતી અનાવિલ કોમ અને વળી જેને હરકોઈ કામમાં ખોડ ખાંપણુ શોધવાની જ જીર્ણરોગ જેવી ટેવ એવા અનાવિલો તેને માટે જેણે જીવન અર્પ્યું તે ભાઈ માટે ઘણું યે લખવા જેવું અને સ્મરણમાં રાખવા જેવું છે.

મારો એમની સાથેનો પ્રથમ પરિચય સને ૧૯૧૦નો મે માસ. વડોદરા કૉલેજમાં તે વખતે હું ફેલો હતો અને બી. એ.ની પરીક્ષા માટે વાંચતો હતો. તાપની રજા અને વલસાડની હવા. વાંચવું, ઊંઘવું અને તીથલના દરિયા સુધી ફરી આવવું એજ દિનચર્યા હતી. મારા પિતાશ્રીએ એમનું ઓળખાણ કરાવ્યું હતું. અડવા ફારમ ઉપર સરકારી ખેતીવાડી ખાતાંમાં ભાઇ કારકુન હતા. મારો વિચાર સરકારી નોકરીમાં જોડાવાનો બીલકુલ ન હતો. છતાં મારા પિતાશ્રીની ઊંડે ઊંડે ઇચ્છા હતી કે મારે તેઓ જે રેવન્યુ ખાતામાં નોકરી કરતા હતા તેમાં મોટા અધિકારી થવું. તે વખતે હું એ ખાતાના નોકરોને સરકારી સાધુ કહેતો. જેથી ભાઈ દયાળજી જેવા સરકારી નોકર જોડે ઓળખાણ પાડવાનું મારે શું કામ હોય ? એમ વિચારી કંઇક તટસ્થતાથી મારો પ્રથમ પરિચય શરૂ થયો ખરો. પણ એમની પ્રમાણિક સેવાભાવના અને એમનો સાદો પોશાક પણ તેજસ્વી અને આગ્રહી વાતચીતથી જે છાપ મારા મન ઉપર તે વખતે પડી હતી તે દિન પ્રતિદિન વધતી ગયેલી તે છેવટે ગઇ સાલ અનાવિલ વિદ્યાર્થી આશ્રમમાં એમને મળવા ગયેલો તે ખાસ સ્નેહીને મળવા ગયેલો.

ભાઈના પરિશ્રમથી પ્રથમ અનાવિલ પરિષદ સને ૧૯૧૧ના ડિસેમ્બરમાં સુરત મુકામે મળેલી, ત્યારે મારે અને એમને સંસાર સુધારાના પ્રશ્નો પરત્વે કેટલોક મતભેદ પણ હતો. પછીથી જ્યારે સને ૧૯૧૬થી મેં સુરતમાં વકીલાત શરૂ કરી ત્યારથી અમે એકબીજાને ઘણા ઓળખ્યા. હોમરૂલ ચળવળમાં એમની સાથે કેટલુંક કામ કર્યું. પછી અસહકાર અને રાષ્ટ્રીય કેળવણીની ચળવળમાં પણ મને સર્વાંગે સાથે રાખવાનો એમનો સતત આગ્રહ છતાં હું વકીલાતનો ધંધો છોડી શકેલો નહીં, પણ કંઈ ને કંઈ ફાળો તો એમણે મારી પાસે સારી પેઠે લીધેલો.

હિંદી કૉંગ્રેસના જૂના બંધારણમાં સુરત જીલ્લા સમિતિના અમે બે જોડિયા મંત્રી હતા. મેં સુરતમાં કેટલાક મિત્રોની સાથે "સમાચાર" નામનું રોજીંદુ છાપું કાઢેલું તે સાહસને એમણે ઉત્તેજન આપેલું. પણ એ સાહસ મને બહુ ભારી પડેલું.

અમદાવાદમાં વકીલાત કરતો હતો ત્યારે સને ૧૯૩૦ની ઐતિહાસિક દાંડીકૂચવાળાં વર્ષમાં ભાઈ જેલજાત્રાએ ગયેલા અને પછી ગાંધી-ઇરવિન સંધિ થતાં એમનો છુટકારો થયેલો તે વખતે મને એમની ઘણી ઇર્ષ્યા આવેલી. અને તે મેં કહેલું પણ ખરૂં. ત્યારે મને જવાબ આપેલો, "મારૂં માનતો નથી અને ઇર્ષ્યા કરે એ કંઈ ચાલે." છતાં મારાથી વકીલાત છોડી શકાયલી નહીં.

મુંબઈ આવ્યા પછી મારા પુત્રના લગ્ન એમના વિદ્યાર્થી આશ્રમમાં સાદાઈથી કરેલાં તે એમના સૌજન્ય અને સ્નેહથી. વાંકડાનો વિરોધ હું કરતો હતો તે ભાઈ જાણતા હતા. અને સાદાં લગ્ન આશ્રમમાં થાય એ સૌને લાભદાયી છે એ દીવા જેવું ચોખ્ખું છે.

નવસારી મુકામે ભરાયલી અનાવિલ પરિષદમાં ડૉ. કુંવરજી ગોસાંઈ નાયકને પ્રમુખપદે લાવવામાં ભાઈ દયાળજીના પરિશ્રમ સાથે મારો પણ સહકાર એમણે માગેલો અને તે મેં આપેલો.

એ પરિષદમાં જ્ઞાતિનું બંધારણ મારી પાસે તથા જલાલપુરના મરહૂમ રા. બ. નાગરજી ડાહ્યાભાઈ પાસે આખી રાત ઉજાગરા કરાવીને તૈયાર કરાવેલું. અને એ બંધારણ કમિટીનું મંત્રીપદ મને તથા મારા મિત્ર મરહૂમ રા. મણિભાઈ પરાગજી દેસાઈને સોંપેલું. પણ પછી થોડા વખતમાં મારે અમદાવાદ જવાનું થયું અને રા. મણિભાઈની પણ સુરતથી બદલી થઈ.

મુંબઈની શ્રી. અનાવિલ સમાજને સુરત લઈ જવાના એમના પ્રયાસમાં મિત્રો અને સંબંધીઓની ગેરસમજુતી વ્હોરી મેં એમને કંઈક સાથ આપેલો.

ભાઈ દયાળજી જોડેના મારા આટલા મુખ્ય પ્રસંગો. પણ ચર્ચાઓના પ્રસંગો તો અનેક આવેલા. એ બધી ચર્ચાઓમાં દેશ, જ્ઞાતિ અને કેળવણી વિષેના એમના વિચારો ગમે તેવા હોય પણ સામાની સાથે મેલમૂક કરી નિભાવી લેવાની એમની લાક્ષણિક વૃત્તિ કંઈ અલૌકિક હતી. એમની સાથેની થયલી ચર્ચાઓ પૈકી એક ખાસ ચર્ચા મને આજે યાદ આવે છે તેની નોંધ કરી મારા ભાઈ દયાળજી સાથેના સંસ્મરણો સમાપ્ત કરીશ.

જ્ઞાતિના બાળકો અને બાલિકાઓને આદર્શ કેળવણી આપવા સારૂ જે ધન જોઈએ તે ક્યાંથી લાવવું? એના સંબંધમાં એક વખતે ઘણી ગંભીર અને કંઈક ઉગ્ર ચર્ચા થઈ હતી. તે વખતે એમણે ઘણા ગંભીર થઈને જણાવેલું કે "જો મારૂં ચાલતું હોય તો આપણી જ્ઞાતિમાં જે સ્ત્રી અથવા પુરુષ સંતાનહીન અવસ્થામાં ગુજરી જાય તેની તમામ સ્થાવર જંગમ મિલકત જ્ઞાતિના બાળકોની કેળવણીના કામમાં વાપરવાનો કાયદોજ કરી દઉં." આ ચર્ચા વખતે એવી વ્યક્તિઓ હાજર હતી કે જે સંતાનહીન અવસ્થામાં આ દુનિયાનો ત્યાગ કરવાની અણી ઉપર હતી અને કેટલીક એવી વ્યક્તિઓ હતી કે જેમને આવી સંતાનહીન વ્યક્તિઓનો વારસો મળેલો હતો અને કેટલાકને મળવાનો હતો. તેથી આ ઉપાય જે સૂચવાયો તેથી ઘણાનાં મન કચવાયલાં. અને તે સ્પષ્ટ જોઈ શકાતું હતું કે આ ચર્ચા લંબાશે તો અંગત સ્વરૂપ ધારણ કરશે અને સુલેહનો ભંગ થવાનો ભય પણ ઉપસ્થિત થશે. જેથી આવો કાયદો ભાઈ દયાળજી રાજા થાય અને કરે તો તે વખતે આ ચર્ચામાં હાજર રહેલાને ખાસ કલમ ઘડીને બાકી રાખવા એવી સૂચના મેં ગંભીરપણે કરી એટલે બધા ખીલખીલાટ હસી પડેલા અને ચર્ચા નિર્વિઘ્ને સમેટાઇ ગયલી.

આ સંસ્મરણ નોંધવાનું કારણ પણ એ છે કે હાલમાં એમનું સ્મારક કરવાની જે હીલચાલ થઇ છે તેમાં યથાશક્તિ જે ફાળા અપાયા છે અને અપાશે તે માટે ફંડ ભેગું કરવાના કામમાં આ સૂચના જાણ્યે અજાણ્યે કોઇ ઉત્સાહી ભાઈ હૃદયથી જાદા ઉત્સાહથી નહીં કરે. પણ ભાઈ દયાળજીનું યોગ્ય સ્મારક કરી આ નગુણી કહેવાતી જ્ઞાતિ અને ટીકાખોર કહેવાતાં અનાવિલ ભાઇબ્હેનો એમણે જ્ઞાતિ ઉપર કરેલા ઉપકારનું ઋણ ફેડવાનો જરૂર પ્રયત્ન કરશે એવી ઉમેદ છે.

આજકાલ કરતાં મારા અને ભાઇ દયાળજીના બત્રીસ વરસના પરિચય છતાં એમનું અચાનક અવસાન થતાં છેલ્લી મુલાકાત નહીં થઇ શકી એ વાત ખૂંચે છે. એમના નેવું વરસના વૃદ્ધ માતુશ્રી જેમનો પોતાનો "દલુ" ગયો છતાં જ્ઞાતિના બધા છોકરાને જે પોતાનો જ દલુ ગણી રહ્યાં છે તેમની જીવન સંધ્યા પરમ શાંતિથી પસાર થાય અને મરહૂમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તથા અનાવિલ જ્ઞાતિમાં અનેક દયાળજીઓ પેદા થાય એ ઉમેદ અને એ આશીર્વાદ.

સેવાનો ભેખધારી

(શ્રી. જ્યોતીન્દ્ર દેસાઈ)

* સદ્દગત દયાળજીભાઈ જેવા મહર્ષિ માટે લખવાનું આમંત્રણ મળે એ જીવનનો અનુપમ લ્હાવો કહેવાય. પણ સાથે સાથે એ વિરલ મૂર્તિ માટે લખવા બાબતની લાયકાત માટે પણ શંકા જ રહ્યા કરે છે. એમનું જીવન એટલી બધી ઉચ્ચ કોટિનું, એટલું બધું સ્વાર્થરહિત અને એટલું બધું સેવાસંપૂક્ત હતું કે એની તુલના કરવી અશક્ય છે.

સદ્દગત દયાળજીભાઈની જોડે મ્હારો પહેલો પ્રસંગ હજીયે તાજો જ છે સદ્દગત મુંબઈમાં આવતા ત્યારે સદ્દગત છોટુભાઈ સૉલિસિટરને ત્યાં ઊતરતા અને એક દિવસ હું ત્યાં ગયો હતો ત્યારે મેં બીજા ઓરડામાંથી એમને વાત કરતા સાંભળેલા. ત્યારે મને ખબર નહિ હતી કે એઓ શ્રી. દયાળજીભાઈ હશે. પણ એટલું જાણ્યા પછી મેં એમની પાસે જવાની હિંમત થોડા દિવસ તો નહિ કરી. એમને વિષે જે સાંભળેલું તે ઉપરથી એમ લાગતું હતું કે એ વ્યક્તિ પાસે જઈ વાત કરવા માટે ઘણી જાતની શક્તિ કેળવવી પડે એમ છે. પણ તે તરકીબ લાંબો વખત ન ચાલી અને અચાનક હું એમને એમના ઓરડામાં મળી ગયો અને ત્યાંથી એકદમ ચાલી ન જવાય તેથી એમની સાથે શિષ્ટાચાર મુજબ વાત કરવી પડી. એ પ્રસંગના પરિણામે મારી ધારેલી બીક ચાલી ગઈ અને પછી તો હું એમને વારંવાર મળવા લાગ્યો અને છેવટે હમારો સંબંધ ઘણો જ ગાઢો થયો. એમની પ્રેરણાથી હું અનાવિલ આશ્રમમાં એક વરસ રહ્યો અને જો સાર્વજનિક એડયુકેશન સોસાયટીએ મારી નોકરી દરમ્યાન રજા આપી હોત તો હું એ સંસ્થાનો ગૃહપતિ બન્યો હોત. પૂજ્ય દયાળજીભાઈએ એ બાબત મહેનત કરી હતી પણ તે સફળ નીવડી નહિ.

દયાળજીભાઈનાં જીવનમાંથી આપણને ઘણું જાણવાનું મળે છે. એમને માટે સ્વદેશ સેવા એ જીવન ધ્યેય હતું પણ સાથે જ્ઞાતિ પણ માણસ પાસેથી સેવાની આશા રાખે છે એ વાત એમને સારી રીતે જણાઈ હતી. એમાં માનસિક સંકડાશનો કંઈ ભાવ નહિ હતો. Narrow sectarianism જેવું પણ કંઈ હતું નહિ પણ જેવી રીતે આપણું કુટુંબ આપણી પાસે કંઈક આશા રાખે તેવીજ રીતે જ્ઞાતિ પણ આશા રાખે અને તેથી તે સેવામાં કંઈ પણ ખોટું નથી એવી એમની માન્યતા હતી. આ માન્યતાનું પરિણામ આજે આપણી જ્ઞાતિ અનુભવી રહી છે. સુરતમાં અનાવિલ વિદ્યાર્થી આશ્રમ આપણી જ્ઞાતિનું વિદ્યાકેન્દ્ર જેવું છે. આશ્રમ એટલે દયાળજીભાઈનું જીવનસ્વપ્ન સિદ્ધ સ્વરૂપમાં છે. આશ્રમનો ઇતિહાસ એટલે દયાળજીભાઈની જ્ઞાતિ સેવાનો ઇતિહાસ કહેવો એમાં કંઈ ખોટું નથી. આશ્રમને માટે આર્થિક મદદ જોઈએ તો દયાળજીભાઈ ઝોળી લઈ બરમા જાય. પરિણામે આશ્રમને બરમા બ્લૉક મળે. એક ભંગાર મકાનમાંથી આજે સુરતની કોઈપણ કેળવણી સંસ્થાને અદેખાઈ કરાવે એવો આપણો આશ્રમ થયો છે. જ્ઞાતિએ અભિમાન લેવા જેવી મિલકત જ્ઞાતિને મળી છે. અને એ મિલકતનો સદુપયોગ કરવો એ જ્ઞાતિનું કામ છે.

દયાળજીભાઈ ઉંમરે ભલે ઘરડા હોય પણ એમના વિચારો તો સમયાનુસાર પ્રગતિસાધક હતા. કન્યાકેળવણીમાં એઓ માનતા, ઉચ્ચ કેળવણીમાં પણ માનતા. આપણા જેવી ગરીબ જ્ઞાતિ માટે મોંઘુ શિક્ષણ ન પોષાય તેમ છતાં તે જરૂરનું તો છે જ એમ માની આશ્રમમાં રહેવા કરવાની સોંઘી સગવડ પૂરી પાડવાનું કામ એમણે માથે લીધું હતું. કહેવાય છે કે પહેલાં

પહેલાં વિદ્યાર્થીઓ "રોટલા" ખાઈને રહેતા. અને આ રોટલા ખાઈને મોટા થયેલા વિદ્યાર્થીઓમાંથી કેટલા બધાએ આજે જુદી જુદી દિશાઓમાં ખ્યાતી મેળવી છે. જ્યારે ઘરે નાનાં ભાઈબ્હેન વરસમાં બળેવ, દિવાળીને દિવસે "પૂરી" જોતાં હોય ત્યારે મોટો ભાઈ કૉલેજની હોસ્ટેલમાં રહી દરરોજ "પૂરી" વગેરે ખાઈ સ્વાદિયું મોઢું બનાવતો હોય એ વસ્તુસ્થિતિ એમને અસહ્ય લાગતી. દયાળજીભાઈને પૂરેપૂરા "રોટલાવાદી" કહીએ તો તેમાં કંઈ ખોટું નથી. આપણી જ્ઞાતિનો મોટો ભાગ "રોટલાજીવી" છે અને રોટલાની હસ્તી ચાલુ રાખવા માટે આશ્રમને ધન્યવાદ ઘટે છે.

શારીરિક કેળવણી પ્રત્યે એમના ખાસ ધ્યાનને પરિણામે અનાવિલ વિદ્યાર્થી આશ્રમનો અખાડો જન્મ્યો. આજે સુરતનાં સારાં સારાં વ્યાયામ કેન્દ્રોમાં આશ્રમની ગણત્રી થાય છે અને આશ્રમના વિદ્યાર્થીઓની વૉલી બૉલ ટીમ સામે મૅચ લેતાં બીજી સંસ્થાઓને વિચાર કરવો પડે છે.

દયાળજીભાઈની મુરાદો તો ઘણી હતી. એમનું જુવાન હૃદય હજીએ આશ્રમવિકાસની કલ્પનાઓમાં જ વિહરતું હતું એમણે મને છેલ્લો કાગળ લખ્યો તેમાં જ્ઞાતિને એક ઉદ્યોગશાળાની જરૂર છે એવો કંઈક ભાવ પણ દેખાયશે. આજની કેળવણીનું ઉપરચોટિયાપણું એમની નજર બહાર નહિ હતું. આશ્રમમાં જ એક આદર્શ શિક્ષણ સંસ્થા જમાવવાનો પણ એમનો છેલ્લો ઇરાદો હતો. જો દયાળજીભાઈ બે વર્ષ વધારે જીવ્યા હોત તો સુરત જિલ્લાને—ખાસ કરીને ગામડાઓમાં રહેનાર જનતાને—એક માર્ગદર્શક શાળા મળી હોત. હવે એ કયારે મળે એ કેમ કહેવાય?

દયાળજીભાઈ વકીલ નહિ હતા તેમ છતાં પણ એમની દલીલ કરવાની રીત એટલી સ્વાભાવિક અને સચોટ હતી કે એમનું કહેલું માન્યા વિના ઘણે ભાગે છૂટકો જ ન થાય. આશ્રમવાસી વિદ્યાર્થીભાઈઓ ચાની છૂટ માટે અથવા સિનેમા જોવા માટે રજા માગવા જાય ત્યારે તેમને આ દલીલ પરંપરાનો બહુ સારો અનુભવ થતો. સભાસંચાલન તથા કાયદાકુનેહનું એમનું જ્ઞાન ઘણું જ શાસ્ત્રીય અને વ્યવસ્થિત હતું. ઠરાવો ઘડવાની એમની શક્તિ નૈસર્ગિક કહી શકાય. ગમે તેવી અટપટી બાબત માટે મેનેજીંગ કમિટીને ઠરાવ ઘડવો હોય તો દયાળજીભાઈ તરત જ તે કામ માટે રોકાઈ જઈ ઠરાવનો ખરડો તૈયાર કરે અને પછી તેમાં ભાગ્યે જ વધારે છેકછાક કરવાની જરૂર પડે. એમનો ભાષા ઉપરનો કાબૂ એટલો બધો વ્યાપક હતો.

દયાળજીભાઈ જ્ઞાતિ માટે ઘણું કરી ગયા. કોઈએ નથી કર્યું એટલું કર્યું. એ બધા માટે એમના ઉપર ઉપકારની લાગણી બતાવવાને બદલે કેટલીક વખત વાક્પ્રહારો પણ થતા. એ બધું સહન કરવાની એમનામાં શક્તિ હતી વિરોધીઓને પણ સમજાવવા એઓ પ્રયત્ન કરતા અને તેમાં ઘણી વખત સફળ થતા. જ્ઞાતિ માટે એમણે જે કર્યું તે બધું કંઈ પણ બદલાની આશા સિવાય કર્યું. એમનાં વખાણ કરી આપણે બેસી રહીએ તો એમનું કર્યું ધૂળમાં મળ્યા બરાબર થાય. એમણે જે કાર્ય માટે ભેખ ધર્યો હતો તે કાર્યની સિદ્ધિ માટે આપણે આપણાથી બને તેટલું કરવું જોઈએ. આપણા સરકારનું પ્રતીક "અનાવિલ આશ્રમ" છે. દયાળજીભાઈની એ જન્મસિદ્ધિ છે. એ આશ્રમને આપણે અપનાવીએ. એનો વિકાસ કેમ થાય અને એ જ આશ્રમ સંસ્કારકેન્દ્ર કેમ બને એનો આપણે વિચાર કરવો રહ્યો. તે કાર્ય માટે આપણે તૈયાર થઈએ. દરેક અનાવિલ સ્ત્રીપુરુષ એ કાર્યમાં સાથ આપે અને સુરત જિલ્લામાં આપણી જ્ઞાતિની અસ્મિતા પુરવાર કરી આપે તો સ્વર્ગસ્થ દયાળજીભાઈના અમર આત્માને અમર શાંતિ થશે. પ્રભુના દરબારમાં દયાળજીભાઈ તો એમની જગાએ બેઠા જ હશે એમાં શક નથી.

કર્મયોગી દયાળજીભાઈ

(શ્રી. બળવંતરાય ઘેલાભાઈ દેસાઈ, સૉલિસિટર)

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥

(भ. गी.)

દયાળજીભાઈ એક કર્મયોગી હતા. નિષ્કામ કર્મો કરવામાં એમણે પોતાનું જીવન પસાર કર્યું. સેવા એજ એમના જીવનનો આદર્શ હતો. એમનો ત્યાગ અનુપમ હતો. મહાત્મા ગાંધી એક વેળા દેશસેવકોની આકરી કસોટી કરી રહ્યા હતા. પોતાનું સર્વસ્વ દેશને અર્પણ કરવું એવો આદેશ ગાંધીજીએ બહાર પાડયો. આ પ્રસંગે દયાળજીભાઈને કેવું હૃદયમંથન થયું હશે એની કલ્પના કેવી રીતે કરી શકાય! એક બાજુ પોતાની વૃદ્ધ માતા, આશ્રમની જવાબદારી અને પોતાના જીવનના સાધનનો અભાવ અને બીજી બાજુ ભારતના નેતાનો દેશસેવાને માટે આદેશ. કોઈ પણ પરિણામની પરવા કર્યા વિના દયાળજીભાઈએ પોતાનું સર્વસ્વ દેશને અર્પણ કર્યું. આ પ્રસંગે બતાવ્યું કે દયાળજીભાઈ એક સાચા દેશસેવક હતા.

એક કેળવણીકાર અને સમાજસુધારક તરીકે એમણે અનાવિલ જ્ઞાતિની અમૂલ્ય સેવા કરી છે. એમણે અનાવિલ આશ્રમ સ્થાપ્યો અને અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાના જીવનના અંત સુધી નિભાવ્યો. એમની સેવાની ખરી કદર તો જ્ઞાતિ આશ્રમને નિભાવીનેજ કરી શકે. આશ્રમ સ્થાપવામાં એમના બે હેતુ હતા. એક તો જ્ઞાતિના વિદ્યાર્થીઓને કેળવણીનો લાભ આપવો અને બીજો એવા પ્રકારના વિદ્યાર્થીઓ કેળવવા કે જેઓ જ્ઞાતિમાં જરૂરી સમાજ સુધારા કરી શકે. 'અનાવિલ સેવક' મારફતે એમણે જ્ઞાતિ સુધારામાં અગત્યનો ફાળો આપ્યો હતો. સ્ત્રી કેળવણીમાં એ ઘણો રસ લેતા હતા અને જ્ઞાતિની બાળાઓને કેળવણી આપવાની હિમાયત કરનાર અગ્રગણ્ય પુરુષ હતા.

સેવાના ક્ષેત્રમાં દયાળજીભાઈને જ્ઞાતિનું બંધન ન હતું. સુરત જિલ્લામાં રાજકીય ચેતન આણવાનું માન તો એમને ઘટે છે. ગામડે ગામડે ફરીને એમણે લોકોમાં જાગૃતિ આણી. બારડોલીની ભૂમિકા તૈયાર કરવામાં એમણે અગત્યનો ફાળો આપ્યો. એઓ સુરતના સિંહ ગણાતા. એમની ગર્જના તો સિંહ ગર્જના જેવીજ હતી. એ પ્રથમ પંક્તિના વક્તા હતા. લાઉડ સ્પીકરની જે વેળા વ્યવસ્થા ન હતી તે વેળા પણ સુરતની મોટી સભાઓમાં એઓ સરસ કાબૂ રાખી શકતા. દયાળજીભાઈ એક કેળવણીકાર, એક સમાજસુધારક, એક રાજકીય પુરુષ અને એક સાચા દેશસેવક હતા. એમના મૃત્યુથી જ્ઞાતિને, સુરત જિલ્લાને અને દેશને મોટી ખોટ ગઈ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

ત્યાગમૂર્તિ

(શ્રી. બાપુભાઈ નારણજી વશી)

ભારતની સૈકાઓ જૂની રાજકીય ગુલામીને મિટાવી–ફગાવી દેવાના આપણા મહાપ્રયાસોના ફક્ત વીસમી સદીના ઇતિહાસના પાનાં ઉકેલીશું, આપણા આગેવાનોને ગાંધીજીની કસોટીથી કસી જોઈશું તો સહેજે જણાઈ આવશે કે આપણા આગેવાનોમાં – અરે આપણા પ્રધાનોમાંયે ગાંધીજીની કસોટીએ પાર ઉતરે એવી ત્યાગમૂર્તિઓ સારાય ભારતમાં ગણી ગાંઠી છે; આપણા ઈલાકામાં – રે મહાગૂજરાતમાં પણ આંગળીને વેઢે ગણી લેવાય એટલીજ છે. મહાગૂજરાતની ફક્ત એક બે આંગળીઓને વેઢે ગણી લેવાય એટલી ત્યાગમૂર્તિઓમાં સ્વર્ગસ્થ પૂ. દયાળજીભાઈએ સ્થાન મેળવ્યું છે; અને એમનું તથા એમની વૃદ્ધ માતાનું જીવન સફળ બનાવ્યું છે.

ગૂજરાતના રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં ઘૂમેલો કયો સેવક દયાળજીભાઈને ન પિછાણતો હોય ! કયા અભાગી અનાવિલે પોતાની જ્ઞાતિની આ વિરલ વિભૂતિનું નામ ન સાંભળ્યું હોય !

" મારી જ્ઞાતિને આગળ લાવી – મારી જ્ઞાતિના યુવાનોને સમાજસેવાના અને દેશભક્તિના રંગથી રંગીને ભારતની આઝાદી પ્રાપ્ત કરવામાં ઉચ્ચકોટિનો પણ નમ્ર ફાળો આપવાની " મહાન અભિલાષાએ સ્વર્ગસ્થ પૂ. દયાળજીભાઈને ત્યાગમૂર્તિ બનાવ્યા. આવી ઉચ્ચ કોટિની અભિલાષાને લીધેજ એમણે સરકારી નોકરીનો ત્યાગ કર્યો, રાજકારણમાં ઝંપલાવ્યું, અનાવિલ વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરી, ભર યુવાનીમાં થયેલા પત્નીના મૃત્યુ પછીથી અપરિણીત રહી સંયમ અને ત્યાગનું અસિધારાવ્રત સ્વીકાર્યું.

આવી પ્રતાપી અને તેજસ્વી વ્યક્તિના નિકટ પરિચયમાં આવવાની મળેલી તકને મેં મારા જીવનનું એક અહોભાગ્ય ગણ્યું છે.

હોમરૂલ લીગની ચળવળના જમાનામાં પૂ. દયાળજીભાઈએ મારા ગામમાં એક સભા ભરી હતી. સભા પૂરી થતાં મારા પિતા એમને અમારે ઘેરે બોલાવી લાવ્યા હતા. એ પ્રસંગે તો હું ઘણો નાનો હતો છતાં ત્યારનું એમનું પ્રથમ દર્શન આજેય મારી દૃષ્ટિ બહાર ગયું નથી.

સને ૧૯૨૦–૨૧ના જમાનાથી તો સમસ્ત ગૂજરાતે પૂ. દયાળજીભાઈને સુરતના સિંહ તરીકેજ ઓળખ્યા છે.

એક વર્ષનો કારાવાસ ભોગવી સને ૧૯૨૩ના મે-જૂનના અરસામાં પૂ દયાળજીભાઈ બહાર આવ્યા. એજ અરસામાં હું ' અનાવિલ વિદ્યાર્થી આશ્રમ 'માં અભ્યાસ અર્થે દાખલ થયો. ત્યારથી એમની સાથેનો મારો પરિચય અનેક ઉત્કાપાતો આવ્યા અને ગયા છતાં અંત સુધી ગાઢ અને મીઠો રહ્યો છે. હું ચાર વર્ષો સુધી ' અનાવિલ વિદ્યાર્થી આશ્રમ 'માં રહ્યો તે દરમ્યાનમાં પૂ. દયાળજીભાઈ પણ મોટે ભાગે આશ્રમમાંજ હતા. મારા એ ચાર વર્ષોના આશ્રમવાસ દરમ્યાનમાં અવનવા પ્રસંગો બની ગયા હતા છતાં મેં એ સમયને મારા જીવનના યોગ્ય ઘડતરના સમય તરીકે જ માન્યો છે.

પણ પૂ. દયાળજીભાઈનાં સંસ્મરણો કંઈ એક નાનકડા લેખમાં થોડાં જ આપી શકાય? એમને વિષે તો જેટલું લખીએ એટલું ઓછું જ છે. એમના પરિચયમાં આવેલા ઘણાયેને કેટલીક બાબતોમાં મતભેદો પણ થયા હશે. એમની જોડે ઉગ્ર ચર્ચાઓ પણ થઈ હશે; છતાં એમની જોડેની ઉગ્ર ચર્ચાઓ કે તીવ્ર મતભેદોની પેલે પાર રહેલા એમના પ્રતાપી વ્યક્તિત્વ આગળ ઘણાએ પોતાનું મસ્તક નમાવ્યું છે, એમના પ્રત્યેનો પૂજ્ય ભાવ ઓછો થવા નથી દીધો.

પૂ. દયાળજીભાઈનો અભ્યાસ આમ તો મેટ્રિક સુધીનો જ હોવા છતાં મનન અને ચિંતનને લઈને જ એઓ એક સારા વિચારક ગણાયા. વિચારક હોવા છતાં પૂ. દયાળજીભાઈ માત્ર તરંગી – કલ્પનાશીલ ન હતા. એમના શરૂઆતના જીવન પ્રતિ દૃષ્ટિપાત કરતાં સહેજે જણાઈ આવશે કે સચોટ માન્યતા મુજબના વર્તનનો એમને ભારે આગ્રહ હતો. યુવાનોમાં લડાયક જુસ્સો પેદા કરવાની એમની તમન્ના અદ્દભુત હતી. યુવાનોનું દળ ઊભું કરી રાષ્ટ્રસેવા અને સમાજસેવા કરવાના એમના કોડ ભલભલા શિક્ષિતોને પણ શરમાવે એવા હતા. એથી જ એમને 'અનાવિલ વિદ્યાર્થી આશ્રમ'થી શરૂઆત કરી.

ગૂજરાતના સારા ગણાતા આર્યસમાજીઓના જીવન પર મહર્ષિ દયાનંદની જેટલી અસર પડેલી દેખાય છે તેનાં કરતાં તેની વધુ અસર પૂ. દયાળજીભાઈના જીવન પર પડી હતી. પૂ. દયાળજીભાઈ સંયમ અને ત્યાગની મૂર્તિ હતા. વળી સ્વતંત્ર ભારતની ધારાસભાના પહેલા પ્રમુખ થવાના કોડ સેવનાર સ્વર્ગસ્થ શ્રી. વિઠ્ઠલભાઈ પટેલના પૂ. દયાળજીભાઈ ભક્ત હતા – અંગત સ્નેહી જેવા હતા.

સને ૧૯૨૬ના જૂન માસમાં એક દિવસ પૂ. દયાળજીભાઈએ મને તેમના ઓરડામાં બોલાવી મારી સાથે ઘણી વાતો કરી હતી. તે વાતોના મુખ્ય મુદ્દાઓ આ રહ્યા: "તમે બધા વિદ્યાર્થીઓ તમારા શાળા પાઠશાળાના અભ્યાસ ઉપરાંત કેટલીક પ્રવૃત્તિઓ ઉપાડો તો કેવું સારું થાય? થોડું બાગકામ તમે કરી શકો. 'અનાવિલ સેવક', 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'નો અભ્યાસ પણ કરો. તકલી પર સુતર કાંતતા થઈ જાવ. તમારામાં સ્વતંત્ર વિચારશક્તિ ખીલે, એ વિચારને સારા શબ્દોમાં મૂકવાની ટેવ પડે, તમે એક બીજાને સમજી શકો એટલા માટે એક હસ્તલિખિત માસિક બહાર પાડો તો કેવું સારું?" આ પ્રસંગે એમની જોડે થયેલી વાતોમાંથી સને ૧૯૨૬ના ઑગસ્ટની પહેલી તારીખે જ 'તિલક જયંતિ અંક' રૂપે આશ્રમનું હસ્તલિખિત માસિક "પંખીડું" સ્વ. શ્રી. મણિલાલ કનસાડકરના તંત્રીપદેથી પ્રકટ થયું હતું. બે ત્રણ અંક પછીથી 'પંખીડું' ચલાવવાની જવાબદારી બધા વિદ્યાર્થીભાઈઓએ મારે માથે નાખી. એ પછી તો 'પંખીડું' વિદ્યાર્થીઓમાં અતિપ્રિય થઈ પડ્યું હતું.

* * * *

અવારનવાર પૂ. દયાળજીભાઈને હું સાન્તાક્રુઝમાં મળતો રહ્યો છું. એમણે સેવેલાં સ્વપ્નોને એમની પાસેથી હું એક સરખા પૂજ્યભાવે સાંભળતો રહ્યો છું. સને ૧૯૪૦ના જાન્યુઆરી માસમાં નાજુક તબિયત હોવા છતાં પૂ. દયાળજીભાઈ મને મળવા માટે મારી રુમ પર આવ્યા હતા. તે સમયે હું 'અનાવિલ સમાજ'ના ઇનામી નિબંધ – 'અનાવિલોનું કૌટુંબિક જીવન' – ની તૈયારીમાં પડ્યો હતો. એ વખતે મેં એમની સાથે વિશાળ હિન્દુ સમાજની જ્ઞાતિવ્યવસ્થા વિષે કેટલીક વાતો કરી હતી. ને એ અંગે એમણે મને જરૂરી એવી કેટલીક કીમતી માહિતીઓ આપી હતી. અમે આશ્રમમાં બહુ ઝઘડ્યા હતા છતાં અમારી વચ્ચેનો સંબંધ અંત સુધી સ્નિગ્ધ અને શુભ લાગણીઓથી ભરેલો રહ્યો છે.

પૂ. દયાળજીભાઈને એમની તબિયતે દગો દીધો ન હોત તો આપણી જ્ઞાતિની આ ત્યાગમૂર્તિએ અનાવિલશાળા, પાઠશાળા અને મહિલા વિદ્યાલય પણ ઊભાં કર્યાં હોત. એમના રાજસી સ્વભાવે એમને માટે અનેક મુશ્કેલીઓ ઊભી કરી હતી. એના પરિણામે કેટલાક સાથી કાર્યકરો એમનાથી છૂટા પણ પડી ગયા.

'અનાવિલ વિદ્યાર્થી આશ્રમ' પૂ. દયાળજીભાઈના ઉન્નત ત્યાગ અને સેવાના પરિપાક રૂપે છે. અનાવિલોનું માનસ જોતાં આવી સંસ્થા ઊભી કરવી એ ભગીરથ કાર્ય છે ને એ પૂ. દયાળજીભાઈ સિવાય બીજા કોઈથી ન બની શક્યું હોત. કેમકે એમનામાં રહેલો ત્યાગ અને સેવાનો સમન્વય અનાવિલ જ્ઞાતિના ઇતિહાસમાં બીજે નથી.

સમસ્ત જ્ઞાતિ પૂ. દયાળજીભાઈની અનેકગણી ઋણી બની છે. કોઈપણ અનાવિલથી એ ઋણ વિસાર્યું વિસારી શકાય એમ નથી. આશ્રમમાં રહી ગયેલ અનાવિલ તો આજે પૂ. દયાળજીભાઈના સ્મારક માટે જેટલું ન કરે તેટલું ઓછું છે. જ્ઞાતિએ પોતાની આ વિભૂતિનું યોગ્ય સ્મારક કરવું રહ્યું. ને એ સ્મારકમાં લાભ તો જ્ઞાતિને જ રહ્યો છે ને!

પૂ. દયાળજીભાઈના એકાએક ચાલી જવાથી એમનાં વૃદ્ધ માતાની વેદના અકલ્પ્ય બની છે. પ્રભુ એમના વૃદ્ધ માતાને સહનશક્તિ અર્પો અને પૂ. ભાઈના અમર આત્માને અમર શાન્તિ બક્ષો એટલી પ્રાર્થના.

◆

સ્વર્ગસ્થ ભાઈ દયાળજી

(શ્રી. હરિભાઈ ડાહ્યાભાઈ મિત્ર)

"He whose sole presence fills a place,
Whose absence makes a void in hall,
Where thousands throng the ample space,
That man the Gods a Brahmin call".

ભાઈ દયાળજીના અવસાનથી આપણી જ્ઞાતિએ એક સાહસિક, શૌર્યવાન અને સ્વાર્થત્યાગી સાચો સેવક ગુમાવ્યો છે. 'Education makes a man'નો મંત્ર જ્ઞાતિમાં સર્વત્ર પ્રચલિત કરવાનું માન ભાઈ દયાળજીને જ ઘટે છે.

જ્યારે જ્ઞાતિમાં કેળવણી નહિં જેવીજ હતી ત્યારે એમણે કેળવણીની મશાલ સળગાવી જ્ઞાતિને અજવાળામાં દોરવાનું સાહસ કર્યું. એ સાહસ એમણે તો જીંદગીની અંતિમ પળ સુધી યથાર્થ રીતે સેવ્યું.

આશ્રમની વ્યવસ્થા તેમજ તેના સંચાલન બાબત કોકવાર જ્ઞાતિજનોએ ઉહાપોહ કરેલ અને અસહિષ્ણુતા બતાવેલ. એવા સમયે પણ ભાઈ દયાળજીએ જ્ઞાતિબંધુઓ સાથે વિવેક અને વિનમ્ર ભાષણથી દલીલ કરી ઉચ્ચ આદેશોને વળગી રહેવામાં એમણે અડગ ધૈર્ય, શાંતિ અને શૌર્ય દાખવ્યાં હતાં.

આ સર્વ બની શકયું કારણ કે ભાઈ દયાળજીના અંતઃકરણમાં પાપને સ્થાન ન હતું અને ગર્વની મલિનતા એમને સ્પર્શી ન હતી.

આપણી જ્ઞાતિમાં જ્યાં ત્યાં ઊંચ નીચના ભેદોની તકરારો જોવામાં આવે છે ત્યારે ભાઈ દયાળજી ઉચ્ચ કુળમાં જન્મેલ હોવા છતાં આખી જ્ઞાતિ પ્રત્યે કોઈપણ જાતના વર્ગ ભેદભાવ વિના સર્વ જ્ઞાતિજનો સાથે એકધારૂં પ્રેમાળ અને વ્હાલભર્યું વર્તન ચલાવ્યું હતું.

આપણી જ્ઞાતિ–જેમાં જીવતી પત્નીપર લગ્ન કરનારને બે ત્રણ છોકરીઓ મળે છે અને માબાપ પણ એવાને બે ત્રણ વખત લગ્ન માટે પોતાની છોકરી આપવા તૈયાર હોય છે તે જ્ઞાતિમાં યુવાન વયે વિધુર થવા છતાં, ખાનદાન કુટુંબના હોવા છતાં અને કાંઇપણ પરિવાર ન હોવા છતાં આજીવન વિધુરાવસ્થા ભોગવી અને જ્ઞાતિની અનુપમ અને અવિરત સેવા સિવાય બીજી કોઈ પણ તૃષ્ણા અગર વાંછના ન રાખી એ એમની નરી સાધુતાજ હતી. એવા પુરુષ જે જ્ઞાતિમાં જન્મ લે તે જ્ઞાતિનું અહોભાગ્યજ કહેવાય. ભાઈ દયાળજીએ દુનિયાની કે રીતરિવાજની પરવા નહિ કરી હોય તો એ એમની આઝાદીનું જ લક્ષણ હતું.

આજ સુરત જેવાં પ્રખ્યાત શહેરમાં આનંદ અને ગર્વ લેવા જેવા સ્થળે 'અનાવિલ આશ્રમ' છે, એ ભાઈ દયાળજીની સેવાનો કીર્તિસ્થંભ છે. આશા છે કે જ્ઞાતિજનો એ સ્થંભને આપણાં આજનાં અને ભવિષ્યનાં બાળકોનાં હિતાર્થે તન, મન અને ધનથી આચ્છાદિત કરવામાં ન્યૂનતા નહિ દાખવશે.

દિલગીરીની વાત છે કે જ્યારે જ્ઞાતિ કેળવણીની મુશ્કેલી, સાંસારિક રીતરિવાજો અને આર્થિક વિટંબણા વગેરેમાંથી જીર્ણોદ્ધારની અપેક્ષા રાખે છે ત્યારે મંદિરોના જીર્ણોદ્ધાર, મૂર્તિઓની સ્થાપના વગેરે કામોમાં દર વરસે ઘણા પૈસા નકામા ખરચાય છે. આપણાં કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા સિવાય છૂટકો નથી. એવાં કામોમાં પૈસા આપવાથી જેને ખોટી રીતે 'દાન' કહેવામાં આવે છે તેથી આપણાં પાપોનું પ્રાયશ્ચિત મળનાર નથી. આજના પ્રગતિના જમાનામાં એવી રીતે ખર્ચાતો પૈસો સારા કામમાં જેવાંકે જ્ઞાતિમાં દરેક જાતની કેળવણી, પ્રચારકો દ્વારા સાંસારિક અને સાચી ધાર્મિક પ્રવૃત્તિનો પ્રચાર તથા આર્થિક ઉન્નતિના માર્ગો દાખવતું સસ્તું અને સરળ સાહિત્ય ફેલાવવામાં વપરાય તો જ્ઞાતિ જરૂર સાચા સુખના સૂર્યનાં દર્શન કરશે. ઇચ્છું છું કે 'અનાવિલ આશ્રમ'માં દર વર્ષે ભાઈ દયાળજીની પુણ્ય તિથિએ જ્ઞાતિના ભાઈ બ્હેનો એકઠાં મળે અને એમણે જે જે જ્ઞાતિ ઉદ્ધારનાં કામો કર્યાં છે તેને પૂર જોશ આપી આગળ વધારે અને દર વર્ષે એવા મેળાવડામાં તેનો હિસાબ તપાસે અને જ્યાં જ્યાં ઉધાર બાજુ લાગે તે સરખી કરવામાં સર્વ સાથ આપે. એમની પ્રવૃત્તિઓ 'અનાવિલ આશ્રમ'ના સંચાલન સિવાય, અનાવિલ પરિષદ, સ્ત્રી કેળવણી, જ્ઞાતિ સુધારણા વગેરે હતી. એ દરેકને આગળ ધપાવવા જ્ઞાતિના અગ્રગણ્ય ભાઈઓ અને બ્હેનો પોતાનો સક્રિય ફાળો આપશે તો જ્ઞાતિમાં અજ્ઞાનના અંધકારમાં રહેલ ભાઈબ્હેનો જરૂર જ્ઞાનના સૂર્યનાં દર્શન કરશે. આપણા પિતૃઓનું ખરૂં શ્રાદ્ધ તો તેમણે આદરેલી પ્રવૃત્તિઓમાં પ્રેમ અને પૈસાનું સિંચન કરવાથી થાય છે, નહિં કે ચોખાના પિંડ, અને પાણીના તર્પણથી.

આપણી જ્ઞાતિ અને એની સંસ્થાના સ્ત્રી પુરુષો અથવા સભ્યોની સૌજન્યતા એજ જ્ઞાતિ અથવા સંસ્થાની પ્રગતિની પારાશીશી છે. માટે આપણે નિશ્ચય કરીએ કે આપણે સૌજન્યતાની વૃદ્ધિ કરી જ્ઞાતિને એક નમુનારૂપ બનાવીએ.

છેવટે આશ્રમમાં રહેતા ભાઈઓને નમ્ર વિનંતિ કે ભાઈ દયાળજીના શિસ્તપાલનના નિયમો ગમે તેવા કડક હોય તોપણ તમે તેને પ્રેમ, આદર અને સ્વેચ્છાથી પાળજો અને તમે જ્યારે કેળવણી પુરી કરી એ આશ્રમમાંથી વિદાય લો ત્યારે તમે 'સુરતના સિંહ'ના આશ્રમવાસી છો માટે તમારામાં સેવા, વિવેક, નમ્રતા, જ્ઞાતિપ્રેમ, કેળવણીનો શોખ અને શિસ્તપાલન તો હોય જ એમ દરેકને ખાત્રી થાય અને તમારો આશ્રમ સર્વ જગ્યાએ કહેવતરૂપ થાય એટલું ગૌરવ બતાવજો. ભાઈ દયાળજી આ દુનિયામાંથી ગયા છે પણ એમનાં વૃદ્ધ માતુશ્રી રહ્યાં છે. તમે બધા એમના દીકરા છો માટે એમના પ્રત્યે એવા રીતે વર્તજો કે તમારી માતૃભક્તિ બીજાઓને દાખલા રૂપ થાય.

અંતમાં ભાઈ દયાળજીએ તો સર્વસ્વનો ભોગ આપી જીવન કૃતકૃતાર્થ કર્યું પણ આપણે એમના જીવનમાંથી કાંઈ ને કાંઈ શીખીએ અને જીવનમાં કરી બતાવીએ.

આપણો ધર્મ કહે છે કે એ પ્રમાણે આપણે જીવન જીવીએ તો આપણી ઉન્નતિ જરૂર થશે.

પ્રભુ જ્ઞાતિને ઉન્નતિને માર્ગે દોરે અને ભાઈ દયાળજીના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્વ. દયાળજીભાઈ

(શ્રી. અંબુ ક. વશી)

'એવાને તો સુરપદ ઘટે ના ઘટે દેવપૂજા'

શ્રી. દયાળજીભાઈ માટે કંઈ પણ લખતાં મને મુંઝવણ થાય છે. એમના પ્રભાવશાળી વ્યક્તિત્વે મને હંમેશાં ડાર્યો છે. એમને જોતાં જ મને કોઈ નગાધિરાજનો ખ્યાલ આવતો, ખાસ કરીને ઠરેલા જ્વાળામુખી જેવો.

શ્રી. દયાળજીભાઈને મેં પહેલાં જોયા તલંગપુરમાં. ત્યારે દશેક વર્ષનો હું હોઈશ. મારા બાળમિત્ર શ્રી. ભીખાભાઈ લાલભાઈ દેશાઈ ત્યારે અનાવિલ આશ્રમમાં રહી ભણતા. એ આશ્રમના કુળપતિ તરીકે દયાળજીભાઈનું નામ સાંભળેલું. એમના 'ત્યાગ'ની વાતોએ સામાન્ય રીતે જ મને આકર્ષેલો. અને એમની ભવ્ય મૂર્તિએ આ આકર્ષણમાં ઉમેરો કરેલો. એમના આ પ્રભાવથી અંજાઈ એમની પાછળ હું આખું ગામ ફરેલો. ત્યાર પછી પેલો ભગવી કફનીવાળો પ્રસંગ આવ્યો. આ પ્રસંગે યે મારા બાલ માનસ પર તો સરસ છાપ પડેલી. સામાન્ય રીતે જ ભગવાં પર તો આપણને મોહ હોય છે જ ને તેમાં યે જ્યારે નિઃસ્વાર્થતા અને વિદ્વત્તા એની સાથે ભળ્યાં હોય છે ત્યારે તો એનું જાદુ અનેકઘણું વધે છે. પછી દયાળજીભાઈને જોયા છેક ૧૯૨૪/૨૫માં. આશ્રમમાં ભરાયલી અનાવિલ પરિષદ વખતે કોઈ સ્વાગત સભ્યોની ટીકીટો તફડાવી હું ને ડાહ્યુ બન્ને દિવસ પરિષદમાં ગયા હતા. અમે ત્યારે કૉલેજમાં હતા, અવનવાં સ્વપ્નાંઓ સેવતા હતા ને 'હિતેચ્છુ' દ્વારા એ સ્વપ્નાંઓને સ્થાયીરૂપ આપવાનો પ્રયાસ કરતા હતા. પરિષદમાં જ્ઞાતિના ઉદ્ધાર માટેની દયાળજીભાઈની તમન્ના અદ્‌ભુત હતી. એમને બાદ કરતાં આજુબાજુનું વાતાવરણ એવું વિચિત્ર હતું કે દયાળજીભાઈની દયા જ આવે. આ અંગે ત્રણેક રમુજી પત્રો મેં 'હિતેચ્છુ'માં લખેલા અને એમાં દયાળજીભાઈ પરત્વે પણ માર્મિક, હાસ્યજનક થોડાંક વિધાનો કરેલાં. મને કહેવામાં આવ્યું હતું કે શ્રી. દયાળજીભાઈએ એ પત્રો વાંચ્યા પછી જરા યે કડવી ટીકા કરી નહોતી.

પછી તો દયાળજીભાઈને અવારનવાર ઘણું મળવાનું થતું. ને મેં એમને લગભગ વચન પણ આપેલું કે ખપપૂરતું કમાયા પછી હું એમને ચરણે મારી સેવા ધરીશ. પણ એ પ્રસંગ ન જ આવ્યો. પિતાએ બાકી મૂકેલું કાર્ય પુત્ર પૂરું કરે છે એમ કહેવાય છે. પણ મારા સંબંધમાં તો એથી ઊંધું જ બન્યું. જે હું ન કરી શક્યો તે મારા પિતાશ્રીએ કર્યું. બે વર્ષ સુધી આશ્રમના ગૃહપતિ તરીકે તનતોડ મહેનત કરી એમણે દયાળજીભાઈનો ઘણો માનસિક ત્રાસ ઓછો કરી એમની તબિયત સુધારવા પૂરતો અવકાશ આપ્યો.

દયાળજીભાઈ ચુસ્ત શિસ્તમાં માનતા. શિસ્તપાલન માટે અપ્રિય થતાં યે એઓ ડર્યા ન હતા. પૂજ્ય ગાંધીજીના અનુયાયીઓમાં ઘણીવાર જોવામાં આવે છે તેમ એમના સિદ્ધાંતોને ચીવટતાથી વળગી રહેવાની એમને ટેવ હતી. બાંધછોડની નીતિ એમને ગમતી નહિ અને એ પૂરતા એ પૂરા અનાવિલ હતા. આથી સર્વદાજ એમને કે સંસ્થાને લાભ થયો છે એમ નથી, છતાં એમનો સત્ય ને પોતાના સિદ્ધાંતો માટેનો આગ્રહ અદ્દ્ભુત હતો.

અનાવિલ આશ્રમ અંગેની એમની સેવા વર્ણવવા તો શબ્દો નથી. એ પ્રત્યેની એમની મમતા કોઈ પણ વત્સલ પિતાના બાલપ્રેમ કરતાં વધારે હતી. આશ્રમને સર્વાંગ સંપૂર્ણ બનાવવાના એમને કોડ હતા. અને એ દ્વારા જ્ઞાતિની કેળવણીના પ્રશ્નનો તોડ આણી જ્ઞાતિમાં સંસ્કાર ફેલાવવાની એમને હોંશ હતી. જ્ઞાતિના જુવાનો પર એમને આસ્થા હતી. અને એમની દ્વારાજ જ્ઞાતિને ઉન્નત બનાવવાની એમને હોંશ હતી.

એમની કાર્યપદ્ધતિ એમની પોતાની જ હતી એ વાત સાચી. યુવાનોને એમના પર પ્રેમ હતો અને આશ્રમના યુવાન વિદ્યાર્થીઓમાં 'ભાઈ'ના હુલામણા નામે ઓળખાતા, પણ દયાળજીભાઈને ખુશ કરવાનું કામ અઘરૂં હતું. એ રસ્તો કાંટાળો હતો. એટલે આશ્રમમાંના ઘણા થોડા યુવાન વિદ્યાર્થીઓ એમને સંપૂર્ણ ખુશ કરી શકતા. દયાળજીભાઈને જો થોડાક વધારે એમના જેવા ચુસ્ત, સંયમી ને શિસ્તપાલક અનુયાયીઓ મળ્યા હોત તો જ્ઞાતિનું ભાવિ ઉજ્જ્વળ બન્યું હોત.

દયાળજીભાઈની સેવાઓ સંકુચિત ન હતી. એમની દેશસેવા પણ મહાન હતી. જે વખતે દેશ માટે સ્વાર્થત્યાગનો ઘણા ઓછાને ખ્યાલ હતો તે વખતે દયાળજીભાઈએ સરકારી નોકરી છોડી. એ માટે પોતાની પ્રિય સંસ્થાનો ભોગ આપ્યો ને કાયમની માંદગી વહોરી. સૂરત જિલ્લામાં એમણે કરેલી કૉંગ્રેસની સેવાઓ ચિરસ્મરણીય રહેશે.

આવા દયાળજીભાઈ આજે અચાનક આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે અને એમની ખોટ પૂરાય એમ નથી. એમને આપણે ખરી અંજલિ તો ત્યારે આપી શકીએ કે જ્યારે જ્ઞાતિના જે રીતરિવાજોની બદી નાબૂદ કરવા એઓ પ્રાણ પાથરવા તૈયાર હતા તે બદીઓને નિર્મૂળ કરવામાંજ આપણે આપણા જીવનની સફળતા ગણીએ. દયાળજીભાઈના જીવંત સ્મારક સમા આશ્રમને ચલાવવાની, જ્ઞાતિનું એને એક અગત્યનું અંગ બનાવવાની આપણી ફરજ થઈ પડી છે. આશા છે કે દયાળજીભાઈની અખંડ સેવાના સ્મારકમાં જ્ઞાતિ આટલું તો જરૂર કરશે.

ગુરુદેવ દયાળજીભાઈ

(શ્રી. મગનલાલ ગુલાબભાઈ નાયક)

પૂજ્ય (દયાળજીભાઈના) ગુરુદેવના અવસાનના ખેદજનક સમાચારથી અત્યંત આઘાત થયો.

ગુરૂદેવ વિષે શું લખવું! એણે તો જીવન જીવી જાણ્યું અને એવું જીવન જીવવાની આપણને પ્રેરણા મળો એવી જગદીશને પ્રાર્થના.

હું પ્રથમ જ્યારે આશ્રમમાં વિદ્યાર્થી તરીકે રહેવા ગયો ત્યારે દયાળજીભાઈની ભવ્ય આકૃતિથી દૂર રહેતો હતો. આશ્રમજીવનમાં નિયમોનું પાલન કરવાનું કઠણ લાગતું હતું. એટલે વારંવાર તે વખતના આશ્રમના ગૃહપતિ શ્રીયુત દલપતભાઈ સૂચના આપતા કે મારે આશ્રમ છોડી જવું પડશે. એ વખત નજીક આવ્યો એટલે દયાળજીભાઈએ મને બોલાવ્યો અને મારી પાસે જાણી લીધું કે મારે અને આશ્રમને ક્યાં મેળ ખાતો નથી. એણે એમના બંગલાની અંદર એક ઓરડી મને આપી. આ વખતે મને ચા પીવાની ટેવ હતી, પણ નિયમ ન્હોતો પળાતો કે ચા પીવી નહીં. જ્યારે જ્યારે તકો મળે ત્યારે ચા પીવામાં આવતી. બીડીનું પણ તેમજ હતું. રસોડામાં પણ મહારાજ સાથે ખાવા પીવામાં કંઈ તકરાર થયા કરે એવું જીવન જીવાતું હતું. ભાઈની ઓરડીમાં ગયા પછી પણ આ શકય હતું, છતાં એમના આશીર્વાદથી ધીમે ધીમે આ બધી વસ્તુનાં આશ્રમજીવન પૂરતાં વ્રત લેવાયાં કે ચા, બીડીનું સેવન ન કરવું. આ લીધેલાં વ્રતો આજે જીવનમાં ચિરસ્થાયી બન્યાં તે માટે એમનો ઋણી છું.

મારો અભ્યાસ વેગવાળો બન્યો, અને વેગવાળા અભ્યાસની સાથે જીવન સ્વાશ્રયી બનાવવું જોઈએ એટલા માટે મેં ટયુશન આપવાની શરૂઆત કરી. ભાઈની સંસ્થાનો એક વિદ્યાર્થી છું એ લાયકાત પર એક સારૂં ટયુશન મળ્યું.

જીવન સ્વાશ્રયી બનાવવું જોઈએ તેની સાથે જીવનમાં નવાં નવાં કામો કરવાની ટેવ પણ પાડવી જોઈએ એમ ભાઈ વારંવાર કહેતા અને આવાં કામો કરવા પણ પ્રેરતા.

દાખલા તરીકે મને કસરત કરવાનો કંટાળો આવતો. હું નિયમિત કસરત કરતો નહીં. ભાઈ પોતે પોતાની ચડ્ડી પહેરી મારી સાથે અખાડામાં આવતા. અને પોતે પણ કેટલાક દંડો પીલી નાખતા. અને આ પ્રમાણે જ્યાં ભાઈ પોતે કસરત કરે ત્યાં કયો વિદ્યાર્થી તેમની મર્યાદાને ખાતર પણ કસરત કરે નહીં! આ પ્રમાણે કસરતમાં પણ રસ કેળવ્યો. પછી હું એમને વારંવાર મળવા લાગ્યો. કયાં પુસ્તકો વાચવા, કેવી રીતે વાંચવાં વગેરેનું સૂચન મળતું અને જીવન શું છે, જીંદગીનો શું હેતુ છે, વગેરે સવાલોના જવાબો પોતાના જીવનમાંથી બને ત્યાં સુધી, નહીં તો પૂજ્ય ગાંધીજીના જીવનમાંથી કહેતા.

એક વાર એમ બન્યું કે સૂરતમાં નગીનચંદ હૉલમાં શીઘ્ર વકતૃત્વની હરિફાઈ રાખવામાં આવી હતી. આ હરિફાઈમાં કૉલેજના વિદ્યાર્થીઓ, શાળાના વિદ્યાર્થીઓ, અને સૂરત શહેરના નાગરિકોને આમંત્રણ હતું. આ જાહેર ખબરનું કાગળિયું લઈને હું મારી ઓરડી પર જતો હતો. ભાઈ એમના કંઈક કામસર શહેરમાં જતા હતા. એમણે તે જોયું અને વાંચ્યું; અને મને પૂછ્યું કે આનો અમલ કરશો કે વાંચીને રહેવા દેશો. મેં જવાબ આપ્યો કે આવા બધા મોટા

માણુસો બોલવા આવવાના ત્યાં હું શું બોલી શકું. ભાઈએ કહ્યું કે મોટા આપણે પણ થઈ શકીએ છીએ. મેં પૂછ્યું કેવી રીતે. તેમણે જવાબ આપ્યો કે જેવી રીતે તમો ત્યાં બોલનારને મોટા માનો છો તેમ તમો પણ ત્યાં બોલો તો તમો પણ મોટા જ છો. તો મેં કહ્યું, હું પણ બોલીશ. આ પ્રમાણે જાહેર ભાષણ કરવાની જે બીક હૃદયમાં હતી તે ભાઈએ પ્રોત્સાહન આપી કાયમને માટે કાઢી નાખી હતી. એ પ્રોત્સાહનથી શાળામાં મને વિદ્યાર્થીમંડળમાં અગ્ર સ્થાન મળ્યું, અને કૉલેજમાં પહેલે જ વરસે હું જીમખાનાના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયો.

જ્યારે દયાળજીભાઈ જેલમાં જાય છે અને આશ્રમ જપ્ત થાય છે ત્યારે હું એમનાથી વિખૂટો પડું છું. એ જેલમાંથી આવે છે અને આશ્રમનો કબજો સંભાળે છે ત્યારથી હું જીવન નિર્વાહની ચિંતામાં એમનાથી છૂટો પડ્યો છું.

મારી નોકરીમાં પણ ઇશ્વરની કૃપાથી મારે સુરત આવવાનું થયું અને એક વર્ષ સુધી ભાઈ સાથે ફરી રહેવાની તક મળી. આશ્રમના ગૃહપતિ તરીકે શું લાયકાત કેળવવી જોઈએ, વિદ્યાર્થી સાથે કેમ વર્તવું વગેરે સૂચન એ વર્ષ દરમિયાન એમની પાસે મેળવી એમની હૂંફાળી ગોદમાં એ જવાબદારી પણ થોડા દિવસ પાર ઉતારી હતી.

આશ્રમ પ્રત્યે દયાળજીભાઈને મમતા હતી. આશ્રમને ઉચ્ચ કક્ષામાં જોવાની એમની તીવ્ર ઇચ્છા હતી. અને એમને આશા પણ હતી કે એમનું સ્થાન સંભાળી લે એવી કોઈ વ્યક્તિ જરૂરથી મળી આવશે.

જ્યારે શ્રીયુત મોહનભાઈ અને શાન્તિલાલભાઇ આશ્રમમાં ગૃહપતિ તરીકે હતા ત્યારે ભાઈને બહુ સંતોષ થયેલો, પરંતુ ઇશ્વિરેચ્છા બીજી હોવાથી એ ભાઈઓને છૂટા થવું પડ્યું. દયાળજીભાઈને આ વિયોગથી દુઃખ થયું હતું.

દયાળજીભાઈ કહેતા કે એમને કન્યા-આશ્રમ ખોલવો છે. વિધવા-આશ્રમની તો તેટલીજ જરૂર છે અને વાનપ્રસ્થ-આશ્રમની તો તેમને તાત્કાળિક જરૂર છે. વાનપ્રસ્થ-આશ્રમમાં દીહેણુવાળા મુરબ્બી મણિભાઈ સાહેબ તથા રતનજી માસ્તર સાહેબ વગેરે અનેક નામો એ ગણાવી જતા. જો આવી સૌજન્યમૂર્તિઓ આશ્રમમાં રહે તો આપણી જ્ઞાતિ જે સંસ્કારની ત્રુટિઓવાળી છે તે ત્રુટિઓ દૂર કરી શકાય. વળી પ્રસંગોપાત જ્યારે એમને પૂજ્ય મહાદેવભાઈનું નામ યાદ આવતું ત્યારે એ કહેતા કે મારે તો જ્ઞાતિમાં મહાદેવ પેદા કરવા છે. એક નહિ, અનેક મહાદેવો પેદા કરી પૂજ્ય બાપુજીને ચરણે ધરવા છે. પૂજ્ય મહાદેવભાઈ પ્રત્યે એમને જે અનુરાગ હતો તે અવર્ણનીય છે. એ કેટલીક વાર કહેતા કે મહાદેવભાઈ જો વકીલ રહ્યા હોત તો એમનું જીવન કેવું હોત તેનો ખ્યાલ કરો. હું કહેતો કે મહાદેવભાઈ ક્યાં આશ્રમના વિદ્યાર્થી છે? ત્યારે કહેતા કે મહાદેવભાઈ પણ આશ્રમમાં રહી વકીલાતનું વાંચી વકીલ થયા હતા; એટલે મને પોતાને નહિ તો આ આશ્રમને તો મહાદેવભાઈ પર હક છે.

દયાળજીભાઈએ જ્ઞાતિ વિષે અને દેશ વિષે અનેક સ્વપ્નો સેવ્યાં હતાં. આ સૃષ્ટિના સંચાલકને મારી નમ્ર ભાવે પ્રાર્થના છે કે એમનાં એ બધાં સ્વપ્નો સાચા મૂર્તિમંતરૂપે આ સૃષ્ટિમાં અવતરો.

અનાવિલ આશ્રમના આત્મા દયાળજીભાઈ

(શ્રી. નારાયણરાવ ગોપાળજી, પીંજરત)

પૂ. દયાળજીભાઈનો હમારા ઘર સાથેનો સંબંધ ઘણો જૂનો. હું આશ્રમમાં આવ્યો ત્યારે એમણે મને પોતાના પુત્રની જેમ વધાવી લીધેલો. મારી બાલસહજ નિર્દોષતા અને ઉત્સુક અને જિજ્ઞાસુ વૃત્તિએ એઓ મારા તરફ સહજ જ આકર્ષાયેલા અને એમના સ્નેહે મને આકર્ષેલો. મારી માતાથી હું વિખૂટો પડ્યો અને આશ્રમમાં આવી ખૂબ શોકાતુર રહેતો હતો ત્યારે ભાઈએ મને માતાની જેમ આશ્વાસન આપેલું. અને એઓ ઘણાને માતા અને પિતા સમાન થઈ પડેલા.

વિદ્યાર્થીએ બ્રહ્મચર્ય પાળી નિયમપૂર્વક સાદાઈથી રહી હંમેશાં અભ્યાસરત રહેવું જોઈએ એ એમની વિદ્યાર્થીજીવન માટેની ચૂસ્ત માન્યતા. એક વખત હુતુતુતુની રમતમાં મને ખૂબ વાગેલું. ઉમ્મર નાની અને આઘાત ખૂબ થયેલો, અને તેથી હું મારા એક સ્નેહી કૉલેજિયન સાથે સૂતેલો. સવારે ભાઈ ફરવા આવ્યા, અને પ્રશ્ન કર્યો, તમે બન્ને એક પથારીમાં કેમ સૂતેલા! કેટલીકવાર એકાદ બૂરી આદતથી વિદ્યાર્થીની શારીરિક અવદશા થઈ જીવન બગડે છે, અને એવી આદતનો ભોગ ઘણા વિદ્યાર્થીઓ થાય છે, એમ એ ઘણીવાર કહેતા, અને પોતાના નિકટના સંસર્ગમાં આવનાર વિદ્યાર્થીઓને સૂચનાઓ કરતા અને ઉપદેશ પણ આપતા.

વિદ્યાર્થીઓને એવી બૂરી આદતથી દૂર રાખવા ગૃહપતિએ શું કરવું જોઈએ, એની વિગતમાં એક રૂમમાં ત્રણ ચાર વિદ્યાર્થી સાથે રાખવા, રૂમની બારીઓ હંમેશાં ખુલ્લી રખાવવી, વિદ્યાર્થીઓને માથાનાં તેલો, અત્તરો વગેરે વાપરવા દેવાં નહિ, અને બાલ રાખવા દેવા નહિ, આહાર તદ્દન મરચાં વિનાનો સાદો રાખવો વગેરે. વિદ્યાર્થીઓને ખાવા બાબતમાં તથા બાલ રાખવા બાબતમાં ખૂબ મોહ રાખતા જોઈ એમને પારાવાર દુઃખ અને ગૂંચવણ થતાં. બળજબરીથી કેટલાયે વિદ્યાર્થીઓના મુંડન એમણે કરાવી નાખેલાં, એ સ્મરણ કરી આજે ખૂબ આનંદ થાય છે. વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતરમાં military discipline થી ફક્ત તેની બાહ્ય પ્રવૃત્તિ ઉપર કાબૂ રાખવાનો પ્રયત્ન કરવા કરતાં, એના આંતર પ્રદેશમાં જઈ એની સુપ્ત, શુભ વૃત્તિઓને જાગૃત કરી, એનું હૃદય જીતી, દુર્વૃત્તિઓને દબાવવા કચડવા કરતાં સદ્‌વૃત્તિઓમાં પરિવર્તિત કરી, સન્માર્ગે વાળવાથી જ ઉત્તમ ચારિત્ર્ય ઘડતર થાય છે, એ વાત ગઈ પેઢીના આચાર્યોને બહુ ઓછી સમજાઈ હતી, અને પાછળથી કંઈક સમજાઈ હોય તો પણ જૂના વિચાર, સંસ્કાર અને ટેવના બળે તેનો અમલ બહુ ઉપલક થતો હતો, એ વાતનું સ્મરણ દયાળજીભાઈ કરાવે છે. વિદ્યાર્થી-ગૃહોમાં શારીરિક શિક્ષા એ ગઈ પેઢીનું સ્મૃતિચિહ્ન છે, એ ખબર એમને હોવા છતાં પાછળથી પણ શારીરિક શિક્ષા અને દંડ કરવાની રીતને એઓ તદ્દન છુટ્ટી આપી શકેલા નહિ; અને નવો માર્ગ શોધી શકેલા નહિ, એ વાત રૂઢિ અને સંસ્કારનું કેટલું બળ છે એ બતાવે છે.

દયાળજીભાઈ જાહેર રાજકીય પ્રવૃત્તિમાં પાછળથી પડ્યા હોવા છતાં, રાજકીય જીવન કરતાં આશ્રમ જીવનમાં જ વધારે ઓતપ્રોત રહેતા. આશ્રમદ્વારા જ્ઞાતિની, અને જ્ઞાતિદ્વારા દેશ અને સારાયે માનવસમાજની ઉન્નતિ થઈ શકે, એ આદર્શથીજ એઓ પોતાનું કાર્યક્ષેત્ર વિચારી આશ્રમની ઉન્નતિના વિચારોમાં હંમેશાં ગુંથાયેલા રહેતા. આશ્રમના ઉત્કર્ષથી અલગ એવા પોતાના ઉત્કર્ષનો એમણે કદીયે વિચાર કર્યો નથી.

સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો એઓ ખૂબ વાંચતા, અને તેથી એક મહાન બુદ્ધિ, અદ્દ્ભુત ચારિત્ર્ય બળ, અને પ્રખર વક્તૃત્વ ધરાવનાર વેદાંતના મિશનરી તરીકેની તેમની છાપ એમના ઉપર ખાસ પડી હતી.

ઘાંચીના બળદ જેવાં રગશિયાં સત્વહીન જીવન કરતાં, ઉદાત્ત, તાજગીવાળું, તંદુરસ્ત, સાચું જીવન માનવી જીવે, અને તેમાં મારો પણ કંઈક ફાળો હોય, એ ભાવનામાંથી સારાયે માનવજીવનની ચાલરૂપ, વિદ્યાર્થી જીવનની ઉન્નતિ, એ દયાળજીભાઈનું જીવન ધ્યેય. એ જીવનની ઉન્નતિ માટે એમણે આશ્રમની સ્થાપના કરી, અને પોતાના કૌટુંબિક જીવનને આશ્રમ જીવનમાં ઓતપ્રોત કર્યું. એ ઉન્નતિને માટે એમણે એ અંગેનું સાહિત્ય વાંચ્યું, વિચાર્યું, કેટલીયે સંસ્થાઓની કાર્યપ્રણાલી જોઈ, કેટલાયે પ્રયોગવીરોને મલ્યા, વિચારોની આપલે કરી, અખતરાઓ કર્યા, અને આશ્રમની અને તે દ્વારા સારાયે વિદ્યાર્થી જીવનની ઉન્નતિને માટે વિચાર કરતા કરતા, એ જીવનની સાથે સંપૂર્ણ ઐક્ય સાધી, એ આદર્શમાં જ સમાઈ ગયા.

આશ્રમ ચલાવવા નાણાંની અને માણસોની જરૂર ખાસ રહેતી હોવાથી, એમને જ્ઞાતિજનોને, અને ખાસ કરીને એના વડીલજનોને રાજી રાખવા પડતા, અને તે ખાતર પોતાના સિદ્ધાંતોની સાથે સમાધાન કરી, મધ્યમમાર્ગે ચાલવું પડતું. પોતાને ખાસ સિદ્ધાંતનો વાંધો નહિ હોય તો બીજાને રાજી રાખવામાં આપણું શું ગયું એમ માની, એ સિદ્ધાંતની સાથે બાંધ છોડ કરતા, અને કોઈ રૂઢિચૂસ્તને ત્યાં ગયા હોય તો તેના દિલને રાજી રાખવા અબોટિયું પહેરવામાં વાંધો લેતા નહિ. જનોઈ પણ પહેરતા, અને શિખા પણ એજ માન્યતાથી રાખેલી. વડીલોને રાજી રાખવા ખાતર ગઈ સદીનાં જર્જરિભૂત થઈ ગયેલાં અબોટિયાં વિદ્યાર્થીઓને પોતાની મરજી વિરૂદ્ધ પહેરવાં પડતાં, પછી ભલે તે મેલાં હોય. એમનો ખાસ ગુણ એ હતો કે પૂર્વગ્રહથી એમણે કદી કોઈના પ્રત્યે ધિક્કાર કે તિરસ્કાર રાખ્યો નથી. પોતાના વિચારથી વિરૂદ્ધ હોય એવો કોઈ પણ માણસ એમના કાર્યમાં મદદ કરવા તૈયાર હોય, તો તેની સેવા સ્વીકારવા એઓ સદા તૈયાર રહેતા, અને દરેક વિચારના સાથે સમાધાન સાધી પોતાનું કાર્ય આગળ ધપાવતા. અને એથીજ એઓ પોતાના ઉદાર હૃદયની સૌરભ પાછળ મૂકી ગયા છે જે ચિરકાળ સુગંધી ફેલાવ્યા કરશે.

હૃદ્રોગ અને સંધિવાએ એમને ખૂબ હેરાન કર્યા અને એ દુઃખમાં આશ્વાસન મેળવવા એઓ પાછળના જીવનમાં રામાયણ, મહાભારત, ગીતા, ભાગવત અને યોગવાસિષ્ઠનું વાંચન રાખતા અને માળા પણ જપ્યા કરતા. સાદાઈ તો એમના જીવનમાં વણાઈ ગઈ હતી. પોશાકનો ભપકો રાખતાં મેં એમને કદી જોયા નથી. એક વખત તો સાદાઈના જુસ્સાથી આંખના ભવાં સુદ્ધાં એમણે બોડાવી નાખેલાં એમ એઓ વાત કરતા. નિશ્ચિત માર્ગે, ચોક્કસ કાર્યપ્રણાલી નક્કી નહિ થયેલી હોવાને લઈને, દયાળજીભાઈની ૩૫ વરસની સતત મહેનતે લાખોની મિલકત ઉપર રચાયેલો આશ્રમ આજે તો વિદ્યાર્થીઓને સુરતમાં અંગ્રેજી શિક્ષણ લેવા માટે, ભોજનગૃહો અને હોસ્ટેલો કરતાં, રહેવા ખાવાનું સારૂં સાધન પૂરૂં પાડે છે, અને જ્ઞાતિના સામાન્ય જીવન કરતાં કંઈક ઠીક એવા જીવનની જ્ઞાતિજનોને ઝાંખી કરાવે છે. પરંતુ ખરેખરા વિદ્યાર્થીજીવનની તપોભૂમિનું સ્થાન તો એ, સ્વામી રામકૃષ્ણ ને વિવેકાનંદ સાંપડ્યા એવો કોઈ જીવનવીર જાગે તો જ લઈ શકે.


સાચા સલાહકાર

(શ્રી. પદ્માવતી નાનુભાઈ દેસાઈ)

શ્રી. દયાળજીભાઈના અચાનક અવસાનથી સમસ્ત અનાવિલ જ્ઞાતિને મહાન ખોટ પડી છે. ફક્ત જ્ઞાતિને જ નહીં પરંતુ સુરત જિલ્લાને, બલ્કે આખા દેશને. શ્રી. દયાળજીભાઈ સેવા અને શ્રદ્ધાની અજોડ મૂર્તિરૂપ હતા. તેમની સેવાઓ કોઈથી અજાણી નથી. તેમનો ક્ષણભંગુર દેહ આજે નાશ પામ્યો છે, પરંતુ તેમનો આશ્રમ કે જેને તેઓ પોતાના આત્મા સમો ગણતા તે આત્મા આજે જીવતો જાગતો આપણી સમક્ષ મોજૂદ છે. તેમની જ્ઞાતિને ઉન્નત કરવાની, અનેક કુરૂઢિઓથી ઉગારવાની ધગશ અવર્ણનીય હતી. અનાવિલ પરિષદ ભરતી વખતે અનેક ભાઈબહેનોએ તેમને નિરાશાવાદ બતાવ્યો હતો, પરંતુ તેમનો નિશ્ચય અતૂટ હતો. તેઓ કહેતા કે હું એકલો હોઈશ ત્યાંસુધી તો પરિષદ નહીં અટકે, અને એમ કરતાં જ થોડે થોડે જ્ઞાતિની ઉન્નતિ થશે. હજુ પણ તેમના હૃદયમાં અનેક સેવાકાર્યોની રૂપરેખા દોરાયલી હતી. તેમનું આયુષ્ય લંબાત તો જરૂર એ કાર્યો આપણી નજર સમક્ષ ફળીભૂત કરત.

મારો તો તેમની સાથેનો પરિચય સને ૧૯૨૧ થી ય પહેલાંનો હતો. તે વખતમાં શ્રી. દયાળજીભાઈ અને શ્રી. કલ્યાણજીભાઈની જોડી જે કામો કરતી તે ખરેખર આશ્ચર્ય ઉત્પન્ન કરનાર હતાં. તે વખતની ડક્કા ઓવારાની પ્રચંડ માનવમેદની સમક્ષ સુરતના સિંહની એ હૃદયભેદી ગર્જના જેણે સાંભળી હોય તેજ જાણે. અમે ગામડે ફરતાં અને લોકોની ધગશમાં મોળપ વિષે શ્રી. દયાળજીભાઈને જણાવતાં ત્યારે કહેતા-તમે શ્રદ્ધા રાખી કામ કર્યે જાઓ. પરિણામ આપોઆપ જણાશે. મેં તો જ્ઞાતિ કાર્યો અંગે યોગ્ય સલાહ મેળવવાનું અમૂલ્ય સ્થાન આજે ગુમાવ્યું છે. મારે જરા સરખું કામ હોય તેમાં તેમની સોનેરી શિખામણ અને મદદ તેઓ તુરત આપતા. અમારા અનાવિલ મહિલામંડળની પ્રગતિ અર્થે તેઓ અનેક યોજનાઓ સૂચવતા. સાચે જ તેમના જેવા સાચા સલાહકાર હવે મને ક્યાં મળશે ? મારી તો અહોનિશ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે કે મારા હૃદયમાં જે જે કાર્યો કરવાની આશાઓ ભરી છે તેમાં અંતરિક્ષથી પણ તેમની પ્રેરણા અને આશીર્વાદ મળતા રહે. ભાઈશ્રી દયાળજીભાઈ તો પોતાનું જીવન સફળ કરી ગયા છે. તેમને પગલે ચાલવાનો જ્ઞાતિ અને દેશના ભાઈબહેનો પ્રયત્ન કરે એ ઈચ્છવા યોગ્ય છે. અને સેવાને જ પોતાના જીવનનું ધ્યેય બનાવનાર એ અમર આત્માને મારા લાખો વંદન હો.

શ્રી. દયાળજીભાઈના વૃદ્ધ માતુશ્રીને આજે કારમો ઘા થયો છે, પણ સેવાની જ્વલંત જ્યોત્‌સમા શ્રી. દયાળજીભાઈ, તે તેમના જ પુત્રરત્ન હતા, એ વિચારી તેઓ શાંતિ મેળવશે, અને એવા સેવાર્થે સ્વાર્પણ કરનાર ભેખધારી પુત્રના માતા બનવા માટે પોતાને ભાગ્યશાળી માનશે. પ્રભુ તેમને આ અસહ્ય દુ:ખ સહેવાની શક્તિ આપો અને શ્રી. દયાળજીભાઈના અમર આત્માને નિજ સાંનિધ્યમાં ચિર શાંતિ અર્પો. અસ્તુ.



વિભાગ ત્રીજો

કર્મવીરને અંજલિ

વર્તમાનપત્રો

હરિજનબંધુ:—

(તા. ૧૮-૧-૧૯૪૨ના "હરિજનબંધુ"માં મહાદેવભાઈએ આપેલી અંજલિ)

બારડોલીના અમારા વાસના છેલ્લા સપ્તાહમાં બે દુ:ખદ સમાચારો મળ્યા. પ્રથમ સમાચાર દયાળજીભાઈના અચાનક અવસાનના. બે દિવસ અગાઉ તો તેઓ ગાંધીજીને મળવાને માટે સુરતથી આવ્યા હતા. તેમની તબિયતને વિષે ગાંધીજીએ પૂછ્યું ત્યારે તેમણે કહેલું: 'હવે હું સાવ સારો છું. બે ત્રણ માઈલ ચાલી શકું છું.' તે વેળા તેમને સ્વપ્નેયે ખ્યાલ ન હોય કે બે દિવસમાં તેમને મૃત્યુનાં દર્શન થશે.

એક જમાનો એવો હતો કે જ્યારે સુરત એટલે દયાળજીભાઇ અને દયાળજીભાઈ એટલે સુરત એમ મનાતું. સુરત જિલ્લાના રાજકીય જીવન ઉપર એમણે ઊંડી છાપ પાડી હતી, બલ્કે એના આરંભના ઘડતરમાં એમનો જ મોટામાં મોટો હિસ્સો હતો. '૩૨ ની લડત પછી એમને હૃદયરોગની બીમારી થઈ અને પછી લગભગ અપંગ થયા; સુરતના સિંહની ગર્જના સભાસ્થાનોએથી સંભળાતી બંધ થઈ, અને તેઓ પોતાના આશ્રમમાં બેસીને શાંત જીવન ગાળવા લાગ્યા. તે પહેલાંનું એમનું જીવન પ્રવૃત્તિથી ભરપૂર હતું અને અનેક યુવકોને એમની પાસેથી પ્રેરણા મળતી. દયાળજીભાઈ સરકારના ખેતીવાડી ખાતામાં નોકર હતા. ભર જુવાનીમાં એ વિધુર થયા, અને તેમણે અને તેમની માતાએ જ્ઞાતિસેવાનું વ્રત લીધું. ૩૭ વર્ષ ઉપર જ્યારે ગાંધીજીનું નામ કોઈએ સાંભળ્યું ન હતું, અને જાહેર જીવન જેવી વસ્તુ આપણે ત્યાં ન હતી, ત્યારે દયાળજીભાઈએ પોતાની જ્ઞાતિની સેવાનો ભેખ લીધો. અવિશ્રાંત પરિશ્રમ કરી પૈસા ભેગા કર્યા, વિદ્યાર્થીઆશ્રમ બનાવ્યો, જ્ઞાતિની પરિષદો કરી, જ્ઞાતિનાં અનેક દૂષણો વિષે જ્ઞાતિજનોની આંખ ઉઘાડી. ભર જુવાનીમાં વિધુર થયા છતાં એમણે બ્રહ્મચારી રહેવાનો નિશ્ચય કર્યો, અને પોતે અને પોતાની માતા એકબીજાના જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં. ગાંધીજીના પ્રવેશ સાથે તેમણે પણ રાજકીય જીવનમાં પ્રવેશ કર્યો, '૨૧માં પોતાનું જે કાંઈ હતું તે બધું દેશને ચરણે ધર્યું. એમનાં ૯૦ વર્ષનાં માતુશ્રી એ દિવસની યાદ કરતાં કરતાં ભીની આંખે બોલેલાં: "બધું આપી આવીને દલુ કહે, 'બા, તમને નહીં ગમે એવું હું કરી આવ્યો છું, પણ છૂટકો ન હતો. હવે આપણી પાસે આપણું એવું કશું રહ્યું નથી. કાલથી આપણે લોકો આપણને જે દાળ ચોખા આપે એ ઉપર રહેવાનું છે.' મેં તેને કહ્યું: 'ભાઈ, તને થોડા મહિનાનો મૂકીને તારા બાપ ગયા તે વેળા આપણી પાસે શું હતું? ત્યારથી આજ સુધી તારા એકે કામમાં મેં અડચણ નાખી છે? તું છે એટલે બધું છે.' પોતે દીકરાની દરેક પ્રવૃત્તિમાં પૂરો સહકાર આપ્યો છે તેની વાત કરતાં કહે: "પચ્ચીસ વર્ષ ઉપર ગાંધીજી દૂધાભાઈના કુટુંબને લઈને અમારે ત્યાં આવેલા. મારે સગે હાથે મેં એમને રસોઈ

'માડેલા. ગાંધીજીને તે વેળા આશ્ચર્ય થયેલું, અને તેમણે દલુને કાગળ લખેલો કે, માતુશ્રી દૂધાભાઈને રસોડામાં દાખલ કરશે અને જમાડશે એવી મેં તો આશા રાખી '"

જુવાનીમાં તેઓ સ્વામી વિવેકાનંદના ભક્ત હતા, અને તેમના બુલંદ અવાજ અને અદમ્ય ઘણાને વિવેકાનંદની યાદ આવતી. એમણે જ્ઞાતિની સેવાને પોતાનો ઘણો સમય આપ્યો ' જ્ઞાતિ ગ્રસ્તતાનો પુરાવો નહીં, પણ પોતાની મર્યાદાના સૂક્ષ્મ ભાનનો પુરાવો આપે છે. નિઃસ્પૃહ જીવન, વાણીનો સંયમ, અને બધાની સાથે સમાધાન કરીને કામ લેવાની એમની એઓ સર્વપ્રિય થયા હતા. આ આદતથી એમને ઘણી વાર પોતાના પ્રિયમાં પ્રિય ત્યાગ કરવો પડતો, એને માટે એમની અનેક વાર ટીકા પણ થઈ છે, પણ પોતે મર્યાદા સમજી, અનેક સંકુચિત વિચારનાઓને ધીમે ધીમે આગળ ધપાવવાનો પ્રયત્ન ૦માં જ્યારે મને જ્ઞાતિની પરિષદના પ્રમુખ થવાનો એમણે આગ્રહ કર્યો ત્યારે મેં તેમને મારે તો જ્ઞાતિને કેમ તોડવી એ કહેવું પડશે." તેમણે એ વસ્તુને વધાવી લીધેલી અને નું કે, "તમે જેટલે સુધી જશો તેટલે સુધી મારો તમને ટેકો છે."

ગાંધીજીને છેલ્લી વાર મળવા આવ્યા ત્યારે તેમણે રાષ્ટ્રીય શિક્ષણના પોતાના અનેક ગાંધીજી આગળ પ્રગટ કર્યા. પોતાને ભાંગેલે શરીરે એ મનોરથો એઓ કેવી રીતે પાર ની સૌને શંકા થતી હતી પણ એમના મનમાં જરાય શંકા ન હતી—કામ કરતાં એઓ ને અમર છે એમ સમજીને કામ કરતા, ભલેને પછી ઈશ્વરને આદરેલાં અધૂરાં રાખવાં ની પાછળ રહેલાને માટે એઓ એ અધૂરાં કામ પૂરાં કરવાની જવાબદારી મૂકી ગયા એમનાં અધૂરાં રહેલાં કામ અને મનમાં રહી ગયેલા અનેક મનોરથો વ્યર્થ નથી ગયા. ગોરની ગીતાંજલિનું એક સુપ્રસિદ્ધ ગીત મને હમેશાં આવે પ્રસંગે યાદ આવે છે:

જીવને જે પૂજન પૂરી ન થાયે
જાણું, હું જાણું, તેયે વ્યર્થ ન જાયે.
જે કળી ખીલ્યાવિણ ખરે અવનિ પરે
જે નદી મરુપથે ખોવાઈ જાયે
જાણું, હું જાણું, તેયે વ્યર્થ ન જાયે.
જીવનમાં પથિકો જે રહી ગયા પીછે
જાણું હું યાત્રા તેની જમા થવાની છે.
મારા જે અણુમાગ્યા
મારા જે અણુછેડ્યા
તારા વીણાતારે સૂરો છેડાયે
જાણું, હું જાણું, તેયે વ્યર્થ ન જાયે.

સમાચાર:—

રતમાં ૧૯૦૬માં પ્રાંતિક કૉન્ફરન્સ અંગે ઔદ્યોગિક પ્રદર્શન ભરવામાં અગ્ર ભાગ લઇ માં ઝુકાવી, સરકારી નોકરીનો ત્યાગ કરી દેશ અને સમાજ માટે ઝઝુમી, સારા મુંબઈ

ઇલાકામાં સુરતના સિંહને નામે પ્રખ્યાત થયેલા અને સુરતના અનાવિલ આશ્રમ માટે ભેખની ઝોળી લઈ ગામેગામ ફરી આશ્રમની સ્થાપના કરનાર શ્રી. દયાળજી નાનુભાઈ દેસાઈ જેવા વીર અનાવિલના આજે બપોરે સાડાત્રણ વાગતાના સુમારે ૬૪ વર્ષની ઉમ્મરે નીપજેલા અવસાનથી સુરતના અનાવિલો ઉપરાંત મહાસભાની લડતમાં ભાગ લેતા આવેલા અગ્રગણ્ય મહાસભાવાદી કાર્યકર્તાઓ અને મહાસભાવાદીઓમાં દિલગીરીની લાગણી પ્રગટી છે.

સ્વ. શ્રી. દયાળજીભાઈએ રાષ્ટ્રીય લડતમાં ૧૯૦૬થી ઝંપલાવ્યા પછીથી હોમરૂલ આંદોલન શરૂ થતાં તે વખતના સુરતના અગ્રગણ્ય કાર્યકર્તા અને શ્રી. દયાળજીભાઈના ખાસ મિત્ર અને સુરતની બારના સિનિયર મેમ્બર સદ્‌ગત શ્રી. ડાહ્યાભાઈ કલ્યાણજી દેસાઈ ઉપરાંત ભાઈ શ્રી. કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતાની ત્રિપુટી બની. એ ત્રિપુટીએ શ્રી. ડૉ. કરસુખ હોરાના સેક્રેટરીપદ હેઠળ હોમરૂલ એજીટેશન પ્રસંગે પોતાની સેવા અર્પી, સુરત શહેર અને જિલ્લાની પ્રજામાં નવજીવન પ્રગટાવ્યું હતું. રૉલેટ એક્ટ પ્રસાર થતાં મહાત્માજીએ સત્યાગ્રહની લડત શરૂ કરતાં એ વીર ભાઈ શ્રી. દયાળજીભાઈ, શ્રી. ડાહ્યાભાઈ તથા શ્રી. કલ્યાણજીભાઈની ત્રિપુટીએ શહેરમાં સત્યાગ્રહીઓ તરીકે બહાર પડી આંદોલનો શરૂ કરી દીધાં હતાં. પાછળથી સદ્‌ગત શ્રી. ડાહ્યાભાઈ, મોંટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા આવતાં સત્યાગ્રહની લડતની નીચે ત્રિપુટીમાંથી છૂટા થયા હતા, અને પાછળથી તેઓ સ્વર્ગવાસી થયા હતા.

શ્રી. ડાહ્યાભાઈના સ્વર્ગવાસથી એ ત્રિપુટી તૂટી અને દલુ—કલુની જોડી બંધાઈ અને એ અસહકારની લડતથી ચાલી. ડક્કા ઓવારાની વિરાટ સભાઓ ગજવતા રહી સુરત શહેર અને જિલ્લામાં નવચેતન પ્રગટાવવા પાછળ જ પોતાનું જીવન ઓતપ્રોત કરતા રહી જેલ પણ સુરત જિલ્લા સમિતિના પ્રમુખ તરીકે રહી ભોગવી હતી. મ્યુનીઓ. હાથ કરવાના મહાત્માજીના આદેશ વખતે એ દલુ—કલુની જોડીએ સુરતમાં ઝુંબેશ ઉપાડી. અને ૧૯૦૭ની યાદગાર કૉંગ્રેસની વોલંટિયર કોરના નેશનેલીસ્ટ વિચાર ધરાવનારાઓના કૅપ્ટન શ્રી. ડૉ. મોહનનાથ કેદારનાથ દીક્ષિત ઉપરાંત સ્વ. ડૉ. મગનલાલ મોતીરામ મહેતાને પોતાની સાથમાં લઈ એ મહેતા—દીક્ષિતની જોડીના નેતૃત્વ હેઠળ મ્યુની. હાથ કરી. રાષ્ટ્રીય કેળવણી માટે રાષ્ટ્રીય કેળવણી મંડળની પણ સ્થાપના કરેલી.

આ વીર ટોળીમાં વિચારના મતભેદથી પુનઃ દલુ—કલુની જોડી, મહેતા દીક્ષિતની ટોળીથી છૂટી પડવા પામી અને તે પછીથી તો એ ટોળીમાંથી વીર દયાળજીભાઈ અનાવિલ આશ્રમમાં જ ઓતપ્રોત જેવા થઈ રહેલા હતા; છતાં પણ રાષ્ટ્રીય લડત તરફ તો તેમનું લક્ષ હતું જ. અનાવિલ આશ્રમની સ્થાપના માટે ભિક્ષાની ઝોળી લઈ પોતાના મિત્રો સાથે ગામેગામ ફરી મદદ મેળવી આશ્રમની સ્થાપના કરેલી કે જે દ્વારા આજે અનાવિલ યુવકો તેનો લાભ ઉઠાવી રહ્યા છે.

સુરત શહેર અને જિલ્લાની પ્રજામાં દલુ—કલુની જોડીનું માન અવર્ણનીય હતું અને તેને પરિણામે જ વીર દયાળજીભાઈ "સુરતના સિંહ"ના નામે આખા ઇલાકામાં જાણીતા અને માનીતા હતા. તો પછી અનાવિલ કોમમાં તો તેઓ હોય એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

સદ્‌ગત સિંહ દયાળજીભાઈની સ્મશાનયાત્રા સાંજે નીકળી હતી જે પ્રસંગે અનેક સખસો તરફથી હાર અર્પણ કરી છેવટનું માન આપવામાં આવ્યું હતું.

સ્વ.ની સ્મશાનયાત્રામાં સંખ્યાબંધ અનાવિલો ઉપરાંત આશ્રમના વિદ્યાર્થીઓ અને વીર દયાળજીભાઈના પ્રશંસકોએ ભાગ લીધો હતો, અને ભજન ગાતા સ્વર્ગસ્થને અશ્વિનીકુમારના પવિત્ર સ્થળે લઈ જઈ દહનક્રિયા કરી હતી.

જન્મભૂમિ:—

સ્વ. દયાળજી નાનુભાઈ દેસાઈની વિવિધ સેવાઓ

સુરત, તા. ૫-૧-૪૨

સુરતના જાણીતા કૉંગ્રેસ કાર્યકર અને અનાવિલ જ્ઞાતિના પરમ સેવક અને આગેવાન શ્રી. દયાળજી નાનુભાઈ દેસાઈનું દુઃખદ અવસાન થતાં સુરતને અને અનાવિલ જ્ઞાતિને ભારે ખોટ ગઈ છે.

એમની સ્મશાનયાત્રામાં સુરતની પ્રજાએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

રાષ્ટ્રીય લડતમાં ફાળો

દેશની સેવામાં અને રાષ્ટ્રીય લડતમાં એમણે સારો ફાળો આપ્યો છે. ૧૯૦૭માં સરકારી નોકરી છોડી દેશસેવાની પ્રવૃત્તિ ઉપાડી પ્રથમ હોમરૂલની ચળવળમાં જોડાયા અને પછી કૉંગ્રેસની લડતમાં ઝંપલાવ્યું. ૧૯૧૯-૨૦ની અસહકારની ચળવળ વખતે તેમજ તે પછીની સત્યાગ્રહની લડત દરમ્યાન એમણે અથાગ કાર્ય કરી સુરત શહેરમાં ભારે ચેતન આણ્યું હતું. એમના સહકાર્યકરોમાં શ્રી. કલ્યાણજી વિ. મહેતા, ડૉ. દીક્ષિત, ડૉ. ઘીઆ વગેરે હતા. એમનો બુલંદ અવાજ અને અથાગ કાર્યશક્તિને લીધે એઓ "સુરતના સિંહ" તરીકે ઓળખાયા. રાષ્ટ્રીય લડત દરમ્યાન એમણે કારાવાસ પણ વેઠ્યો હતો.

જ્ઞાતિ સેવાઓ

સ્વ. દયાળજીભાઈની જ્ઞાતિસેવાની પ્રવૃત્તિઓ ખૂબ જ જાણીતી છે. જ્ઞાતિના કુધારાઓ અને અનિષ્ટ પ્રથાઓ સામે એમણે 'અનાવિલ સેવક' નામનું પત્ર ચલાવી તેમાં લેખોદ્વારા તેમજ ભાષણોદ્વારા ભારે જેહાદ ચલાવી હતી. સુરતનું અનાવિલ વિદ્યાર્થીઆશ્રમ સ્થાપી જ્ઞાતિના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના, સાદાઈ અને શિસ્તના ગુણો કેળવી તેમનો જીવનવિકાસ સાધવામાં એમણે અનન્ય ફાળો આપ્યો હતો. આ સંસ્થાનો વિકાસ અને જ્ઞાતિસેવા છેલ્લે છેલ્લે એમના જીવનનું ધ્યેય બની ગયું હતું.

સ્વર્ગસ્થ છેલ્લા કેટલાક વર્ષથી સંધિવાના રોગથી પીડાતા હતા એટલે અનાવિલ આશ્રમમાં રહી તેના કાર્ય ઉપર દેખરેખ રાખતા હતા.

તેઓ એમની પાછળ ૯૦ વર્ષની વયોવૃદ્ધ માતુશ્રી તથા અસંખ્ય મિત્રો, સ્વજનો તથા સમસ્ત જ્ઞાતિને શોકમગ્ન કરી સંસાર છોડી ગયા છે. આમ રાષ્ટ્રસેવાની અને જ્ઞાતિસેવાની ધગશભર્યા જીવનનો દુઃખદ અંત આવ્યો.

ગુજરાત:—

એક સમયે જેમની સારા સુરત જિલ્લામાં હાક પડતી હતી એવા પ્રખર કૉંગ્રેસ અને સમાજ-કાર્યકર શ્રી. દયાળજી નાનુભાઈ દેશાઈના, આજે બપોરે લગભગ ૬૪ વર્ષની વયે, હૃદય એકાએક બંધ પડી જવાથી થયેલા અવસાનના સમાચાર આપતાં અમને ભારે ગમગીની થાય છે.

સરકારના રેવન્યુ ખાતામાં અદના કલાર્ક તરીકે પોતાના જીવનની શરૂઆત તેમણે કરી હતી. આહવાના ખેતીવાડી ખાતાંના ફાર્મમાં પણ તેમણે નોકરી કરી હતી, પરંતુ રાષ્ટ્રસેવા કાજે

તેમણે એ નોકરીઓને રામરામ કર્યાં હતા અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં અગ્રણી ભાગ લેવો શરૂ કર્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષથી તેઓ માંદગીને કારણે અશક્ત થઈ પડ્યા હતા. પરંતુ એ દરમ્યાન પણ તેમના જ પરિશ્રમના ફળરૂપ હસ્તીમાં આવેલા અનાવિલ વિદ્યાર્થી આશ્રમની તેઓ સતત રખેવાળી કરતા હતા.

આ આશ્રમ તેમની અનાવિલ કોમની જ્વલંત સેવાના અચ્છા પ્રતીક સમ લેખાશે. એ માટે અથાગ પરિશ્રમ વેઠીને તેમણે નાણાં એકત્ર કર્યાં હતાં.

અને સુરતની વર્ષો પૂર્વેની પ્રચંડ રાજદ્વારી સભાઓમાંની તેમની સિંહગર્જના તો એ સભાઓમાં હાજરી આપનાર કોઇનાથી ભૂલી શકાશે જ નહી. જ્વલંત દેશદાઝ નીતરતી તેમની એ વાણી તે જમાનામાં સુરતને પ્રેરણાનું અચ્છું પાન કરાવવાનું સામર્થ્ય ધરાવતી હતી.

આ ઉપરાંત સુરત મ્યુનિસિપાલિટીમાં રાષ્ટ્રીય પક્ષની રચના કરીને પણ તેમણે ઉપયોગી સેવા કરી હતી.

થોડા જ દિવસો પર તેઓ એક મહત્વના કામસર ગાંધીજી અને સરદારને મળવા માટે બારડોલી ગયા હતા.

હૃદયનું દર્દ તેમને લાંબા સમયથી સતાવતું હતું. આમ છતાં તેઓ નિયમિત જીવન ગુજારીને ઠીકઠીક સ્વાસ્થ્ય જાળવી રાખવામાં સફળ થયા હતા. ગઈ રાત્રે તેમને એ દર્દ એકાએક ઉભરી આવ્યું હતું અને ચાંપતી દાક્તરી સારવાર છતાં આજે બપોરે તેઓ આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા છે.

તેઓ તેમની પાછળ તેમના લગભગ ૮૫ વર્ષનાં વૃદ્ધ માતુશ્રીને મૂકી ગયા છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો અને માજીને આ કરુણ દુઃખ સહન કરવાની શક્તિ આપો.

દયાળજીભાઈએ અનાવિલ જ્ઞાતિની જે જ્વલંત સેવા કરી છે તે અન્ય જ્ઞાતિઓને માટે પણ ધડારૂપ છે. જ્ઞાતિના સંકુચિત ક્ષેત્રમાં પણ કેવી વિશાળ સેવા થઈ શકે છે એ શ્રી. દયાળજીએ સચોટ રીતે બતાવી આપ્યું છે. આવા જ્ઞાતિસેવકની સ્મૃતિ કાયમ માટે અંકિત કરવાની અનાવિલ જ્ઞાતિની ફરજ છે અને એ ફરજનું તે પાલન કરશે જ એવી અમને આશા છે.

પ્રતાપ:—

આજથી પા સદી ઉપર સુરત શહેર અને જિલ્લાને રાષ્ટ્રભક્તિનો પાઠ પઢાવનાર દલુ-કલુની જોડલી આજે તૂટી છે. સુરતના સિંહ તરીકે મશહૂર થયેલા આ જિલ્લાના પ્રખર સેવક દેશભક્ત અને સમાજસુધારક શ્રી. દયાળજીભાઈનું તા. ૫-૧-૪૨ ને સોમવારે બપોરે લગભગ ૬૪ વર્ષની વયે એકાએક અવસાન થયું છે.

હજી થોડા દિવસ ઉપર તો એક અગત્યના જાહેર કામ અંગે તેઓ નાજુક તબિયત છતાં ધર્મ સમજીને મહાત્માજી તેમજ સરદારને મળવા તકલીફ વેઠી બારડોલી ગયા હતા. રવિવારે સાંજ સુધી તેઓ સ્વસ્થ હતા ને આશ્રમમાં બેસી રેડિયો પણ સાંભળતા હતા. રાત્રે એકાએક તેમને છાતીમાં દર્દ ઉપડ્યું હતું ને તત્કાળ દાક્તરી મદદ લેવામાં આવી હતી. આજે પણ સુરતના જાણીતા દાક્તરોએ તેમની સારવાર કરી હતી, પણ તેઓ આખરે આ નશ્વર સંસાર છોડી ગયા છે ને પોતાની પાછળ અડધી સદીની અખંડ સેવા, જ્ઞાતિસેવાના મૂર્તિમંત સ્વરૂપ સમું

પોતાને વહાલું આશ્રમ અને પ્રાણથી યે અધિક પ્રિય એવાં સદીને આરે પહોંચેલાં વૃદ્ધ "બા"ને મૂકી ગયા છે.

શ્રી. દયાળજીભાઈને સુરત તો ભૂલી શકે એમ જ નથી. ડક્કા ઓવારાની એમની ઘોર ગંભીર ગર્જનાઓના પડઘા એમ શમી જાય એવા નથી. સુરતને રાષ્ટ્રભક્તિના પાઠ શીખવનાર વીરલા તરીકે એઓ સુરતને સદાકાળ યાદ રહેશે. આ ઉપરાંત સુરત મ્યુનિસિપાલિટીમાં રાષ્ટ્રીય પક્ષ જમાવીને તેમણે આપેલી સેવા પણ જાણીતી છે. અનાવિલ કોમ પરનું એમનું રૂણ તો ફેડયું ફેડાય એમ નથી. વર્ષો સુધી જાત ઝીકીને એમણે જ્ઞાતિસુધારણા માટે મંથન કર્યું છે અને ઘેરે ઘેર રખડી ભિક્ષાંદેહી કરી એમણે એ કોમના વિદ્યાર્થીઓની કેળવણી માટે એક આલીશાન આશ્રમ ઊભું કર્યું છે. લાખોની કિંમતે અંકાતાં જમીન અને મકાનો એ મોટે ભાગે શ્રી. દયાળજીભાઈની કૃતિ છે અને જીવનના અંત સુધી તેમણે એ આશ્રમનું રખેવાળુ કર્યું છે. દયાળજીભાઈની પોતાની કોમની સેવાનું એ સદા જીવંત સ્મારક રહેશે.

શ્રી. દયાળજીભાઈ રેવન્યુ ખાતામાં મામૂલી કારકુન હતા. બારડોલી તાલુકાના વાલોડ ગામે તેઓ નોકરી કરતા. તે પછી તેઓ સુરતના અઠવા ફાર્મમાં ખેતીવાડી ખાતામાં નોકરીએ રહ્યા હતા. કોમ અને દેશની સેવા માટે વર્ષો પર એ સરકારી નોકરી ફગાવી દયાળજીભાઈએ કફની ધારણ કરી હતી અને બીમારીનાં છેલ્લાં થોડાં વર્ષો બાદ કરતાં આખું જીવન તેમણે દેશને ચરણે ધરી દીધું હતું.

શ્રી. દયાળજીભાઈ પોતાની પત્નીનાં અવસાન પછી બીજી વાર પરણ્યા ન હતા. તેઓ પોતાની પાછળ સંતાન મૂકી ગયા નથી છતાં આશ્રમદ્વારા તેમણે અનેક નવયુવાનોને તૈયાર કર્યા છે.

સોમવારે બપોરે સવાત્રણ વાગે એકાએક હૃદય બંધ પડી જવાથી તેમનું દુઃખદ અવસાન થયું છે. એ સમયે ડૉ. દસ્તુર, ડૉ. કરસુખ હોરા અને ડૉ. ગાંધી હાજર હતા.

તા. ૫-૧-૧૯૪૨.

સૂરતનો સિંહ સૂતો!

પ્રતાપ-તા. ૬-૧-૧૯૪૨

સૂરત શહેર અને જિલ્લાનો છેલ્લા ત્રણ ચાર દશકાનો રાજકીય ઇતિહાસ, જેમના નામ વિના આલેખવાનું શક્ય જ નથી, એવા શ્રી. દયાળજીભાઈનું ગઈ કાલે ૬૪ વર્ષની વયે અવસાન થયું છે. છેલ્લા થોડા મહિનાઓમાં સૂરતે ઘણા જાહેર પુરુષો ગુમાવ્યા છે, પણ શ્રી. દયાળજીભાઈ અનેક રીતે એ સૌથી ઘણી વધારે ઉચ્ચ કક્ષાના હતા, અને તેથી એમનું મૃત્યુ સુરત શહેર અને જિલ્લાની પ્રજાને વિશેષે કરીને દુઃખદ થઈ પડે એ સ્વાભાવિક છે. વર્ષોથી દયાળજીભાઈએ તંદુરસ્તી ગુમાવી હતી; સામાન્ય રીતે આ પરાધીન દેશમાં રાજકારણી પુરુષો જેલવાસમાં શરીરનું આરોગ્ય ગુમાવે છે ને જીવન ટૂંકું કરે છે એવું એમને વિષે પણ બન્યું હતું. કારાગૃહે એમના દેહ પર કાયમની અસર મૂકી હતી અને મૃત્યુપર્યંત બહારથી પડછંદ દેખાતો એ દેહ રોગનું ઘર બની રહ્યો હતો. વર્ષોથી સવારે એકાદ કલાક આશ્રમથી અઠવાની ચોકી સુધીમાં, પંદર વખત રસ્તે અટકી અટકીને તેઓ ફરતા, એ સિવાય આખો વખત આશ્રમના જૂના મકાનના માળ પરથી તેઓ ભાગ્યે જ ઊતરતા. શહેરમાં કે બહારગામ જવાનું તો લગભગ નહિ જ જેવું. એમ

છતાં નિયમિત જીવન, મુકરર માપેલો ને સાદો ખોરાક ને ઉચ્ચ વિચારો ને વાચનનું સેવન એ બધાથી તેઓ રોગથી ભરેલા એ દેહને ટકાવી રહ્યા હતા અને તેમના જીવનના અંતની તો કોઈને કલ્પના સુદ્ધાં ન હતી. હમણાં તો તેઓ ગાંધીજીને મળી આવ્યા. આગલા દિવસે સાંજ સુધી તો મિત્રોને મળ્યા હતા; વાતો કરી હતી ને રેડિયો પરથી દેશની ને દુનિયાની ખબર જાણી હતી. પણ ઈશ્વરની લીલા અકળ છે. રાત્રે જ એમનું જૂનું છાતીનું દર્દ ઉપડ્યું અને બીજે દિવસે તો હૃદય બંધ પડતાં તેઓ આ સંસાર છોડી ગયા.

ગરમ કાળી કફની, શેરવાણી અને ગરમ વાંદર-ટોપી પહેરી, હાથમાં એમના અંગત મિત્ર સ્વ. વિઠ્ઠલભાઈ પટેલે ભેટ આપેલી, સીમલાની બનાવટની, એમના દોઢ માથોડા પૂર ડાંગ ઝાલી, આશ્રમને રસ્તે ફરતા દયાળજીભાઈનું ચિત્ર આ લખતાં સ્મરણપટે ચઢી આવે છે. તે સાથે અસહકારના જમાનામાં અડધું પાટલૂન, કફની ને ખાદી ટોપી પહેરી ઘૂમતા દયાળજીભાઈ પણ યાદ આવ્યા વિના રહેતા નથી.

એમનું રાજદ્વારી જીવન તો જાણીતું છે. હોમરૂલના જમાના પહેલાંથી તેઓ રાજકારણમાં પડ્યા હતા અને ગાંધીજીએ સૌથી પહેલી સત્યાગ્રહીઓની હાકલ કાળા કાયદા અંગે કરી, ત્યારે સુરત શહેરમાં જે પાંચ ભાઈઓ તૈયાર થયા હતા તેમાંના તેઓ અગ્રણી હતા. સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણજી વકીલ, શ્રી. કલ્યાણજીભાઈ, શ્રી. નર્મદાશંકર પંડ્યા અને શ્રી. રતિલાલ લલ્લુભાઈ દેસાઈએ ગાંધીજીને સુરત શહેરે આપેલા પહેલા પાંચ સિપાઈઓ અને એ પછી તો ગાંધીજીના રંગે રંગાયલા દયાળજીભાઈએ, કલ્યાણજીભાઈ સાથે મળી જિલ્લામાં રાજકીય જાગૃતિ લાવવા રાતદિવસ એક કર્યાં. એમના કાળની એ લાખોની સભાઓ, એ મેદનીને ભેદીને સોંસરો નીકળી જતો એમનો બુલંદ અવાજ, રાષ્ટ્રીય કેળવણી મંડળની પ્રવૃત્તિ, સભાઓ, સરઘસો, મ્યુ. રાષ્ટ્રીય પક્ષ, સત્યાગ્રહની લડતો ને જેલવાસ એ બધું ભૂલ્યું ભૂલાય એમ નથી. સુરતે એમને સિંહનું બિરૂદ આપ્યું છે. રાજકારણના ક્ષેત્રમાં ખરેખર એ સિંહની માફક ઘૂમ્યા હતા અને એક સાચા સેવક તરીકે નિઃસ્વાર્થ ભાવે, જાતની પરવા કર્યા વિના એમણે વર્ષો સુધી અખંડ સેવા કરી હતી. અણીશુદ્ધ ચારિત્ર્ય, દેશની આઝાદી માટે ધગશ, સંપૂર્ણ સાદાઈ અને કામિની તથા કાંચનની મોહિનીથી સો કોસ દૂર રહેવાની પ્રબળ ભાવના એ સ્વ.નાં આગળ પડતાં લક્ષણો ગણાવી શકાય. ખરેખર દયાળજીભાઈ એક ફકીર હતા, દેશની આઝાદી અને સ્વજ્ઞાતિ માટે સર્વસ્વનો ત્યાગ કરનારા વીરલા હતા.

સરકારના મહેસૂલી ને ખેતીવાડી ખાતામાં નોકરી કરતા સ્વ. દયાળજીભાઈને સમાજસેવાની ને દેશસેવાની પ્રેરણા થઈ. દૂધદહીંયા સેવા નહીં, પણ શુદ્ધ ને સંપૂર્ણ સેવા માટે એમણે સરકારી નોકરીને તિલાંજલિ આપી ભેખ ધારણ કર્યો. એ ભેખને તેમણે મૃત્યુપર્યંત શોભાવ્યો. એક પચ્ચીસી સુધી તેમણે શહેર ને જિલ્લાની રાજકીય હિલચાલોની દોરવણી કરી, એટલું જ નહીં પણ એ ગાળામાં એમણે પોતાની કોમની અભૂતપૂર્વ સેવા કરી-કહો કે શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી. જ્ઞાતિના ઉદ્ધાર માટે પત્રકારિત્વને અપનાવ્યું, ગામેગામ ફરી સમાજસુધારણાનો ઝંડો ફરકાવ્યો, જ્ઞાતિની પરિષદને અસ્તિત્વમાં આણી અને એ સૌને મોખરે અનાવિલ આશ્રમની સંસ્થા અસ્તિત્વમાં આણી. લાખોની કિંમતની જમીન, આલીશાન મકાનો, અજોડ અખાડાની રચના એ બધું જ એમને આભારી છે. આશ્રમને માટે એમણે ગામેગામ રખડી ભીખ માગી છે ને જ્ઞાતિના બાળકો માટે કેળવણીનું એક ઉત્તમ સાધન મેળવી આપ્યું છે. વર્ષો સુધી એ આશ્રમના ગૃહપતિ તરીકે

એમણે કામ કર્યું અને એના વિકાસ માટે અંત સુધી, ઝીણી ઝીણી બાબતોમાં પણ ધ્યાન આપી કાર્ય કર્યું છે.

દેશભક્તિની પ્રબળ ભાવના, અને સમાજસુધારણાની તમન્ના, એ સાથે તેમનામાં ધાર્મિક ભાવના પણ મોજૂદ હતી. સ્વામી રામતીર્થ ને વિવેકાનંદના તેઓ ઉપાસક હતા ને વાતવાતમાં તેઓ એ મહાપુરુષોનાં વચનો ટાંકતા. બાહ્યાચાર નહીં પણ અંતરથી તેઓ ધાર્મિક મનોવૃત્તિ ધરાવતા હતા. રાજકારણમાં તેઓ એકપંથી રહેવામાં માનતા ન હતા ને સ્વરાજપક્ષને તેમનો સાથ એ વાતનો પુરાવો છે. ગાંધીજીને પંથે તેઓ ગયા હતા, છતાં તેઓ લોકમાન્ય તરફ વધારે ઝોક ધરાવતા હતા એ હકીકત છે. સ્વ. વિઠ્ઠલભાઈની સાથેની એમની મૈત્રી પણ એ વાતનું સમર્થન કરે છે. વિવેકી ને ખંતીલા, મેદનીને રીઝવનારા વકતા, દેશની ગુલામી દૂર કરવા માટે બધું કરી છૂટવાની ધગશવાળા, કોમની સેવા પણ દેશસેવા સાથે થઈ શકે ને તેમ કરવામાં પણ દેશહિત જ છે એમ માનનારા, જૂના ને રૂઢિચૂસ્ત વિચાર ધરાવનારાઓને ઉવેખવાને બદલે તેમની સાથે બાંધછોડ કરીને કામ કરવામાં માનનારા, અંગત સ્નેહીઓનો વાંક ન જોતાં તેમને માટે બનતું બધું કરી છૂટનારા ને બનતાં સુધી સૌ સાથે સુમેળથી કામ લેવાની પદ્ધતિ રાખનારા સ્વ. દયાળજીભાઈ હતા.

અનાવિલ કોમ ઉપર એમનું ઋણ ન ફેડી શકાય એવું છે. જીવતાં એમને ઘટે એટલું માન અનાવિલોએ નથી આપ્યું; હવે એમના મૃત્યુ પછી અનાવિલ કોમ એમની સાચી કિંમત આંકે અને એમણે આશ્રમનો મૂકેલો વારસો શોભાવે અને સ્વ.નું એ સ્મારક અખંડ રાખે ને વિશેષ સ્મારક પણ રચે એવી આશા રાખવી એ વધારે પડતું નથી. સુરત શહેર અને જિલ્લાની એમની સેવા પણ ભારે છે, અને તેથી શહેર ને જિલ્લાની પ્રજા એમનું યોગ્ય સ્મારક કરે એમ અમે ખાસ ઇચ્છીએ છીએ.

મા-દીકરાની વિરલ બેલડી તૂટી છે. સદીને આરે ઊભેલાં એમનાં ને ઘણાનાં "બા"નો લાડકો હલુ ચાલી ગયો છે. 'બા'ના દુ:ખની કલ્પના પણ થઈ શકતી નથી. એકના વિના બીજું જીવી શકે એ વાત મનાતી નથી. બન્નેને સાથે જવાના કોડ હતા; પણ માતૃભક્ત પુત્ર વહેલો ચાલી ગયો છે ને પુત્રવત્સલ વૃદ્ધ માતા વિયોગે ઝૂરતાં રહી ગયાં છે. એ વૃદ્ધ માતા પ્રત્યે અમે અંતરની સહાનુભૂતિ પ્રકટ કરીએ છીએ અને સ્વ. દયાળજીભાઈના ઉન્નત આત્માને અમે શાશ્વત શાંતિ ઇચ્છીએ છીએ.

દાંડીઓ:—

શ્રી. દયાળજીભાઈના અવસાનથી સુરતે એક સાચ્ચા દિલનો સપુત ગુમાવ્યો છે. છેલ્લાં પચ્ચીસેક વરસથી જેમણે પોતાનું સર્વસ્વ દેશસેવામાં હોમી દીધું હતું અને ચોવીસે કલાક એ કાર્યનું જ રટણ કર્યું હતું એવા દયાળજીભાઈને સુરત કદી વીસરી શકે તેમ નથી. એમનાં સાચદિલી, નિખાલસતા, ખંતીલો સ્વભાવ અને ત્યાગવૃત્તિ ખરેખરાં અનુકરણીય લેખાશે. થોડાંક વરસથી શારીરિક શિથિલતા અંગે તેમણે જાહેરજીવનમાં ભાગ લેવાનું તજી દીધું હતું; પરંતુ સ્વકોમના જીવન ઘડતરનો વિચાર તો તેઓ સતત કર્યા જ કરતા. શ્રી. દયાળજીભાઈની સિંહ-

ગર્જનાસમી વાણીના ભણકારા, 'આવતા જાય તેમ બેસતા જાય'નું તેમનું શિષ્ટ સત્ર અને તેમનો પ્રભાવશાળી દેખાવ-(એમનો દેખાવ અમને હંમેશ બુદ્ધભગવાનની પ્રતિમાનો ખ્યાલ આપતો)-એ બધું સુરત હંમેશ સંભારશે. શ્રી. દયાળજીભાઈ લગભગ માયામુક્ત હતા. માયામાં ફક્ત તેમનાં વૃદ્ધ માતુશ્રી, જેઓ હજુ હયાત છે, તેમનાં દુઃખમાં અમે ભાગ લઈએ છીએ.

અનાવિલ જગત:—

બે દુઃખદ અવસાનો

આપણી જ્ઞાતિમાં તાજેતરમાં થયેલાં બે ભાઈઓના દુઃખદ અવસાનની નોંધ લેતાં અમને ખેદ અને દિલગીરી થાય છે; એક શ્રી. દયાળજી નાનુભાઈનું, અને બીજું ભાઈ નરેન્દ્ર ડાહ્યાભાઈનું. આ બંને અવસાન તદ્દન અણધાર્યાં અને અચાનક હતાં.

સ્વ. દયાળજીના નામથી તો આખી અનાવિલ જ્ઞાતિ પરિચિત છે, અને પરિચિત હોય એમાં કાંઈ નવાઈ નથી. એમણે જ્ઞાતિ હિતાર્થે શૂન્યમાંથી સૃષ્ટિ રચી, અને એ સૃષ્ટિ જ્ઞાતિને અર્પણ કરી. અને આમ જ્ઞાતિને એમણે એમની ઋણી બનાવી છે.

એમના આ જ્ઞાતિહિતના કાર્યની કદર જ્ઞાતિએ કરવી જોઈએ એ ખરું, પણ ખાસ કરી અનાવિલ જ્ઞાતિને કોઈના સારાં કાર્યની કદર કરવાની વૃત્તિ કે પરવાહ છે ખરી? સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણજી વકીલની જ્ઞાતિસેવાથી જ્ઞાતિ પરિચિત હતી. જ્ઞાતિજન તરીકે સ્વ. ડાહ્યાભાઈની જ્ઞાતિ માટેની ભાવના અને કાળજીનો કેટલાયે જ્ઞાતિજનો લાભ ઉઠાવી ગયા છે. શ્રી. ભુલાભાઈના પ્રમુખપણા નીચે શોકસભા મળી, ઘણાઓએ ભાષણો કર્યાં, એમના સ્મારક માટે ઠરાવ કર્યો, અને અમને ઝાંખો ખ્યાલ છે ત્યાં સુધી કાગળ ઉપર કંઈક રૂપિયા પણ ભરાયા, પણ પછી? પછીની વાત આપણે બધા જાણીએ છીએ. ફંડ કાગળ પર જ રહ્યું અને સ્મારકની વાત હવાઈ ગઈ. સ્વ. દયાળજીનું સ્મારક રચવાની વાત હમણાં વહેતી મૂકાઈ છે, એવી વૃત્તિ પણ અત્યારે જ્ઞાતિજનોની હોય એમ લાગે છે, સ્મારકના પ્રકારના વિધવિધ તર્કો પણ ચાલે છે, સૂચનો પણ થાય છે, પણ એ બધું માત્ર 'વાતોનાં જ વડાં' ન રહે, અને કંઈ ચિરસ્મરણીય સ્મારક થાય એ જોવાનો, અને એ માટે મહેનત અને મંથન કરવાનો ધર્મ હવે જ્ઞાતિનો, અને ખાસ કરી સ્વ. દયાળજીના પ્રશંસકો, મિત્રો, અને આશ્રમના તથા એમના પ્રેમ, જ્ઞાતિભાવના, અને કાળજીનો લાભ ઉઠાવી ગયેલા અને ઉઠાવનાર જૂના અને નવા બોર્ડરોનો થઈ પડે છે. એ ધર્મ એઓ બજાવશે?

બીજું અકાળ અવસાન સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણજી વકીલના એકના એક વીસેક વર્ષના પુત્ર ભાઈ મંગુભાઈ-(ઉર્ફે) નરેન્દ્રનું. ભાઈ નરેન્દ્ર સુરત લૉ કૉલેજમાં કાયદાનો અભ્યાસ કરતા હતા, અને સારી આશા આપતા એ જુવાન હતા.

સ્વ. દયાળજી અને સ્વ. ભાઈ નરેન્દ્રના અવસાનથી જ્ઞાતિએ બે સુપુત્રો ગુમાવ્યા છે. એ બન્નેના અવસાનથી જ્ઞાતિ અને એમનાં કુટુંબ ઉપર અને ખાસ કરી ગં. સ્વ. ગંગાબેન અને ઇન્દુબેન ઉપર આવી પડેલાં દુઃખમાં અમે ભાગ લઈએ છીએ.

સંસ્થાઓના ઠરાવો

ગુજરાત પ્રાંતિક સમિતિએ તા. ૨૩-૧-૪૨ને રોજે કરેલો ઠરાવ:—

"ગુજરાત પ્રાંતિક સમિતિની આ સભા સુરત જિલ્લા સમિતિના માજી પ્રમુખ અને ગુજરાતના અનન્ય સેવક શ્રી. દયાળજી નાનુભાઈ દેસાઈના અવસાન માટે ઊંડા શોકની લાગણી અનુભવે છે અને સદ્ગતે કરેલી સેવાઓની નોંધ લે છે.

પરમાત્મા એમના આત્માને શાંતિ આપે એમ આ સભા પ્રાર્થે છે. અને એમનાં વૃદ્ધ માતુશ્રી તરફ દિલસોજી દર્શાવે છે."

સૂરત શહેર સુધરાઈની તા. ૬-૧-૪૨ને રોજ મળેલી ખાસ સામાન્ય સભામાં નીચેનો ઠરાવ પસાર થયો હતો.

આ મ્યુનિસિપાલિટી ઠરાવ કરે છે કે તા. ૫-૧-૪૨ને રોજે સૂરત શહેર અને જિલ્લાના એક અગ્રગણ્ય સેવક શ્રીયુત દયાળજીભાઈના થયેલાં દુઃખદાયી અવસાનની આ મ્યુનિસિપાલિટી સખેદ નોંધ લે છે અને કંઈપણ કામકાજ કર્યા વગર આજની સભા મુલતવી રાખવામાં આવે છે, અને મ્યુનિસિપલ ઑફિસ તથા પારેખ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ આવતી કાલે બંધ રાખવામાં આવે છે. આ ઠરાવની નકલ મરહૂમના કુટુંબીજનો પર મોકલી આપવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવે છે.

શ્રી અનાવિલ બોર્ડીંગમંડળની વ્યવસ્થાપક સમિતિએ તા. ૧૧-૧-૪૨ના રોજે મળેલી સભામાં કરેલો ઠરાવ:—

અનાવિલ વિદ્યાર્થી આશ્રમના સંસ્થાપક, આશ્રમની અનેક દશાવીશીમાંથી ઘણીએવાર એકલે હાથે અનન્ય સેવાભાવ અને ખંતથી તથા સફળતાથી આશ્રમને સારા પાયા ઉપર મૂકનાર, આશ્રમના આત્મા સમાન દયાળજીભાઈના તા. ૫-૧-૪૨ એ હૃદય બંધ પડવાથી થયેલા કરુણ અવસાનથી આ કમિટીને અનહદ આઘાત થયો છે. શૂન્યમાંથી દયાળજીભાઈ આશ્રમને એક ઉત્તમ સંસ્થા બનાવી જ્ઞાતિને ભેટ કરી ગયા છે. જ્ઞાતિની અનેક પરિષદોમાં સક્રિય ભાગ લઈ, તથા અમલસાડની પરિષદમાં પ્રમુખની જવાબદારી સ્વીકારી જ્ઞાતિનું બંધારણ રચવા તથા જ્ઞાતિના સડાઓ દૂર કરવા દયાળજીભાઈ આખા જિલ્લામાં ઘૂમ્યા. "અનાવિલ સેવક" સામયિક દ્વારા પોતાના લેખોથી જ્ઞાતિને જાગ્રત કરવા પ્રયત્ન કર્યો. સત્યાગ્રહની ચળવળ દરમ્યાન પોતાનું સર્વસ્વ માતૃભૂમિને ચરણે ધરી અનેક સભાઓ ગજાવી "સૂરતના સિંહનું" બિરદ મેળવી, સત્યાગ્રહ કરી, કારાવાસ સેવ્યો. હૃદયનું દર્દ થયા પછી પણ કોમસેવા અને દેશસેવાના અનેક સ્વપ્નો સેવ્યાં. પોતાની વૃદ્ધ માતાની નિરંતર સેવા કરી. આવા જ્ઞાતિસેવક, માતૃભક્ત, દેશભક્ત, પ્રભુપ્રેમી ટેકીલા વીર સાધુપુરુષ-દયાળજીભાઈના અવસાનથી જ્ઞાતિને અને દેશને નહીં પૂરાય એવી ખોટ ગઈ છે. પ્રભુ એમના આત્માને અનંત શાંતિ અર્પો તથા એમના વૃદ્ધ માતુશ્રી ઉપર એકાએક આવી પડેલી આફત સહન કરવાનું બળ એમને આપો એવી આ કમિટી પ્રાર્થના કરે છે.

શ્રી શુક્લેશ્વર મહાદેવ મંડળ-અનાવલની મેનેજીંગ કમિટીમાં થયેલો ઠરાવ:—

આપણી જ્ઞાતિના સુપ્રસિદ્ધ સેવક શ્રીયુત રા. રા. દયાળજી નાનુભાઈ દેસાઈના થયેલા અવસાનની આ મંડળ સખેદ નોંધ લે છે અને શ્રી. શુક્લેશ્વર મહાદેવને પ્રાર્થના કરે છે કે એમના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય. એમનાં વૃદ્ધ માતુશ્રી, જ્ઞાતિ તેમજ સુરત જિલ્લાને એમના અવસાનથી ગયેલી ખોટ ન પૂરાય એવી છે.

શ્રી અનાવિલ મહિલા મંડળ તરફથી સ્વ. શ્રી. દયાળજીભાઈને સ્મરણાંજલિ અર્પતો નીચેનો ઠરાવ તા૦ ૧૮-૧-૪૨ ને રોજ પસાર કરવામાં આવ્યો હતો :—

સદ્‌ગત શ્રી. દયાળજીભાઈના ખેદજનક અવસાનની અને તેઓશ્રીની ફળીભૂત સેવાઓની આ મંડળ નોંધ લે છે. તેમના જેવા ભેખધારી ભડવીર અનાવિલ જ્ઞાતિને સાંપડ્યા તે માટે જ્ઞાતિને કૃતાર્થ માને છે. તેઓની અડગ શ્રદ્ધાભરી સેવાભાવનાઓનું અનુકરણ કરી તેઓશ્રીના અધુરાં રહેલાં કાર્યો પૂરાં કરવાં, એને પોતાની ફરજ સમજી, દરેક જ્ઞાતિજન પોતાથી બનતા પ્રયત્ન કરે, અને એ રીતે શ્રી. દયાળજીભાઈના સ્વાર્પણની કદર કરવાની પોતાની ફરજ અદા કરવા કટિબદ્ધ થાય એવી જ્ઞાતિજનોને આ મંડળ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

તેમના વૃદ્ધ માતુશ્રીને આ કારમો ઘા સહેવાની પ્રભુ શક્તિ આપો. અમારા કોટિ કોટિ વંદન હો એ સદ્‌ગુણી માતાને, કે જેણે જ્ઞાતિને, દેશને આવો સુપુત્ર અર્પ્યો. એ પુત્રે આજે જીવન સફળ કર્યું છે. પ્રભુ એ અમર આત્માને ચિર શાંતિ અર્પો.

માટુંગા અનાવિલ મંડળ : માટુંગા અનાવિલ મંડળના આશ્રય હેઠળ તા. ૧૭-૧-૪૨ને શનિવારે રાત્રે ૯-૦ વાગે 'જીવન પ્રકાશ'ની અગાસીમાં માટુંગામાં વસતા અનાવિલોની આ જાહેર સભા રા. શ્રી. ખંડુભાઈ નારણજી તંત્રીના પ્રમુખસ્થાન હેઠળ, સ્વ. દયાળજી નાનુભાઈના દુઃખદ અવસાન માટે શોક જાહેર કરે છે અને અંજલિ અર્પતાં નીચેનો ઠરાવ પસાર કરે છેઃ—

મહાન અનાવિલ જ્યોતિર્ધર અને પ્રખર દેશસેવક સદ્‌ગત દયાળજી નાનુભાઈને ભાવભીની અંજલિ અર્પતાં અંતર દ્રવે છે. અડધી સદી સુધી સતત અને નિઃસ્વાર્થી દેશ અને જ્ઞાતિ સેવામાં-મૃત્યુની છેલ્લી ઘડી સુધી સેવા કરી-જીવન વીતાડનાર એ અનાવિલ નરે જ્ઞાતિના ઈતિહાસને જ્વલંત બનાવ્યો છે. એમના જીવન સાથે સંકળાયેલ "અનાવિલ છાત્રગૃહ" એમની સેવાનું મૂર્તિમંત સ્વરૂપ છે. જ્ઞાતિના અનેક સામાજિક અટપટા પ્રશ્નોથી માંડી દેશસેવાના વિશાળ ક્ષેત્રમાં એનો ફાળો અમૂલ્ય છે. "સુરતના સિંહ" તરીકે પંકાયેલ સદ્‌ગતમાં સૈનિક અને સેનાનાયકના ગુણોનો સુમેળ હતો. એમનાં નિશ્ચયબળ, આત્મવિશ્વાસ અને શિસ્ત તથા એ સર્વ પાછળ પ્રેરણાસરખી સેવાભાવના જ્ઞાતિ માટે ગર્વનો અને સ્મરણનો વિષય છે. એમના અવસાનથી જ્ઞાતિએ પ્રથમ કોટિનો એક મહાન અનાવિલ અને દેશે એક ભક્ત ગુમાવ્યો છે. પ્રભુ એના આત્માને ચિરસ્થાયી શાંતિ આપે અને એનાં વયોવૃદ્ધ માતાને આ અસહ્ય દુઃખ વેઠવાની શક્તિ આપે એવી અભ્યર્થના.

અનાવિલ વાડી (દશરથ ભવન), સૂરતના ટ્રસ્ટીઓની સામાન્ય સભાએ તા. ૧૫-૩-૪૨ એ નીચેનો ઠરાવ પસાર કર્યો હતો :—

આપણી જ્ઞાતિના મરહૂમ દયાળજી નાનુભાઈ દેસાઈની સેવાની આ સભા પિછાણ કરે છે, અને તેમના મૃત્યુ માટે ખેદ જાહેર કરે છે, અને તેમનાં વૃદ્ધ માતુશ્રીને આશ્વાસન આપે છે. અને મંત્રીને સ્વ. દયાળજીભાઈના માતુશ્રીને આશ્વાસનનો યોગ્ય કાગળ લખવાની સત્તા આપે છે,

શ્રી નાતાલ અનાવિલ સમાજ, ડરબાન, દક્ષિણ આફ્રિકા એ નીચેનો ઠરાવ કર્યો હતો :—

ભાઈશ્રી દયાળજીભાઈના અવસાન માટે આ સભા ખેદ પ્રદર્શિત કરે છે; સાથે એમણે કરેલી સેવાની નોંધ લે છે. એમનાં માતુશ્રી ઉપર આવી પડેલી મહાન આફત માટે દિલસોજી ધરાવે છે. ઈશ્વર એમને દુઃખ સહન કરવાને પૂરતું બળ અને ધૈર્ય આપે, અને સદ્‌ગતના આત્માને શાંતિ મળે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે.

શ્રી અનાવિલ સેવા મંડળ–સૂરતની વાર્ષિક સાધારણ સભા તા. ૧૫–૨–૪૨ ના દિવસે મંડળના પ્રમુખ શ્રી. છોટુભાઈ દેશાઈના રહેઠાણે હરિપુરા, સૂરત મળી હતી તે વખતે પસાર થયેલો ઠરાવ :–

આપણી જ્ઞાતિના આજીવન સેવક, અનાવિલ આશ્રમના સ્થાપક, પોષક, અને સંચાલક, સૂરત અને જિલ્લાની પ્રજાને જાગૃતિમાં રાખનાર, અને સ્વદેશ સેવા અને રાષ્ટ્રીય કેળવણીના પાઠો પઢાવનાર ગુરુ, પોતાનાં બુલંદ અવાજથી ડક્કા ઓવારાની સભાઓમાં ગર્જના કરી સિંહનું ગૌરવભર્યું ઉપનામ મેળવનાર શ્રી. દયાળજી નાનુભાઈ દેસાઈના તા. ૫–૧–૪૨ના રોજ થયેલા અવસાનની આ સભા સખેદ નોંધ લે છે.

સદ્‌ગતનાં વયોવૃદ્ધ માતુશ્રીને માથે વૃદ્ધાવસ્થામાં આ કપરૂં દુઃખ આવી પડ્યું છે, તેમના દુઃખમાં આ સભા ભાગ લે છે અને સદ્‌ગતના આત્માને પરમાત્મા ચિર શાંતિ બક્ષે એવી પ્રાર્થના કરે છે.

શ્રી અનાવિલ બ્રાહ્મણ સદ્ધર્મસમાજ, વાડીફળિયું, ચકાવાળાની શેરી,

સૂરત તા. ૨૨–૨–૧૯૪૨.

મહાન અનાવિલ વિભૂતિ, પ્રખર દેશસેવક, જ્ઞાતિસમાજ સુધારક, પરોપકારી, ઉદાર વૃત્તિવાળા, ત્યાગી અને સદરહુ સમાજના અંગી સદ્‌ગત દયાળજી નાનુભાઈને ભાવભીની અંજલિ આપતાં આપણું અંતર દ્રવે છે. સરકારી નોકરી દરમ્યાન પણ સદ્‌ગત દયાળજીભાઈએ જલાલપોર તાલુકાની લોકલ બોર્ડ તરફથી ધર્મશાળાઓ બાંધવામાં મહાન ફાળો આપેલો છે. સરકારી નોકરી ફગાવી દઈ જ્ઞાતિસેવામાં અને દેશસેવામાં આખું જીવન અર્પણ કર્યું છે. સૂરતમાં અનાવિલ વિદ્યાર્થી આશ્રમ એમની સતત સેવાનુંજ પરિણામ છે. રાજકીય હિલચાલમાં સૂરતના સિંહ તરીકે નામના મેળવનાર અને અનાવિલ કોમને કીર્તિવંત બનાવનાર જૂનામાં જૂના જોગી અને સેનાનાયકના મરણથી એક મહાન અનાવિલ સપુત જ્ઞાતે અને આપણી સમાજે ગુમાવ્યો છે. એમનું દૃઢ નિશ્ચયીપણું, આત્મવિશ્વાસ અને શિસ્તપાલનપણું તથા સંયમી ભાવના એમના જીવનમાં અગ્રસ્થાને તરી આવતાં હતાં. આપણી સદ્ધર્મસમાજને એક મહાન સુધારક, અડગ નિશ્ચયી સદ્‌ગત દયાળજીભાઈની પડેલી ખોટ વારંવાર યાદ આવશે એ સ્વાભાવિક છે. અનાવિલ વિદ્યાર્થી આશ્રમનો ઉજ્જવળ કારોબાર એમના પ્રતાપનેજ આભારી છે. એ ઉપરાંત આખા દેશે એક મહાન દેશભક્ત ગુમાવ્યો છે. પ્રભુ એમના આત્માને હંમેશાની શાંતિ આપે અને એમનાં વયોવૃદ્ધ માતાને આ અસહ્ય દુઃખ ખમવાની શક્તિ આપે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે.

જાહેર સભાઓના ઠરાવો

સ્વ. દયાળજીભાઈના મૂળ ગામ વેસ્માના નાગરિકોની જાહેર સભા તા. ૮-૧-૪૨ના રોજ શ્રી. ખંડુભાઈ પરાગજી દેસાઈને પ્રમુખપદે મળી હતી તેમાં નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો :—

"વેસ્માના નાગરિકોની આ જાહેર સભા વેસ્મા ગામના વતની, શ્રી અનાવિલ વિદ્યાર્થી આશ્રમના સ્થાપક, સંચાલક અને મેનેજીંગ ટ્રસ્ટી, પોતાના સર્વસ્વનું બળિદાન આપનાર પ્રખર જ્ઞાતિસેવક અને સુરત જિલ્લાના યશસ્વી કારકિર્દી સાથે દેશસેવક તરીકે ખ્યાતિ પામેલા શ્રીયુત દયાળજી નાનુભાઈનાં દુઃખદ અવસાન માટે સખેદ શોક દર્શાવે છે; અને એમનાં અવસાનથી એમનાં વૃદ્ધ માતુશ્રી તથા સંબંધીઓને તથા શ્રી અનાવિલ વિદ્યાર્થી આશ્રમને શિર આવી પડેલાં દુઃખમાં અને ખોટમાં ભાગ લઈ અંતઃકરણપૂર્વક સહાનુભૂતિ તથા દિલસોજી ધરાવે છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપો."

'સુરતના સિંહ' તરીકે ખ્યાતિ પામેલા જૂના પ્રખર દેશસેવક સ્વ. દયાળજીભાઈને અંજલિ અર્પવા **સુરત શહેર મહાસભા સમિતિ** તરફથી એક જાહેર શોકસભા બોલાવવામાં આવી હતી.

સભામાં શ્રી. કનૈયાલાલ દેશાઈએ એક ઠરાવ મૂક્યો હતો, જેમાં સદ્‌ગતની સેવાની નોંધ લઈ, તેમને ભાવભરી અંજલિ અર્પવામાં આવી હતી.

શ્રી. ઈશ્વરલાલ ગુલાબભાઈ દેસાઈ, શ્રી. કનૈયાલાલ દેસાઈ, શ્રી. નરમાવાલા, શ્રી. બેન્સન, શ્રી. કલ્યાણજીભાઈ અને શ્રી. મગનલાલે પ્રવચનો કર્યાં હતાં.

ગુજરાતના જાણીતા કૉંગ્રેસ અને સામાજિક કાર્યકર્તા અને "સુરતના સિંહ" સ્વ. દયાળજી નાનુભાઈ દેશાઈના દુઃખદ અવસાન માટે શોક પ્રદર્શિત કરવા તા. ૨૫-૧-૧૯૪૨ને રોજે **મુંબઈમાં** ઝીણા હૉલમાં શ્રી. ભુલાભાઈ દેશાઈના પ્રમુખપદે જાહેર સભા મળી હતી ત્યારે જુદા જુદા વક્તાઓએ સ્વર્ગસ્થની દેશભક્તિને અને જાહેર સેવાઓને અંજલિ આપી હતી.

આ પ્રસંગે મુંબઈના અનાવિલ સ્ત્રી-પુરુષો તેમજ અન્ય કૉંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રમુખસ્થાનેથી શ્રી. ભુલાભાઈ દેશાઈએ સ્વ. દયાળજીભાઈની દેશભાવના, કાર્યદક્ષતા, નિઃસ્વાર્થ સેવાભાવના, શિસ્તશક્તિ અને સહનશીલતાના ગુણોની પ્રશંસા કરી હતી.

એ પછી શ્રી. પરાગજી ખંડુભાઈ દેશાઈએ શોક દર્શાવતો નીચેનો ઠરાવ રજૂ કર્યો હતો.

"ગુજરાતના જાણીતા કૉંગ્રેસ નેતા અને સામાજિક કાર્યકર્તા અને કેળવણીકાર સ્વ. દયાળજી નાનુભાઈ દેશાઈના થયેલા અકાળ અવસાન માટે આ સભા અત્યંત દિલગીરી દર્શાવે છે. સ્વ.

દયાળજીભાઈ નાનુભાઈના મૃત્યુથી ગુજરાતના અને ખાસ કરીને સુરત જિલ્લાના જાહેરજીવનમાં ન પૂરાય એવી ખોટ પડી છે.

આ સભા મરહૂમે મહાસભાવાદી અને સામાજિક કાર્યકર્તા તરીકે બજાવેલી અનન્ય સેવાઓની નોંધ લે છે. દેશને માટે સર્વસ્વનો ત્યાગ કરી કેળવણીકાર તરીકે આદર્શ જીવન જીવી સ્વ. દયાળજી નાનુભાઈએ લગભગ અર્ધી સદી સમાજ અને દેશસેવામાં ગાળી હતી અને એમની પાછળ નિઃસ્વાર્થી અને ત્યાગી જીવનનું ઊંચું દૃષ્ટાંત મૂકી ગયા છે. આ સભા સ્વ. દયાળજી નાનુભાઈના વૃદ્ધ માતુશ્રીને એમના દુઃખમાં આશ્વાસન આપે છે અને પ્રભુ એમને પુત્રવિયોગનું દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરે છે."

બાદ સભાએ ઊભા થઈ ઠરાવ પસાર કર્યો હતો અને સભા વિખેરાઈ હતી.

તા. ૩-૩-૪૨ મંગળવારના રોજ **અમદાવાદમાં વસતા અનાવિલોની** પ્રાર્થના સમાજ મંદિરમાં શ્રી. મણિભાઈ અંબેલાલ દેશાઈને પ્રમુખપદે મળેલ સભામાં પસાર થયેલો ઠરાવ :—

"અમદાવાદમાં વસતા અનાવિલોની આ સભા દેશ તથા કોમની પાંત્રીસ વર્ષથી અનન્ય ભાવે સેવા કરનાર સ્વ. દયાળજીભાઈના અચાનક અવસાનથી જ્ઞાતિએ તથા ગુજરાતે એક પ્રખર સેવક ગુમાવ્યા છે તેની સખેદ નોંધ લે છે. અને એમને આદરપૂર્વક અંજલિ આપે છે. એમના વૃદ્ધ માતુશ્રીના દુઃખમાં દિલસોજી બતાવે છે અને આ ઠરાવ તેમને મોકલી આપવા પ્રમુખશ્રીને વિનંતિ કરે છે."

વડોદરામાં વસતા અનાવિલ ભાઈઓની તા. ૯-૩-૪૨ ને સોમવારના રોજ ડૉ. કુંવરજીભાઈ નાયકના પ્રમુખપદે મળેલી સભામાં પસાર થયેલો ઠરાવ :—

"સુરત અનાવિલ વિદ્યાર્થી આશ્રમના સંસ્થાપક અને પ્રખર દેશસેવક સદ્‌ગત દયાળજી નાનુભાઈના ખેદજનક અવસાનથી વડોદરામાં વસતા અનાવિલોને અનહદ આઘાત થયો છે. એમણે સુરત મુકામે સ્થાપેલો અનાવિલ આશ્રમ એમની સેવાનું મૂર્તિમંત સ્વરૂપ છે જ્ઞાતિના અનેક સામાજિક ગૂંચવણ ભર્યા પ્રશ્નોથી માંડી દેશસેવાના વિશાળ ક્ષેત્રમાં એમનો ફાળો અમૂલ્ય છે. એમનાં નિશ્ચયબળ, આત્મવિશ્વાસ અને શિસ્ત તથા તે સાથેની તેમની સેવાભાવના જ્ઞાતિ માટે ગર્વનો વિષય છે. શૂન્યમાંથી આશ્રમને એક ઉત્તમ સંસ્થા બનાવી જ્ઞાતિને જે ભેટ દયાળજીભાઈ કરી ગયા છે તે માટે આખી જ્ઞાતિ તેમની ઋણી છે અને રહેશે. પ્રભુ એમના આત્માને ચિરાયુ શાંતિ આપે અને એમના વયોવૃદ્ધ માતુશ્રીને આ અસહ્ય દુઃખ વેઠવાની શક્તિ આપે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે."

ઠરાવ મૂકનાર : નારણજીભાઈ ભાઈદાસ દેશાઈ

ટેકો આપનાર : મણિભાઈ ખંડુભાઈ દેશાઈ.

દયાળજીભાઈના મિત્રો તથા શિષ્યોની તા. ૧૮-૧-૪૨ને દિવસે મુંબઈમાં મળેલી સભાએ પસાર કરેલો ઠરાવઃ—

પૂજ્ય દયાળજીભાઈ તથા તેમની અનેક પ્રવૃત્તિઓ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનારા તેમજ અનાવિલ વિદ્યાર્થી આશ્રમમાં રહી ગયેલા કેટલાક ભાઈઓની તા. ૧૮-૧-૪૨ને રવિવારે મળેલી આ સભા નીચે પ્રમાણે ઠરાવ કરે છેઃ—

પૂજ્ય દયાળજીભાઈનાં હૃદય બંધ પડી જવાથી થયેલા અકાળ અવસાન માટે આ સભા અત્યંત દિલગીરી દર્શાવે છે. સભા માને છે કે એમનાં મૃત્યુથી જ્ઞાતિને ન પૂરાય એવી ખોટ પડી છે. એમનાં માતુશ્રીનાં દુઃખમાં ભાગ લઈ એમનું દુઃખ જ્ઞાતિનું તેમજ પોતાનું દુઃખ માને છે અને એમને આશ્વાસન આપે છે કે પૂજ્ય દયાળજીભાઈની અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસાવવા અથવા સ્થાયીરૂપ આપવા બનતા પ્રયત્નો તેઓ કરશે.

આ ઉપરાંત આ સભા ૧૯૦૬ થી ૧૯૪૧ એટલે લગભગ સતત ૩૬ વર્ષની એમની જ્ઞાતિ તેમજ દેશની અનેક ભોગે આપી કરેલી નિઃસ્વાર્થ સેવાની નોંધ લે છે અને એમનાં અધૂરાં રહી ગયેલાં કાર્યો પૂરાં કરવા અને વિકસાવવા, તેમણે કરવા ધારેલાં કાર્યો કરવા અને એમની યાદગીરી કાયમ રહે એવું કાંઈક કરવા માટે ફંડ કરવા ઠરાવ કરે છે.


સ્વ. દયાળજીભાઈને સૂરતના અનાવિલ બંધુઓની અંજલિ—શ્રી. દયાળજીભાઈનું સ્મારક રચવાનો ઠરાવ—


સૂરત શહેરના અનાવિલ ભાઈબહેનોની એક સભા રવિવાર તા. ૧૫-૨-૪૨ને રોજ સાંજે સગરામપુરા અનાવિલ વાડીમાં પ્રો. કાળીદાસ દેસાઈના પ્રમુખપદે મળી હતી. એ સભામાં આશરે ૧૫૦ થી ૨૦૦ અનાવિલ ભાઈબહેનોએ હાજરી આપી હતી અને તેમાં જ્ઞાતિના વયોવૃદ્ધ અગ્રણીઓ પણ હતા. શ્રી. મોરારજી દેસાઈ પણ એ સભામાં પધાર્યા હતા. પ્રો. કાળીદાસ દેસાઈએ સ્વ. દયાળજીભાઈના કાર્યની વિગતો તથા તેમના કેટલાક જીવન પ્રસંગો રજૂ કર્યા હતા. ત્યારપછી નીચેનો શોકદર્શક ઠરાવ શ્રી. ઈશ્વરલાલ ગુલાબભાઈ દેસાઈએ રજૂ કર્યો હતો જેને શ્રી. બાલુભાઈ મલીઆ તથા શ્રી. લલિતાબેને ટેકો આપ્યો હતો. "સૂરત શહેર અને જિલ્લાના અનાવિલ જ્ઞાતિજનોની આ જાહેર સભા, અનાવિલ આશ્રમ સૂરતના સ્થાપક તથા જ્ઞાતિસેવા અને સમાજ સેવા માટે નોકરીને તિલાંજલિ આપી યુવાન વયે વિધુર થવા છતાં સેવામય જીવન કાજે સામાન્ય સંસારી જીવનનો ત્યાગ કરી, આશ્રમને સર્વાંગ સુંદર બનાવી જ્ઞાતિને ભેટ ધરનાર, જ્ઞાતિના ખરાબ રિવાજો દૂર કરવા મથનાર, દેશસેવા માટે પોતાનું સર્વસ્વ અર્પનાર, બહાદુર અને ટેકીલા, સંયમી અને ત્યાગમૂર્તિ દયાળજીભાઈનાં તા. ૫-૧-૪૨ને રોજે થયેલાં અવસાનથી આખા અનાવિલ સમાજને થયેલો અત્યંત ખેદ જાહેર કરે છે. આ સભા સ્વર્ગસ્થ દયાળજીભાઈના આત્માને અનંત શાંતિ મળે તથા તેમનાં વૃદ્ધ માતુશ્રીને તેમના ઉપર પડેલી આફત સહન કરવાનું બળ મળે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે. આ ઠરાવની નકલ સ્વર્ગસ્થ દયાળજીભાઈનાં માતુશ્રીને મોકલી આપવાની પ્રમુખને સત્તા આપવામાં આવે છે." સભાએ ઊભા થઈ ઠરાવ પસાર કર્યો હતો.

શ્રી. દયાળજીભાઇના સ્મારક સંબંધી નીચેનો બીજો ઠરાવ શ્રી. પોપટભાઈ વકીલે મૂક્યો હતો જેને શ્રી. રમણલાલ દેસાઇ તથા માજી મહેસૂલ મંત્રી શ્રી. મોરારજીભાઇએ તથા શ્રી. પદ્માવતીબેને ટેકો આપ્યો હતો.

સ્વર્ગસ્થ દયાળજીભાઇએ અનાવિલ જ્ઞાતિની અનન્ય સેવા કરી છે અને જ્ઞાતિ તેમની અત્યંત ઋણી છે અને તેથી તેમના સ્મારકનું કાર્ય આખી જ્ઞાતિએ ઉપાડી લેવું જોઈએ એમ આ સભા માને છે. સ્મારકનો ઉદ્દેશ જ્ઞાતિના નૈતિક અને સામાજિક જીવનની સુધારણા માટે હોવો જોઈએ. સ્વર્ગસ્થ દયાળજીભાઈએ સ્થાપેલો અનાવિલ આશ્રમ એ જ્ઞાતિએ સંતોષ લેવા જેવી સંસ્થા છે. એ સંસ્થા સાથે મુખ્યત્વે સ્મારકનાં જુદાં જુદાં રૂપો જોડાયેલાં રહે તો જે ક્ષેત્રમાં સ્વર્ગસ્થ દયાળજીભાઈએ આખી જીંદગી સેવામાં ગાળી તે ક્ષેત્રમાંથી તેમણે આરંભેલું કાર્ય વધારે ને વધારે વેગવાન બનતું રહે એમ આ સભા માને છે, જેથી નીચે દર્શાવેલાં કાર્યો માટે આથી અનાવિલ સમાજને નાણાંથી તથા બીજી રીતે મદદ કરવા આ સભા વિનંતિ કરે છે. (૧) દયાળજીભાઈની આરસની પ્રતિમા આશ્રમમાં કોઇ મધ્યસ્થ જગ્યાએ મૂકવી, (૨) દયાળજીભાઈ માટે એક સ્મારકગ્રંથ પ્રગટ કરવો, (૩) આશ્રમના ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી, (૪) આશ્રમ અથવા આશ્રમની બહાર બીજાં કોઈપણ જ્ઞાતિના અથવા સામાન્ય સમાજ સેવાના કાર્ય માટે.

સ્મારક ફંડમાં મદદ કરનાર દરેક વ્યક્તિ ઉપર દર્શાવેલા કોઈ પણ કાર્ય માટે અંકિત કરી પોતાની મદદ આપી શકશે. સ્મારક ફંડ ઉઘરાવવાના કાર્ય માટે એક સમિતિ ચૂંટી કાઢવામાં આવી હતી, જે સમિતિ વધારાના સભ્યો કો-ઓપ્ટ કરી શકશે તથા દયાળજીભાઈના સ્મારક માટે મુંબઈ વગેરે સ્થળે કાર્ય કરતી બીજી સમિતિઓ સાથે સહકારથી કામ કરશે. (સ્મારક ફંડમાં મદદ આપવા ઇચ્છા રાખનાર ભાઈબહેન પોતાની મદદ "મંત્રી, અનાવિલ વિદ્યાર્થી આશ્રમ, નાનપુરા, સુરત"ને બારોબાર પણ મોકલી શકશે.)





વિભાગ ચોથો

માર્ગદર્શન

'અનાવિલ સેવક' માંના સ્વ. દયાળજીભાઈના લેખોમાંથી ચૂંટી કાઢેલાં અવતરણો:-

(તારીખના અનુક્રમમાં)

અનાવિલ કોમે પોતાની જ્ઞાતિની અનાથ વિધવાઓ અને અનાથ બાળકોને માટે શું કીધું છે? જાન્યુ.-ફેબ્રુ. ૧૯૨૦

*　　*　　*

જ્ઞાતિમાં કાંઈ બધા ગરીબ નથી, અને ગરીબ હશે તે પણ છોકરો પરણાવતી વખતે પારકે પૈસે બાપ લાખ ચાલીશ થઈને નીકળે છે. તેમ જ્ઞાતિના શ્રીમંત વર્ગની શ્રીમંતાઈ બીજા આગળ મોટાઈ મારવા પૂરતી જ રહેલી છે. જાન્યુ.-ફેબ્રુ. ૧૯૨૦

*　　*　　*

દેસાઈને ત્યાં છોકરાનો જન્મ થયો એટલે કામધેનુએ અવતાર લીધો એમ માનવામાં આવે છે. અગર જો છોકરો પોતે તો બળદિયારૂપ હોય છે એટલે તે તો કામધેનુની ગરજ સારી શકતો નથી, પરંતુ તે દ્વારા ઘરમાં આવતી પુત્રવધુ મારફત કામધેનુની ગરજ સારવામાં આવે છે. જુન-જુલાઈ ૧૯૨૦

*　　*　　*

અનાવિલ ભાઈઓ, હજુ પણ ચેતો; અવિચારીપણું અને ભિખારચોટપણાનો ત્યાગ કરી વિચારપૂર્વક વર્તન રાખો અને સ્વબળ તથા સ્વાશ્રય ઉપર વિશ્વાસ રાખો. જ્યારે જાત મહેનતથી પેદા કરેલું આછું પાતળું ખાઈ આનંદથી દિન ગુજારતાં શીખશો અને પારકા તરફથી દબાણથી તો નહિ જ, પરંતુ તેની ખુશીથી આપેલું લેવું પણ હરામ બરોબર ગણશો ત્યારે જ પરમાત્માની કૃપાને પાત્ર થશો અને એવી જ રીતનું જીવન ગુજારશો ત્યારે અવિચારી અને ભિખારી મટી અનાવિલ બ્રાહ્મણના નામને લાયક થશો. જુન-જુલાઈ ૧૯૨૦

*　　*　　*

માણસે સારા થવું હોય તો સામાના ગુણ અને પોતાના દોષો જોતા રહેવું જોઈએ. આ નિયમનું મારાથી બનતા પ્રયત્ને હું પાલન કરતો આવ્યો છું. હું જાણું છું કે છેલ્લાં વીસ વર્ષમાં આશ્રમ અને સમાજ દ્વારા જ્ઞાતિ સેવા કરવામાં વખતો વખત મેં કેટલાક ભાઈઓની નાપસંદગી વહોરી લીધી છે. પરંતુ હું ખાત્રી આપવા માગુંછું કે એ બધા પ્રસંગોમાં મેં ઇરાદાપૂર્વક એક પણ વખત જ્ઞાતિબંધુઓના વિચારની અવગણના કરી નથી. ઘણે ભાગે તો મારા વિચારને ન સમજવાથી અગર કોઈ તરફથી ખોટા રૂપમાં રજુ કરવામાં આવ્યા હોય તે માની લેવાથી એવા પ્રસંગો ઊભા થયા હતા. તા. ૧-૧૦-૨૫

*　　*　　*

ટીકાકારોને મારી એટલીજ વિનંતિ છે કે તેઓ કોઈપણ જાતની ટીકા કરવા પહેલાં દરેક વાતની જાત માહિતી મેળવે. માહિતી મેળવ્યા પછી તેમને વાતમાં કાંઇ વજૂદ લાગે તો મિત્રભાવે સૂચના કરે અને સૂચના કરવા છતાં તેની જાણી જોઈને અવગણના કરવામાં આવે તો પછી યોગ્ય પગલાં લે. તા. ૧૮-૧૦-૨૫

*　　*　　*

આ દેશની સંસ્કૃતિમાં સંયમ એજ જ્ઞાતિબંધારણ તથા ધાર્મિક જીવનનો પાયો છે, એટલે જે કોઈ સંયમને સાચવી હાલની જ્ઞાતિરચનાને વિસ્તૃત બનાવવા પ્રયત્ન કરશે તે જ્ઞાતિની અને તે દ્વારા દેશની સેવાજ કરશે, પરંતુ જે સ્વચ્છંદીપણું ભોગવવાને ખાતર જ્ઞાતિનાં બંધન શિથિલ કરે છે અગર જ્ઞાતિની પરવા કરતો નથી તે પોતાનું, જ્ઞાતિનું અને દેશનું અહિત કરે છે.
તા. ૧-૧૧-૨૫

* * *

આ જ્ઞાતિમાં કાંઈ કાર્ય ન થઈ શકે અગર હમે કાર્ય કરવા તૈયાર છીએ પરંતુ હમારી ઉપજીવિકાનું શું એવા વિચારથી શું હાથ જોડીને બેસી રહેવા પૂરતુંજ સામર્થ્ય જ્ઞાતિમાં છે? જેમનામાં બુદ્ધિ છે તેવાઓ શું બુદ્ધિના પેચ લડાવવામાંજ તેનો ઉપયોગ કરશે? જેમની પાસે પૈસા છે તેઓ શું મોજશોખમાં અને ગરીબોને ચૂંટવામાં જ પોતાના સાધનનો ઉપયોગ કરશે? આવો, ભાઈઓ આવો. તમારી બુદ્ધિ અને સાધનનો સેવામાં ઉપયોગ કરો. આવો, આપણે બધા સાથે મળીને જીવનનો આનંદ લઈએ અને બીજાને તેના ભાગીદાર બનાવીએ. આવો, જલદી આવો.
તા. ૧-૬-૨૬

* * *

ગરીબ વિદ્યાર્થીઓ કેળવણી લેવા આતુર છે. પરંતુ સમાજ, આશ્રમ, સેવક, પરિષદ અને મંડળ એ બધાને માટે કામ કરનારાઓ ક્યાં છે? હજુ પણ શું આપણે આપણો જાતિસ્વભાવ છોડી સારાં કાર્યોની ટીકા કરવાને બદલે ટેકો આપવાની નીતિ ધારણ ન કરીશું? શું આપણે મિથ્યા મોટાઈ પ્રાપ્ત કરવાને ખાતર જીંદગી ખતમ કરવામાં જ સાર્થક માનીશું? દેશસેવા, જ્ઞાતિસેવા, ઇશ્વરપ્રાપ્તિ, સ્વસુધારો વગેરે કોઈ વાતની આપણને ધૂન લાગે એમ નથી? વખતોવખત આપણને જે પ્રસંગો પ્રાપ્ત થાય છે તે એળે જ જવા દઈશું? તા. ૧૬-૭-૨૬

* * *

જ્ઞાતિના રીતરિવાજોના ભોગ થઈ પડવાથી અનેક કુટુંબો માંડમાંડ પોતાનું જીવન નિભાવવા શક્તિમાન હોય છે. અને આ બધું છતાં જ્ઞાતિના શિક્ષિત, અનુભવી અને ધનિક માણસોનાં દિલ કેમ કંપાયમાન થતાં નથી એ દરેકે વિચારવા જેવો પ્રશ્ન છે. તા. ૧-૭-૨૭

* * *

જ્યાં સુધી આશ્રમ જ્ઞાતિની માલિકીનું છે અને જ્ઞાતિજનોની મદદથી ચાલે છે ત્યાં સુધી એકાદ વ્યક્તિના વિચાર પ્રમાણે એ ચાલવું જોઈએ નહિ; પરંતુ જ્ઞાતિ સમસ્તના વિચાર પ્રમાણે અને જ્ઞાતિને ઠીક લાગે એ રીતે એ ચાલવું જોઈએ એમ મારૂં ચોક્કસ માનવું છે. બીજી એ પણ વાત સ્પષ્ટ કરવા માગું છું કે સંસ્થા પરત્વે આજ સુધીમા જે કાંઈ અલ્પ સેવા મારે હાથે પ્રભુ ઇચ્છાથી થઈ હોય તેને હું જરાપણ અગત્ય આપવા માગતો નથી અથવા એ દાવાથી સંસ્થામાં અડ્ડો જમાવીને ચીકટાઈ રહેવા માગતો નથી; પરંતુ એથી ઊલટું જો સંસ્થા સાથેનો મારો સંબંધ એની પ્રગતિમાં બાધારૂપ જણાતો હોય તો હું એની સાથે જરાપણ સંબંધ રાખીશ નહિ એની ખાત્રી આપું છું. કોઈપણ રીતે છોકરા અને છોકરીની સંગીન કેળવણીનું કામ જ્ઞાતિ ઉપાડે અને તે પૂર ઉમંગથી આગળ વધારે એવી સર્વે પાસે મારી નમ્ર પ્રાર્થના છે. પછી તે જે રીતે થતું હોય તે પ્રમાણે કરો; પરંતુ વર્ષ પછી વર્ષ નકામાં જાય એ દરેકને ખૂબ સાલવું જોઈએ. તા. ૧૬-૭-૨૭

* * *

હિન્દુ જાતિ એકત્ર થાય એમ તો હું જરૂર ઇચ્છુછું જ. તા. ૧૬-૧૨-૨૭

* * *

પરદેશી સત્તા ગમે તેટલી ઉદાર અને સારી હોય તોપણ તેના પેટામાં ગુલામીની નામોશી રહેલી છે, તો પછી હાલનું રાજતંત્ર તો નથી ઉદાર કે નથી સારૂં. તા. ૧–૧૨–૨૮

* * *

જેટલા બીનવારસી ગુજરી જાય તેટલા જો પોતાની મિલકત સામાજિક હિત માટે આપી જાય તો સામાજિક હિતનાં બધાં કામો સહેલાઈથી થઈ જાય. તા. ૧૬–૧૨–૨૮

* * *

આપણે આપણું ભલું ન ઇચ્છીએ તો પાંચ હજાર ગાઉ પરથી પોતાના સ્વાર્થ માટે આવેલી પ્રજા આપણું ભલું કરી દેશે એ સંભવેજ ક્યાંથી? તા. ૧૬–૧૨–૨૮

* * *

પોતાને રામચંદ્ર થવું નથી અને ઘરમાં સીતાની આશા રાખે છે. તા. ૧૬–૧–૨૯

* * *

ટૂંકમાં આશ્રમ મારો છે એમ કહેવાનું તેમજ એને બરાબર ચલાવવાની જોખમદારી મારે એકલાને માથે ન રાખતાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સભ્યો અને જ્ઞાતિજનો સર્વે એને પોતાનો માને, અને એને નમુનેદાર બનાવવા પ્રયત્ન કરે એ જરૂરનું છે. જો એમ કરવામાં નહિ આવશે અને મારી એકલાની જોખમદારી ગણી મને એકલાને ઠપકાપાત્ર ગણવાથી નથી આશ્રમનું શ્રેય થવાનું કે નથી જ્ઞાતિનું શ્રેય થવાનું. છેવટે હું તો એ પણ કહેવાની જરૂર જોઉછું કે ઉપરના સર્વે કાંઈજ કરવા તૈયાર ન હોય તો સંસ્થાને સાર્વજનિક બનાવીને એને ચલાવવાની જોખમદારી લેવા તૈયાર થાય તેને સોંપી દેવી, અગર એનો વિકાસ કરવાને બીજો જે પણ માર્ગ દેખાય તે અમલમાં મૂકવો. તા. ૧–૪–૨૯

* * *

આપણી જ્ઞાતિમાંયે અનેક માણસો જ્ઞાતિની ઉન્નતિની આશા રાખતા હશે; પરંતુ આપણી કોઈપણ દિશામાં જાણવાજેવી પ્રગતિ થતી નથી તેનું કારણ એકજ છે કે આપણામાંથી કોઈએ એકેક વાતને માટે ભેખ લીધો નથી. તા ૧–૮–૨૯

* * *

આપણા યુવકો કે જેમની નસોમાં નવીન લોહી અને નવીન અભિલાષાનો થનગનાટ થઈ રહ્યો છે તેઓ બધી વાતમાં માથું ન મારતાં એકેક યુવક જ્ઞાતિહિતને લગતી એકેક વાતને પોતાની કરી લે અને બાકીની વાતમાં જ્યાં બની શકે ત્યાં સહાનુભૂતિ જરૂર આપે તો આજે જે વાતોમાં વખત વેડફાઈ જાય છે અને એકબીજાની ખામીઓ જોવામાં શક્તિનો વ્યય કરીએ છીએ તેને બદલે કામ કરવા મંડી જઈશું તો ટૂંક મુદતમાં ઘણું કામ થયેલું જોઈ શકીશું. તા. ૧–૮–૨૯

* * *

દર વરસે આપણી જ્ઞાતિમાં જેટલાં લગ્ન થાય છે તેની હકીકત મેળવવામાં આવે તો માલમ પડે કે બંને પક્ષમાં પૂરેપૂરો સંતોષ કેટલા ટકાને થાય છે. હું તો જોઉં છું કે પાનું પડે એટલે નિભાવી લેવું એવી સ્થિતિ મોટે ભાગે થઈ રહેલી છે. તા. ૧૬–૮–૨૯

* * *

જ્યાં સુધી કુળ અને જ્ઞાતિના સંકુચિત વાડા રહેશે ત્યાં સુધી યોગ્ય વરકન્યાનું જોડાણ થવું મને તો અસંભવિત લાગે છે. તા. ૧–૯–૨૯

* * *

પ્રભુ આપણને સન્મતિ આપે અને આપણે આગ્રાના "દયાલ બાગ" જેવી અનાવિલ બાગની સંસ્થા ઊભી કરી શકીએ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. તા. ૧૬–૯–૨૯

* * *

છેવટે એટલું જ કહીશ કે અનાવિલ પ્રતિનિધિ સભા જો કે આપોઆપ બંધ થાય છે (તા. ૧૬-૧૨-૧૯૨૯), તોપણ એની જરૂરિયાત તેમજ ઉપયોગીપણા વિષે મારી શ્રદ્ધા જરા પણ ઓછી થતી નથી. એટલું જ કે એ કાર્ય માટે હું જોઈએ તેટલો સમય ફાજલ પાડી શકતો નથી, તેમ મારામાં એટલી બધી શારીરિક કે માનસિક શક્તિ નથી કે ઘણાં કાર્યો માથે લઈ તે પાર પાડી શકું. એટલાજ કારણે જે સંસ્થા અસ્તિત્વમાં લાવવાનો મને વિચાર આવ્યો હતો તેનું શ્રાદ્ધ પણ મારે હાથે જ કરૂં છું. તા. ૧૬-૧૨-૨૯

* * *

કોઈપણ સંસ્કારી પરજ્ઞાતિનો માણસ અનાવિલ જ્ઞાતિમાં આવવા માગતો હોય તો તેને વધાવી લેવો જોઈએ. તેમ જ્ઞાતિ બહારની સંસ્કારી કન્યા લાવે તો તેને પણ વધાવી લેવી જોઈએ. જીવંત રહેવા માગતી જ્ઞાતિઓએ આ પ્રમાણે કર્યેજ છૂટકો છે, અને જે જ્ઞાતિઓ આ પ્રમાણે કરવામાં આનાકાની કરશે તે પોતાને હાથે પોતાના પગમાં કુહાડો મારશે. તા. ૧-૧-૩૦

* * *

જો આપણે પ્રગતિને ઇચ્છતા હોઈએ તો બીજાની પાસે આપણી અક્કલનો ઉપયોગ કરાવવા કરતાં આપણી અક્કલ પ્રમાણે ચાલી આપણને જે ખરૂં લાગતું હોય તે બીજાને કહીને સંતોષ માની બીજાને તેની અક્કલનો ઉપયોગ કરવા દઈ તેને જે માર્ગ ખરો લાગે તે પ્રમાણેજ તેણે ચાલવું જોઇએ એમ ઇચ્છવામાંજ તેનું અને આપણું શ્રેય છે. તા. ૧-૨-૩૦

* * *

જે સત્તા પ્રજા તરફથી વફાદારીની અપેક્ષા રાખે તે સત્તાએ તેટલાજ પ્રમાણમાં પ્રજાને વફાદાર રહેવું જોઇએ, અને એમ છતાં પણ કઇ સત્તાને સ્વીકારવી અને કોને ન સ્વીકારવી એ પ્રજાની મુનસફીની વાત છે. તા. ૧-૨-૩૦

* * *

જ્યાં સુધી માણસ મૃત્યુથી ડરે છે અને જ્યાં સુધી વિલાસીજીવનમાં પ્રીતિ રાખે છે ત્યાં સુધી તેનામાં નીડરતા અને સચ્ચાઈ આવી શકતાં નથી. તા. ૧-૨-૩૦

* * *

જ્ઞાતિમાં એકપણ સામાજિક કે કેળવણીવિષયક કે બીજું કોઈપણ પ્રકારનું કાર્ય બધા એકત્ર થઈને કરવાની વૃત્તિવાળા જ નથી. પોતે જુદા પડીને કાંઈ સારૂં કરી શકતા હોય તો તો જુદી વાત છે, પરંતુ સારૂં કરવાની શક્તિ નથી તો પછી શાંત ક્યાં ન બેસી રહેવું? પરંતુ આપણે તો એવા છીએ કે શાંત ન બેસી રહેતાં સામો વિરોધ કરીએ. આના જ પરિણામે પચીસ વર્ષ થઈ ગયાં, છતાં અનાવિલ સમાજ અને અનાવિલ આશ્રમ ત્રણ દહાડે અઢી કોસની ગતિએ ચાલે છે. એટલો પરમેશ્વરનો પાડ કે હજુ સૂઈ ગયાં નથી. પ્રતિનિધિ સભા અને અનેક વખત જુદાં જુદાં નામે મંડળો ઊભાં થયાં તે સૂઈ ગયાં. સદ્ધર્મસમાજ જેવી સંસ્થા બેતાળીસ વર્ષ પછી સૂવાની હાલતમાં આવી પડી છે. ટૂંકમાં એક પણ એવી સંસ્થા નથી કે જેમાં બધા સાથે મળીને કામ કરતા હોય. જ્યાં સુધી આપણી આવી મનોદશા છે ત્યાં સુધી કોઈપણ કાર્ય આપણે કરી શકીએ એમ નથી. તા. ૧-૨-૩૦

* * *

દેશના પ્રશ્નોથી જ્ઞાતિપ્રશ્નો જુદા હોઇ શકતા નથી. તા. ૧૬-૨-૩૦

* * *

કન્યાઓમાં પણ મરદાનગીનો જુસ્સો આવે એવી રીતે તેમને કેળવણી અપાવી જોઈએ એવું હરકોઈ સ્વીકારશે. તા. ૧-૩-૩૦

* * *

કુટુંબ ભાવના, જ્ઞાતિભાવના અને પ્રજાભાવના તેના સાચા સ્વરૂપમાં એકબીજાનાં વિરોધી નથી પરંતુ એકબીજાનાં અંગરૂપ અગર મદદગાર છે. તા. ૧-૩-૩૦

અનાવિલ આશ્રમ ચલાવવાનો હેતુ અત્રે સ્પષ્ટ કરી દઉં. મેં ઘણી જ ગરીબીમાં અભ્યાસ કર્યો હતો. આના પરિણામે ભણીને પૈસા પેદા કરવાની મને ઇચ્છા ન થતાં એમ જ લાગ્યું હતું કે ભણેલાંનો ઉપયોગ બીજાને ભણાવવું એજ હોઈ શકે. જો એક દીવાથી બીજો દીવો ન સળગે તો તે દીવો નહિ પરંતુ કાંઈ પ્રકાશિત વસ્તુ હોવી જોઈએ; તેમ ભણીને ભણાવવું એજ ભણવાનો હેતુ હોઈ શકે. આ સંસ્થા કાઢવાનો મારો બીજો હેતુ એ હતો કે આપણી જ્ઞાતિને જ્ઞાતિલા તેમ જ અન્ય જ્ઞાતિના 'ઓગણીસમી' વરણ કહે છે. આ મને સમજ આવતાં સાલતું હતું, અને આપણે માટે આવો અભિપ્રાય શા માટે હોવો જોઈએ એ મને ખૂબ લાગતું. ત્રીજી વાત જ્ઞાતિમાં જે અનેક સાંસારિક સડા છે તે દૂર થવા જ જોઈએ, એવી તીવ્ર લાગણીએ મારામાં સમજ આવતાં ઘર કર્યું હતું. ચોથી વાત દેશકાર્યમાં આપણે આપણો ફાળો આપવો જ જોઈએ એ વિચાર પણ તેટલો જ અગ્રસ્થાને હતો. પાંચમી વાત ચારિત્ર્યના ઘડતરની હતી. અને આ બધું કરવા માટે આવા આશ્રમની મને જરૂર દેખાઈ હતી. ફક્ત થોડું ઘણું ભણે અને નોકરીએ લાગે એ હેતુથી આશ્રમ ચલાવવાની મને કોઈજ વખત ઇચ્છા ન હતી. — **સ્વ. દયાળજીભાઈ**

તા. ૧૬-૯-૨૮

અનાવિલ ભાઈઓ, જાંઘ ઉઘાડી કરતાં હમને પોતાને શરમ આવે છે, પરંતુ બીજી તરફથી હમારૂં હૈયું પણ બળીને ખાખ થઈ જાય છે. ક્યાં શ્રી. રામચંદ્રજી સરખા પાસેથી યાચના લેવાની ના પાડનાર અયાચક આપણા પૂર્વજો અને ક્યાં આજ ટકો બે ટકાને માટે વિખવાદ ઉત્પન્ન કરતાં તેનાં સંતાનો! હજુ પણ સમજો કે ત્યાગે તેની આગે અને માગે તેથી ભાગે. જ્યારે અજાચકવૃત્તિ પૂર્ણ અંશે રાખતા હતા ત્યારે ઉદારતા પણ તેટલી જ હતી. બારણે આવેલાની આગતાસ્વાગતા કરવી એ તો અનાવિલોનું ખાસ લક્ષણ હતું. **આજ તેમાંનું કશું રહ્યું નથી.** એક અતિથિ આવતાં આંખ મીંચાઈ જાય છે. આ બધાનું કારણ વૃત્તિની અધમતા સિવાય કશું નથી. તો ફરીથી સ્વાવલંબી થવાનો નિશ્ચય કરો. પારકાની કોડી હોય કે લાખો રૂપિયા હોય તેને હરામ બરાબર ગણો, પછી તે વેવાઈ તરફથી મળતા હોય કે બીજા તરફથી મળતા હોય. થોડું મળે તો તેટલું પણ પ્રમાણિકપણે અને જાતમહેનતથી મેળવી તેટલામાં સંતોષથી ગુજારો કરો અને પછી જુઓ કે તમે હાલ તો નામના અનાવિલ બાદશાહ કહેવાઓ છો પરંતુ એવું કરતાં બાદશાહનો આનંદ પણ હિસાબમાં ન હોય એવો આનંદ તમે મેળવો છો કે નહિ; અને એમ નહિ કરતાં હાલની હરામખોરીની વૃત્તિથી કામ લેતા રહીશું તો ભિખારીપણાની સાથે ભ્રષ્ટતા અગર અધમતા તો આવી છે, અને હવે પછી કેવી સ્થિતિ થશે તે પ્રભુ જાણે. — **સ્વ. દયાળજીભાઈ**

જાન્યુ.-ફેબ્રુ. ૧૯૨૦

આને બદલે જો સામાન્ય હિત સાચવવા માટે હિંદી મહાસભા યાને કૉંગ્રેસ જેવી સામાન્ય સંસ્થા રાખી, આંતરિક સુધારા માટે દરેક ધર્મ અને જાતિએ પોતપોતાની સંસ્થાદ્વારા પ્રયત્ન કર્યા હોત તો આજે દેશની જુદી જ સ્થિતિ હોત. આ આંતરિક સુધારામાં બીજાના ભોગે પોતાનું હિત કરવાનો સવાલ જ ઊભો થવાનો સંભવ નથી. દાખલા તરીકે હિન્દુ જાતિ પોતે અનેક જ્ઞાતિમાં વહેંચાઈ ગઈ છે, તે વાડાઓ તોડી નાખો બધા એક હિન્દુમાં ફેરવાઈ જાય. બાળલગ્ન અને ફરજિયાત વિધવાપણું, અસ્પૃશ્યતા, જૂઠી છીતછાત, ખોટા વહેમો, ધર્મને નામે ઢોંગ, ધર્માચાર્યોને સાચા ધર્મગુરુ બનાવવા, ખોટા ખર્ચો બંધ કરી આર્થિક સ્થિતિ સુધારવી–વગેરે અનેક વાતોનો સુધારો કરે તો એને બીજી જાતિ કે ધર્મવાળા સાથે અથડામણમાં આવવાનો સંભવ જ રહેતો નથી. અને આની જ માફક મુસ્લીમ, શીખ, ખ્રિસ્તી વગેરે જાતિઓ પોતપોતાનામાં સુધારા કરે તો બીજા સાથે અથડામણમાં આવવાનું શું હોઈ શકે? પરંતુ જ્યારે એ બધા સાર્વજનિક હિતનો વિચાર ન કરતાં પોતાના હિતનો વિચાર કરવા મંડી જાય છે ત્યારે માંહોમાંહેનો વિરોધ અને એકબીજા સાથે અથડામણ સિવાય બીજું પરિણામ શું આવી શકે?

— સ્વ. દયાળજીભાઈ

તા. ૧–૪–૨૯